P-21
312388

# સુખમની

[શીખગુરુ અર્જુનદેવકૃત]


64
55

અનુવાદક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda.
Call No. PK 1938 .P82 .A7 ~~SH~~ 58 BL 1254 .S35 .A7 BK-238

UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA



ગુરુ અર્જુનદેવ ગ્રંથસાહેબનો પાઠ કરે છે

(મૅકોલીફના ગ્રંથ પરથી)

જમનાદાસ ભગવાનદાસ સ્મારકમાળા ગ્રંથ —૧૬

# સુખમની

[ શીખગુરુ અર્જુનદેવકૃત ]

અનુવાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

"આજના સંસ્કૃતંમન્ય જગતને આધ્યાત્મિક સંદેશાની અત્યંત જરૂર છે: એ સંદેશો સુખમનીમાં છે."
— સાધુ વાસવાણી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ,
નવજીવન પ્રકાશન મંદિર,
ગાંધી રસ્તો, અમદાવાદ

Gift
BK-2388

BL
1254
S35
A7

પહેલી આવૃત્તિ, સન ૧૯૩૬

મુદ્રક : બાલુભાઈ મગનલાલ દેસાઈ,
મણિ મુદ્રણાલય, અમદાવાદ

બાર આના

## પ્રસ્તાવના

ચાતુર્વેદ સનાતન હિંદુધર્મના ચાર મુખ્ય પ્રવાહ: બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ, અને તેરમા સૈકા બાદ ખાસ પ્રગટેલો સંતધર્મ, જેનું એક સ્રોત શીખધર્મ. તેમાં "શ્રી સુખમની" નામે એક ગ્રંથ છે એ મેં એક મારા પૂજ્ય વડીલ પાસે રહેતી 'પંજગ્રંથી' નામની શીખ પુસ્તિકામાં કેટલાંય વર્ષો પર જોયેલું. પણ તેનો પરિચય કરવાનું મન તો, દશ બાર વર્ષ ઉપર સાધુ વાસવાણીનો એક લેખ વાંચવામાં આવ્યો તેણે કરાવ્યું. એમણે એમાં કહ્યું હતું, "અનેક વાર મને એમ લાગ્યું છે કે, ભગવદ્ગીતા અને સુખમની એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાને અભ્યાસવાં ઘટે. ઉદાત્ત રાષ્ટ્રધર્મનાં પાઠ્યપુસ્તક તરીકે એ બહુ સારું વાચન નીવડે." એટલે ગીતાની શ્રેષ્ઠતાની જોડમાં બેસી શકે એવો આ ગ્રંથ જોવો જોઈએ એમ મન લલચાયું. શુભયોગે શ્રી. કાકાસાહેબના ગ્રંથસંગ્રહમાંથી મને સ્વામી પરમાનંદ-કૃત હિંદી ટીકા સાથેનું 'સુખમની' મળી આવ્યું. ને મારા

મિત્ર ગોપાળદાસે શીખધર્મપ્રેમી શ્રી. મૅકોલિફનો અંગ્રેજી અનુવાદ પ્રેમપૂર્વક સુલભ કર્યો. આમ દ્વિવિધ મદદથી મેં એ ગ્રંથ વાંચવો શરૂ કર્યો.

અને તે વાંચતાં મારા ઉપર તેના નિર્વ્યાજ ભક્તિરસની જે ભારે અસર પડી, તેનો પ્રેર્યો હું, મારા આનંદની ખાતર, તેનો ગુજરાતી અનુવાદ કરવા આકર્ષાયો, ને તે વેળા ચોથા ભાગ જેટલું કામ થયું. બાકીનું કામ ત્યાર પછી હમણાં ચારેક વર્ષ પર પાછું હાથ પર લીધું, ને મને થયું કે પૂરો અનુવાદ કરી ગુજરાતી વાચકને અપાય તો સારું. એમ, આ કામ ગયાં દશ વર્ષમાં ટુકડે ટુકડે તૈયાર થયું છે. છેવટે આજ વાચક આગળ મૂકી શકું છું તેથી આનંદ છે.

પણ એમ કરતાં એક બીક જાગે છે, અને તે અનુવાદ પદ્યમાં કર્યો છે એની છે; કેમકે છંદશાસ્ત્રના કે સંગીતના જ્ઞાન વિના પદ્ય અનુવાદ કરવા જવું એ ધૃષ્ટતા જ ગણાય. છતાં મને એક બાજુની થોડી હિંમત હતી ખરી. શીખ ધર્મગ્રંથ છંદોબદ્ધ નહિ પણ રાગબદ્ધ છે. શ્રી. સુખમનીનો રાગ ગૌડી છે. શીખ પરંપરા જાણનાર પાઠીઓ એને કેવી રીતે ગાય છે એ મને ખબર નથી. પરંતુ પાઠીઓને સાંભળેલા એવા એક મારા પૂજ્ય સંતપુરુષને મુખે ગ્રંથસાહેબના કેટલાક ભાગોને ગાવાનો ઢાળ મેં સાંભળેલો. આ અનુવાદતી વખતે એ સ્મૃતિ તાજી કરી મેં અનુવાદને તે અનુસાર ઢાળવા પ્રયત્ન કર્યો છે. પણ, હવે તેને વાચક વર્ગ આગળ મૂકતાં વિચાર આવે છે કે, એમને એ ગમશે? એ તેને કઈ રીતે ગાશે?



અષ્ટપદીનાં આઠ પદો તુલસીકૃત રામાયણની ચોપાઈ જેમ ગાઈ શકાય એમ અત્યારે જોતાં લાગે છે, અને તેના દોહાની જેમ અષ્ટપદીનો શ્લોક બેસી શકે છે. તુલસી-રામાયણ માત્રામેળ છે. તે અનુસાર આ અનુવાદ પણ કર્યો હોય તો?—એવો ખ્યાલ મોડો મોડો પણ આવેલો. છેલ્લે મારા મિત્ર નગીનદાસે પણ એમ જ સૂચવ્યું. પણ, મેં ઉપર કહ્યું એમ, મૂળ ગ્રંથમાં જ કોઈ છંદગણના નથી, માત્ર રાગબંધ જ છે; એટલે ત્યાં પણ રામાયણનો માત્રામેળ સંપૂર્ણ સચવાયેલો નથી. એથી મારા અજ્ઞાનને પણ ઠીક ઢાંકણ મળ્યું!

બે એક સંગીતશાસ્ત્રી મિત્રોની મદદથી આ કાવ્યનો રાગ મેળવવા મેં પ્રયત્ન કર્યો હતો. મૅકોલિફે તેના ગ્રંથમાં યુરોપીય સંગીતલિપિમાં ગૌડી રાગ સંઘર્યો છે. તે પણ તદ્વિદ પાસે મૂક્યો હતો. પરંતુ ગૌડી રાગનું લક્ષણ આજ અજ્ઞાત જેવું છે. મૅકોલિફનો પ્રયત્ન, તેથી, કશી સફળ મદદ કરી નથી શક્યો. એટલે આજ તો વાચક મેં ઉપર જણાવેલે રાગે આ કાવ્ય અજમાવે.

ઉપરાંત, મારા સાથીમિત્ર પંડિતશ્રી ખરે શાસ્ત્રીએ સુખમનીના રાગ વિષે એક ટૂંકી નોંધ તૈયાર કરી આપી છે અને 'આસા–ગોડી'માં તેની સ્વરલિપિ પણ કરી આપી છે, તેનો સાર પુરવણીમાં સાભાર આપું છું.

આપણા જૂના કાવ્યસાહિત્યનો સારો અભ્યાસ હોય તો આવી જાતના અનુવાદ માટે જરૂરી શબ્દભંડોળ ને સિદ્ધશક્તિ મળી રહે. એની ઊણપે પણ હું પાંગળો હતો.

મૂળની ભાષા એક પ્રકારની હિંદી હોઈ, એમાંથી સહેજે શબ્દસૂચન વગેરેની કાંઈક અનુકૂળતા મળી છે.

જ્યાં સુધી બન્યું ત્યાં સુધી, અનુવાદમાં મેં કડી વધવા નથી દીધી. છતાં જ્યાં અર્થની વિશદતાને માટે વધારવી જરૂરી માની છે ત્યાં પદના દશકમાં વધારો કરવાની છૂટ લીધી છે.

ગ્રંથની શરૂઆતમાં ઉપોદ્‌ઘાતરૂપે તથા પુરવણીમાં, શીખધર્મની તથા કાવ્યના સમર્થ લેખકની આછી માહિતી આપવા પ્રયત્ન કર્યો છે એ અભ્યાસીઓને કામ લાગશે એમ માનું છું.

ઉપોદ્‌ઘાતમાં ઘણે ભાગે મેં મૂળનાં જ અવતરણો ટાંક્યાં છે તે એ ધારણાએ કે તે દ્વારા વાચક મૂળ ગ્રંથની ભાષા, છટા વગેરેનો નમૂનો જોઈ શકે. એ ઉપરાંત પણ અન્ય અવતરણો છે તે મૂળમાં જ લીધાં છે.

મુ૦ શ્રી. કાકાસાહેબે આદિવચનરૂપે 'સંતવાણીનું તેજ' લખી આપી મારા પ્રયત્નને ઉત્તેજ્યો છે, એ મારા પ્રત્યેના તેમના સદ્‌ભાવને જ આભારી માનું છું. ભાઈ નગીનદાસ તથા ગોપાળદાસે અનુવાદ જોઈ જઈને મારી અનાવડતને કારણે કેટલીય ઊણપો રહી જાત તે કાઢી આપી છે. બાકીની ઊણપો તો હવે વાચકવર્ગના ઉદાર ક્ષમાભાવ પર છોડી દઈ, તે સુધારવા સૂચનો કરશે એ વિનંતી સાથે, આ ગ્રંથ એમની આગળ મૂકું છું.

તા. ૧૧-૧૦-'૩૬
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ

**મગનભાઈ પ્રભુદાસ દેસાઈ**



ગુરુપ્રસાદ રચના કરી,
પામ્યો સુખમની-સાર;
પ્રીતે અર્પું ગ્રંથ આ
શ્રી ગુરુ તારણહાર.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | | ૨ |
| સંતવાણીનું તેજ | કાલેલકર | ૬ |
| ઉપોદ્ઘાત | | |
| ૧. ગ્રંથપરિચય | | ૩ |
| ૨. શીખભક્તિ | | ૧૧ |
| ૩. ગુરુ અર્જુનદેવ | | ૫૭ |
| **સુખમની** | | ૯૯ |
| પુરવણી | | |
| ૧. ગુરુગ્રંથની મહત્તા | પૂરણસિંગ | ૨૪૩ |
| ૨. સુખમનીની શ્રેષ્ઠતા | વાસવાણી | ૨૪૮ |
| ૩. સુખમનીનો રાગ | પં૦ ખરે | ૨૫૯ |




## સંતવાણીનું તેજ

સામાન્ય કવિઓ ગમે તેટલાં ભજનો જોડી કાઢે; તે ભજન પાછળ કોઈ ભવ્ય આત્મા દેખાતો નથી. સંત પુરુષોના ભજનમાં એમની અલૌકિક શ્રદ્ધા અને એમનું પ્રચંડ ધર્મતેજ દેખાઈ આવે છે. કોઈ યોગી, કોઈ શૂર યોદ્ધો, કોઈ સર્વત્યાગી અથવા કોઈ મુક્ત પુરુષ જે કાંઈ બોલે, કરે કે લખે, એની પાછળ એની આખી વિભૂતિ હોય છે.

ભક્તિકાવ્યનો આ નાનકડો ગ્રંથ સુખમની, એ જ રીતે, દુનિયાના કાવ્યગ્રંથોમાં અને ધર્મગ્રંથોમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. ગુરુ નાનકશાહથી માંડીને એક પછી એક ગુરુએ ભારતવર્ષની એકતા અને ઉન્નતિ સાધવાનો ધાર્મિક પ્રયત્ન કર્યો; એમના શિષ્યોએ — શીખોએ — અસાધારણ ધર્મતેજ પ્રગટ કર્યું. જેમ જેમ એમનું લોહી રેડાયું તેમ તેમ એ જલદ ખાતરે આ પુણ્ય ભૂમિમાં

ધાર્મિકતાનો અદ્‌ભુત ફાલ આપ્યો. એ જમાનામાં ધર્મવીર શીખોને જે કાવ્યોમાંથી પ્રેરણા મળી, જે ભજનોના ધાવણમાંથી તેમણે પોતાના પ્રાણ વિષે બેદરકાર થવાની શક્તિ કેળવી, તે બધું સાહિત્ય એકત્ર કરવાનો ગુરુ અર્જુનદેવને સંકલ્પ સ્ફુર્યો. ગુરુ અર્જુનદેવ ગુરુપરંપરામાં વચલા મેરુમણિ. એમની ધાર્મિકતાને લીધે એમની અસર ચારે કોર ફેલાઈ. એમણે શીખોને વ્યવસ્થિત કર્યા, એમને સંગઠિત કર્યા, શહેરો સ્થાપ્યાં, વ્યવહારકુશળતાનાં બધાં જ અંગો ખીલવી બતાવ્યાં. છતાં એ વ્યવહારની બાહોશી પાછળ શુદ્ધ ભક્તહૃદય અને ઈશ્વરપરાયણતા જ હતાં. બહારના અને ઘરના શત્રુને હાથે એમને દીર્ઘ કાળ સુધી ખમવું પડ્યું; અંતે પ્રાણ પણ ખોવા પડ્યા. પણ જેના હાથમાં ક્ષમાનું શસ્ત્ર છે તેનું નુકસાન કોણ કરી શકે?

અર્જુનદેવે જે ધાર્મિક સાહિત્ય ભેગું કર્યું તે કોઈ કવિનું નહોતું. બધા ગુરુઓના ઉદ્‌ગારો તો એમાં ખરા જ. પણ તે વખતના ભારતવર્ષના ઘણાખરા સંતોનાં વચનો પણ એમણે છૂટથી લીધાં. એમની પાસે આપપરભાવ હતો જ નહિ. જ્યાં શુદ્ધ ધાર્મિકતાની નોંધ હોય તે પોતાનું જ ધર્મવચન છે એમ માનીને ગુરુઓએ ઉત્કૃષ્ટ ભજનસંગ્રહ તૈયાર કર્યો. અનેક સંતોના ઉદ્‌ગાર ભેગા થયેલા હોવાથી ચિત્તવૃત્તિની અનેક બાજુઓ એમાં અનેક રીતે પ્રતિબિંબિત થયેલી છે. ગ્રંથસાહેબ એ રીતે સંતોનું વિશાળ સંમેલન જ છે.

જેટલું કહેવાનું હતું તે બધું એમાં આવી ગયું. હવે એની પૂર્તિરૂપે, ઉપસંહારરૂપે અર્જુનદેવે પોતાના તરફથી કાંઈક



ઉમેરવું જરૂરનું હતું. એમણે ખૂબ વિચારીને ધાર્મિકતાનો સાર, ભક્તહૃદયનો ઉદ્‌ગાર, અનુભવનું અમૃત, અને ઉપાસનાના તંબૂરારૂપે આ નાનકડો ગ્રંથ તૈયાર કર્યો. આમાં ગૂઢ પ્રમેયોની ચર્ચા નથી અને તત્ત્વજ્ઞાનનું પીંજણ નથી, ચર્ચા નથી કે ઉપદેશ નથી. આમાં કેવળ, બધું કરવાનું કર્યા પછી, વિચારવાનું વિચાર્યા પછી, જે આનંદ ઉર્વરિત રહે છે તે અનેક રીતે વ્યક્ત કર્યો છે. નામમાહાત્મ્ય, સત્સંગમહિમા, જ્ઞાનીનું સામર્થ્ય, વગેરે સર્વસામાન્ય વસ્તુ ઉપર ભોળી શ્રદ્ધાધન જનતા હમેશ આશ્વાસન મેળવે અને કોઈ પણ બીક કે લાલચથી ચળે નહિ એવું ચારિત્ર કેળવે, એવાં વચનો સહજ ફેંકી દીધાં છે. અહીં તત્ત્વજ્ઞાન સાદામાં સાદું, શિખામણ ઘરગથ્થુ અને ચોટડુ છે. અહીં દલીલો નહિ, કેવળ અનુભવનાં વિધાનો જ કરેલાં છે. વચમાં વચમાં સુખમનીના શબ્દોમાં આપણા અખા કવિની ચમક દેખાઈ આવે છે. છતાં એમાં ચાબખાનું તત્ત્વ હોવાને બદલે વિનવણીનું — અપીલનું — તત્ત્વ વધારે છે. જે જ્ઞાની હોય તે જ ચાબખા ચલાવે. જે ભક્ત છે તે ચંદ્રમા કરતાંયે શીતળ, પાણી કરતાંયે પાતળો, મા કરતાંયે સ્નેહાળ, અને અમૃત કરતાંયે રસાળ હોય છે. એ પરમ કારુણિક હૃદયો દુષ્ટોને પણ દૂભવે નહિ, લજવે નહિ, આર્જવથી એમને પોતીકા બનાવી દે. સુખમનીમાં જ્યાં ત્યાં માણસને એનું સાચું હિત શામાં રહેલું છે એ બતાવ્યું છે; અને એ બતાવતાં સદ્‌ગુરુ થાકતા જ નથી.

સાહિત્યના રસિયા અહીંની પુનરાવૃત્તિ કાવ્યરસને પોષક નથી, ચરણે ચરણે ચમત્કૃતિ નથી, એવી તકરાર કરશે,

કેમ કે એમને મન સાહિત્ય એ ઉપભોગની વસ્તુ છે, એમને મન રસ જામે એ મુદ્દાની વસ્તુ છે, નહિ કે ઉદ્ધારનો રસ્તો સ્પષ્ટ થાય ને અમલમાં મુકાય. 'કેવળ સાહિત્ય'ના રસિયાઓ તમામ દુનિયાનો જ્યારે રસ લૂંટવા નીકળી પડે છે ત્યારે તેઓ સંયમની શિખામણ પણ સુણે છે અને કલાવિલાસની હિમાયત પણ સાંભળે છે. બંનેમાં એમને મજા પડે છે. દરેક બાજુની થોડી થોડી માત્રા પોતાના જીવન અને વચનમાં દાખલ થાય તો જીવન શોભે; અને કઅવસરે સંયમધર્મ અને ત્યાગધર્મ માથા ઉપર સવાર થઈ ન બેસે, એની ફકીરીની મોહિનીમાં ન સપડાઈએ, તે ખાતર પણ પ્રથમથી એ બાજુનો પૂરેપૂરો પરિચય હોવો જોઈએ, એમ મનાયું છે. બધી વસ્તુઓ જાણનારને એકાએક કશાકની અસર તળે સંપૂર્ણ રીતે આવવાનું જોખમ રહેતું નથી. પણ આ જાતનું સાહિત્ય આ પારમાર્થિક ગુરુઓ શી રીતે પૂરું પાડી શકે? આપણું જૂનું પારમાર્થિક સાહિત્ય ભારેમાં ભારે વિચારો અને સિદ્ધાંતો પણ સાદી ચમત્કૃતિશૂન્ય ભાષામાં મૂકવાનું જ પસંદ કરે છે, જ્યારે આજનું સાહિત્ય, અંદર કાંઈ હોય કે ન હોય, બની શકે તેટલું રૂપ કાઢવામાં માને છે.

ગમે તે ધર્મમાં જુઓ, ધાર્મિક સાધનામાં નામ-માહાત્મ્યને ઊંચામાં ઊંચું સ્થાન આપેલું છે. નામસ્મરણમાં દાખલાદલીલની ચમત્કૃતિ નથી હોતી. બુદ્ધિને તર્પે એવું કશું એમાં આવતું નથી. વિવિધતા પણ એમાં ઝાઝી આણાતી નથી. બહુ ફાવ્યા તો થોડુંક સંગીત દાખલ કરી શકાય. તેથી આજકાલના સંસ્કારી લોકો બાકી બધી



વસ્તુઓ વધાવી લેતાં છતાં ધાર્મિક જીવનમાં નામસ્મરણથી અકળાતા જ દેખાય છે. નામસ્મરણનું અસલી સ્વરૂપ નહિ જાણવાથી મીરાંબાઈનું

'બોલ મા બોલ મા બોલ મા રે'

એ ભજનનું રહસ્ય તેઓ સમજી શકતા નથી. એ ભજનમાં આવેલી તુલનાઓ સાહિત્યની દૃષ્ટિએ સુંદર હોવાથી એ ભજન તો પ્રિય થઈ પડે છે, પણ નામરસ સમજાતો નથી.

ખરું જોતાં નામ લેવાથી રસ ઉત્પન્ન નથી થતો, પણ સાચી ભક્તિને લીધે જો જીવનમાં અને સાધનામાં રસ જામ્યો હોય તો તે નામસંકીર્તનથી વ્યક્ત થાય છે. જો ભક્તિને ન અપાય એવી ઉપમા આપવાની ધૃષ્ટતા કરીએ તો કહી શકાય કે, નામસ્મરણમાં એક જબરદસ્ત કેફ છે. એ કેફ જેણે અનુભવ્યો છે તે નામ છોડી ન શકે. બધી જાતના આનંદ મેળવ્યા પછી માણસથી જેમ બે-અખત્યાર બોલી જવાય છે, 'અહાહા, વાહ વાહ, શી મજા!' એવી જ રીતે જીવન-રહસ્યનું ઉત્તમ અંગ જાણ્યા પછી અને ઈશ્વરી તત્ત્વનું પાવિત્ર્ય, માંગલ્ય, કારુણ્ય અને સાતત્ય સમજ્યા પછી શબ્દોનો વિસ્તાર અસહ્ય થઈ જાય છે, વિવિધતા વિરામ પામે છે, અને એકધારો આનંદપ્રવાહ વહેવા લાગે છે. આવી એક ધન્ય પળે, બીજું કશું નહિ સૂઝવાથી, ઉપનિષદ્‌માં એક ઋષિ ગાવા લાગ્યા, 'હાઽઽઽઉ, હાઽઽઽઉ.' સગુણની ઉપાસના કરનાર લોકોએ એ જ ગરજ સારવા માટે ભગવાનનું નામ પસંદ કર્યું. એમણે જોઈ લીધું કે, જીવનની ક્ષુદ્ર વાસનાઓ અને અપૂર્ણતાઓની સામે થવાથી તે દૂર થતી નથી, ઊલટું વિરોધી ધ્યાનથી એમની જડ જામે જ

છે. એના કરતાં એ બધી વસ્તુઓ ભૂલી જવાય એવો કોઈ અલૌકિક રસ જમાવી શકાય તો જ હૃદય પવિત્ર થાય. વિશાળ, વિભુ, વિષ્ણુ એવું તત્ત્વ પ્રગટ થયું કે મર્યાદિત, પરિમિત, સંકુચિત તત્ત્વો એની મેળે તિરસ્કૃત થાય છે. રાતનું અંધારું સૂંપડું ભરી ભરીને કાઢી નાંખવાનું નથી હોતું: પ્રકાશ આણ્યો એટલે અંધારાને હોવાપણું જ નથી રહેતું. આ માનસશાસ્ત્ર જેમણે જાણ્યું તેમણે નામસ્મરણ ઉપર વધારેમાં વધારે ભાર મૂક્યો છે. આકરી સાધનાઓ અને એમાંથી ઊપજતી વિકૃતિઓ અનુભવ્યા પછી સિદ્ધ પુરુષોએ નામસિદ્ધિ ઉપર ભાર મૂક્યો છે. અને આ નામસિદ્ધિ સત્સંગથી જ થઈ શકે છે એમ કહી સાધના પૂરી કરી છે. મોક્ષ જો ભોળા કરોડો લોકો માટે હોય તો તે સત્સંગ, સેવા, દયા અને નામસ્મરણ મારફતે જ મેળવી શકાય છે. તેથી જ 'સુખમની'માં આદિ મધ્ય અંતે સત્સંગ અને હરિનામ પરોવાયેલું છે.

જૂના રિવાજ પ્રમાણે પંજાબમાં બાળકોને નાનપણથી જ એ મોઢે કરાવવામાં આવે છે. તે વખતે રહસ્ય તો શું પણ એનો શબ્દાર્થ પણ તેઓ જાણતા નથી. કેવળ શ્રદ્ધાભક્તિ કેળવી એને કંઠસ્થ કરે છે. પછી જેમ જેમ જીવનનો અનુભવ અને એને અંગેની અંતર્મુખતા વધે છે તેમ, કોઈ ઓળખીતો મિત્ર મળ્યો હોય તેવી રીતે, આમાંનાં કેટલાંક વચનો કટોકટીના પ્રસંગે યાદ આવે છે અને એ વચનો प्रतिपर्व रसावहम् એવી વધતી શિખામણ આપે છે. જેમ જીવન ઊંડું તેમ આ વચનોનો અર્થ ઊંડે પેસી જાય છે. સુભાષિતો, લોકોક્તિઓ, કહેવતો અને સંતના



શબ્દો એ આપણી રાષ્ટ્રીય મૂડી છે. જે સંઘરે તે સમર્થ થવાનો. એવું અમોલું ધન ઋષિભૂમિ પંજાબમાંથી ગુજરાતી ભાષામાં આણી, ગુજરાતીઓને માટે વાપરવા લાયક બનાવીને, અનુવાદકે સાધકોની કીમતી સેવા કરી છે. સાચા ગુરુઓને, એમની કલ્પનામાંય ન હોય એવા સહાયકો અને શિષ્યો મળતા જાય છે તે આ જ રીતે. ગુરુઓનો શુભ સંકલ્પ અને નામની અમોઘ શક્તિ એ જ અહીં કારણ છે.

૨

શીખ લોકોએ પ્રથમ સત્યાગ્રહી તરીકે અને પાછળથી લડવૈયા તરીકે ભારતના ઇતિહાસમાં પોતાનું સ્થાન અમર કર્યું છે. વીરરસના તરસ્યા આપણા આજના લોકોએ એ વીરોનો સાહિત્યખોરાક કેવો હતો એ તપાસવું જોઈએ. પોતાના પરાક્રમના એકરાર કે બણગાં, શત્રુની નિંદા, યુદ્ધનું વર્ણન, વીરોની ઝપાઝપી, શત્રુની કાપાકાપી અને એમની ભયભીત દશા, વિજયી વીરોનાં ગુણગાન અને સ્ત્રીઓ તથા આશ્રિતોનાં શોક કે આનંદોદ્‌ગાર, એ જ વીરરસનો સાર્વત્રિક મસાલો દેખાય છે. આવા વર્ણનોથી સામાન્ય પ્રજાને જરૂર ઉશ્કેરણી મળે છે. પણ ધર્મતેજ બતાવનાર શીખ વીરોએ તો પોતાનો વીરત્વનો ખોરાક, નામમાહાત્મ્ય, ઈશ્વરશરણ, દેહની નશ્વરતા, અને આત્માના અમરત્વમાંથી જ મેળવ્યો. ગ્રંથ સાહેબનો પાઠી મણિસિંગ એ આ શક્તિનો ઉત્તમમાં ઉત્તમ દાખલો છે.

કેટલાક લોકો કહેતા કે અહિંસાપ્રધાન સત્યાગ્રહને લીધે લોકો ક્ષાત્રધર્મ ભૂલી જશે અને પ્રતિકાર કરવાની

શક્તિ ખોઈ બાયલા બનશે. ગાંધીજીએ જવાબ વાળ્યો હતો કે સત્યાગ્રહી પોતાના અહિંસાધર્મમાંથી જો ચળી જશે તો તે બાયલો થવાનો નથી પણ નિર્ભય અને ઝનૂની યોદ્ધો થશે. શીખ લોકોનો ઇતિહાસ ગાંધીજીના આ વચનનો સચોટ પુરાવો છે. ચારિત્ર્યતેજ, ધર્મનિષ્ઠા અને આસ્તિક્યબુદ્ધિ એ જ વીરોનો સાચો ખોરાક છે. એ ખોરાક ધર્મવીર અમરશહીદ અર્જુનદેવે આપણને આ સુખમની દ્વારા આપ્યો છે. ગીતા, ધમ્મપદ, દાસબોધની પેઠે આ સુખમની પણ આપણાં સમાજ માટે જાગૃતિનો મંત્ર છે. શંકરાચાર્યનાં સ્તોત્રોની પેઠે કે વૈષ્ણવોની મુકુંદમાલાની પેઠે આનો ઘેરઘેર સંગ્રહ થવો જોઈએ. કુટુંબે કુટુંબે આનો પાઠ થવો જોઈએ. આવી વાણી ચોપડીઓમાં પૂરી રાખવા માટે નથી હોતી. કંઠમાં અને હૈયામાં રમવા માટે હોય છે.

**દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર**



# ઉપોદ્ઘાત

## ૧

# ગ્રંથપરિચય

'સુખમની સુખ અમૃત પ્રભુનામ;
ભક્તજનોનો મનવિશ્રામ.' (૧. ૧)

શીખ ધર્મગ્રંથ[1] 'ગુરુ ગ્રંથસાહેબ' અથવા 'દરબાર-સાહેબ'માં પ્રથમ પંક્તિના અને શીખોને પ્રિયતમ એવા બે નાનકડા વિભાગ છે: એક, આદ્યગુરુ શ્રી. નાનકદેવની

---

૧. દસમા ગુરુ ગોવિંદસિંહે ગુરુપરંપરાનો શારીરિક સ્થૂળ ક્રમ બંધ કર્યો એ ઇતિહાસ-વિદિત છે. બદલામાં એમણે દસે ગુરુના એકત્રિત આત્મારૂપ ગ્રંથને ગુરુસ્થાને સ્થાપ્યો. તેથી ગ્રંથને 'ગુરુ ગ્રંથ' કહેવાય છે. 'સાહેબ' શબ્દ 'સ્વામી' 'સાંઈ' એ અર્થમાં શીખ લોકો તેમનાં પૂજ્ય નામો તથા તીર્થોને લગાડે છે. જેમકે, ગુરુ નાનકસાહેબ, નાનકાના સાહેબ વગેરે. ભક્ત-કવિ કબીરનાં ભજનોમાં 'સાહેબ' શબ્દ જે અર્થમાં વપરાય છે એ અર્થમાં આ પ્રયોગ છે. ગુરુનો દરબાર એટલે ગુરુધામ અથવા, શીખો કહે છે તેમ, 'ગુરુદ્વારા'. લક્ષણાથી 'દરબારસાહેબ' એટલે ગુરુદ્વારા અને તેમાં બિરાજેલા ગુરુ ગ્રંથ એમ બેઉ અર્થ સમજાય છે.

અનુપમ વાણી 'શ્રીજપજી;' અને બીજો, પંચમ ગુરુ શ્રી. અર્જુનદેવરચિત 'સુખમની.' આ બે ગ્રંથોમાં શ્રીજપજી માત્ર ૩૯ શ્લોકની નાનકડી વાણી છે. પરંતુ શીખ સંપ્રદાયીઓ તેને પોતાના ધર્મગ્રંથના મૂળ મંત્રરૂપ અને સારભૂત સમજે છે. એમ મનાય છે કે, ગુરુ નાનકને જ્ઞાન થયું પછી એમના મુખમાંથી જે પ્રથમ વાણી નીકળી તે શ્રીજપજીનો પ્રથમ શ્લોક છે — તેમાં ગુરુના આખા ધર્મ-કાર્યનો સાર આવી જાય છે. (આ શ્લોક પ્રકરણ ૨ 'શીખભક્તિ'ને મથાળે મૂક્યો છે, ત્યાં પા. ૧૧ મે જુઓ.)

શ્રી સુખમની એના કરતાં કદમાં મોટો ગ્રંથ છે. પરંતુ એઉના વસ્તુની દૃષ્ટિએ કહી શકાય કે, શ્રીજપજીનું જ વસ્તુ શ્રી સુખમનીમાં મલાવી મલાવીને વિસ્તાર્યું છે — એઉમાં એક જ વસ્તુ, એક જ ભાવથી અને એક જ ભક્તિ તથા દર્શનના પરિણામરૂપે, રજૂ કર્યું છે.

આમ એઉના કલેવરમાં કદનો ફેર હોવા ઉપરાંત ધાટનો પણ ફેર છે. ગુરુ ગ્રંથમાં શ્રીજપજી એક સ્વતંત્ર અધ્યાયરૂપે આદિમાં આપવામાં આવે છે. તે ગુરુ ગ્રંથની *રાગબદ્ધ પ્રકરણરચનામાં નથી, કેમકે એ રાગબદ્ધ રચના નથી. આ પરથી, પણ, એમ નથી સમજવાનું કે જપજીમાં કાંઈ ગેય તત્ત્વ નથી. જે સાહિત્યનો લોકો મુખપાઠ કરતા હોય એમાં ગેયતા ન હોય એ બને જ કેમ? શીખ લોકો એને એક પ્રકારના ગેય પ્રવાહમાં વાંચે છે ને ઉચ્ચારે છે.

* ગુરુ ગ્રંથની આવી રચના વિષે આગળ પર વાચકને જાણવા મળશે.





શ્રી સુખમનીમાં આવી રીતે નથી. એ રાગબદ્ધ કાવ્ય છે અને એની ગોઠવણ, એ રીતે, રાગ પ્રમાણે પ્રકરણ પાડીને કરેલી છે. એનો રાગ ગૌડી છે. એટલે ગુરુ ગ્રંથના 'રાગુ ગઉડી' નામના અધ્યાય આઠમામાં એને સ્થાન આપેલું છે. આ કાવ્ય રાગબદ્ધ હોઈ એમાં ખાસ માત્રામેળ કે ગણુનામેળ જોવામાં નહિ આવે. એની પદરચના જોતાં જ સમજાય એવી સરળ છે. કુલ ૨૪ 'અષ્ટપદી' એમાં છે. દરેક અષ્ટપદીના આદિમાં એક શ્લોક હોય છે, જેમાં તે અષ્ટપદીના ભાવનો પ્રમુખ સૂર ગાયેલો હોય છે. અષ્ટપદી નામ સૂચવે છે એમ, તેમાં (દસ દસ કડીનાં) આઠ પદ હોય છે. એટલે એક અષ્ટપદીમાં એક શ્લોક સાથે આઠ દશક એટલે, ૮૦ કડી હોય છે. દરેક દશક કે પદને અંતે ગુરુ નાનકનું નામ-સ્મરણ આવે છે. સામાન્ય રીતે એનો અર્થ 'ગુરુ નાનક કહે છે' એવો સમજવામાં આવે છે. કોઈ કોઈ પદમાં ગુરુ નાનક પોતે પોતાને જ સંબોધીને કહેતા હોય કે વીનવતા હોય એવો અર્થ પણ હોય છે.

ઘણા ભક્તોનાં ભજનોને અંતે તે તે ભક્તનું નામ આવે છે એ રીતની આ રચના નથી. સુખમનીના રચનાર પાંચમા ગુરુ અર્જુનદેવ છે. એમના જીવનકાર્ય વિષે આપણે આગળ નોખા પ્રકરણમાં વિચાર કરવાના હોવાથી એ વિષે અહીં વધારે નહિ વિચારીએ. ગુરુ નાનક પછીના શીખ ગુરુઓ પોતે અને શીખો એમ દૃઢપણે માનતા અને આજે પણ શીખો માને છે કે, દશ ગુરુઓ શરીરે ભિન્ન હોવા છતાં આત્માએ કરીને એ જ આદ્ય ગુરુના અવતાર હતા; અને જે ધર્મકાર્ય તેમણે આદર્યું તે જ આ ગુરુઓએ

આગળ વધારવાનું કામ કર્યું છે: ધર્મરહસ્યનું જ્ઞાન તો બધાનું એક જ હતું. અને એ બધાની તથા તે કાળના જાણીતા અન્ય ભગવદ્ભક્તોની વાણીના સંગ્રહરૂપ શ્રી ગ્રંથ સાહેબ એ આ એકરૂપ ગુરુઓનું મૂર્ત સ્વરૂપ જ છે. આવી જીવંત ને પ્રત્યક્ષ માન્યતા હોવાથી બધા ગુરુઓએ પોતાની વાણીને ગુરુ નાનકના જ મુખમાં મૂકી છે અને એમ કરીને ઉપરની પોતાની માન્યતાને મૂર્તિમંત કરી છે. પછીના શીખ ગુરુઓ શીખધર્મીઓના ગુરુ ભલે હોય, પરંતુ આદિગુરુના તો તેઓ પોતે પણ 'શીખ' જ હતા ને !

૨

આમ નાનક નામ પોતાનાં કાવ્યોમાં ગૂંથવામાં નમ્રતા અને પોતાની શૂન્યવત્તા તો સૂચવાય. પણ ઇતિહાસની દૃષ્ટિએ તેમાં ભય રહે: જેમ કેટલાક ભક્તોના નામનો દુરુપયોગ કરી, પાછળના કેટલાક લોકોએ પોતાની રચનાઓમાં તેમનાં નામ જોડી, મોટો ક્ષેપક-પ્રશ્ન ઊભો કર્યો છે, તેમ અહીં પણ બનત. પરંતુ ગુરુગ્રંથના સમર્થ સંપાદકે આ બાબતમાં વિરલ સત્યપરાયણતા બતાવી છે: તેમણે આ ભૂલ ન થાય એવી ચોકસાઈ કરી છે.

ગુરુગ્રંથની ગોઠવણ રાગાનુસારી છે એ તો ઉપર આપણે જોઈ આવ્યા. એટલે, જે જે વાણી ગ્રંથમાં લેવામાં આવી છે તેના રાગ પ્રમાણે વિભાગ પાડી, અધ્યાય પાડી દેવામાં આવ્યા છે. આમ ૩૧ રાગના ૩૧ અધ્યાય પાડેલા છે અને એ રાગોની યાદી એક સૂચીરૂપે, ગ્રંથને અંતે 'રાગમાળા' નામના સ્વતંત્ર અધ્યાયમાં આપી છે. રાગમાં ન આવી શકે એવી જે વાણી છે — જેવી કે, શ્લોક





સવૈયા, વગેરે,— તેના નોખા અધ્યાય પાડ્યા છે. એવા અધ્યાય ગ્રંથના આદિમાં ચાર છે; અને પછી ૩૧ રાગબદ્ધ અધ્યાય છે, પછી બીજા ૧૨ અધ્યાય છે. આમ કુલ ૪૭ અધ્યાયમાં ગ્રંથ ગોઠવાઈ રહે છે. શ્રીજપજી આદિવચન તરીકે આ ગણનાથી સ્વતંત્ર રાખ્યું છે.

આવી રચનામાં કયા ગુરુની કઈ વાણી એ જણાય તે સારુ એવી ગોઠવણી કરી છે કે, રાગાનુસારી અધ્યાયોમાં 'મહોલ્લા' (એટલે વિભાગ) પાડવામાં આવે છે. પહેલો મહોલ્લો એટલે ૧ લા ગુરુની વાણી, બીજો મહોલ્લો એટલે બીજાની. આ ગોઠવણથી દરેક ગુરુની વાણી, એક રાગના અધ્યાયમાં છતાં, અલગ અલગ જોઈ શકાય છે. અનેક ગુરુઓ શરીરે ભલે જુદા જુદા મહોલ્લા હોય, પણ બધા મળીને એક જ આખું જ્ઞાનનગર બને છે, એ ભાવ આમ કરીને તેના સંપાદકે બતાવ્યો છે.

આ ગોઠવણ પ્રમાણે, કોઈ અધ્યાયમાં જ્યારે નવા ગુરુની વાણી શરૂ થાય ત્યારે તેના મહોલ્લાનો ક્રમાંક જણાવાય છે. અને દરેક વાણીના આદિમાં તેનો રાગ પણ કહેવાનો નિયમ રાખેલો છે. જેમ કે, સુખમનીનો આદિ આ પ્રમાણે છે:

"गौडी, सुखमनी, महोल्ला ५."

૩

શ્રી સુખમની ગુરુ અર્જુનદેવે ક્યારે લખ્યું એની તારીખ નોંધાયેલી મળતી નથી. પણ ક્યાં આગળ લખ્યું તે પરથી તેને વિષે ચોક્કસ અનુમાન બાંધી શકાય એમ છે. ગુરુગ્રંથનું

સંપાદન કરવાને એક રમણીય સરોવરને કિનારે મંડપ જમાવી એ અને એમનો લહિયો ભાઈ ગુરદાસ રહેતા હતા. (શીખ સંપ્રદાયનું સાહિત્ય તૈયાર કરવામાં તથા ગુરુઓની જીવની લખીને સંઘરવામાં આ ભાઈ ગુરદાસનો મોટો હાથ હતો.) તે વખતે તે જ પવિત્ર ઐતિહાસિક સ્થાનમાં ગુરુ અર્જુને આ સુખમનીની વાણી લખાવી અને પોતા તરફથી એ ગ્રંથમાં અર્ધ્યરૂપે ઉમેરી. ગ્રંથ સાહેબનું સંપાદન ઈ. સ. ૧૬૦૪ માં પૂરું થયું એ ચોક્કસ નોંધાયેલી તારીખ છે. એ પરથી આપણે જાડી ગણતરી કરી શકીએ કે, સુખમની ગ્રંથ ઈ. સ. ૧૬૦૦ની આસપાસ અને ૧૬૦૪ પહેલાં લખાયો હોવો જોઈએ.

તેની ભાષા તે કાળની પ્રચલિત પંજાબી હિંદી છે. ઉચ્ચારણભેદ તથા કાંઈક તળપદા શબ્દો બાદ કરીએ તો જૂના હિંદીથી એ બહુ ભિન્ન ન લાગે. એની સરળતા સાથે ગુરુઓનાં કથનની સહૃદયતા મળીને એમાં એક અદ્વિતીય સચોટતા આવે છે, જે વાચકના મન પર અસર કર્યા વિના ન રહે.

બુદ્ધ, મહાવીર અને બીજા ધર્મપરિવર્તકોની જેમ, શીખ ગુરુઓએ પોતાનો બોધ લોકની ભાષામાં જ આપવાનો આગ્રહ રાખેલો. ગીર્વાણ ભાષામાં જ ધર્મગ્રંથ હોય એ જે રૂઢિગત માન્યતા હતી તે તેમણે તોડી હતી. આગળ જઈને એમણે તો લિપિ પણ નવી જ આપી એ વિશેષ કહેવાય. જેને ગુરુમુખી કહે છે ને આજે ઉર્દૂ સાથે એ પંજાબમાં પ્રચલિત છે.





## ૪

શરૂઆતમાં જ આપણે જોયું કે જપજી અને સુખમનીનો શીખોમાં ખૂબ આદરમાનથી પાઠ થાય છે. આજ પણ શ્રદ્ધાળુ શીખો આ બે ગ્રંથો તો મોઢે કરે છે અને રોજ તેનો મુખપાઠ કરીને જ પોતાનો પ્રાતર્વિધિ પૂરો કરે છે. આ ઉપરાંત, હમેશ સવારે પ્રભાતિયાની માફક ગાવામાં આવતી 'આસા કી વાર', આનંદ કે ઉત્સવને પ્રસંગે ગવાતો 'અનંદ' પાઠ, આરતી વગેરે મોઢે હોય છે. છતાં એ બધાંમાં શ્રીજપજી પ્રથમ સ્થાને અને શ્રીસુખમની તેને પડખે હોય છે.

શીખ ધર્મની અનેક શૌર્ય- અને શ્રદ્ધા- દીપક કથાઓ-માંની એક પરથી આ બે ગ્રંથોનું કેવું અગ્ર સ્થાન છે તે સમજાશે. ભાઈ મણિસિંગ કરીને એક શ્રદ્ધાળુ શીખ હતો. ગ્રંથસાહેબનો તે +પાઠી હતો. ઈ. સ. ૧૭૩૮ માં, તે વખતના મુસલમાન સૂબાની રજા લઈ એણે દિવાળીને ટાંકણે શીખોનો એક મેળો ભર્યો હતો. સૂબાએ આ ભરવા દેવામાં એ શરત કરી હતી કે, મેળામાં આવનાર પર હેડિયા–વેરો લેવાશે ને તે એણે ઉઘરાવી આપવો જોઈશે. અને તેના પાલનની ચોકસાઈ ખાતર મુસલમાન લશ્કર મોકલવામાં આવ્યું હતું. લશ્કર વગેરે જોઈ મેળામાં આવનાર શીખો વેરાઈ ગયા ને મણિસિંગ વેરો ભરી ન શકયો. તેથી કાજીએ શિક્ષા ફરમાવી કે, એણે મુસ્લિમ

+ પાઠી=પાઠ કરનાર; પરંપરાનુગત રાગપદ્ધતિથી ગાનાર લોક ખાસ હોય છે તેને શીખો પાઠી કહે છે.

બનવું, નહિ તો દેહાંતદંડ ભોગવવો. મણિસિંગને માટે કાંઈ વિચારવાનું તો હતું જ નહિ: તેણે દેહાંત સ્વીકાર્યો. જ્યારે તેનો વધ થતો હતો ત્યારે અંત ઘડી સુધી તેના મુખમાંથી આ બે ગ્રંથોનો પાઠ નીકળતો હતો — તે ગાતાં ગાતાં તેણે પ્રસન્ન ચિત્તે પોતાનું બલિદાન આપ્યું.

શીખલોકના બલિદાન-ઇતિહાસમાં તેના શહીદોને આ ગ્રંથોએ જે ધીરજ અને શ્રદ્ધાબળ આપ્યાં છે એ જોતાં, જગતના વીર્યવાન ધાર્મિક સાહિત્યમાં આવા ગ્રંથો ઓછા જોવા મળે. એમ કહેવું વધારે પડતું નથી કે, આ ગ્રંથોએ એક અવ્યવસ્થિત લોકસમૂહને એવું ધર્મતેજ આપ્યું કે જેને બળે તેઓ એક સંગઠિત પ્રજા બન્યા અને એક વાર તો દુનિયાનું એક અપ્રતિમ શિસ્તવાન સૈન્ય ઊભું કર્યું.

સુખમનીનો આટલો સામાન્ય પરિચય કર્યા પછી હવે આપણે તેના વસ્તુનો ટૂંક સાર જોઈએ, અને તે દ્વારા શીખભક્તિનું સ્વરૂપ સમજીએ.



## ૨

## શીખભક્તિ

૧. ੴ सत्नामु करतापुरखु निरभउ निरवैरु अकालमूरति अजूनी सैभं गुरप्रसादि। आदि सचु जुगादि सचु। है भी सचु नानक होसी भी सचु॥

પોતાની આગળ થઈ ગયેલા ચાર ગુરુઓને નમન કરીને અર્જુનદેવ સુખમની ગ્રંથનું મંગળાચરણ કરે છે. [૧: શ્લોક] અને પછી પ્રથમ જ, આખા ગ્રંથના અને ગુરુ નાનક પ્રણીત સાધનાના રહસ્યરૂપ એવા પ્રભુસ્મરણ કે નામસ્મરણનો મહિમા ગાય છે: પ્રભુસ્મરણથી ક્લેશો ટળે, દુ:ખ જાય; રામનામ, એકાક્ષર (ॐ) એ શાસ્ત્રવિહિત મંત્ર છે (૧:૧), તેની શક્તિ અન્ય અનેક સાધનાપ્રકારો કરતાં શ્રેષ્ઠ છે (૧:૩). આ સાધના એક જ પૂર્વ-લક્ષણ માગે છે: અપાર નમ્રતા. ગુરુ કહે છે કે સાધુસંગમાંથી, પ્રભુની કૃપાથી આ ઉત્તમ સાધના માણસ મેળવી શકે છે. (૧:૫, ૮)

બીજી અષ્ટપદીમાં પ્રભુસ્મરણનો ઉત્તમ ઉપાય નામસ્મરણ, તેનો મહિમા છે. ગીતાકાર કહે છે, यज्ञानां जपयज्ञोऽस्मि — તેની યોગ્યતા આ જપમહિમા વાંચ્યાથી જણાય છે. નામનું જે ગૌરવ ને માહાત્મ્ય આ અષ્ટપદીમાં ગાયું છે તે વાંચતાં પ્રખ્યાત ભજનની આ લીટી વાચકને યાદ આવ્યા વિના નહિ રહે: नामको आधार तेरो नामको आधार। પણ આ નામજપ એ સામાન્ય રીતે જોવામાં આવતી શુષ્ક માળા કે એવી ઔપચારિતા ( Conventionality ) નથી. ગુરુ કહે છે :

નામ મહિમા સંતહૃદય વસે,
સંત પ્રતાપ પાપો સહુ નસે.
નાનક ગુરુમુખ પામે કોય. [ ૨: ૮ ]

નિર્મળ, સદ્ગુણી, ગુરુમુખ બનેલા કોઈ વિરલ લોક જ આ નામ સાચું સમજે છે ને સાચું રટે છે. તેમને માટે આખી ફલશ્રુતિ સાચી જ ઠરે.

ત્રીજી અષ્ટપદીમાં એ જ નામસ્મરણ–મહિમા આગળ ચાલે છે : કર્મ, ધર્મ, તપ, તીર્થ, યોગાદિ અનેક માર્ગો છે. પણ એ બધા ‘નહિ તુલ્ય રામનામ વિચાર’, એ ભાવ અહીં બતાવ્યો છે. આ અને આવા પ્રકારની બીજી અષ્ટપદીઓમાંથી સમાજશાસ્ત્રી તે જમાનાના લોકની ધર્મ-સાધનાના પ્રકારો વિષે જ્ઞાન મેળવી શકે. એવા અનેક આડંબરયુક્ત અને સત્ત્વહીન રૂઢિગત પ્રકારો જોઈને જ ગુરુ નાનક જેવા સત્યશીલ આત્માને અકળામણ થઈ હશે, અને એમાંથી જ પાછા સત્ય માર્ગની શોધ કરવા તે પ્રેરાયા





હશે. પ્રથમ જ્ઞાન થયા પછી પહેલું એ આટલું બોલ્યા હતા કહેવાય છે, કે “ કોઈ સાચો હિંદુ કે સાચો મુસલમાન નથી દેખાતો.”

પણ આપણે પ્રસ્તુત તરફ પાછા વળીએ. અનેક સાધનાઓનો દોષ બતાવે છે : इउमै मैल न जावै — અહંમમ નથી છૂટતા. એને માટે તો નામસ્મરણ દ્વાર પ્રપત્તિ જ જોઈએ. [ साधसंग इह हौ मै छोरै.]

નામસ્મરણની સાથે — લગભગ એના અનિવાર્ય સાથી જેવાં — સત્સંગ ને ગુરુમુખતા તો હોય જ. એ વસ્તુનો થોડોઘણો ઇશારો વાચક આદિ અષ્ટપદીથી જોશે. ભક્તિના પાયારૂપ એવી નમ્રતા, નિરહંકારિતા શીખવવા આ સાદું અને સર્વને સુલભ એવું સાધન છે.

जाका मन होय सगल की रेना
हरि हरि.................[ ३: ६ ]

જ્યાં જોઈશું ત્યાં જણાશે કે ભક્તોનો ધર્મ સામાન્ય લોકસમૂહ માટે જ હોય છે. એમનું ધર્મસાધન સાદું સરળ છતાં સચોટ અને સૌને સમજાય એવું રામનામ હોય છે. એમની સાધના, “સ્ત્રીઓ, વૈશ્ય, તથા શૂદ્ર અને પાપયોનિ હોય એવા પણ” જેને લઈને તરે એવી હોય છે. આ અષ્ટપદીમાં આ ભાવ થોડીક સુંદર કડીઓમાં મૂકી દીધો છે તે અહીં આગળ કર્યા વિના નથી રહેવાતું :

निरधन को धन तेरो नाउं,
निथावें को नाम तेरा थाउं.
निमाने को प्रभ तेरो मान,
सगल घटा को देवो दान.’ [ ३ : ७ ]

भकतजना की बरतन नाम
संतजना कै मनी विश्राम—[ २:५ ]

જેમ બાળકને મન માતા સત્ય છે; એટલે ગમે ત્યાં, ગમે ત્યારે, તેની મા પાસે હોય કે ન હોય — કેમકે તેને તો તે સદા હાજરાહજૂર છે — બાળક સંકટ સમયે 'ઓ મા' એમ જ બોલશે અને એ એની તારણહાર બૂમ એનો જપ જ બની જાય છે. અને કોણ કહી શકે એ ઠાલી આર્તનાદ જ છે? શું તેનાથી બાળકના જીવને શાંતિ, ધૈર્ય અને સહાયતા નથી મળી રહેતાં? અને આ ભાવ માણસના મનમાં એટલો બધો ઊંડો ઊતરી ગયેલો હોય છે કે, જીવનની ભારેમાં ભારે દુઃખની ઘડીએ માણસ "ઓ મા, ઓ બાપ" એમ આર્તનાદ કરે છે.

ભક્તની સ્થિતિ જ્ઞાનપૂર્વક પણ આવી જ હોય છે. એને મન નામ એ એના વાચ્ય પ્રભુનું પ્રત્યક્ષીકરણ સાધવાનું સાધન છે. નામથી એ નામધારી, પરમ અનામી પ્રભુને યાદ કરે છે. એથી જ ગુરુ નાનકના મૂળ મંત્રમાં, જ્ઞાન થયા પછી પ્રથમ ઉચ્ચારેલી વાણીમાં, આ પ્રથમ બોલ છે:

'१ ॐ सत् नाम'

૨

આ પ્રમાણે પ્રથમ ત્રણ અષ્ટપદીમાં સત્ નામનો મહિમા ગાયા પછી, ગુરુ અર્જુનદેવ જીવને ઉદ્બોધનની ત્રણ અષ્ટપદી ગાય છે. બધા ભક્તોએ આવાં ઉદ્બોધન ગાયાં છે. મર્મવેધિતા, સચોટ હૃદયંગમતા, જીવને અજ્ઞાન-





નિદ્રામાંથી જાગ્રત થવા ઝાટકણી અને વિનવણી, આર્તત્રાણ માટે પોકાર,— ઉદ્બોધનમાત્રનાં આ લક્ષણ જોવામાં આવશે. શ્રી. કાકાસાહેબ તેમનાં આમુખવચનોમાં કહે છે કે, "વચમાં વચમાં આપણા અખા કવિની ચમક દેખાઈ આવે છે." એ આ અષ્ટપદીઓમાં વાચક ખાસ જોશે: નીચેનાં વાક્યો તેવાં ખાસ કરીને લાગશે:

" रतन छोड कौडी संगि रचै,
साच छोड झूठ संग मचै.

चंदन लेप उतारै धोय,
गर्दब प्रीत भस्मसंग होय. ( ४ : ४ )

बाहरि भेख अंतर मलमाया,
छपसि नाहि कछु करे छपाया.
बाहरि गिआन ध्यान इसनान,
अंतर व्यापे लोभ सुआन.
अंतर अगनि बाहर तन सुआह,
गलि पाथर कैसे तरै अथाह. ( ४: ५ )

कहा विश्वपद गावै गुंग,
जतन करै तौभी सुरभंग.
कहा पिंगल पर्वत पर भवन,
नहीं होत ऊहां उस गवन. ( ४ : ६ )
बिरथा नाम विना तनु अंध,
मुख आवत ताकै दुरगंध.

बिन सिमरन दिन रैनि वृथा बिहाय,
मेघ विना ज्यों खेती जाय. (५ : ६)

ઉદ્બોધનની આ અષ્ટપદીઓમાં બેએક જે વિશેષતાઓ છે તે તરફ ખાસ ધ્યાન ખેંચાય છે. શીખભક્તિનું વૈશિષ્ટ્ય સમજવામાં એ ઉપયોગી વસ્તુ થશે. ચોથી અષ્ટપદીના શ્લોકમાં જીવને 'નિરગુણિયા, ઇયાનિયા' કહીને શરૂઆત કરી છે. તે શા માટે તેવો છે તે તેનાં પદોમાં ભિન્ન ભિન્ન દલીલો રજૂ કરતાં તાતાં તીર ફેંકીને કહ્યું છે, જેમાંનાં થોડાંક આપણે ઉપર જોઈ આવ્યા. જેટલા જોરથી આમ જીવની ઝાટકણી કાઢી છે તેટલા જ જોરથી અને વિશ્વાસ તથા પ્રેમપ્રતીતિથી જીવને તરણોપાય પણ બતાવે છે:

"ऐसे दोख मूड अंध व्यापे,
नानक काढ लेहु प्रभ आपे. (४ : ३)

अंधकूपमें पतित विकराल,
नानक काढ लेहु प्रभ दयाल. (४ : ४)

सदा सदा एहु भूलनहार,
नानक राखनहार अपार (४ : ३)

આમ દોષદર્શન કરાવી, તેની પ્રતીતિની જ પ્રતિક્રિયારૂપે સાચી પ્રાર્થના, સાચો ભક્તિભાવ હૃદયમાં ઉપજ્યા વિના ન જ રહે. * એ ભક્તિભાવના ઉમળકારૂપે (૪:૮)

* જુઓ ગીતા અ૦ ૯ના ૧ થી ૧૪ શ્લોકમાં નિરૂપેલું ભકિતબીજનું સ્વરૂપ.





આ અષ્ટપદીને અંતે આપણને પ્રાર્થનાનો એક ઉત્તમ નમૂનો મળે છે:

तूं ठाकुर तुम पहि अरदास,
जीव पिंड सभ तेरी रास.
तुम मातपिता हम बारिक तेरे,
तुमरि कृपा महि सुख घनेरे.
कोय न जाने तुमरा अंत,
ऊचे ते ऊचा भगवंत.
सगल समग्री तुमारे सूत्रधारी,
तुम ते होय सु आज्ञाकारी.
तुमरी गतिमिति तुमही जानी,
नानक दास सदा कुरबानी. [४ : ८]

આ પ્રાર્થનામાં રહેલી અનન્ય પ્રપત્તિ એ શીખભક્તિનો સાચો સૂર છે. એ એક પ્રપત્તિયોગ જ છે, ઈશ્વરપ્રણિધાનની સાધના છે, એમ કહીએ તોય ખોટું નથી.

આ સાધનાના મૂળમાં, ત્યાગ નહિ પણ પ્રભુપ્રીત્યર્થે સમર્પણ; જગનિંદા કેળવીને ઉપજાવેલી ઘૃણા નહિ, પણ પ્રભુએ કરેલા અપાર ઉપકારોની કૃતજ્ઞતા; દુન્યવી જીવન એક આવી પડેલી આપત્તિ છે એ ઉદાસભાવ નહિ, પણ એ દ્વારા આપણને આપણા કરતાર પ્રત્યે કૃતજ્ઞતાપૂર્વક ભક્તિ કરવાની અમૂલ્ય તક મળી છે એ ઉલ્લાસ; જગત મિથ્યા છે માટે એનો સર્વાંશે ત્યાગ નહિ, પણ એનું મિથ્યાત્વ સમજી એ અનિત્ય દ્રવ્યો દ્વારા નિત્યને જોઈ લેવાનો સુયોગ સાધવો ને એ નિત્યની જ પ્રીતિ અનુભવી અનિત્યને ભૂલવું; — આ

ભાવો આ સાધનાના મૂળમાં દેખાય છે. બલિષ્ઠને છાજે એવી આ જીવન-ફિલસૂફી, એ અનુસાર જીવવા માટે એક બાજુથી જોઈતું અનન્ય પ્રભુશરણ અને બીજી બાજુથી એટલું જ અનન્ય જીવનબળ — એ અહીંયાં બીજા ભક્તોનાં ઉદ્બોધનોથી વિશેષ જોવા મળે છે. દાસબોધમાં જેમ સ્ત્રીનિંદા, ધનનિંદા, જોવા મળે છે, એમ અહીં આપણને નથી મળતું. ભક્તના સાચા દૃષ્ટિબિંદુથી જોઈએ તો આ નિંદાખ્યાન આત્મલક્ષી જ હોય છે; ભક્ત પોતાના ચિત્તને જ ઉદ્દેશીને એ કહે છે. સ્ત્રી, ધન આદિ મૂળ રૂપે, નિરપેક્ષ રીતે, જ એવાં છે એમ ભક્ત નથી કહેતો. પોતાની સાપેક્ષતાએ જ એ એની કડવી નિંદા કરે છે. ( તેમના જીવનમાં તે જોવા નથી મળતી એ એનો પુરાવો છે. ) છતાં એની કટુતા ઘણી વાર આજે આપણને ચીતરી ચડાવે છે. અને * ‘ જીવનશોધન’-માં શ્રી. કિશોરલાલભાઈએ કરી છે એવી ટીકા સૂઝે છે. ગુરુ અર્જુનના આ ઉદ્બોધનમાં એ દોષ નહિ દેખાય.

આ સંસારને અનેકાનેક ઉપમાઓ અપાય છે. ભવાટવી, ભવસાગર, ભવજલ, માયા, ઇંદ્રજાળ અનેક નામો તેને ભક્તોએ આપ્યાં છે. આ ગ્રંથમાં ગુરુ તેને ‘ વખાર ’— વેપારનું ધામ કહે છે :

जिसु वखर कउ लैनि तु आइआ,
रामनाम संतन घरि पाइआ.
तजि अभिमान लेहु मन मोलि,
रामनाम हिरदै महि तोलि.

* જુઓ બીજી આવૃત્તિ પાનું ૩૧૯ થી આગળ.





लादि खेप संतह संगि चालु,
अवर त्याग विषया जंजालु

इहु वापार विरला वापारै,
नानक ताकै सद बलहारै ( ૧૫ : ૫ )

આ સત વેપાર માંડવાનો સંદેશો ગુરુઓ આપતા હતા. વિરક્ત થઈને નહિ પણ વેપાર માંડીને, જીવનસંગ્રામમાં બરાબર મોરચા માંડીને, જે સાધવાનું છે તે સધાશે એમ એમનો પ્રધાન ઉપદેશ હતો. અને આપણે ગુરુના જીવનમાં આગળ જોઈશું કે, તે જીવન આ ભક્તિના, આ આદર્શના નમૂનારૂપ હતું. ઉપનિષદ્કાર કહે છે, **नायमात्मा बलहीनेन लभ्यः ।** એનો સાચો અર્થ આ પ્રભુમય જીવનના ઉલ્લાસથી છલકતી આ શીખભક્તિમાં આપણને કાંઈક જોવા મળે છે.

પોતાના ઉદ્બોધનનું બીજ પાંચમી અષ્ટપદીના શ્લોકમાં જ કહી દે છે :

“ देनहार प्रभु छांडकै
लागहि आनसु आइ,
नानक कहू न सीझही
बिन नावै पति जाई.’

અને એનાં પ્રથમ ત્રણ પદમાં એ જ વસ્તુનો વિસ્તાર કર્યો છે. ચોથા પદમાં કહે છે, “ તન, ધન, કુટુંબ, મમતા, માયા દ્રોહ, મોહ, અભિમાન વગેરે બધું મિથ્યા છે. તેનાથી તારું ‘ કહૂ ન સીઝહી ’ ( કશું રંધાવાનું નથી ). સ્થિર છે માત્ર ભક્તિ, સાધુશરણ, નામજપ, હરિનાં ચરણ. ” પાંચમા પદમાં એ જ મિથ્યાત્વગાન આગળ ચાલે છે, ને અંતે ગુરુ કહે છે,

"बिन बूझे मिथ्या सब भए,
सफल देह नानक हरिहरि नाम लए." (५ : ५)

—પ્રભુ સત્ય છે એ જાણ્યા વગર એ બધાનો તને ખપ જડનાર નથી; હરિનામ લે તો દેહ સફળ થશે.

છઠ્ઠી અષ્ટપદીમાં પાછા જીવ પર પ્રભુના અપાર ઉપકાર ગણાવે છે. માનસશાસ્ત્રીને જોઈને મજા પડે એવા વિધવિધ લોકોને ઉદ્દેશીને એ કહ્યા છે. અંતે પાછી પ્રપત્તિ ઉપદેશે છે :—

जिह प्रसादि तू पावहि साचु
रे मन मेरे तूं तास्यों राचु. (६ : ७)

અને પછીના છેલ્લા પદમાં પ્રભુપ્રસાદનો મહિમા ગાઈ આ ઉદ્‌બોધનત્રિક સમાપ્ત કર્યું છે.

## ૩

શીખ ઉદ્‌બોધનની ખાસિયત વિચારતાં એક બીજી વાત તરફ વળવાની જરૂર છે, જોકે સુખમનીમાં એ વિષયને નથી અડકવામાં આવ્યો.

આપણે જોયું કે, શીખભક્તિમાં ત્યાગ પર નહિ પણ પ્રપન્ન જીવન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આથી શીખધર્મ સંન્યાસને, અથવા જોઈએ તો કોઈ પણ આચાર-પ્રધાન ધર્મવસ્તુને, હિંદના મૂળધર્મમાં જે સ્થાન અપાયું છે તે નથી આપતો. એ રીતે જ એ હિંદુધર્મમાં નવો સુધારો છે, જેમ બૌદ્ધ કે જૈન ધર્મ હતા. છતાં મૂળમાં એ હિંદુધર્મની જ એક આવૃત્તિ જ છે એમ આ સુખમની વાંચીને પણ વાચક જોઈ શકશે. આપણે જાણીએ છીએ કે, ગુરુ નાનકની આગળ ઇસ્લામી અને હિંદુ એ બે સંસ્કૃતિઓનો





સમન્વય કરવાનું કામ હતું. તેમણે જોયું કે સાચો મુસલમાન કે સાચો હિંદુ કોઈ જ દેખાતો નથી—બધા બાહ્ય આચારમાં સાચા ધર્મને ગૂંગળાવી રહ્યા છે. એટલે એમણે એઉને ઉદ્દેશીને પોતાનો ઉપદેશ આપવા માંડ્યો. એક ઈશ્વર છે, એ જ સમર્થ, સર્વનો દાતા, કર્તાહર્તા છે; અને એની આગળ,

'नानक उत्तमु नीच न कोई' (जपजी : ३३)

નાતજાતની ઊંચનીચતા, બ્રાહ્મણોનું અભિમાન, ચોકાધર્મ—આ બધું સ્વાભાવિક રીતે જ વખોડી કઢાયું. એટલે સુધી કે, ગુરુ નાનકના જીવનમાં માંસાહાર વિષે એક પ્રસંગ છે, જેની દલીલ આપણને જરા વિચિત્ર લાગે એવી છે, છતાં પ્રસ્તુત બાબતમાં જોવા જેવી છે. એક વાર એમને બ્રાહ્મણો પૂછે છે, "તમે માંસ ખાઓ છો!" ગુરુ નાનક એનો ઉત્તર દે છે,* "માંસમાંથી ઊપજ્યા છીએ, માંસમાં રહીએ છીએ એ નથી જોતા? ભક્ષ્યાભક્ષ્યનો ઝઘડો કરે પણ ઈશ્વરને ન જાણે તે મૂર્ખ છે. અને તમારાં (યજ્ઞનાં) બલિદાન તો જુઓ! પુરાણ તથા કુરાનમાં માંસ વિહિત છે. ચારે જુગમાં તે ખવાતું!" તે વખતની ચોકાધર્મની જડતા તથા ઇસ્લામની માંસાહારની છૂટ જોતાં જ આપણને આ બચાવ ક્ષમ્ય લાગશે.

શીખધર્મના આ બધા ફેરફારો ઇસ્લામમાન્ય થાય એવા હતા : એકેશ્વરવાદ, સૌની સમાનતા, આભડછેટનો ત્યાગ.

* સરખાવો સ્વામી વિવેકાનંદનો વિલાયતથી કેટલાક મિત્રોને જવાબ — પોતાના ત્યાંના માંસાહાર વિષે.

એ જ વસ્તુ શીખગુરુઓની નવી હતી જે ઇસ્લામને ન માન્ય થાય : બધા જ ધર્મગ્રંથોની જેમ કુરાન પણ મનુષ્યકૃતિ છે; પેગંબરની અદ્વિતીયતા નથી. અને ગુરુ અર્જુને નવો ગ્રંથ ઊભો કર્યો એ વિરોધની નવી વસ્તુ થઈ. પણ હિંદુઓના આચારધર્મનો તો તેમાં જ્યાંત્યાં વિરોધ હતો. તેના ધર્મસિદ્ધાંતો તેમની માન્યતાને આઘાતક નહોતા, કેમકે તે બધાને હિંદુધર્મમાં સ્થાન હતું ને છે. આમ છતાં, એ એક વિચારવા જેવી વસ્તુ છે કે, શીખધર્મને ઇસ્લામધર્મીઓનો જ ખૂબ વિરોધ સહવો પડચો અને ઇસ્લામીઓએ એને તોડી પાડવા બનતું કર્યું.

પણ એ ઐતિહાસિક વાત આપણે અહીં છોડવી જોઈએ અને સંન્યાસ તથા ત્યાગનું શીખવિધાન તપાસવા તરફ વળવું જોઈએ. ઊંચનીચનો ભાવ તજવાની સાથે માણસ માણસ વચ્ચે સમાનદૃષ્ટિ આવી. સાથે જ ગુરુઓએ સ્ત્રીનું પણ ગૌરવ કર્યું. કોઈએ ગુરુ નાનક આગળ સ્ત્રીનિંદા કરી. તેને બોધ આપતાં ગુરુ કહે છે :—

"सो किउ मंदा आखीए
जिउ जन्महि राजानु ?
भंडहु ही भंडु उपजे,
भंडै वाझु न कोई."

"જેને પેટે રાજાઓ જન્મે તેને કેમ મંદ કહીએ ? દેહમાંથી દેહ ઊપજે છે; દેહ વિના ઊપજેલું કોઈ છે ?" આ બોધમાંથી જ આગળ ત્રીજા ગુરુ અમરદાસે (૧૪૭૯-૧૫૭૪) સતીનો કુચાલ બંધ કરાવ્યો. તેમણે કહ્યું :





सतीआ एहि न आखीअनि
जो मड़िआलगि जलंनि ।
नानक सतीआ जाणिअनि,
जि विरहेचोट मरंनि ॥
भी सो सतीआ जाणिअनि,
शील संतोखि रहंनि ।
सेवनि सांई आपणा
नीत उठी संमालंनि ॥
कंता नालि महेलीआ
सेती अगि जलाहि
जे जाणहि पिरु आपणा
तातनि दुख सहाहि,
नानक कंत न जाणनि,
से किउ अगि जलाहि.

(પતિ સાથે બળી મરે તે સતી નથી. વિરહદુઃખની ચોટથી જ મરી જાય તે સતી. અથવા પતિ ગયા પછી જે શીલસંતોષથી તેને સ્મરતી પ્રભુસ્મરણમાં દિવસ કાઢે તે પણ સતી. સ્ત્રીને મૃત પતિ સાથે બાળવામાં આવે છે એ કેવી અબુદ્ધિની વાત છે! જે સ્ત્રીને મન એમ છે કે મારો પતિ ગયો છે તો તે જનમારો તેનું દુઃખ કરશે જ. જેને મન એમ નથી તેને બાળવાથી શું વધારે છે? તો પછી તેને બાળો જ શું કામ?)

આ જ ગુરુ પડદાની પ્રથાના પણ વિરોધી હતા અને એની સામે ઉપદેશ આપતા.

સ્ત્રીની સાથે કુટુંબજીવનનું પણ ગૌરવ વધે એ સ્વાભાવિક છે. બધા ગુરુઓ કુટુંબી હતા. ગુરુ નાનક ફકીરવેશે ફરતા, છતાં રૂઢિ અનુસાર એમણે ક્યારે પણ સંન્યાસ લીધો નથી. પોતાના ભ્રમણમાં એક વાર ગુરુ નાનકને કોઈ સંન્યાસીએ પૂછ્યું: 'ઉદાસ એટલે શું?' ગુરુએ જવાબ આપ્યો, "પોતાની માલિકીની નહિ પણ ઈશ્વરી સમજી દુનિયાની બધી વસ્તુનો ઉપયોગ કરવો અને ઈશ્વરને મેળવવાની સતત આકાંક્ષા રાખવી એટલે ઉદાસ." પ્રો. તેજાસિંગ કહે છે, "પોતાના વિચારોનો પદાર્થપાઠ આપવા માટે, ગુરુ નાનકે પોતાના જીવનનો જ દાખલો બેસાડવા, પોતે દુનિયામાં રહી પવિત્ર જીવન ગાળ્યું. જુવાનીમાં એ સરકારી સ્ટોર–કીપર હતા, અને એ કામ એમણે પૂરી પ્રામાણિકતાથી કર્યું. સાથે જ એ પૂરા ગૃહસ્થ હતા...... છેવટે, મુસાફરીમાં કેટલાંય વર્ષો ગાળ્યા પછી કરતારપુરમાં તે એક ખેડૂત બનીને રહ્યા."

સાદું, સંયમી ને સદાચરણી, મહેનતુ જીવન એ શીખ આદર્શ છે. ગુરુને ચરણે ભેટ ધરવી એ તેમને વિહિત દાનયજ્ઞ છે. ગુરુઓ આ ભેટનો ઉપયોગ 'ગુરુકા લંગરખાના'—એક મોટું અન્નક્ષેત્ર—ચલાવવામાં કરતા, જેમાં નાતજાત કે ધર્મના બાધ વિના બધા જ લોકને રાંધેલું અન્ન મળી શકે.

આમ છતાં, શીખધર્મ સંન્યાસ વિના નથી રહી શક્યો. કદાચ હિંદની ભૂમિ પર જન્મેલા ધર્મને માટે એ અશક્ય હોય. ગુરુ નાનકના પુત્ર શ્રીચંદે ગુરુપદ ન સ્વીકારતાં સંન્યાસ લીધો અને આજ આપણે જેને ઉદાસી





પંથ તરીકે ઓળખીએ છીએ તેની સ્થાપના કરી. આ પંથીઓ પણ ગુરુ ગ્રંથને પૂજ્ય માને છે ને પ્રેમથી તેનો પાઠ કરે છે, અને શીખધર્મની એક શાખા તરીકે એ લેખાય છે.

સુખમનીનો સાર વિચારતાં વચ્ચે ભેગાભેગી આટલી વાત કરીને પાછા હવે આપણે સાર તરફ વળીએ.

## ૪

સત્સંગની સ્તુતિ એકેએક ધર્મમાં એક યા બીજી રીતે કરેલી જોવામાં આવશે. શીખધર્મમાં તેને ધર્મજીવનના પાયારૂપ બતાવ્યું છે. શીખધર્મનો અર્થ જ શિષ્ય–ધર્મ થાય. અને શિસ્ત વિના શિષ્યત્વ કેવું? *

શિષ્યત્વની આ સાધના દ્વારા સાધક સેવાશક્તિ કેળવે, શુશ્રૂષુ બને, નમ્ર બને, ધાર્મિક જીવન માટે જરૂરી ગુણો શીખે, અને સાચું નામસ્મરણ શું એ જાણે અને તે કરવાને શક્તિ મેળવે. ગુરુ કહે છે,

'साधकी शोभा साध बन आई,
नानक साध प्रभु भेद न भाई'

હવે પછીની ત્રણ અષ્ટપદીઓમાં આ સત્સંગમહિમા અને સાધુનાં લક્ષણ—'સાધજનાકી અચરજ કથા'—ગુરુ વર્ણવે છે. આને આપણે સત્સંગત્રિક કહીશું.

---

* ગુરુ નાનક પણ પોતાને કોઈ કાલ્પનિક આદર્શ ગુરુના શિષ્ય તરીકે ઓળખાવતા, અને તેણે ઉપદેશેલા ધર્મને પોતે અનુસરે છે એમ કહેતા. (જુઓ યોગસૂત્રમાં પ્રભુ એટલે 'ગુરૂણાં-ગુરુઃ' એ વ્યાખ્યા.)

એક વેળા કુરુક્ષેત્રમાંથી નીકળતાં ગુરુ નાનકે બોધ આપતાં કહ્યું, "નામસ્મરણ કરવાની સાથે, બીજા ચાર માર્ગ છે જેમાંના કોઈ દ્વારા માણસ ઈશ્વરને ઓળખી શકે. પહેલો સત્સંગ, બીજો સત્ય, ત્રીજો સંતોષ ને ચોથો ઇંદ્રિયો પર સંયમ. માણસ સંન્યાસી હોય કે ગૃહસ્થ, આમાંથી કોઈ એક દ્વારા એ ઈશ્વરને ખોળી શકશે." આમાંથી નામસ્મરણ, જે તો દરેક સાધનામાં હોવું જ જોઈએ, એ વિષે આપણે જોઈ ગયા. સાતમી અષ્ટપદીમાં સત્સંગમહિમા ગાય છે. એ જ વસ્તુ બીજી રીતે, બીજા ભાવથી આગળ ૧૩મી અષ્ટપદીમાં પણ ગાય છે. આ બે અષ્ટપદીમાંથી આપણને સત્સંગ એટલે શું, તેનું સાધનામાં મહત્ત્વ, સાધકને તેની જરૂર વગેરે સમજવા મળે છે. આખા ગ્રંથમાં એને અંગે છૂટાછવાયા પડેલા ઉલ્લેખો તો વાચક પોતાની મેળે જોઈ શકશે. ગીતાના શ્રેષ્ઠ પુરુષનાં વર્ણન સાથે આ લક્ષણો વાચક સરખાવે તો રસમય થયા વગર નહિ રહે.

આઠમી અષ્ટપદીમાં સંત કોણ તે બ્રહ્મજ્ઞાનીનાં લક્ષણ વર્ણવીને કહે છે. તેમાંનાં આ લક્ષણો તો ધ્યાન ખેંચ્યા વગર નહિ જ રહે :

ब्रह्मज्ञानी ऊचते ऊचा,
मन अपने है सभते नीचा.

ब्रह्मज्ञानी सकलकी रीना ( ८ : ३ )

ब्रह्मज्ञानी कै गरीबी समाहा,
ब्रह्मज्ञानी परउपकार उमाहा. (८: ४)





આદિ સારશ્લોકમાં બધાં લક્ષણોનો અર્ક આપી દીધો છે :

' मन साचा मुख साचा होय,
अवर न पेखे एकस बिन कोय.'

નવમી અષ્ટપદીમાં સંતનું વર્ણન પંડિત, વૈષ્ણવ, ભક્ત, જીવનમુક્તનાં લક્ષણ વર્ણવીને આપે છે. વૈષ્ણવનાં લક્ષણ વાંચતાં મહેતાજીનો 'વૈષ્ણવજન' યાદ આવ્યા વગર નથી રહેતો. જે ચતુર્વિધ સાધનનો બોધ આપણે ઉપર જોઈ આવ્યા તેમાંના સંયમનો અર્થ ( ૯ : ૧ ) માં આપણે જોઈ શકીએ :

'इन्द्रियजीत पंच दोष ते रहित'
नानक कोटि मध्ये एसा अपरस. " (૯: ૧)

ત્યાર પછીના પદમાં વૈષ્ણવ કોણ તે જણાવે છે. ગીતાનો અનાસક્ત અનન્ય ભક્ત અહીં આગળ યાદ આવશે.

ચોથા પદમાં ( ૯ : ૪ ) પંડિતનાં લક્ષણ આપે છે. પાંચમા પદમાં વચ્ચે વળી નામ જપનારનાં વખાણ કરી છઠ્ઠા પદમાં ' રામદાસ ' — પ્રભુના ભક્ત — નાં વખાણ કરે છે. સાતમા પદમાં જીવનમુક્તનાં લક્ષણ ગણાવી અંતે પરબ્રહ્મ પરમેશ્વરને વર્ણવી, સંતનાં અનેક રૂપે લક્ષણ ગણાવતી આ અષ્ટપદી ગુરુ પૂરી કરે છે.

## ૫

શ્રી સુખમની ગીતાની જેમ એક ધર્મકાવ્ય છે, એટલે નિબંધમાં કે તત્ત્વજ્ઞાનના ગ્રંથમાં જોવામાં આવે એવી જાતનું શાસ્ત્રીય પદ્ધતિએ કરેલું બયાન વાચકને એમાં નહિ

મળે. એમાં તો એક કવિ–ભક્ત–હૃદયને જેમ પ્રતીત થાય તેમ ગુરુ પોતાની ભાવનાને છૂટથી ગાયે જાય છે. એમાં બધી જ વસ્તુઓ ને બધા જ વિષય એકમેકનાં અંગઉપાંગીભૂત વણાઈને તેના તેના યોગ્ય સ્થાને આવતાં રહે છે. એટલે અહીં સાર આપતાં જે ભાગ પાડીને હું વસ્તુનિરૂપણ કરું છું, તે અષ્ટપદીઓમાં આવતા મુખ્ય ભાવને જ ધ્યાનમાં લઈને કરું છું એમ સમજવાનું છે.

એ પ્રમાણે, હવે પછીની — ૧૦ મી — અષ્ટપદીમાં જીવસૃષ્ટિની સમજ આવે છે. સાથે જ જીવશિવનો સંબંધ તો આવવો જ જોઈએ. એટલે, પછીની અષ્ટપદી સૃષ્ટિના 'કરણ કારણ પ્રભુ એક છે' તેનું નિરૂપણ કરે છે. અને સાથે સાથે જ જીવશિવસંબંધના વિચારની રજૂઆતનો પ્રારંભ કરે છે, જે પછીની ૧૨મી અષ્ટપદીનો મુખ્ય વિષય છે. તેમાં સમજાવે છે કે, જીવે ગરીબીના, નમ્રતાના, શિષ્યના ભાવથી આ જગતનો વેપાર ખેડવો ઘટે છે, કારણ કે,

'सुखी वसे मसकीनिया आप निवारत ले.

અને बडे बडे अहंकारीआ नानक गरव गलें. (૧૨: શ્લોક)

આટલું નિરૂપણ કરવામાં જીવસૃષ્ટિની અને જીવોના પ્રકારોની મનોરંજક છણણી કરવામાં આવી છે. આમ ૧૦ થી ૧૨ અષ્ટપદીનું આ ત્રિક જીવશિવસંબંધી હોઈ આપણે એને जीवशिवत्रिक તરીકે ઓળખી શકીએ.

પણ શરૂઆતમાં જ કહ્યું તેમ, આ તાત્ત્વિક વિષયની તાત્ત્વિક ચર્ચાની આશા જો રાખીએ તો આપણે નિરાશ થઈશું, કેમકે આ કાવ્યમાં આપણને તે નથી પીરસી. એમ તો આખા ગ્રંથ વિષે કહી શકાય કે, આ કોઈ ફિલસૂફીનો





ગ્રંથ ન હોઈ, એમાં કશાય તત્ત્વનો શાસ્ત્રીય પદ્ધતિએ કરેલો વિચાર જોવા નહિ મળે. પ્રો. વાસવાની એના 'In the Sikh Sanctury' પુસ્તકમાં આ લક્ષણનો ખાસ નિર્દેશ કરતાં કહે છે: Sukhmani is pre-eminently practical in its outlook upon the problem of life......Sukhmani is a gospel of life.'* જેમ ગીતાકાર તેના અનુપમ ધર્મકાવ્યમાં સાંખ્ય, યોગ, ગુણાદિ ચર્ચે છે, તે તે શાસ્ત્રોની રીતે નહિ પણ તે તે સિદ્ધાંતના પોતાના ઉપયોગની દૃષ્ટિએ, તેમ જ આ સુખમનીમાં ગુરુ કરે છે. કાવ્યગ્રંથ માટે, જેને ભક્તિરસ ગાવો છે તેને માટે, આ જ રસ્તો હોઈ શકે. અનુભવ અને ભાવના પોતાના વિકાસ અર્થે બુદ્ધિ જેટલી ઝીણવટ નથી માંગતાં. આ લક્ષણ ધ્યાન રાખીને હવે આપણે આ ત્રિકનો સાર ટૂંકામાં જોઈ જઈએ.

ભક્તિનો મુખ્ય પ્રમેય છે કે, જાણ્યે અજાણ્યે પણ જીવમાત્ર ઈશ્વરનો ભક્ત જ છે. ગીતાકારે કરેલા ભક્તના આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, અને જ્ઞાની એવા ચાર ભાગની બહાર કોઈ પણ જીવ છે ખરો? અને તિર્યગ્ યોનિઓ તો પ્રકૃતિધર્મી હોઈ તેના જ કાયદા અનુસાર ચાલે છે, એટલે એમના અજ્ઞાનમાં પણ તેમને ભક્ત જ ગણી લેવાય. તેથી તો આપણે એમનું કાવ્યનિરૂપણ વેદકાલના કવિઓથી માંડીને આજ સુધી થતું આવતું જોઈએ છીએ.

---

* "'સુખમની' જીવનવિચારની બાબતમાં મુખ્યતઃ વ્યવહારદૃષ્ટિ રાખનારું છે. . . . સુખમની જીવનનું ધર્મકાવ્ય છે."

આ મુખ્ય પ્રમેયથી જીવસ્વરૂપનું નિરૂપણ શરૂ કરે છે: ‘उसतत करहि अनेक जन, अंत न पारावार’; અને સાથે જ એ આખી રચનાને કેન્દ્રીભૂત કરનાર પ્રભુને વિષે પણ કહી દે છે: ‘नानक रचना प्रभु रची बहुविधि अनेक प्रकार’. (૧૩ : શ્લોક)

આ પ્રારંભકથનમાં સાર કહી દીધા પછી આખી અષ્ટપદી જીવોની અજ્ઞાત ભાક્તના વિધવિધ પ્રકારો વર્ણવે છે. એ બધાનો સાર ગીતાકારના શબ્દોમાં કહું તો, તે બધા

मोघाशाः मोघकर्माणः मोघज्ञाना विचेतसः (૯ : ૧૨)

આવી જાતના છે, કારણ,

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्

परं भावमजानन्तो मम भूतमहेश्वरम् (૯ : ૧૧)

પરંતુ, દરેક પદનો ધ્રુવ ભાવ આ છે કે, એ બધામાં જેણે પ્રભુને શ્રેષ્ઠ જાણ્યો ને ભજ્યો તે જ તરે છે.

આમ કહીને તે ‘પરં ભાવ’ને વિષે કહેવાનું ૧૪ મી અષ્ટપદીમાં શરૂ કરે છે:

શીખધર્મ એ હિંદુધર્મનું ઇસ્લામના સંઘર્ષથી ઉત્પન્ન થયેલું સ્વરૂપ છે એમ કહી શકાય. ગુરુઓએ જોયું કે અનેક દેવદેવીઓમાંનું કાવ્ય નાશ પામી તેમાંથી વહેમ જ પોષાવા લાગ્યા છે ને શુદ્ધ સનાતન ધર્મ તેમાં દટાઈ ગયો છે. ઇસ્લામના આવવાથી એ ધર્મોના સમન્વયનો પ્રશ્ન તો ઊભો જ હતો. ગુરુ નાનકની પ્રતિભાએ જોઈ લીધું કે એક ઈશ્વરનું શુદ્ધ સત્ય શીખવવું ને વિધિનિષેધના બાહ્યાચારમાં દબાયેલ સત્ય શાશ્વત ધર્મને ઉગારી લેવો. આથી શીખ ગુરુઓએ ઈશ્વર એક અનન્ય, અદ્વિતીય, દીનદયાલ, ભક્ત-





વત્સલ છે એમ શીખવ્યું. અને એની અને જીવની વચ્ચે કોઈ આડ નથી: એક ગુરુ જ છે જે દ્વારા જીવ આ અનંત ઇશને ઓળખી શકે છે. એ ગુરુ પણ, આપણે આગળ એક જગાએ જોઈ આવ્યા એમ, કોઈ શરીરી જ હોય એમ નથી. (જુઓ પા. ૨૫) ઇસ્લામમાં આ સ્થાને શરીરી એવા પેગંબર સાહેબ અને એમનો શબ્દ કુરાનેશરીફ મૂકવામાં આવ્યાં છે. અને હિંદુસ્તાનમાં આવીને ઇસ્લામે, હિંદુઓનો ઈશ્વર અને ઇસ્લામનો અલ્લા એવા વ્યવહારમાં ભેદ પાડીને એક જાતની, મધ્ય એશિયામાં ઉત્પન્ન થયેલા ધર્મોમાં ઈશ્વરની કલ્પનાને વિષે જોવામાં આવતી, અલગતા અને નિરાળાપણું ઊભાં કર્યાં એમ લાગે છે. વળી અલ્લાને સર્વાતિશાયી (Transcendent) —બધાની પર રહેલો —કહીને તેનું ભક્તોને પ્રિય થાય એવું જે સર્વાનુશાયિત્વ (immanence) — બધામાં અંતર્યામીરૂપે રહેવાપણું — નું લક્ષણ નથી દેખાડ્યું.

અહીં આગળ શેખ ફરીદ જોડે ગુરુ નાનકને થયેલો સંવાદ યાદ આવે છે. શેખ ફરીદ કરીને એક મુસ્લિમ ઓલિયા અને ગુરુ નાનક અનેક વાર મળેલા. એક વાર શેખે પૂછ્યું: “મને લાગે છે કે ખુદા અને તેના પેગંબર એવા દ્વૈતભાવના ભક્તિ ન જામી શકે. તમે જીવ ને શિવ વચ્ચે કોને મારફતિયો માનો છો?”

ગુરુએ એના જવાબમાં નીચેની “આસાકી વાર”ની પ્રથમ પૌડી મરદાનાની સારંગી સાથે ગાઈ બતાવી:—

“बलिहारी गुरु आपणे दिऊहाडी सदवार

जिनि माणस ते देवते कीए करत न लागी वार-

"नानक गुरु न चेतनी मनी आपणे सुचेत
छूटे तिल बूआड जिउ सुंञे अंदरि खेत."

શીખો કયા ગુરુની પૂજા કરે છે તે આ પરથી સમજાશે. તે શરીરી નથી. શરીરધારી બહુ તો તેનું પ્રતીક જ છે એમ તેઓની માન્યતા હોવી જોઈએ.

એક બીજો પ્રસંગ જાણવાથી આ વિષે વળી વધારે સ્પષ્ટતા થશે. મિયાં મીઠા કરીને એક ફકીરે ગુરુને કહ્યું, "ખુદા પહેલો ને પછી તેનો પેગંબર. આમ જો તું કલમો પઢે તો ખુદાને ત્યાં તારો સ્વીકાર થાય."

ગુરુએ ઉત્તર આપ્યો, "ખુદા પહેલો. અને તેના દરબાર આગળ કેટલા બધા પેગંબરો છે! હે શેખ, સદાચારી બનો તો ત્યાં સ્વીકાર થશે."

બાબર અને નાનક સમકાલીન હતા એ ઇતિહાસ ભણનાર દરેક જાણે છે. એક વાર બાબરે કહ્યું, "તમે મુસ્લિમ થાઓ." ગુરુએ કહ્યું:

"મહંમદ હજારો છે પણ ખુદા એક છે. અનેક અસંખ્ય મહંમદ ખુદા સામે ખડા થાય છે. પેગંબરો તો આવે છે ને જાય છે. દાસ નાનકનો એ નિશ્ચય છે કે, એક ઈશ્વર જ પવિત્ર છે ને બીજું કોઈ નથી."

શીખ ગુરુઓએ જે ઈશ્વરનિરૂપણ કર્યું છે એમાં, આ રીતે જોતાં, તેઓએ આવશ્યક સુધારો કરી લીધો એમ લાગે છે. તેમણે શીખવ્યું કે, તે 'એક હૈ, દુસર નાહિ કોય.' એના હુકમથી આખા વિશ્વનાં ધારણપોષણ, સર્જન અને સંહાર થાય છે. 'હુકમિ અંદર સભ કો, હુકમિ બાહર ન કોય'





(જપજી) આમ તે સર્વાતિશાયી છતાં, ગુરુ કહે છે, તે સર્વાનુશાયી પણ છે: "નાનક, સભ મહિ રહિઆ સમાઈ." (૧૧ : ૧)

"सब ते नेरे सब ते हैं दूर
नानक आप अलिपत रहा भरपुर" (૧૦ : ૪)

આ ભાવ એક સુંદર ભજનમાં ગુરુ અર્જુને ગાયેલો છે. તે ભજન ( રાગ જૈતશ્રી ) અહીં જોવા જેવું છે:—

"देहु संदेसरो कहिअउ प्रिय कहिअउ।
विसमु भई मैं बहुविधि सुनते
कहहु सुहागनि सहीअउ ॥ १ ॥ रहाउ ॥

को कहतो सब बाहरि बाहरि
को कहतो सब महिअउ।
बरनु न दीसे, चिहनु न लखीए,
सुहागनि साति बूझहीयउ ॥ १ ॥

सरब निवासि * घटि घटि वासीले
पुनहि अल पहिअउ
नानकु कहत सुनहु रे लोगा
संत रसन को बसहींअउ ॥ २ ॥+

* સરખાવો નવમા ગુરુ તેજબહાદુરનું "કાહેરે વન ખોજન જાઈ" એ ભજન : આશ્રમભજનાવલી પા. ૧૩૩.

\+ હે મારી સુહાગણ સહિયરો, મારા પિયુની સાચી વાત મને કહો. ઘણું સાંભળી સાંભળીને હું તો મૂંઝાઈ ગઈ છું. કોઈ કહે છે, એ તો જગની બહારનો બહાર જ છે, અને કોઈ કહે છે, ના એ તો અંદર છે. નથી એનો વર્ણ દેખાતો કે નથી એનું ચિહ્ન, કે જેથી

આમ તે સર્વાનુશાયી તેમ જ સર્વાતિશાયી છે. પણ એ ભાવો તો તત્ત્વજ્ઞાનીને ગમે. ભક્તને માટે તો,

"दुहासिरिआका आपी सुआमी
खेल विगसै अन्तरजामी" (૧૧: ૨)

આ ભાવ પ્રિય છે. તે પુણ્યાત્મા તેમ જ પાપાત્માનો બેઉનો બેલી છેઃ શીખોનો બેલી અને અ–શીખોનો ન્યાય કરનાર કડક કાજી તે નથી. જીવો 'અનજાનત વિષયામહિ રચૈ' (૧૧ : ૩), 'ભરમે ભૂલા દહદિસિ ધાવૈ' (૧૧: ૩); તેથી તે ક્રોધપાત્ર નથી, પણ દયાપાત્ર છે, કેમકે ઈશ્વર તો

"टूटी गाढनहार गोपाला
**सर्वजीवा** आपे प्रतिपाला ।।
**सगलकी** चिंता जिस मन मांही ।
तिसते बिरथा कोइ नाहि ।। (૧૫: ૧)

એવો એ રહીમ છે. તેની આગળ

"आज्ञाकारी बपुरा जिउ
કેમકે, जो तिस भावे सोई फुन थीउ" (૧૧: ૫)

બીચારો જીવ આજ્ઞાકારી જ છે, કેમકે એનું (ધણીનું) ધાર્યું જ થાય છે.

---

હું એને ઓળખી કાઢું. બહેનીઓ, તમે મારા પિયુની સાચી વાત કરો :

"ઘટઘટમાં વસેલો તે સર્વવ્યાપી છે. છતાં તે કોઈની ભેગો નહિ પણ સ્વતંત્ર છે," ગુરુ નાનક કહે છે, હે લોકો સાંભળો; તે સંતોની જીભ પર વસેલો છે.





"इसका बल नाहीं इस हाथ,
करन करावन सबको नाथ."

જીવનું કાંઈ નથી ચાલતું, ઈશ્વર કરે તે જ ખરું. પણ એનો અર્થ એ નથી કે જીવ પરવશ છે. શીખગુરુઓ કર્મનો કાયદો બરાબર સ્વીકારે છે અને કહે છે,

'हुकमी रजाई चलणा
नानक लिखिया नालि'। जपजी: १।

'દરેકના કર્માનુસાર જે લખાયું છે એ ઈશ્વરના હુકમ પ્રમાણે ચાલવું' (એ જીવની ગતિ છે). અષ્ટ૦ ૧૧ નાં ૪–૫ પદમાં ગુરુ આ જ વાતનું વિવરણ કરીને અંતે સમાપ્ત કરે છે :

"जिउ **प्रभु** राखे तिवही रहे,
गुरुप्रसाद नानक सच कहे." (૧૧ : ૬)

અંતના પદમાં (૧૧ : ૮ માં) શ્રેષ્ઠ ભક્ત જ્ઞાનીનું વર્ણન કરે છે : 'कबहु गाधसंगति इहु पावे.' જીવ અનેક જન્મો ફરતો ફરતો એકાદમાં સાધુસંગ મેળવે છે, ને પછી 'अंतरि होत ज्ञानप्रकाश, मन तन नाम रते एक रंगि'; અને એમ સાધન કરતો કરતો તે જીવ,

'सदा बसहि पारब्रह्म कै संगि.'

શીખભકિતમાં, આ રીતે જીવ શિવનું અંતે ઐક્ય થાય છે એમ માન્યું છે. એ ઐક્યની સાધનાનો માર્ગ * ભક્તિ છે, તે હવેની ૧૨ મી અષ્ટપદીમાં કહે છે:

---

* भाउ भगति करी नीचु सदाए ।
तउ नानक मोखंतरू पाए ।। (आसाकी वार १३ : २)
(પોતાને સદાય નીચ માને ને ભાવભકિત કરે તો મોક્ષને પામે.)

જેનામાં રાજ્યનું, યૌવનનું, કાંઈ કર્યાનું અભિમાન છે તે ભક્તિનો અધિકારી ન થઈ શકે. પણ જેના હૃદયમાં ઈશ્વરકૃપાએ ગરીબી વસે તે મુક્તિસુખ પામી શકે (૧૨ : ૧). કોઈ ધનના, કોઈ બળના, કાંઈના કાંઈ અભિમાની છે; તેમનું અભિમાન ન મટે ત્યાં સુધી એવાં હૃદયમાં ભક્તિ કેમ ઊગી શકે? (૧૨ : ૨) અહંકારી ભલેને કોટિ કર્મ કરે, તપ કરે, શુંનું શું કરે. પરંતુ પ્રભુભક્તિથી જેનું હૃદય દ્રવતું નથી તે કેમ પ્રભુધામ પહોંચી શકે? જે સૌની ચરણરજ જેવો નમ્ર છે તે શ્રેષ્ઠ છે, તે અધિકારી છે. (૧૨ : ૩) અહંકાર, રાગદ્વેષ, કે મોહ જ્યાં સુધી છે ત્યાં સુધી ભક્તિ કેવી? (૧૨ : ૪) અસંતોષ તો એવો છે કે હજાર મળે તો લાખ લેવા ઊડે. ભોગવિલાસમાંથી જેનો જીવ નથી ઊઠતો, તેવાને માટે શાંતિ સ્વપ્નવત્ છે. સંતોષ વગર નામરંગ ન જામે અને તે વિના ભક્તિ ક્યાંથી? (૧૨ : ૫)

આમ ભક્તનાં લક્ષણ કેટલાંક ગણાવીને પાછા ગુરુ પ્રભુનો મહિમા ગાવા લાગે છે અને અંતના પદમાં ઉલ્લાસભરી સ્તુતિ ગાય છે (૧૨: ૮), જેમાંથી ભક્તનું હૃદય વાચક સવિશેષ કળી જઈ શકશે.

આમ જીવ અને શિવનો સંબંધ બતાવ્યા પછી તેમાં મધ્યસ્થી ભોગવનાર સંત અથવા સદ્ગુરુનું મહત્ત્વ બતાવવા, પછીની ૧૩મી અષ્ટપદીમાં, દરેક ભક્તમાં આવશ્યક એવું સાધુતાપ્રેમનું મહત્ત્વ ગાય છે. ‘જેઓ સંતશરણ લે છે તેમનો ઉદ્ધાર થાય છે; પણ જેઓ સંતનિંદા જ કરે છે,





સાધુતાની અસૂયા જ કરનારા છે, તેઓને ભાગે ઉદ્ધાર નથી પણ અવતાર જ રહે છે.”*

આમ ટૂંકમાં સાર કહી દીધા પછી સંતદ્રોહકની પેટ ભરીને કરેલી નિંદા આવે છે. શાસ્ત્રવચનોમાં જેમ રોચકતા આણવા અતિપ્રશંસા હોય છે તેમ ભડકાવી મારવા અતિરૌદ્ર પણ જોવામાં આવે છે. તે રૌદ્રનો આ નમૂનો છે. એથી કેટલાક વાચકને એ અતિકથન લાગશે એવો ભય છે. છતાં પદે પદે ગાયેલો આ ભાવ તો તેમનેય પસંદ પડયા વગર નહિ રહે:

“संत कृपाल क्रिपा जे करे
नानक संतसंग निंदक भी तरे । (१३ : १)

અથવા જુઓ પછીનાં પદની અંત્ય બે કડીઓ. અષ્ટપદીના અંત્ય પદમાં (૧૩–૮) પ્રભુભક્તિનો મહિમા ગાવાનો પ્રારંભ કરે છે. અને હવે પછીની અષ્ટપદીમાં અનેક રીતે એ મહિમા ગુરુ ગાય છે.

આ પ્રસંગે શીખ ગુરુઓના શિક્ષણમાં સ્વર્ગ, નરક, યમત્રાસ, વગેરે બાબતો કેવી રીતની છે તે તરફ નજર કરી લઈએ. હિંદુઓનાં સ્વર્ગનરક કે ધર્મરાજ અથવા મુસલમાનોનાં દોઝખ જહન્નમ કે ઇઝરાઇલ વિષે ગુરુઓ પોતાના શબ્દમાં વાત કરતા. પણ તેઓ એમાંનું કાંઈ માનતા ન હતા. (પ્રચલિત ભાષાપ્રયોગ તરીકે તેનો જે સામાન્ય અર્થ થાય છે તે જ અર્થમાં તેઓ વાપરતા.)

* સરખાવો ગીતા અ૦ ૩ : ૩૧–૨.

ઈશ્વરસાંનિધ્ય એ એમનું સ્વર્ગ અને તેનાથી દૂરતા એ નરક છે. ગુરુ નાનક તેમના જપજીના અંતશ્લોકમાં કહે છે :

" चंगिआइआ बुरिआईआ वाचे धरम हजूर;
करमी आपे आपणी के नेडै के दूर."

(ધરમરાજાની સામે જીવનાં શુભાશુભ કર્મો વંચાશે. અને તે પ્રમાણે તેઓ ઈશ્વરની પાસે કે ઈશ્વરથી દૂર સ્થાન પામશે.) પુનર્જન્મનો સિદ્ધાંત ગુરુઓએ પૂરેપૂરો સ્વીકાર્યો લાગે છે એની, સાથે સાથે, અહીં નોંધ લેવી ઘટે છે. અને જન્મમરણમાંથી બચવું એટલે મોક્ષ, એ લૌકિક વ્યાખ્યા પણ બરાબર સ્વીકારીને ગુરુઓએ પોતાનું શિક્ષણ લોકો માટે સમજવું સુકર પણ કર્યું છે. પાપમાંથી મુક્તિ, દુર્બુદ્ધિમાંથી ઉગારો, અંધારામાંથી તેજમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અસત્યમાંથી સત્યમાં, અભક્તિમાંથી ભક્તિમાં — આ જાતનું એમનું મોક્ષનું શિક્ષણ જોવામાં આવે છે.

૬

હવે પછીની અષ્ટપદીઓમાં ભક્તિનો મહિમા ગાયો છે. પણ એમ તો અત્યાર સુધી બધી અષ્ટપદી એ જ ગાતી હતી એમ કહેવામાં વાંધો નથી. આ હવે આવતી અષ્ટપદીઓમાં એક વસ્તુ સ્પષ્ટ કરવામાં આવે છે એ એની વિશેષતા છે.

પ્રભુભક્તિ કરવી જોઈએ એમ કહેવામાં આવે છે. પણ તે કરવી એટલે શું કરવું એ સ્પષ્ટ નથી સમજાતું. આ અષ્ટપદીઓમાં એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરેલો છે.





પ્રભુ એટલે શું એ જો સમજાય તો આ ખ્યાલ કાંઈક સ્પષ્ટ થઈ શકે. ૧૪ મી અષ્ટપદીમાં એ સમજાવવાથી શરૂઆત કરે છે.

દરેકનો અનુભવ છે કે, 'માનુષકી ટેક વૃથા સબ જાનુ' — જીવ પોતાના ધાર્યા પાસા નથી નાખી શકતો. આ સર્વસામાન્ય અનુભવ પર ગુરુ ઈશ્વરભાવની સ્થાપના કરે છે: "માનુષ્ય કે કછુ નાહીં હાથ" — મનુષ્યના હાથમાં કાંઈ નથી. છતાં બધું સ્વચ્છંદે ચાલે છે એમેય ક્યાં છે? કાંઈક વ્યવસ્થા દેખાય છે. ગુરુ એને 'તિસકા હુકમ' કહે છે. તે કહે છે: 'ઈશ્વરના હુકમ અનુસાર બધું થાય છે.' આ 'હુકમ'ની કલ્પના એ જગતના એક અદ્વિતીય (cosmic force) નિયંતાના જેવી શ્રદ્ધા છે. ભક્તહૃદય એને જ 'ઈશ્વર' કહે છે, 'હરિ' કહે છે, 'પ્રભુ' કહે છે, અને એમ કરીને જીવનસ્વાસ્થ્ય મેળવે છે.

આના ઉપરથી જ ભક્તિનું રૂપ સ્પષ્ટ કરે છે ને કહે છે "तिसका નામ રખ કંઠ પરોય." ઉપનિષદકારના તત્ અને સઃ ની પેઠે, ગુરુ આ પદમાં 'તિસ' શબ્દથી જ એ નિયામક તત્ત્વને સંબોધે છે. મર્યાદિત મનુષ્ય એ તત્ત્વને કાંઈક વાચક દ્વારા જ સાકાર કરી શકે. તેથી ગુરુઓએ નામને જ પ્રભુ સમાન ગણ્યું છે અને નામસ્મરણ એ પ્રભુ-ભક્તિનું પ્રધાન અંગ છે એમ બતાવ્યું છે: *બધી જ

---

* અષ્ટ૦ ૧૬–૫ માં કહે છે :—

नाम के धारे सगले जंत
नाम के धारे खंड ब्रह्मंड

ઇંદ્રિયો દ્વારા એને અનુભવ એમ (૧૪ : ૨ માં) કહે છે: જીભ કાન, આંખ, હાથ, પગ, બધાં દ્વારા એને જ તું ઉપાસ એમ બોધ કરે છે.

ત્રીજા પદથી એમ ભજનારની સ્તુતિ કહી છે. ચોથા પદમાં પ્રભુભક્તિનો વળી વધારે સ્પષ્ટ સ્થૂળ ખ્યાલ આપે છે કે, આ નામસ્મરણ કરવાનો માર્ગ ગુરુપ્રસાદપ્રાપ્તિ છે, સાધુસંગ છે. શીખધર્મમાં આદર્શ ગુરુ અથવા સાધુને ઈશ્વર સમાન જ ગણાવ્યો છે એ આપણે આગળ જોઈ આવ્યા છીએ. આમ પ્રભુ એટલે તેનું નામ, અને તેનું નામ એટલે ગુરુપ્રસાદ કે સત્સંગ, એમ સમજાવી ગુરુઓએ શીખનો માર્ગ સરળ કરી આપ્યો છે.

પરંતુ, નામજપન કે સાધુશરણ કે કોઈ પણ સાધના કેવળ બાહ્યાચાર થઈ શકે એમ હરેક દેશના ધર્મનો ઇતિહાસ બતાવે છે. ગુરુ નાનકને જ આ દુઃખદ ભ્રષ્ટતા જોવી પડી હતી ને તેથી નવેસર ધર્મસંસ્થાપન કરવાનું સૂઝ્યું હતું. મનુષ્યહૃદયની આવી નિર્બળતા હોવાથી ગુરુ સ્પષ્ટ કરે છે કે આ ભકિત એ વેવલાપણું નથી, એની સાચી કસોટી તો એ છે કે:

'पारब्रह्मकी जिस मनी भूख' (૧૪ : ૪)

ભક્તના મનમાં તીવ્ર જિજ્ઞાસા હોય. તેથી તે શોધતો ને શોધતો જ હોય કે સાચું શું છે, પ્રભુ કયાં છે; અને એમ કરતાં કરતાં એ જોશે કે, તે તો સૂક્ષ્મમાં છે ને સ્થૂળમાં પણ છે (૧૪ : ૫). તેની દૃષ્ટિએ જે સત્ય છે તે છે જ ને જે અવર-જવરનો વિકાર (એટલે કે, દૃશ્ય જગત) છે તે તેની આજ્ઞા પ્રમાણે છે, તે તેનો નિયામક છે (૧૪ : ૬). એનો આશરો





એ જ સાચો છે. એ જે કરે એ જ સાચું છે ને તેમાં સંતોષ રાખવો જોઈએ. અને એમ પોતાને દીન ગણીને, પ્રભુને એકમાત્ર સમર્થ ગણીને,

'अनदिन किरतन केवल वख्यान,
गृहस्थ माहि सोइ निरवान' (૧૪ : ૪)*

જે પ્રપન્ન જીવન ગાળે છે તે અંતે 'જીસતે ઉપજે તિસ માંહિ સમાએ' છે. (૧૪ : ૭-૮)

આમ જે પ્રપન્ન સંતોષમય જીવન ગાળવું એ સાચી કસોટી છે. જપજીમાં ગુરુ નાનક કહે છે:—

'नानक हुकमि जे बूजे
त हउमै कहे न कोई'

આવા પ્રકારની અનભિમાનિતા, શૂન્યવત્તા એ સાચી ભક્તિનું લક્ષણ છે. અને તે તો દરેક પોતપોતાના હૃદયથી જ ઓળખી શકે.

૧૫મી અષ્ટપદીમાં આ જ ગુણને વર્ણવે છે: "સર્વકલા ભરપૂર પ્રભુ" છે; સર્વ જીવોનો પ્રતિપાળ છે (૧૫ : ૧). રૂપવાનનું રૂપ, ધનવાનનું ધન, શૂરવીરનું શૌર્ય, બધું જ એનાથી છે. એટલે એમ સમજી,

'जिस गुरु प्रसादि तूटे हउरोग,
नानक सो जन सदा अरोग.' (૧૫ : ૨)

જે ગલિતાભિમાન ભક્ત થાય તે સાચો નિર્મળ ભક્ત છે.

* જુઓ सततं कीर्तयन्तो माम्...... એ ગીતાનો શ્લોક—અ૦ ૯–૧૪.

આને માટે સદ્‌ગુરુનો શબ્દ સ્તંભ સમાન છે; પથ્થરને પણ તારે એવો છે; અંધારામાં દીપ છે, ઘોર વનમાં ભોમિયો છે. માટે સાચો ભક્ત :

तिन संतनकि वाछउ (वांछे) धूरि,
नानक कि हरि लोचा पुरि. (१५ : ३)

ઈશ્વર પર વિશ્વાસ રાખીને ચાલવું, સંતોષને જીવનસૂત્ર બનાવવું, અને એમ પ્રપન્ન થઈ રહેવું એ ૧૫ : ૪ નો સાર છે. 'વખાર'—વેપારની ઉપમા આપી એ જ વસ્તુ ૧૫ : ૫ માં સરળ કરે છે; અભિમાનરહિત મનને કિંમત તરીકે આપી રામનામ ખરીદ; તે ખેપ સાથે સંતો જોડે ચાલી સદાચારી જીવન ગાળ; તો તારી બલિહારી છે, તો તું સાચો ભક્ત છે. ૧૫–૬માં સાધુશરણ પર ખાસ ભાર મૂકે છે. એ ભાર સાધુજીવન ઉપર જ છે એમ સમજતાં આપણને મુશ્કેલી નથી આવતી.

સાધુ—સત્યપરાયણ—જીવન હોય તો જ તે પ્રભુજીવન બની શકે એ અંતના પદમાં કહે છે. અને ખરાભકતનાં જે લક્ષણ અહીં બતાવ્યાં છે તેમાંથી નીતરતી સાચી ભક્તિનું અહીંનું નિરૂપણ વિરલ છે :

भगतु भगतु सुनीए तिहु लोइ,
जाके हिरदै एको होई.
सच करणी सच ताकी रहित,
सच हिरदे सति मुख कहत.
साची द्रिष्टि साचा आकार,
सच वर्ते साचा पासार.





पारब्रह्म जिन सचकर जाता
नानक सो जन सचि समाता. (१५: ८)

## ૭

હવે પછીની ૧૬ મી અષ્ટપદીથી ગુરુ પ્રભુનું રૂપરંગથી ભિન્ન એવું ત્રિગુણાતીત સ્વરૂપ વર્ણવે છે. વેદાન્તના પરબ્રહ્મને મળતું આ છે એ વાચકને તરત જણાશે. ઈશ્વર સર્વાતિશાયી અને સર્વાનુશાયી છે એમ આપણે સૃષ્ટિની સાપેક્ષ દૃષ્ટિએ કહીએ છીએ. પણ જ્યારે એ સાપેક્ષતા નજરમાં ન હોય ત્યારે પણ પ્રભુ તો છે જ. ત્યારે પ્રભુનું સ્વરૂપ કેવું હોય એ કોણ કહી શકે? એ જ આખા તત્ત્વજ્ઞાનનો કોયડો ને ગૂઢવાદનું રહસ્ય કવિગુરુ હવેની અષ્ટપદીથી ગાવાનું શરૂ કરે છે.

અવિનાશી પ્રભુથી પર બીજું કોઈ નથી. ગહીર-ગંભીર પારબ્રહ્મ પરમેશ્વર જીવો માટે ક્ષમાવાન, દયાળુ છે (૧૬ : ૧). તે શરણ્ય છે, 'મનસાપૂરણ' છે. તેનો ભેદ કોણ જાણી શકે? તે આનંદરૂપ છે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. ભકતોની ધ્યાનમૂર્તિ છે (૧૬ : ૨). પણ તેનું મૂળરૂપ કેમ જાણી શકાય? 'પિતાકા જનમ કિ જાને પુત?' અને એ સર્વ સૃષ્ટિનો પિતા નથી શું? તેને આખીને પરોવીને રહેલો સૂત્રરૂપ તે નથી શું? (૧૬ : ૩) એની રીતિમિતિ તો એ જ જાણે. આપણે તો એટલું જાણીએ કે—'सभ घट तिसके सभ तिसके ठाउ—પ્રભુ સર્વવ્યાપક છે; તેના નામથી બધું ચાલે છે (૧૬–૪, ૫). એટલે તેનું નામ 'સત્ય સુખદાઈ' છે. અને તે શીખવનાર ગુરુ કે સત્પુરુષ સત્ય છે (૧૬–૬).

બાકી તે કર્તાની મિતિ કોણ જાણી શકનાર છે? એટલું જ કહીને વિરમવું પડે કે 'जो तिस भावे सो वरतीआ' (૧૬–૭). જીવ તો 'आश्चर्यवत् पश्यति कश्चिदेनं आश्चर्यवत्...' આપણે જીવ તેનાં કીર્તન કરી સફળ થઈ શકીએ (૧૬–૮).

ગુરુ નાનકના આદિ મંત્રથી શ્લોકમાં શરૂઆત કરીને ૧૭મી અષ્ટપદીમાં પ્રભુનું 'નિરંકાર' સ્વરૂપ વળી વર્ણવે છે. અને એ સ્વરૂપને પામવું એ ભક્તિનું અંતિમ ફળ છે, મોક્ષની સાચી વ્યાખ્યા છે:

जिसते उपजिआ तिस मांहि समाना,
वसतु मांहिले वसतु गडाई
ताको भिन्न न कहना जाई (૧૭ : ૨)

ત્રીજા અને ચોથા પદમાં પ્રભુના સેવકનાં લક્ષણ કહે છે. 'ઠાકુરકે સેવકકી નિરમલ રીતિ'—તેનું ચારિત્ર્ય નિર્મળ હોય એ ખાસ યાદ રાખવા જેવું છે. ભક્તનાં યોગક્ષેમ સંભાળનાર પ્રભુ છે; તે વિશ્વંભર છે, સર્વનો રાખનાર છે. તો પછી પ્રાણી શું કામ તેને નિરાંતે ન ભજે, ને બીજી ચિંતા કરી કરી તેને ભૂલે? (૧૭ : ૫) જેને આ પ્રતીતિ પડી ગઈ છે તે તો તેનાં બધાં કાર્યો કરતો —

उठत बेठत सोवत नाम
कहु नानक जनके सद काम (૧૭ : ૬)

એને જ આરાધશે.* તેને તો આઠે પ્રહર ઈશ્વર હજૂર છે. તેથી તે તેની બીક રાખી ચાલે છે અને એમ 'પૂરે જન' બને છે (૧૭–૭).

* જુઓ ગીતા-૫ : ૮-૧૦ : पश्यन् शृण्वन् इ० —





અંતના પદમાં ગુરુ પોતાના મનને અનુરોધે છે, "હે મન, તેની ઓથ તું લે. તેને તું વેચાઈ જા. બીજું બધું શાણપણ છોડ ને તેની સેવામાં લાગ." (૧૭–૮)

આટલે આવ્યા પછી ગુરુને સદ્‌ગુરુ અને તેનું શરણ, આગળ જેમ થતું આવ્યું છે તેમ, અહીં સાંભરે જ. એટલે પછીની ૧૮મી અષ્ટપદી સદ્‌ગુરુ અને 'શીખ'નું વર્ણન કરવામાં રોકે છે.

સદ્‌ગુરુ એટલે જેણે સત્યરૂપ એવા પરમાત્મા જાણ્યા છે તે. તેવાનો જ સંગ વિહિત છે ને તે જ શિષ્યના સાચા નાયક છે (૧૮ : શ્લોક). તે તેનું પાપમાં પડતાં રક્ષણ કરે છે, દુર્મતિ દૂર કરાવે છે, વિકારો કઢાવે છે, નામધન દે છે, અને એમ કરીને બંધનમુક્ત કરે છે. ગુરુશિષ્યપ્રેમ પિતાપુત્રપ્રેમ જેવું એક અનુભવગમ્ય કાવ્ય છે. 'હાલતાં ચાલતાં શીખને સદ્‌ગુરુની સંભાળ છે; તે શીખને જીવની જેમ સંભાળે છે.' (૧૮–૧)

આ ગુરુભાવ ગુરુને નામે ઓળખાતા સામાન્ય શરીરમાં કલ્પી કેટલાય સાધકો ઉન્માર્ગે જાય છે એ સાધનાને લાગતો રોગ છે, સાધનાનો ભાગ નથી, એ અહીં કહેવાની જરૂર નથી.

શિષ્ય ગુરુસેવાથી શું મેળવે છે તે કહે છે:— આજ્ઞાકારી બની અહંભાવ ભૂલે ને હરિધ્યાન કરવા શક્તિ મેળવે. એમ કરતો તે નૈષ્કર્મ્યદશાને પહોંચે, તો તેને પ્રભુપ્રાપ્તિ થાય. (૧૮–૨)

સાચા ગુરુના હૃદયમાં પ્રભુનામ હોય, આઠે પ્રહર પ્રભુરત તે હોય; એવા ગુરુ કોઈ મહાભાગ્યવાન જ પામે

(૧૮–૩). એવા ગુરુને મળવાથી જીવન પવિત્ર થઈ રામનામ ત્યાં વસી શકે છે ને અંતે પારબ્રહ્મને પામે છે (૧૮–૪). તે પારબ્રહ્મ પ્રભુની કોણ સ્તુતિ કરી શકે? તે અગમ અગોચર તત્ત્વને કેમ પહોંચી શકાય? સદ્‌ગુરુકૃપાએ તેની ભક્તિ કરી શકાય ને એમ જ એનો પાર પમાય તો પમાય (૧૮–૫). એમ પાર પામેલ કોક જ હોય. તે અમર થયો છે, આઠે પહોર હરિમાં મોહમાયારહિત થઈ તે રમે છે (૧૮–૬); તેવાનો સંગ એ તૃષ્ણાતાપથી હેરાન થયેલા જીવને માટે ટાઢક સમાન છે. તેના સંગમાં જીવ કલ્યાણને પામી શકે. (૧૮–૭)

અંતે, પાછા પ્રભુના સ્વરૂપનાં ગુણગાન કરી અષ્ટપદી પૂરી કરે છે; પ્રભુ સગુણ નિર્ગુણ બેઉ છે. તે જ એક સત્ય, નિરંતર, સર્વમાં ઓતપ્રોત રહેલ તત્ત્વ છે. સાધુના સંગથી એ જીવને દેખાઈ શકે. (૧૮–૮)

૧૯ મી અષ્ટપદીમાં ગુરુ પાછા પોતાના મનને અનુરોધ કરે છે: 'સૌ વિષય છોડ, તે ક્ષણિક છે. સનાતન સાથી તો પ્રભુ છે. માટે, સાચી કમાણી તેનું નામ છે તે કરી લે (૧૮ શ્લોક). તેને માટે સંતજનોને મળ ને બીજા બધા ઉપાય વિસાર. પ્રભુનાં જ ચરણકમળ હૃદયમાં રાખીને ચાલ તો તારો આરો છે (૧૯–૧). તું ખરેખર જે શોધે છે તે તો હરિસેવાથી જ મળનાર છે એ સમજ. બીજાં સાધનોના ભ્રમોમાં પડીને ગોથાય છે શું કામ? (૧૯–૨). એટલે દશ દિશામાં રખડવાનું છોડી પ્રભુનિષ્ઠા સેવ. કળિયુગમાં નામસ્મરણ એ તરણોપાય છે (૧૯–૩). જો તું કાચો માણસ હોય તો જ આ નહિ સમજે. સાચા





સમજુ લોક તો છેવટનું તત્ત્વ જ વિચારી ચાલનાર હોય. શાસ્ત્રોના સારરૂપ આ વાત છે કે, હરિની ભક્તિમાં મન લગાડો તો હૃદયની જે સાચી વાંછા—મુમુક્ષા—છે તે ભાંગશે (૧૯–૪). માયાની જંજાળમાં શું કામ ફસાવું? તે કાંઈ મરણોત્તર સાથી બનનાર છે? બધું દેનાર તે પ્રભુ એક સત્ય છે (૧૯–૫). આ સદ્‌ગુરુઓની સનાતન શીખ છે તે તું સમજ ને તેમ ચાલ (૧૯–૬). બીજું બધું ડહાપણ છોડ ને સદ્‌ગુરુની શીખ માની પ્રતિશ્વાસ હરિને યાદ રાખ. તો ઇહ ને અમુત્ર સુખી થઈશ (૧૯–૭). માટે અનંત વિસ્તારના કારણરૂપ એકને તું અંતરમાં રાખ ને એને જ જાણ.' (૧૯–૮)

વીસમી અષ્ટપદીમાં ગુરુ આ અનુરોધથી ભાવભીના થઈ સ્તુતિ કરવા લાગે છે: 'હે પ્રભુ, ખૂબ રખડી રખડીને છેવટે તારા શરણમાં પડું છું. તારી ભક્તિનું દાન દેજે. તારું નામ દેજે; સાધુઓની ચરણરજ દેજે. હંમેશ પ્રતિશ્વાસ તારું નામ રટું એમ કર. તારાં ચરણમાં મારા મનને પરોવ. તું મારી એકમાત્ર ઓથ છે, સાચો આધાર છે. હું તારા નામરૂપ સાચો સાર જ માગું છું (૨૦–૧).' આમ સ્તુતિ કરનારને અંતે પ્રભુ નિરાશ ન જ કરે. તેવો બડભાગી અંતે નામરસ પામે જ (૨૦–૨). તેની વાંછા પૂરી થાય. પ્રભુ દયાળુ છે. તેને નિહાલ કર્યા વગર ન જ રહે. તેનો સેવક તેનામાં અંતે મળી જ જવાનો (૨૦–૩). એવા પ્રભુને, હે જીવ, તું કેમ વીસરે છે? (૨૦–૪). નામસ્મરણથી તે સર્વ દુઃખોનો નાશ કરશે. (૨૦–૫)

હે પ્રભુ, એક જ વાત માગું છું, તે કૃપા કરીને આપ : ગુરુપ્રસાદ ને તારું નામ. તું દીનદયાળ ભક્તવત્સલ છે. અનાથનો નાથ છે. હું નિર્ગુણી અજાણ આદમી તારે શરણે આવ્યો છું (૨૦–૭). તારી ભક્તિ જ શ્રેષ્ઠ છે. હૃદયમાં એ ગુરુમંત્ર વસે એમ કર ને સાધુ સંગ નિવાસનું ભાગ્ય મને આપ. (૨૦–૮)

૮

બાકીની છેલ્લી ચાર અષ્ટપદીઓ આખા ગ્રંથના ઉપસંહારરૂપ છે. ૨૧મી અષ્ટપદીમાં સૃષ્ટિરચના અને એક અદ્વિતીય જે બ્રહ્મતત્ત્વ તેનું નિરૂપણ કરવાથી શરૂઆત કરે છે. શાંકર વેદાંતના શુદ્ધ અદ્વૈતનું એમાં સમર્થન થતું વાચક જોશે.

પ્રથમના આદિ શ્લોકમાં આ પરમ જ્ઞાન ટૂંકમાં કહી દે છે : 'તે તત્ત્વ સગુણ નિર્ગુણ છે, છતાં શૂન્ય સમાધિમાં જ રહે છે. અને સૃષ્ટિનો કર્તા પણ એ જ છે ને તેનો પાલક પણ એ જ છે.' ગૂઢવાદનો અથવા એક અદ્વિતીયનો કોયડો ગુરુ સાવ સાદા થોડાક પ્રશ્નો પૂછવા દ્વારા આપણને સરળ રીતે સમજાવે છે. 'જ્યારે કશુંય નામરૂપરંગ નહિ હોય ત્યારે આ દ્વંદ્વનો પસાર ક્યાં હશે? ત્યારે પાપ પુણ્ય, વેર અવેર, હર્ષ શોક, મોહ ભ્રમ, બંધમોક્ષ, નરક સ્વર્ગ, કે શિવ ને શક્તિ એવો કશોય દ્વૈતભાવ હોઈ શકે? ત્યારે આપ આપે હશો. ત્યાં કોણ કોનાથી બીએ બિવડાવે?' (૨૧–૧)





આ સાદો સવાલ અનેક રીતે જુદા જુદા ભાવો વણી વણીને પછીનાં પદોમાં મૂકવામાં આવ્યો છે. આપણું આખું જ્ઞાન, વિજ્ઞાન, શાસ્ત્ર વગેરે બધું જ દ્વૈતની કલ્પનાને મૂળમાં રાખીને જ ઉદ્‌ભવી શકે છે. જિજ્ઞાસામાત્રના મૂળમાં એ રહેલું છે. આમ છતાં મનુષ્યબુદ્ધિ ને હૃદયે એનીય પાર જઈને જોવાની પોતાની સનાતન ભૂખ કદી ખોઈ નથી. ભાષા કે વાચાનાય મૂળની પાછળ જઈને કરવાની આ શોધ છે. તેથી કરીને બુદ્ધિવાદ એની અશક્યતા પણ બતાવે છે, કે એવી જાતની શોધ મિથ્યા પ્રયત્ન છે, વહેમ છે. છતાં મનુષ્યે કદી એ કબૂલ્યું નથી : દ્વૈતભાવ તેને સાલે જ છે. તેથી કરીને, બુદ્ધિથીય પર રહેલી આ શોધને અનિર્વચનીય, તર્કથી અતીત, 'नायमात्मा प्रवचनेन लभ्यो, न मेधया, न बहुना श्रुतेन' કહીને પણ, તે શક્ય છે એમ જ માનવહૃદયે માન્યું છે.* આ અગમ્ય ગૂઢતાને ભક્તો 'પ્રભુકૃપા' 'ગુરુકૃપા' વગેરે કહે છે. સુખમનીમાં કવિગુરુ પણ એમ જ નથી કહેતા? ઉપનિષત્કાર પણ આગળ એ જ કહે છે: "यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्."

આવી માત્ર સ્વાનુભવગમ્ય સ્થિતિનું વર્ણન ગુરુ શી રીતે કરી શકનાર હતા? છતાં તે આવા પ્રશ્નો પૂછીને સૂચવે છે—ઇશારોમાત્ર કરીને વિરમે છે:

---

* આને ગીતાકાર 'અતીંદ્રિય' કહીનેય 'બુદ્ધિગ્રાહ્ય' કહે છે તે જુઓ અ૦ ૬–૨૧ તે બુદ્ધિ એટલે સૂક્ષ્મ અને અગ્ર એવી પ્રજ્ઞાશક્તિ માનવાની

जह सरूप केवल जगदीस
तह छल छिद्र लगत कहु कीस
जह जोतिसरूपी जोत संगि समावै,
तह किसे भूख कौन त्रिपतावै ॥ (२१–४)

जह:एकहि:एक एक भगवंता
तह कौन अचित्य किस लागै चिंता ॥
जह आपन आप आपि पतिआरा,
तह कौन कथै कौन सुननेहारा ॥
बहु बेअंत ऊच ते ऊचा ।
नानक आपसको आपहि पहूंचा ॥ (२१–६)

આમ એ પરમ તત્ત્વ અનિર્વચનીય, અગમ્ય છે. ત્યારે આ સૃષ્ટિનું શું? ગુરુ કહે છે:

आपन खेल आपि कर देखै,
खेल संकोचै तो नानक एकै. (२१–७)

ભક્ત મહેતાએ પણ પોતાના જ્ઞાનની મસ્તીમાં આમ જ નથી ગાયું?

જાગીને જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે.
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

તો આ સૃષ્ટિ શા માટે કરવામાં આવી છે? ગુરુ કહે છે:

आपहि कौतक करे अनद चोज,
आपहि रस भोगन निरजोग.





जिस भावे तिस आपन नाई लावै,
जिस भावे तिस खेल खिलावै.* (२१–८)

આમ નિરાકાર સ્વરૂપના અંતિમ એકત્વનો ઇશારો કર્યા પછી જગતની સાપેક્ષતાએ — જીવની દૃષ્ટિએ — એ રૂપ તે પરમેશ્વર છે — પરમાત્મા છે એ કહેવા તરફ હવે ગુરુ જાય છે. "એક પ્રસરીને રહેલો, જ્યાં બીજો દ્રષ્ટા જ નથી એ જીવજંતુનો સ્વામી ને તેમનો પાલક પ્રભુ છે." — એમ આ પછીની (૨૨મી) અષ્ટપદીનો શ્લોક કહીને, એ વસ્તુનો વિસ્તાર પછીનાં પદોમાં કરે છે. એ જ મનુષ્યના હૃદયમાં બિરાજેલો પ્રભુ, સર્વનો દ્રષ્ટા, અનુમંતા, કર્તા, ભર્તા તથા ભોક્તા છે, એ ભાવ હવે પછી વિસ્તારે છે.

અદ્વૈતના સિદ્ધાંતનું જ્યારે સ્થાપન કરવામાં આવે છે ત્યારે ત્યાં આગળ એક પ્રશ્ન હમેશ રજૂ કરવામાં આવે છે, અને તે જીવના ધર્માધર્મનો 'જો બધું એક જ છે ને ઈશ્વરે બધો ખેલ રચ્યો છે, તો જીવની જવાબદારી કશી ન રહી' — આમ દલીલ કરવામાં આવે છે. ભક્તહૃદયને જેને આ અદ્વૈતની પ્રતીતિ છે તેને આવો પ્રશ્ન નથી થતો એ દરેક ભક્તનાં જીવન જોતાં તરત દેખાય છે. તેમને તો ઊલટું એના ઉપરથી જ દેખાય છે કે,

* જુઓ નરસિંહ મહેતાનું ભજન—

'વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ શાખ દે,
કનક કુંડલ વિષે ભેદ નહોયે.'

तिस तजि अवर कहा को जाई,
सभ सिर एक निरंजन राई.* (२२–२)

જેને મનથી હજી વિષયસેવનામાં કાંઈ કેય તથ્યાંશ દેખાય છે, એટલે કે લાલચ રહેલી છે, તેઓ જ કહે કે 'તો પછી અમે કશાય આચારવિચારની શા સારુ જવાબદારી માનીએ !' જરી પણ વિચારતાં જણાશે કે, આની પાછળ 'વિષય સત્ય કે જગત સત્ય' અથવા દૃશ્ય સત્ય છે એવો જ કોઈ ભાવ રહેલો છે; ઓછામાં ઓછો એક અદ્વિતીય આત્મભાવ તો નથી જ. જેણે આત્માની અનન્યતા જોઈ હોય એ તો એમ જ કહી શકે:

सेवकको सेवा बनआई,
हुकम बूझ परम पद पाई;
इसते उपर नाहि विचार,
जाके मन वस्या निरंकार
बंधन तोर भये निर्वैर,
अनदिन पूजहि गुरु के पैर. (२२–४)

એમને સહેજ સ્ફુરે છે, "મારે માટે તો સેવા સિવાય કશું રહે છે જ ક્યાં? જીવનનું બીજું સાર્થક્ય જ શું છે કે જેને માટે હું વિચાર કરું?" જેને મન 'નિરંકાર' પ્રભુ

---

* જુઓ—"પિંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં
ફોગટ ભમે તે દૂર ભાળે
જો નિરાકારમાં જેહનું મન ગળે,
ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે"
—નરસિંહ મહેતા





વસ્યા એને માટે બીજો વિચાર જ નથી રહેતો. તેવા લોક સહજ ભાવે સેવક બને છે: 'प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्' એ એમની સ્થિતિ છે.

'आठ प्रहर प्रभु पेखहि नेरा,
मिटे अज्ञान बिनसै अंधेरा' (२२–५)

એટલે, નૈતિક બેજવાબદારીનો જે પ્રશ્ન ઉઠાવવામાં આવે છે એ, સાચું વિચારતાં, તાર્કિક માત્ર છે. ભક્તને તો આમ સૂઝે છે:

सच्च वापार करो वापारी,
दरगह निबहै खेप तुमारी.
एका टेक रखहु मन माहि,
नानक बहुरि न आवहि जाहि. (२१–६)

આવી રીતે સમજી જનારા ભક્તોની છેલ્લાં બે પદમાં પ્રશંસા કરી છે:

धन सेवा सेवक परवन,
अंतर्यामी पुरुष प्रधान. (२२–८)

શીખભક્તિ કે સદાચારના મૂળમાં રહેલી આ ત્રિપુટિ: પ્રભુ, તેનું નામ, અને તે શીખવનાર સદ્ગુરુ કે સત્સંગ. આ ત્રણમાંથી પ્રભુ અથવા તેનું નામ એટલું ઉપસંહારમાં આપણે જોઈ આવ્યા. અંતે ગુરુ વિષે કહીને, છેલ્લી ૨૪ મી અષ્ટપદી ફલશ્રુતિની કહીને ગ્રંથ સમાપ્ત થાય છે.

ગુરુની ઓળખાણ જ આમ આપે છે: જ્ઞાનઅંજન દેનાર તે ગુરુ; તેની પ્રાપ્તિ ઈશ્વરકૃપાએ થાય. અને સંતસંગ હોય તો અંતરમાં પ્રભુ દેખાય, તો પ્રભુનું નામ મીઠું લાગે. આવો અન્યોન્યાશ્રયભાવ પ્રભુ, તેના નામ, અને ગુરુમાં

રહેલો છે. અને આમ એ ત્રિપુટી છે છતાં એક છે. અને આપણે જોયું કે સુખમનીમાં આ ત્રણને ગુરુએ એકશ્વાસે સાથે જ ગાયાં છે, કેમકે શીખભક્તિનો એ સાર છે.

આ અષ્ટપદીમાં પણ એમ જ વાચક જોશે. પ્રભુ પર ને તેના નામ પર પ્રેમ કરાવનાર ગુરુની ઓળખ આપવાથી શરૂ કરીને પછીનાં પદોમાં તે પ્રેમપાત્ર પ્રભુને જ પાછો ગાય છે:

'तिसके भिन्न नहि को थाउ.'
'सर्व जोति महि जाकी जोति.'
'अंतरि बसे बाहरि ओहि.'

વગેરે અનુપમ શબ્દો વારંવાર વાંચતાં ભક્તહૃદય થાકતું જ નથી. અને એ બધાંમાં ધ્રુવ ભાવ તો પાછો આ જ છેઃ—

गुरुप्रसाद नानक इहु जान. ( ૨૩–૭ )

કેમકે ગુરુ કેવો છે:

आपि मुक्ति मुक्त करे संसार
नानक तिस जनको सदा नमस्कार. (૨૩–૮)

અંત્ય અષ્ટપદી આનંદના લલકારથી ભરેલી, કૃતકૃત્યતાના ધન્યવાદથી ગાજતી, અને ભક્તની પ્રસન્નતાથી પરિમલતી છે; અને એ પ્રસન્નતાને શીખ-ત્રિપુટીના નામ સાથે જોડી દીધી છેઃ

पूरा प्रभु आराधिया
पूरा जाका नाउ
नानक पूरा पाइआ
पूरे के गुण गाउ.*

* 'पूर्णमिदं...' એ શાંતિપાઠના અહીં ભણકાર વાગે છે.





અને પદના પ્રારંભમાં જ એની પાદપૂર્તિ ઉમેરે છે:

'पूरे गुरुका सुनि उपदेश. ( ૨૪–૧ )

આમ આ પૂર્ણ-ત્રિપુટી ગણાવી છે. અને, તેની પ્રતીતિ પામેલ હૃદય પછી ગાય છે:

सास सास सिमरहु गोविंद. ( ૨૪–૧ )

सिमर सिमर नाम वारंवार,
नानक जीवका इहै आधार. ( ૨૪–૨ )
जय जय शब्द अनाहद वाजै,
सुन सुन अनद करे प्रभु गाजै. ( ૨૪–૩ )

અને આમ પ્રપન્ન થયેલાને પછી શી બીક?

"मिट गये बैर, भये सब रेन,
अमृत नाम साधसंगि लैन." ( ૨૪–૪ )

જે બધાની ચરણરજ જેવો નમ્ર બન્યો તેનો વેરી કોણ? અને પછી તેણે સાધુસંગ સેવ્યો ને અમૃતનામ લેવા માંડ્યું. હવે તે નિર્ભય થઈને ગાય છે:

सुप्रसन भए गुरु देव,
पूरण होइ सेवककी सेव. (૨૪–૪)

આ બધું ગાન ગુરુએ એ જ ગોવિંદનાં ગુણગાન કરવાને માટે ગાયું છે: આ સુખમનીનો એ જ ઉદ્દેશ છે:

सुखमनि सहिज गोविंद गुणनाम

અને એની ફલશ્રુતિ કહે છે—

जिस मन वसै सु होत निधान.

सभते उंच ताकी सोभा बनी
नानक एह गुण नाम सुखमनी. (२४-८)

અને એમાં અતિશયોક્તિ છે? ખરેખર, જેના મનમાં શીખધર્મના આ પ્રપત્તિમંત્ર ઠર્યો તે નિહાલ જ થયો છે.

ગુરુ અર્જુન એવા પ્રપન્નાત્મા હતા. એમના જીવનમાં આ સુખમની જીવી બતાવવા તેમણે સતત પ્રયત્ન કર્યો હતો, અને છેવટે કોઈક વિરલને જ ભાગ્યે હોય એવું ધન્ય મરણ પામી તે અમર થયા છે. જે ભક્તિ તેમણે ગાઈ, જે સદાચાર, જે સમર્પણ, જે અનન્ય નિષ્ઠાની તેમણે ફરી ફરીને આ ગ્રંથમાં સ્તુતિ કરી, તે બધું પોતામાં ઉતારતા તે બલિદાન બન્યા. એ હવે આપણે એમના જીવનમાંથી જોઈશું.



૩

# ગુરુ અર્જુનદેવ

फूटो आंडा भरमका मनहि भइओ परगासु ।
काटी बेरी पगहते गुरु कीनी बंद खला ॥

*　　*　　*

सचु थानु सचु बैठका सचु सुआणु बणाईआ ।
सचु पूंजी सच बखरो नानक घरि पाइआ ॥ *

[ मारु म० ५ ]

ગુરુ નાનક એક ભજનમાં કહે છે, "સત્યને ખાતર મરવાનો તો બહાદુરોનો જ હક હોય છે." પાંચમા શીખગુરુ

* (ભ્રમરૂપી ઈંડું ફૂટી ગયું ને મનમાં પ્રકાશ થયો છે. ગુરુએ પગની બેડી કાપી નાંખી ને બંધ ખલાસ કર્યો છે. સત્ય મારું સ્થાન છે, સત્ય મારી બેઠક છે, અને સત્યને મેં મારો સ્વામી બનાવ્યો છે. સત્ય મારી પૂંજી છે ને સત્ય મારો વેપાર છે. નાનક કહે છે, એમ કરી હું ઈશ્વરઘરને પામ્યો છું.")

અર્જુનદેવ એક સાચા સત્યાગ્રહીની જેમ સત્ય માટે કુરબાન થઈ આ હક કમાઈ ગયા છે. શીખ કુરબાનીનો ઇતિહાસ એમણે જ આરંભ્યો એમ કહેવાય. અભય અને ઉદાર ક્ષમાભાવ એ બે લક્ષણ આદ્ય ગુરુનાં શીખવ્યાં, એમના ગુરુપદ સુધીમાં, એક ઉમદા સત્યાગ્રહીને શોભાવે એવાં ઝળકી ઊઠયાં હતાં. પરિણામે ઈ. સ. ૧૬૦૬માં જ્યારે કુટુંબકલહ અને ધર્માંધતાના ભોગ બની તે કુરબાન થયા ત્યારે ઉપર ટાંકેલા એ શ્લોક ગાઈને પોતાની ધન્યતા ને કૃતકૃત્યતા પ્રગટ કરી તેમણે શાંતિથી દેહ છોડયો.

આગળ આપણે જોયું એમ, દશ ગુરુઓ શરીરે ભિન્ન છતાં એક જ કાર્યને વરેલા જીવો હતા. એટલે પાંચમા ગુરુનું કાર્ય સમજવા આપણે તેમની આગળના ચારના કાર્ય પર ઊડતી નજર નાંખતા જઈએ.

૧

શીખધર્મના સંસ્થાપક બાબા–નાનક (૧૪૬૯–૧૫૩૯) હિંદમાં મોગલસામ્રાજ્યની સ્થાપનાના દૃષ્ટા હતા. બાબરના સમકાલીન હોઈ તેને મળવાનો પ્રસંગ અને કાંઈક અથડામણમાં આવવાનો પણ પ્રસંગ તેમને મળ્યો હતો. મોગલ સમ્રાટો સાથેનો ગુરુઓનો આવો સંબંધ પ્રથમ ગુરુથી શરૂ થયો તે ઠેઠ દસમા ગુરુ સુધી ચાલ્યો; અને તેની સાથે મોગલ સમ્રાટોની ઉજ્જવળ કીર્તિનો અંત આવ્યો અને સ્થૂળ ગુરુપરંપરાનો પણ અંત આવ્યો, પણ, શીખ ઇતિહાસની જાહોજલાલી શરૂ થઈ. એ આખી જાહોજલાલીના મૂળમાં આ દશ શીખ ગુરુઓનું રાષ્ટ્રનિર્માણનું





સંગીન કાર્ય હતું. પ્રો૦ તેજાસિંગ કહે છે, "જ્યારે ગુરુ નાનક અવતર્યા ત્યારે તેમનું રાષ્ટ્ર અધોગતિમાં ડૂબી ગયું હતું. . . . . . લોકે પોતાની શારીરિક તેમ જ નૈતિક સંપત્તિનું દેવાળું કાઢયું હતું. નહોતો વેપાર, નહોતી ભાષા, કે નહોતો પ્રાણદાયી પોતાનો ધર્મ. સ્વમાન અને સૌ પ્રત્યે સમભાવ બિલકુલ ખોઈ બેઠા હતા."*

સમાજની આવી છિન્નભિન્ન દશાનો ચિતાર શીખ ઇતિહાસકાર ભાઈ ગુરુદાસે નીચે પ્રમાણે+ આપ્યો છે:

"માણસો ક્ષુદ્ર વાસનાઓ ને માયાના મોહમાં પડી ઉન્માર્ગે ચાલતા હતા. સદાચાર એમને ગમતો નહોતો. પોતપોતાના અહંભાવમાં કોઈ કોઈની પત કરતું નહોતું. ઊંચા કહેવાતા લોક કે નીચા, બધા જ અધર્માચરણમાં સરખા હતા. રાજાઓમાં ન્યાય નહોતો ને તેમના કારભારીઓ કસાઈની માફક પ્રજાનાં ગળાં પર છરી રાખતા.

"માનતા બધા કે અમે જ્ઞાની છીએ; પણ જ્ઞાન કે અજ્ઞાન શું એનું કોઈને ભાન નહોતું. સ્વચ્છંદ એમનો આચાર હતો. જાદુ અને ચમત્કાર જંતરમંતર ને ભૂતપ્રેત એ એમના શ્રદ્ધાના વિષયો, ક્લેશ ક્રોધ ને ઈર્ષા એ એમના જીવનનો ધંધો, બન્યાં હતાં. એક ઈશ્વર જઈને અનેક ને એની કાષ્ઠ, પાષાણની સારીનરસી મૂર્તિઓ થઈ

* પ્રો૦ તેજાસિંહકૃત Growth of Responsibility in Sikhism. પા. ૧–૨

+ મેકોલીફકૃત Sikh Religion Vol. I. — ૧૯૧ થી ૧૯૪ પાન પરથી.

હતી. કોઈ સૂર્યચંદ્રને તો કોઈ પૃથ્વી, પવન, આકાશ કે વાયુને, તો કોઈ યમને અથવા શ્મશાન કબ્રસ્તાનનેય પૂજતા!

"(ઊંચનીચભાવને લીધે) તિરસ્કારથી નાતો પડી જઈ તેને ધાર્મિક પ્રતિષ્ઠા અપાતી. વેદ, પુરાણ ને શાસ્ત્રોને નામે સામસામે બ્રાહ્મણો કજિયા કરતા. ખટદર્શનના વેત્તાઓય લડતા. અને એમ કરીને એ બધા ધરાઈને વહેમ ને દંભ જ પોષતા હતા.

"હિંદુઓમાં જ ચાર નાતો હતી એમ નહિ, મુસલમાનોને પણ ચાર નાતો હતી. અને હિંદુઓ ગંગા કાશીને પૂજતા તો મુસ્લિમો મક્કા કાબાને. આમ બેઉ ધર્મોમાં અજ્ઞાન ચડી વાગ્યું હતું, . . . અને (બીજા બધા કરતાં,) સત્યને જ તે ભૂલતા હતા."

"ધાર્મિક માણસોએ લોકની અંદર રહી તેમને દોરવા જોઈએ તેને બદલે તેઓ પર્વતના એકાંતમાં જતા હતા. અને તેથી જગતમાં કોઈ સદ્‌બોધ આપનાર રહેતું નહિ. સંન્યાસીઓ શરીરે ભભૂતી તો રાતદહાડો લગાવતા, પણ તેમની પાસે કાંઈ જ્ઞાન નહોતું. અને એમ ગુરુ વિનાની દુનિયા નધણિયાતી નાશ પામી રહી હતી. રાજાઓ બધે જુલમી હતા અને એમ જે વાડ રક્ષણ માટે હતી તે જ ભક્ષવા લાગી હતી. ટ્રસ્ટીઓ તેમના ટ્રસ્ટના પૈસા ખાય. શિષ્યની સેવા ગુરુ કરતા. ન્યાયાધીશો લાંચિયા હતા ને અન્યાય આપતા. સ્ત્રીઓ ધન જોઈને પતિપ્રેમ કરતી. અને આમ બધે પાપ પ્રસર્યું હતું."





ગુરુ નાનકે પોતે પણ તે સમયનો ચિતાર પોતાનાં કેટલાંક ભજનોમાં આપ્યો છે તેમાંથી આ એક છે:

लबु पापु दुई राजा महता
कूडु होआ सिकदारू ॥
कामुने बुसदिपुछीऐ
बहि बहि करे विचारु ॥
अंधी रयति गिआन विहूणी
भाहि भरे मुरदारू ।
गिआनी नचहि वाजे वावहि
रूप करहि सीगारु ।
ऊचेकू कहि वादा गावहि
जोधाको विचारु ॥
मूरख पंडित हिकमति हुजति
संजै करहि पिआरू ।
धरमि धरम करहि
गावावहि मंगहि मोखदुआरु ॥
जती सदावहि जुगति न जाणहि
छडि बहहि घरबारु ।
सभु को पूरा आपै होवै
घटि न कोई आखै ॥
पतिपरवाणा पिछै पाइऐता
नानक तोलिआ जापै ॥

"પાપ રાજા ને લોભ તેનો મહેતો છે; જૂઠ તેનો સિક્કાદાર છે, અને કામ તેનો સલાહકાર છે. તે બધાને મળીને તોડ કરે છે.

"આંધળી બિચારી રૈયતને જ્ઞાન નથી. મુડદાની માફક તે આ રાજતંત્રને કુર્નિશ બજાવે છે. પુરોહિતો નાચે છે, વાજિંત્ર વગાડે છે ને રૂપશણગાર કર્યા કરે છે. બૂમો પાડીને તે યુદ્ધ ને યોદ્ધાઓનાં ગુણગાન કરે છે. મૂર્ખ પંડિતો હિકમત ને કજિયા કરીને ધનસંચયને જ વહાલો કરે છે.

"ધર્મી લોક ધર્મકાર્યો કરે છે, પણ તેની કાંઈ કિંમત નથી, કેમકે તેઓ તેમાંથી મોક્ષ કમાવામાં જ ખપી જાય છે.

"યતિ કહેવાતા લોકો ઘરબાર તો છોડે છે, પણ તેમને રસ્તાની ગમ નથી. દરેક પોતપોતાને પૂરણ માને છે ને કોઈ પોતાની ઊણપ જોતો નથી! ગુરુ નાનક કહે છે, પણ જો સાચ સાથે સરખાવો તો જણાય કે માણસ કેટલો ઊણો છે."

આ પ્રમાણેની પ્રજાની સ્થિતિ છે, ને અધૂરામાં પૂરું કરવા દેશ પર બાબર ચડી આવે છે. તેણે જે નાશ કર્યો ને લોકની કતલો કરી તે જોઈને નાનકદેવનું હૃદય કેટલું બધું કકળી ઊઠ્યું હશે તેનો ખ્યાલ નીચેના એમના ભજનથી કાંઈક આવી શકે છે:

खुरासान खसमाना कीआ
हिंदुसतान डराइआ ।
आपै दोसु न देइ करता
जमु करि मुगलु चडाइआ ।
एती मार पईकर लाणे तैं की दरदु न आईआ ।
करता तुं सभनाका सोई ।
जे सकता सकते कउ मारे
ता मनि रोस न होइ ।





सकता सीहु मारे पै वगैखसमैसापुर साही
रतन विगाडी विगोए कुंती
मुइआ सार न काही ॥

"હે પ્રભુ, તમે ખુરાસાનને વહાલું કર્યું ને હિંદને ડરાવવા ધાર્યું. તેમાં આપને તો કશો દોષ લાગતો નથી. મોગલરૂપે યમે જ આવીને અમારો નાશ કર્યો. પણ, પ્રભુ, એટલું એટલું દુઃખ, એટલી એટલી દર્દની ચીસ સાંભળી તમને કાંઈ ન થયું? હે કર્તા, તમે સૌના સરખા છો. સશક્ત સશક્તને મારે તેમાં મનમાં રોષ નથી થતો. પણ, ભૂખ્યો સિંહ ગાયોના વૃંદ પર તૂટી પડે ત્યારે તો ગોપાળે એની મરદાનગી બતાવવી જોઈએ."

આ અને આવાં દુઃખદરદથી ભરેલાં ભજનો ગુરુની વાણીમાં કેટલાંય છે, જેમાં તે લોકની ઢંગઢાળા વિનાની સ્થિતિનો અફસોસ કરે છે ને પોતાનો અટળ વિશ્વાસ જાહેર કરે છે કે સાચા ઇશ્વિરશરણથી એ બધું સુધરી જશે.

આવી સ્થિતિ જોઈને ગુરુ નાનકે પોતાની ભક્તિને લોકગુરુના બીબામાં ઢાળી અને એ અંધકાર-યુગમાં દીવો પ્રગટાવ્યો. સાચો ધર્મ એ રાષ્ટ્રનિર્માણ કરનાર મહાન પ્રજાકીય બળ છે અને એનું ફળ સાર્વજનિક લોકસંગ્રહ છે, એ આમ કરીને ગુરુ નાનકે બતાવ્યું. અને પોતે ગયા પછી આ રાષ્ટ્રનિર્માણનું કામ કરવા પોતાના પછી બીજા ગુરુને નીમતા ગયા. આ ગુરુઓની પ્રથા એ મુસલમાની ખલીફના જેવી પ્રથા હતી. શીખોના સંઘને સુરક્ષિત ને સત્ય માર્ગે આગળ વધારવાનું કામ આ શીખ-નાયકનું

રહેતું. એ રીતે આ શીખ ગુરુઓ ગુરુ નહિ, પણ જેમ પ્રજાનો સાચો નેતા તેનો પ્રથમ સેવક છે તેમ આ શીખ ગુરુઓ પ્રથમ શીખ જ હતા. તેમને 'પાદશાહ' પણ કહેવામાં આવે છે એમાં આ ભાવ છે કે તેઓ પ્રજાના ધર્મરાજ્યના રક્ષક છે.

૨

પોતાનો અંતકાળ નજીક આવતો જોઈ ગુરુ નાનકે પોતાના શીખસંઘનું રક્ષણ અને ધર્મસંવર્ધન, પોતાના પુત્રોને છોડી દઈ, પટ્ટશિષ્ય લાહિનાને સોંપ્યું. ગુરુપદે સ્થાપતાં તેમણે તેનું નામ અંગદ પાડયું, અને બીજા ગુરુ અંગદે (૧૫૦૪–૧૫૫૨) પોતાનું કાર્ય ઈ. સ. ૧૫૩૯ થી શરૂ કર્યું. શીખ ઇતિહાસમાં લાહિના એમની આજ્ઞાંકિતતા માટે ખાસ પ્રસિદ્ધ છે. અને એ એમના ગુણે જ એ ગુરુપદ પામ્યા હતા. તેમના ગુરુપણા દરમ્યાન પોતાના શીખોને પણ તેમણે શિસ્તની મૂળરૂપ આ આજ્ઞાંકિતતાનો ગુણ મુખ્યત્વે શીખવ્યો. આ ઉપરાંત ગુરુ નાનકની વાણીનો સંગ્રહ કરી તેને પોતે નવી યોજેલી એવી ગુરુમુખી લિપિમાં પ્રસિદ્ધ કર્યો. પ્રો૦ તેજાસિંગ કહે છે કે, 'પંજાબી ભાષાનું સાહિત્ય શીખધર્મના ઉદયકાળથી શરૂ થયું. તે પૂર્વે એ ભાષામાં લખાયેલા ગ્રંથો મળતા નથી.' શીખ લોક એ તેમની આસપાસ વસતા હિંદુ મુસલમાનોથી માન્યતાઓ વગેરેમાં ભિન્ન છે એ જાતનું ભાન આપવાનું પણ તેમણે શરૂ કર્યું.

તેમનો અંતકાળ આવ્યો ત્યારે તેમણે ગુરુપદ પોતાના પટ્ટશિષ્ય અમરદાસને સોંપ્યું અને પોતે ૧૫૫૨માં વિદેહ થયા.





ગુરુ અમરદાસ (ઈ. સ. ૧૪૭૯–૧૫૭૪) જ્યારે ગાદીપતિ થયા ત્યારે તે ૭૩ વર્ષના હતા. પણ ગુરુ અંગદના યુવાન પુત્રોને પણ શરમાવે એવા સેવાપરાયણ ને તત્પર તે હતા ને તેણે કરીને જ તે લાયક ઠર્યા હતા.

ગુરુ અંગદે એમને એક વાર ઠપકો આપેલો એ પ્રસંગ મહત્ત્વનો હોવાથી અહીં જોવો જોઈશે. ટપ્પા કરીને કોઈ સાધુએ ગુરુને ઇજા કરી હશે, તેથી કેટલાક લોકે આ સાધુને શિક્ષા કરી. અમરદાસે આ બીનાની પસંદગી બતાવી. તે પરથી ગુરુ અંગદે એને સખત શબ્દોમાં ઠપકો આપ્યો: "મારી સાથે રહી તું કાંઈ પામ્યો નથી. મારા સંગનું ફળ તો શાંતિ, સબૂરી ને ક્ષમા હોય. અધરી વસ્તુઓ તું સહી નથી શકતો. ટોળાંને રાજી કરવા જ તેં જે કર્યું છે તે કર્યું."

ઠપકાને પરિણામે અમરદાસ નમ્ર બનીને માફી માગવા લાગ્યા ને હવે પછી ગુરુ કહે તેમ વર્તવા તત્પરતા બતાવી. તે પરથી ગુરુએ જે ઉપદેશ આપ્યો, તે સત્યાગ્રહમાં અહિંસા હોવી જ જોઈએ એને મળતો આપણને લાગશે: 'ધરિત્રી જેવી ધીરજ અને સુખદુઃખમાં પણ પર્વત જેવી અડગતા તારામાં હોવી જોઈએ. હૃદયમાં તારે ક્ષમાવૃત્તિ ધરવી જોઈએ, અને સામો ગમે તેવું કરે તોય તારે તેનું ભલું જ કરવું જોઈએ. કનક અને કથીર તારે મન સરખાં હોય ને નમ્રતા તારો ધર્મ હોય, કેમકે હમેશ નમ્ર જ ઉન્નતિને પામે છે."*

* મેકોલીફના The Sikh Religion Vol 2, 38–9

સબૂરી કે ક્ષમાના આ ઉપદેશને કારણે શીખોનાં બલિદાન શુદ્ધ બન્યાં ને તેનો પ્રતાપ આખી પ્રજા ઉપર પડ્યો. શીખપ્રજાના ઘડતરમાં આવાં સત્યાગ્રહી બલિદાને કેટલો બધો ભાગ ભજવ્યો હશે તેનો આંક જેટલો મુકાય એટલો ઓછો છે. એટલું સ્પષ્ટ છે કે જે અંધકાર આપણે આદિ ગુરુના સમયમાં હતો એમ શરૂઆતમાં જોયું, તે આ શુદ્ધ બલિદાનને કારણે જોતજોતામાં દૂર થયો.

જેમ જેમ શીખોનું જોર વધતું ચાલ્યું તેમ તેમ આદિ-હિંદુ તથા મુસ્લિમોનો વિરોધ સક્રિય થવા લાગ્યો, અને ત્યારે ઘડાતી પ્રજાનું બાળપણ આ સત્યાગ્રહે જ સુરક્ષિત રાખ્યું કહેવાય. ગુરુ અમરદાસને મળેલો પાઠ એમણે પોતાના શીખોને ઠીક રીતે શીખવ્યો. મુસલમાની કનડગતથી હેરાન હેરાન થઈ ગયેલા શીખોને પણ એ આમ જ કહેતા કે, "ધીરજથી સહન કરો ને શત્રુનું પણ હૃદય પીગળે એવી પ્રાર્થના કરજો."

બધાં જ માણસ — સ્ત્રી પુરુષ, બ્રાહ્મણ અબ્રાહ્મણ વગેરે — સરખાં છે એ ભાવ આ ગુરુએ ખાસ કેળવ્યો. સતીના ચાલનો તથા પડદાનો વિરોધ આ ગુરુએ કર્યો તે આપણે આગલા પ્રકરણમાં જોઈ આવ્યા છીએ.

પોતાનો અંતકાળ પાસે આવતાં આ ગુરુએ ભાઈ જેઠા કરીને પોતાના શિષ્યનું રામદાસ નામ પાડી તેને ગાદી આપી. આ ભાઈ જેઠા (૧૫૩૪–૧૫૮૧) ગુરુનો જમાઈ થતો હતો. ગુરુએ પોતાની બીજી પુત્રી બીબી ભાનીનું લગ્ન એની સાથે કર્યું હતું, અને લગ્ન પછી આ બેઉ જણ ગુરુ-ઘેર જ રહેતાં ને ત્યાં બનતી સેવા કરતાં. તેને માટે —





સસરાને ઘેર કામ કરવા માટે — ભાઈ જેઠાના કુટુંબીઓ બહુ વિરોધ કરતા. તે એક જ વાત કહેતા, "મારે મન એ સસરા નથી, પણ ગુરુ છે. એટલે મને એમાં હીણપદ નથી દેખાતું." આ જેઠા અને ભાની એ ગુરુ અર્જુનનાં માતાપિતા થાય. અર્જુન તેમનો ત્રીજો દીકરો હતા; પહેલાનું નામ પૃથ્વીદાસ, બીજાનું મહાદેવ હતું.

ગુરુએ પોતાની ગાદી જમાઈને આપી એમાં એ સગાઈથી પ્રેરાયા હતા એમ નહિ, પણ એની લાયકાત જ જોઈને કરતા હતા એ ઉઘાડું છે. ગુરુ નાનકના સમયથી એ ધારો પાડવામાં આવ્યો હતો કે ગુરુપદ લાયક શીખને જ અપાય — એમાં યૌન સંબંધનો પ્રશ્ન ન હોય. પરંતુ, દિવસે દિવસે ગુરુઓની પ્રતિષ્ઠા જામતી ગઈ અને આ પદના પાર્થિવ લાભ તથા માનમરતબાથી યૌન સંબંધીઓમાં ઈર્ષ્યા ઉપજવા લાગી. પહેલા ગુરુથી જ, ઓછાવત્તા પ્રમાણમાં, એ જોવામાં આવે છે. ગુરુ નાનકના બે પુત્રોમાંના એકને આ સંબંધી કાંઈક લાગ્યું હતું ખરું. પરંતુ તે સમાહિત બની પોતાના સ્વતંત્ર માર્ગે વળેલો ને ગુરુઓને કાંઈ દખલગીરી નહિ નડેલી. બીજા ગુરુ અંગદના પુત્ર દત્તુએ પોતાને ગુરુપદ ન મળ્યું તેથી નવી ગાદી સ્થાપવાની ધૃષ્ટતા કરેલી. ગુરુ અમરદાસે તેની સાથેનો કજિયો ટાળવા ગોવિંદવાલ* છોડ્યું ને કોઈ અજ્ઞાત સ્થળે એકાંતવાસ લીધો ને ત્યાં ભક્તિપરાયણ થઈ અજ્ઞાત રહેવા લાગ્યા. પરંતુ

* આ ગામમાં ગુરુ અંગદ મોટે ભાગે રહેતા, એટલે ગુરુધામ એ હતું. તેથી અમરદાસ પણ ત્યાં જ રહેતા.

શીખોએ એમને જ સાચા ગુરુ માનેલા એટલે ખોળી કાઢ્યા ને અપનાવ્યા; અને દત્તુનો બળવો એમ શમી ગયો. ચોથા ગુરુ રામદાસને ગાદી મળી ત્યારે પણ એમના સાળા મોહને વિરોધ કર્યો. પણ એથી આગળ એ કંઈ કરી શક્યો નહિ. ગુરુ રામદાસે પોતાના સસરા-ગુરુને કહ્યું કે, " ગાદી મોહનને આપો. હું નમ્ર શીખ જ છું ને રહેવા પસંદ કરું છું." પણ ગુરુએ ગાદીનો હક લાયકનો જ છે એ ગુરુ નાનકના ઘરનો ધારો છે એમ જણાવી તેને જ ગાદી આપી. પરંતુ સાથે કહ્યું કે, મોહનના વિરોધને કારણે ગોવિંદવાલ રહેવા કરતાં તું નવું ગામ વસાવી ત્યાં રહેવા જા. આ નવું વસાવેલું ગામ તે રામદાસપુર કહેવાયું. તેની પાસે ગુરુ રામદાસે સંતોષસર ને અમૃતસર એ બે સરોવરો પણ ખોદાવવાનાં શરૂ કર્યાં. પોતે તે કામ પૂરું ન કરી શક્યા, જે પોતાના પુત્રને વારસામાં સોંપીને ગયા. પાછળથી આ ગામ જ અમૃતસર, શીખોનું મોટું ધામ, બને છે. એ બધું આપણે આગળ ગુરુ અર્જુનની કારકિર્દીમાં જોઈશું.

ગાદીના વારસાહકનો આવો કજિયો આગળ જતાં ગુરુ અર્જુનના સમયમાં મોટો ઝઘડો ઉત્પન્ન કરે છે ને ગુરુનો જાન લેવામાં એક કારણ બને છે તે તેને સ્થાને જોવાશે. અહીં એની આગાહીરૂપ એક કારણ જોતા જઈએ.

ગુરુ અમરદાસની બીજી પુત્રી બીબી ભાની, અર્જુનદેવની માતા, બહુ જ નમ્ર અને પિતાભક્ત હતી. નાનપણથી જ તે ભક્તિ અને એકાંતની શોખી હતી. બાલોપયુક્ત ખેલરમતને બદલે કે વસ્ત્રાભૂષણને બદલે તે ભજનો ગાવાની





ને સાદાઈની જ વધારે શોખી હતી. વૃદ્ધ પિતાની સેવા એનો ખાસ વ્યાસંગ હતો. તેના પતિની જેમ તે તેમને પિતા નહિ પણ ગુરુ નાનકના અવતાર સમાન પૂજ્ય ગુરુ જ લેખતી. અને તેમના પટ્ટશિષ્ય જેઠાને પતિ કરતાં એક સત્સંગી સાધુપુરુષ તરીકે વધારે માનતી.

એક વખત રાતના જ્યારે ગુરુ ધ્યાનમાં બેઠા હતા ત્યારે બીબી ભાનીએ જોયું કે ખાટલાનો એક પાયો ભાગેલો છે. તરત બીબીએ ત્યાં પોતાનો હાથ રાખ્યો ને એમ પિતાના ધ્યાનમાંથી ઊઠતા સુધી રહી. પિતા પુત્રીની આ સેવાતત્પરતા જોઈ ખુશ થયા ને તેને વર માગવા કહ્યું. બીબીએ માગ્યું, "ગુરુપદ મારા કુટુંબમાં રહે એમ કરો." ગુરુએ કહ્યું, "તારા બાળકની જગમાં ખ્યાતિ થશે. મહાન ઉદ્ધારક તારે કૂખે જન્મ લેશે. પણ ગુરુના નિર્મળ પ્રવાહને તેં બગાડ્યો છે, એટલે પરિણામમાં ખૂબ તકલીફ અને વિઘ્નો આવશે." બીબી ભાનીની આ મનીષા તેના પુત્ર અર્જુનના જીવનમાં ફળી; પણ ગુરુની આગાહી પણ સાચી પડી કે, ગુરુઓની પરંપરામાં મોટો ઝઘડો પડ્યો ને ગુરુ અર્જુનને જાન દેવી પડી. જે નસીબ ત્રીજા ગુરુથી ચાલતું હતું તે ગુરુ રામદાસના મરણ પછી તીવ્ર બન્યું અને રામદાસના દીકરાઓમાં ગુરુગાદીનો ઝઘડો સારી પેઠે જામ્યો. આ ઝઘડાએ ગુરુ અર્જુનને ઠીક કસ્યા અને અંતે એમાં એ જાન દઈને પણ વિજયી નીવડ્યા અને બહાદુરને છાજે એવી રીતે જીવ્યા ને મર્યા તે હવે એમની જીવનકથામાંથી જોઈએ.

## ૩

ગુરુ અર્જુનનો જન્મ ગુરુ અમરદાસને ઘેર (ઈ. સ. ૧૫૬૩) સં. ૧૬૨૦ના વૈશાખ વદ ત્રીજને રોજ થયો. ગુરુ અમરદાસનો એ લાડકો દૌહિત્ર હતો. દાદા જોડેના ખેલના પ્રસંગો ભાવિક શીખોમાં અનેક કહેવાય છે. એક પ્રસંગે નાનો અર્જુન દાદા ઊંઘતા હતા ત્યાં રમતો રમતો જઈ ચડ્યો. રખેને તે તેમણે ઊંઘતા ઉઠાડે તેથી બીબી ભાની તેને લેવા ગઈ. તેવામાં તો તેણે ઉઠાડી દીધા હતા. પુત્રીને લેવા આવતી જોઈ કહ્યું, "ભલે મારી પાસે આવે. યહ મેરા દોહિતાકા બોહિતા હોવેગા. (આ મારો દૌહિત્ર ભવસાગર તરવાને માટે હોડીરૂપ થનાર છે.)" નાનપણથી જ બધાની એના પર માયા હતી અને એ પણ પૂરો બત્રીસ લક્ષણો જણાઈ આવતો હતો. પિતાની સેવામાં ન હોય ત્યારે ભજનકીર્તનમાં તે પોતાનો વખત કાઢતો. ધનદોલતની એને નાનપણથી જ પરવા નહોતી. ત્રણે ભાઈઓમાં એ નિર્લોભી ને વિશેષમાં વિશેષ આજ્ઞાંકિત હતો. એક વાર રામદાસે મોટા પુત્ર પૃથ્વીચંદને કોઈ સગાના લગ્ન પર લાહોર જવા કહ્યું. પૃથ્વીચંદ ગુરુના રસોડાની વ્યવસ્થા કરતો. એમાંથી એ કાંઈક ખાનગી મળતર પણ કાતરી લેતો હતો. આ લાભ જતો કરવો એને કેમ રુચે? અને વળી હવે વૃદ્ધ પિતા ખર્યુંપાન, એટલે ગુરુપદ માટે પણ પાસે જ રહેવું જોઈએને! એટલે એણે પિતાની સેવા અને રસોડાની દેખરેખનાં બહાનાં કાઢી જવાની ના પાડી. ગુરુએ બીજા પુત્ર મહાદેવને કહ્યું. આ પુત્ર વૈરાગી સ્વભાવનો હતો. તેણે કહ્યું, "લગ્ન જોવામાં મારું ચિત્ત નથી. મને





મોકલ્યેથી શું કામ સરશે?" છેવટે ગુરુએ અર્જુનને કહ્યું, "તું જઈશ? ત્યાં જા અને લગ્ન પૂરું કરી ત્યાં જ રહેજે, ને શીખોને ઉપદેશ આપજે; હું લખું તે વિના અહીં ન આવતો." પિતૃભક્ત અર્જુન તરત તૈયાર થયો ને લાહોર ઊપડ્યો. જતી વખતે માતાએ આશીર્વાદ આપ્યો, જે તેમણે પાછળથી નીચેના ભજનરૂપે ગ્રંથસાહેબમાં સંઘર્યો છે:

जिसु सिमरत सभि किलविख नासहि
पितरी होई उधारो ॥
सो हरिहरि तुम सदहि जापहु
जाका अंत न पारो ॥
पूता माताकी आसीस ।
निमख न बिसरहु तुमकउ हरिहरि
सदा भजहु जगदीस ॥
सतगुरु तुमकउ होई दईआला
संत संगि तेरी प्रीति ॥
कापडु पति परमेसरु राखी
भोजनु कीरतनु नीति ॥
अंम्रित पीवहु सदा चीर जीवहु
हरि सिमरत अनद अनंता ॥
रंग तमासा पूरन आसा
कबहि न बिआपे चिंता ॥
भवरु तुमारा इहु मन होवउ
हरि चरणा होउ कउला ॥
नानकदासु उनसंगि लपटाइओ
जिउ बुंदहि चात्रिकु मउला ॥

માતાપિતાનો પ્યારો પુત્ર આમ વેગળો થયો તેથી પૃથ્વીચંદ રાજી થયો.

કેટલાય વખત સુધી લાહોરમાં રહ્યા પછી અર્જુનને માતાપિતાનાં દર્શનની ઇચ્છા થઈ. પણ પિતાનો સંદેશો આવે ત્યારેને ? છેવટે તેણે પિતાને સંદેશો લખી મોકલ્યો કે હું આવું ? વચ્ચે જ ખેપિયાને રોકી દઈ પૃથ્વીચંદે એ દબાવી રાખ્યો. કેટલાય વખત સુધી ઉત્તર ન આવ્યો એટલે અર્જુને બીજો મોકલ્યો. તે પણ પૃથ્વીચંદે દબાવી લીધો, ને ખેપિયાને બારોબાર રવાના કર્યો. હવે કાસદને ગુરુને હાથોહાથ પત્ર આપવાનું કહી તેણે ત્રીજો પત્ર મોકલ્યો. પૃથ્વીચંદના પહેરાને ચુકાવી આ કાસદે ગુરુને પત્ર નં૦ ૩ એમ લખેલ સંદેશો પહોંચાડ્યો. તે પરથી આગલા પત્રોની તપાસ થઈ. પૃથ્વીચંદ ઝંખવાણો પડ્યો ને અર્જુનને માતા-પિતા પાસે આવવા રજા મળી. આવીને ખૂબ આનંદથી એઉને તેણે પ્રણામ કર્યા. ગુરુનો અંતકાળ તો આવ્યો જ હતો. એટલે એમણે અર્જુનને ગાદી આપી. પૃથ્વીચંદે તેનો બનતો વિરોધ કર્યો, પોતે મોટો હોવા છતાં ટાળવા માટે પિતાને કડવાં વેણ પણ સંભળાવ્યાં. ગુરુએ તેને સાંત્વન આપવા કહ્યું તે વૃથા ગયું, ને પૃથ્વીચંદ તો ગાળો દેતો જ રહ્યો. ત્યારે બીબી ભાની બોલી "ગુરુ અમરદાસનાં વેણ સાચાં પડ્યાં: ગુરુઓના નિર્મળ પ્રવાહમાં વિઘ્ન પડ્યું જ." ગાદીનો ઝઘડો એક બાજુ કરી બધા એક વાર તો ગુરુના દેહત્યાગનો સમય નજીક જોઈ તેમની સાથે ગોવિંદવાલ ગયા. થોડાક દિવસ બાદ ગુરુએ દેહ છોડી. થોડાક કાળ વીત્યા પછી ગુરુપત્ની પણ વિદેહ થયાં.





અને અર્જુને ઈ. સ. ૧૫૮૧ માં શીખોની આગેવાનીનું કામ શરૂ કર્યું.

## ૪

ભાઈઓ સાથેના ઝઘડાથી એનું મંગળાચરણ કરવું પડ્યું. જૂના રિવાજ મુજબ અર્જુનના મામાએ (ગુરુ અમરદાસનો પુત્ર) પોતાના બનેવી ગુજરી ગયા પછી અર્જુનને એમના વારસ તરીકે પાઘડી બંધાવી. પૃથ્વીચંદે તરત વાંધો પાડ્યો કે, હું પાટવી હોવાથી પાઘડીનો હક મને છે. નિર્લોભી અર્જુને તરત પાઘડી પૃથ્વીચંદને આપી ને પોતે અમૃતસર ઊપડી ગયા. પણ એટલેથી પત્યું નહિ. પૃથ્વીચંદે વિચાર કર્યો કે, મુગલ બાદશાહને વારસાહકની બાબત ફરિયાદ કરવી; અને એની તજવીજમાં એ મુસલમાન સૂબા વગેરે અમલદારોની લાગવગ શોધવામાં પડ્યો. તરત એણે એટલું કર્યું કે અમૃતસરના ચોધરીઓને (ગામના મુલકી અમલદારો) ફરિયાદ કરી કે, અર્જુન અમારા બાપનો બધો વારસો દબાવી બેઠો છે ને એમ બે મોટા ભાઈઓને કશા સાધન વિનાના રઝળતા કર્યા છે. તે પરથી ચોધરીઓએ આ બાબત ગુરુ અર્જુનને કહી. ગુરુએ આ તકરારનો નિવેડો પોતે જ આણી દીધો. કેટલાંક ઘર તથા શીખોના લાગા તેમણે પૃથ્વીચંદના નામ પર કરી આપ્યાં; અને મહાદેવને પણ એ જ પ્રમાણે કેટલીક આવક કરી આપી; અને પોતાને માટે શીખો જે કાંઈ ભેટ ધરે એ જ રાખ્યું. પણ એ ઉદારતા તથા નમ્રતાની ભાઈઓ પર કશી જ અસર ન થઈ. પૃથ્વીચંદની સ્ત્રીએ 'ઘર ફૂટ્યે ઘર જાય'ના આ દુ:ખદ પ્રકરણની આગ

ઓલવાવા જ ન દીધી, અને હિંદના હિંદુ ઇતિહાસમાં કહાણીરૂપ બનેલો ભાઈભાઈ વચ્ચેનો કુસંપ–દ્વેષ ચડી વાગ્યો, ને ત્રીજા પક્ષને ફાવતું વાતાવરણ જામ્યું.

ગુરુ અર્જુનને ભેટમાંથી થતી આવક પણ એમના ઝેરીલા ભાઈઓથી જોઈ જતી નહોતી. એમેય નહોતું કે ગુરુ અર્જુન આ ભેટની આવકનો સ્વાર્થભોગમાં ઉપયોગ કરતા હતા. 'ગુરુકા લંગર'માં તથા એવાં બીજાં સમાજોપયોગી કામોમાં જ એ બધું ધન તે વાપરતા. અને પોતે એક સાદા ગરીબ શીખને છાજે એવી રહેણીકરણી રાખતા. પરંતુ પૃથ્વીચંદ અને તેની સ્ત્રીને એમનું ગુરુપદ જ ખૂંચતું હતું: તેને લીધે મળતો માનમરતબો ને ભેટ તેમને જોઈતાં હતાં. અને સ્ત્રીને તો પોતાના પુત્રને ગુરુગાદી મળે એ જોવાની તીવ્ર વાસના હતી. એટલે તેણે પોતાના પતિના દિલમાંથી દાઝની આગ ઓલાવા જ ન દીધી: જ્યારે ત્યારે તે પૃથ્વીચંદને ટોકતી જ રહેતી કે, તમે પાટવી હોવા છતાં ગુરુગાદી તો તમને નહિ જ ને? ક્ષુદ્ર મનનો પૃથ્વીચંદ આ મહેણાં ન સાંખી શકતો અને, પોતાના ભાઈ અર્જુનની ગુરુની લાયકાત જોતાં છતાં, તેને પદભ્રષ્ટ કરવા જ મથતો.

ગુરુ અર્જુને તો ભાઈઓ પ્રત્યે જે કરી છૂટવું જોઈએ તે કર્યા પછી પોતાના ગુરુકાર્ય તરફ જ ધ્યાન દેવા માંડ્યું. એમનું ચાલે તો ભાઈઓને બધું જ પાર્થિવ ધન આપી દે ને આપી દીધુંય. પણ ગુરુપદનો કાર્યભાર એવું પાર્થિવ ધન નહોતું: એ કાર્ય તો ગુરુ નાનક તરફથી તેમને મળેલું; તે કર્યે જ છૂટકો. એટલે પૃથ્વીચંદનો વિરોધ શમે એટલો શમાવવા મથી તેની ઉપેક્ષા કરી તે નીજી કાર્યમાં પડ્યા.






## ૫

પિતા-ગુરુ રામદાસને ગુરુ અંગદે સોંપેલા અમૃતસરના ખોદકામનો ઉલ્લેખ આગળ આપણે જોઈ આવ્યા. (પા. ૬૮) એ કામ ચોથી પાદશાહીમાં પણ પૂરું નહોતું થયું. એટલે ગુરુ અર્જુને ઘરનો ઝઘડો પતવીને પહેલું એ કામ હાથ પર લીધું. ત્રણ ગુરુઓથી ચાલતા આવેલા આ કામની આસપાસ કેટલીય ધાર્મિક ભાવનાઓ અને ચમત્કાર-શ્રદ્ધા વણાઈ હતી. એટલે આ કામની પૂર્ણતા, એક રીતે જોતાં, શીખધર્મને સંગઠિત કર્યાની નિશાનીરૂપ હતી. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ને શ્રદ્ધાળુ શીખોને એ કામમાં જોડવામાં આવ્યા હતા. ભાઈ બુધા ગુરુનાનકનો સમકાલીન એમને હાથે દીક્ષા પામેલો શીખ હતો. એ આ કામમાં મુખ્ય હતો. અને ગુરુ રામદાસ જાતે એ કામની દેખરેખ રાખતા. સરોવરની પાસે એક શીશમના ઝાડ નીચે બાંધેલા એક ઝૂંપડામાં તે રહેતા ને શીખોને તથા અન્ય સત્સંગી વગેરેને ઉપદેશ આપતા. ગુરુ ત્યાં રહેતા તેથી દેશાવરથી અનેક દર્શનાર્થીઓ ત્યાં આવતા. શીખો તથા સાધુઓ પણ આવતા. ગુરુ હોય ત્યાં રસોડું તો હોય જ. ન્યાતજાતના ભેદભાવ વિના બધાં ત્યાંથી રસોઈ મેળવી શકતાં. આમ અમૃતસરનું ખોદકામ, પ્રાચીન આર્યોના યજ્ઞસત્રની પેઠે, એક સત્રપર્વની પેઠે ચાલતું હતું. ગુરુ અર્જુને એ જ પરંપરામાં એ કામ આગળ ચલાવ્યું. એ જ શીશમવૃક્ષ નીચે રોજ એ બેસતા ને એ બે સરોવરનું ખોદકામ તથા રામદાસપુરની આગળ આબાદીની વૃદ્ધિનું કામ એ જોતા. સંતોષસરનું કામ ઝટ પૂરું થયું. પણ અમૃતસરની પાછળ વધારે જહેમત લેવાની હતી, તેનું મોટા

ભાગનું ખોદકામ તો ગુરુ રામદાસના સમયમાં જ પૂરું થયું હતું. અર્જુનદેવને તેની ચોતરફ ઓવારા બંધાવવાના હતા ને પાકું તળિયું કરાવવાનું હતું. ઉપરાંત એમણે એક નવી યોજના વિચારી કે એ સરોવરની મધ્યમાં એક મંદિર બંધાવવું. શીખોને આ યોજના ગમી ને તેમણે કહ્યું કે મંદિર — જેને 'હરમંદિર' અથવા દરબાર સાહેબ કહેવાય છે — આસપાસનાં મકાનો કરતાં ઊંચું બાંધીએ જેથી તે પ્રતિષ્ઠિત દેખાય. ગુરુએ કહ્યું, "ના, એમ નહિ. જે નમ્ર છે તે તેની નમ્રતાથી જ પ્રતિષ્ઠા પામે છે. ફળ આવ્યેથી ઝાડ નીચે લચે છે. એટલે આપણે મંદિર એવું બાંધવું કે ગમે ત્યાં થઈને તેમાં જતાં ૮–૧૦ પગથિયાં ઊતરીને જ જવાય. હરમંદિર ભલે બધાં મકાનોમાં નીચું હોય." આ મંદિર તે આજનું પ્રખ્યાત શીખ સુવર્ણમંદિર.

આવડી મોટી ખરચાળ યોજના માટે ધન મેળવવું એ પણ ઠીક મોટું કામ હતું. હયાત શીખોમાંથી એ બધું સાંપડી શકે એમ નહોતું. એટલે ગુરુએ પોતાના કેટલાક ચુનંદા શીખોને ધર્મોપદેશ કરવા દેશાવર ખેડવા રવાના કર્યા. આ શીખો, પ્રથમ ખ્રિસ્તી મિશનરીઓની બહાદુરી ને હિંમતની યાદી આપે એવા અનુભવો સેવતા, નવી વસ્તીઓ ને નવા મુલકોમાં ગુરુઓનો સંદેશો પહોંચાડતા. હિમાલયના પહાડી રાજાઓમાં એમણે ઠીક પ્રભાવ પાડ્યો. માળવા તરફથી પણ ભક્તો આવતા ને પોતાની આહુતિ આ યજ્ઞસત્રમાં આપી જતા. આમ શીખોના સમૂહકાર્યથી— અને એમાં કેટલાય કારીગરોની મજૂરી પણ ગણાવવી



અમૃતસરનું સુવર્ણમંદિર અને સરોવર

(મેકોલીફના ગ્રંથ પરથી)



જોઈએ — સરોવર ને મંદિરનું કામ પૂરું થયું. તે વખતે ગુરુએ ધન્યતાદર્શક જે ઉદ્ગારો કાઢ્યા, એમાંથી આ એક છે:

संताके कारजि आपि खलोइआ ।
हरिकंमु करावणि आईआ राम ॥
धरति सुहावी ताल सुहावा ।
बिचि अम्रित जलु छाइआ राम ॥
अंम्रित जलु छाईआ पूरन साजु कराईआ
सगल मनोरथ पूरे ।
जैजैकार भईआ जग अंतरि
लाथे सगल विसूरे ।
पूरन पुरख अचूत अबिनाशी
जसु वेद पुराणी गाईआ ।
अपना बिरद रखिआ परमेसरि
नानक नाम धिआइआ ॥

(સંતોનું કામ કરવા ખુદ આપ આવ્યા. આ સુંદર ભૂમિ ને સુંદર સરોવરમાં અમૃતજલ રેડયું. અમૃતજલ રેડયું ને કામ પૂર્ણ કરી અમારા સૌ મનોરથ પૂર્યા. તેથી બધે જયજયકાર થઈ રહ્યો છે ને સૌ ચિંતાઓ ટળી છે. વેદપુરાણ જેનું ગુણગાન કરે છે એવા એ પૂર્ણપુરુષ અવિનાશી પ્રભુએ પોતાનું બિરદ રાખ્યું. ગુરુ નાનક એ પ્રભુના નામનું ધ્યાન ધરે છે.)

અને હરમંદિર પૂરું થયું ત્યારે ગુરુએ પોતાની પ્રસન્નતાના ઉદ્ગારો કાઢ્યા તેમાંથી આ ટૂંક છે:

हरि जपे हरिमंदरु साजिआ
संत भगत गुण गावहि राम ।

सिमरि सिमरि सुआमी प्रभु अपना
सगले पाप तजावहि राम ।...
जन नानक प्रभ भए दइआला
सरब कला बणिआई ॥

(હરિનું નામ જપતાં જપતાં આ હરિમંદિર સર્જ્યું છે. હે સંતો ને ભક્તો, તેના ગુણ ગાઓ. એ આપણા સ્વામીનું સ્મરણ કર્યે સૌ પાપો જશે……નાનકના પ્રભુની દયાથી સૌ રૂડાં વાનાં થયાં છે.)

૬

આમ શીખોની શ્રદ્ધાભક્તિના પ્રતીકરૂપ મંદિર ને સરોવર પૂરાં થયાં. હવે તેમાં દેવની પ્રતિષ્ઠા કરવાની રહી. કયા દેવને તેમાં પધરાવવા? શીખલોક મુસલમાનોની જેમ મૂર્તિભંજક તો નહોતા, છતાં ત્યારે હિંદુઓની જેમ મૂર્તિપૂજક પણ ક્યાં હતા? એક 'સતનામ નિર્ભય નિર્વૈર અકાલ પ્રભુ' અને તેનો માર્ગ દેખાડનાર ગુરુ — એ એમની એકમાત્ર વ્યાપક ને સીધી માન્યતા હતી. એને અનુરૂપ એમણે હરિમંદિરની પ્રતિમા શોધી. ગુરુઓની વાણી એ જ સાચો ગુરુ છે એમ સમજી ગુરુ અર્જુને પૂર્વના ગુરુઓની વાણીનો સંગ્રહ કરી તેના ગ્રંથને દેવસ્થાનમાં મૂકવા ધાર્યું. અને ગુરુનાં દ્વાર હરેકને માટે ખુલ્લાં હોય છે એ સૂચવવા હરિમંદિરને ચાર બાજુ ચાર દરવાજા મુકાવ્યા ને તે બધો વખત ખુલ્લા રહે એમ વ્યવસ્થા કરી. આમ ગુરુ ગ્રંથસાહેબનું સંપાદન ને તેમને ઇષ્ટદેવ બનાવી શીખોના ધર્મસંગ્રહનું એક મોટું કામ ગુરુ અર્જુને પૂરું કર્યું.





બીજી બાજુથી જોતાં પણ, તરતમાં ગ્રંથસાહેબની રચના કરવાની જરૂર ઊભી થઈ હતી. ઝેરીલો પૃથ્વીચંદ ગુરુને પદભ્રષ્ટ કરવા ને પોતે ગુરુ બનવા અનેક રસ્તા લેતો હતો. તેમાં તેણે એમ પણ કરવા માંડ્યું કે તે પૂર્વ ગુરુઓને નામે ભજનો બનાવવા લાગ્યો. આમ જો ચલાવા દેવાય તો લાંબે કાળે ગુરુઓની શુદ્ધ વાણી નાશ પામે ને સાથે તેમનો સાચો ઉપદેશ પણ ન સમજાય. એટલે પણ અર્જુનદેવને થયું કે, શીખોના સન્માર્ગદર્શનને ખાતર પણ ગુરુઓની સાચી વાણીનો સત્તાવાર સંગ્રહ તો હોવો જ જોઈએ. એ રીતે પણ, ગુરુઓની નિર્મળ વાણીને ભેગી કરી સત્તાવાર સંઘરવાની જરૂર હતી. એ કામ કરવામાં ગુરુ અર્જુનદેવે જે ભાવના, પ્રીતિ તથા વિવેક વાપર્યાં છે તે આદરણીય છે.

પ્રથમ ચાર ગુરુઓની વાણી તેમના વારસો પાસે છૂટી પડી હતી તે મેળવવાનું અઘરું કામ ગુરુએ પહેલું હાથ પર લીધું. ત્રીજા ગુરુના દીકરા મોહન પાસે મોટા ભાગનો ને મુખ્ય સંગ્રહ પડેલો હતો. પણ, આપણે ઉપર જોઈ આવ્યા કે, મોહનને પોતાને ચોથી પાદશાહી ન મળી એનું દુઃખ હતું. એટલે જ્યારે અર્જુનદેવે પોતાના માનીતા શીખ ગુરુદાસને તેની પાસેથી સંગ્રહ માગવા મોકલ્યો ત્યારે એણે એને ઘરમાં જ ન પેસવા દીધો, અને ગુરુદાસને વાત જ કર્યા વિના પાછા આવવું પડ્યું. એટલે ગુરુએ શીખવર્ય ભાઈ બુધાને મોકલ્યા. પહેલાંની જેમ જ આ વેળા પણ મોહને ઓરડાનાં બારણાં ઉઘાડ્યાં જ નહિ ને નિરાશ થઈ ભાઈ બુધાને પાછું આવવું પડ્યું. એટલે ગુરુ જાતે ઊપડ્યા. આજીજી કર્યાના પરિણામે હઠીલા મોહને મળવા જેટલી

તત્પરતા બતાવી, પણ કહ્યું કે, "મારા કુટુંબની ગાદી પચાવી પડ્યો; ને હવે અમારો ધર્મવાણી ને સાહિત્યનો વારસોય ઝૂંટવવા આવ્યો ?" છતાં ગુરુએ તો પોતાની આજીજી ને આગ્રહ ધપાવ્યે જ રાખ્યાં. પરિણામે મોહન પીગળ્યો, અને પ્રથમ ત્રણ ગુરુઓની વાણીનો મહત્ત્વનો સંગ્રહ ગુરુને મળ્યો.

આટલેથી જ ગુરુનું સંગ્રહસંપાદન પૂરું નહોતું થતું. એમને તો ગુરુઓનો અશરીરી એવો જે શબ્દ તે સંઘરવો હતો: વ્યક્તિનો નહિ પણ સત્ય શબ્દનો જ્યાં જ્યાંથી આવરો હોય ત્યાંથી મેળવીને એ મૂર્તિમંત કરવો હતો. અને એ શબ્દ દેશની તથા પરદેશની બધી ભાષાઓમાં ઊતરે અને 'પાણી પર તેલ જેમ પ્રસરે છે એમ એ જગતભરમાં પ્રસરે' એવી ઇચ્છા હતી; અને એમ એમણે એમના શીખોને આજ્ઞા પણ આપી હતી. એથી એમણે જયદેવથી માંડીને એમના સમકાલીન સુધીના બધા ઈશ્વરભકતોને — હિંદુ મુસલમાન, સ્ત્રી પુરુષ ગમે તે — તેમની વાણી મોકલવા નોતર્યાં. જે સતનામ અને ધર્મપ્રવર્તન ગુરુ નાનકે ઉપદેશ્યાં હતાં એને અનુકૂળ ને પોષક એવી જેટલી ભક્તવાણી લખેલી કે મૌખિ એમને મળી તે બધી એમણે સાભાર સ્વીકારી. જેટલી જેટલી વાણી મળી તે તપાસી તેમાંથી ગ્રાહ્ય ભાગ વીણી કાઢ્યો. આ રીતે સાચે જ ગુરુગ્રંથ 'સંતોનું સંમેલન' રૂપ છે.*

* આ હકીકતો મેં મુખ્યત્વે મેકોલીફકૃત ગ્રંથોમાંથી તારવેલી છે. નામોની યાદીમાં એક ગુજરાતી નામ પણ છે. તે ડાહ્યાભાઈ પંડિત તે કોણ, ક્યાંના, એમની કૃતિઓ કઈ, વગેરે પર કોઈ વિદ્વાન ઇતિહાસકાર પ્રકાશ પાડશે ?





એમાં આપણે જયદેવ, નામદેવ, ત્રિલોચન, રામાનંદ, રામાનુજ, સદનો, ધનો, પીપો, કબીર, રવિદાસ તથા મુસલમાન ફકીર ફરીદ ને ભીખનનાં વીણી કાઢેલાં ભજનો સંગ્રહિત જોઈએ છીએ. નભાજી, ચિદ્દઘન, મહિપતિ, ગણેશ દત્તાત્રેય, ડાહ્યાભાઈ ઘેલાભાઈ પંડિત વગેરેએ પ્રાંતીય ભાષાઓમાં મધ્યકાલીન સંતો વિષે લખેલા ગ્રંથો પણ ગુરુએ તપાસાવી લીધા હતા. મીરાંબાઈનાં ભજન પણ ગુરુએ જોયાં હતાં. તેની કૃષ્ણભક્તિની મૂર્તિપૂજાને કારણે તેમને ગ્રંથમાં સ્થાન નથી અપાયું. આ રીતના સંપાદનથી ગ્રંથમાં ભાષાવૈવિધ્ય પણ ભારે એકઠું થયું છે. ગુરુઓની પંજાબી ઉપરાંત એમાં 'ફારસી, મધ્યયુગીન પ્રાકૃત, હિંદી, મરાઠી, જૂની પંજાબી, મુલતાની અને બીજી અનેક દેશી ભાષાઓનાં ભજનો એમાં છે. કેટલાંક ભજનોમાં સંસ્કૃત તથા અરબી શબ્દોનો પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.'

આ રીતે બધી સામગ્રી જોઈ કાઢ્યા પછી ગુરુએ ભાઈ ગુરુદાસને તે બધી લખાવી દીધી અને એ મહાન ધર્મસ્થાપનના કાર્યની સં૦ ૧૬૬૧ ના ભાદરવા સુદ ૧ ને રોજ પૂર્ણાહુતિ કરી. ગ્રંથને અંતે ઉપસંહાર તરીકે 'મુંદાવલી' લખીને તેમણે ગ્રંથસમાપ્તિ કરી. આ મુંદાવલીમાં ટૂંકમાં ગુરુએ પોતાની સંપાદનદૃષ્ટિ અને ફલશ્રુતિ પણ કહ્યાં છે:

थाल विचि तिनि वसतु पइओ सतु संतोखु विचारो ।
अमृतनामु ठाकुरका पइओ जिसका सभु सुअधारो।
जे को खावै जे को भुंचै तिसका होई उधारो ।
एह वसतु तजी नह जाई नित नित रखु उरि धारो।
तम-ससारु चरन लगि तरीऐ सभ नानक ब्रह्मपसारो ॥

[ આ થાળમાં ત્રણ વાનીઓ પીરસી છે: સત્ય, સંતોષ અને વિચાર. અને સર્વના આધારરૂપ એવું ઈશ્વરનું જે અમૃતનામ છે તે પણ છે. જે કોઈ એને ખાશે ને તેમાં રાચશે તેનો ઉદ્ધાર થશે. આ વસ્તુ કદી ન ત્યજતા: રોજ ઉરમાં રાખીને રહેજો. અંધાર–સાગરમાં પ્રભુચરણે પડ્યે તરાશે. નાનક કહે છે, વિશ્વ બધું પ્રભુનો પસારો છે. ]
અને આ અંતિમ વાક્ય કહીને પોતા તરફથી ગુરુ ધન્યતા બતાવે છે: "હે પ્રભુ, તેં મારે માટે શું શું કર્યું છે એ હું ક્યાં જાણું છું? છતાં તેં મને તારી સેવામાં લીધો. હું ગુણહીન છતાં તેં મારી પર કૃપા કરી: મને સદ્‌ગુરુ મળ્યા. જો નામ મળે તો હું જીવીશ, અને મારાં તનમન તારી સેવામાં તાજાં ને તત્પર રહેશે."

૭

ગુરુ અર્જુન નિજકાર્યમાં રત રહેતા હતા અને શીખોની સેવામાં જ મગ્ન હતા. પરંતુ તેમનાં ભાઈ ભાભીનું ઝેર તો કેમે શમતું નહોતું. એક દહાડો તેમની ભાભી તેના પતિ પૃથ્વીદાસને કહે, "જો તમે તમારા પિતાની યોગ્ય સેવા કરી કૃપાપાત્ર બન્યા હોત તો કેવું સારું થાત! તો હું ગુરુપત્ની બનત. આ તો નાનો દીકરો ગુરુ થયો, રાજામહારાજા તેને નમન કરે છે ને ધનના ઢગ તેને ત્યાં વળે છે. આપણે ત્યાં શું છે?"

પૃથ્વીદાસ કહે, "અરે, તું તો કેવી સદ્‌ભાગી છે! તારો પુત્ર ઓછું મોટું ધન છે! અર્જુનને ક્યાં કોઈ વારસ છે? એટલે તારો દીકરો ગુરુ થશે, અને ધન તો આજ છે





ને કાલે નથી." ગુરુઘેર પુત્ર નહોતો એટલે આમ પૃથ્વીદાસ માનતો. પણ તેવામાં ગુરુને ત્યાં પુત્ર જન્મ્યો એટલે આ માન્યતા જૂઠી પડી. હવે? લોભી દંપતીએ કપટથી ગુરુપુત્રને મરાવી નંખાવાની અધમતા આદરી: ઝેર, સર્પદંશ વગેરે ઇલાજો લાંચરુશ્વત આપીને કરાવ્યા. પણ "જેને રામ રાખે તેને કોણ ચાખે?"

એક યા બીજી રીતે કપટ છતું થઈ જાય. ગુરુપુત્ર — હરગોવિંદ એવું નામ પાડ્યું હતું—બળિયાથી માંદો પડ્યો ત્યારે આ દુષ્ટ દંપતીએ ઇચ્છા કરી કે એ મરી જાય તો સારું! તેમાંથીય પુત્ર બચ્યો, અને મોટો થયે તેને યોગ્ય કેળવણી મળે એવી ગોઠવણ થઈ. આમ એની બાજી નિષ્ફળ જવાથી ને પોતાનું કપટ પકડાઈ જવાથી, દગાખોર દંપતીનો રોષ વળી વધ્યો. કુલાંગાર પૃથ્વીદાસે હવે ગુરુ સામે રાજદરબારમાં ખટપટ શરૂ કરી. ત્રીજા ભાઈ મહાદેવે એને ઘણું સમજાવી વારવા પ્રયત્ન કર્યો, પણ તે વૃથા ગયો. તેના મિત્ર સૂબા સુલાહીખાનની મદદથી તેણે અકબર આગળ ગુરુ સામે ફરિયાદ કરી. પણ અકબરે તે ન ગણકારી ને એક વાર તો એને પાછા પડવું પડ્યું. પરંતુ બીજી તરફથી ગુરુ પર એક એવું વાદળું ઘેરાઈ આવ્યું કે તેમાં એમને કુરબાન થયે જ છૂટકો થયો. પૃથ્વીદાસે એનો લાભ પણ ઉઠાવવા પ્રયત્ન તો કર્યો; પણ એનો લાભ એને તો ન જ મળ્યો. પરંતુ અણધાર્યું એ ફળ આવ્યું કે, કુલના ઝઘડાને રાજદ્વારી રૂપ આપી અજાણમાં એણે શીખ પ્રજાને રાજ-દરબાર જોડે અથડામણમાં આણી અને એને માટે આગળનું

ચંદુશાહે સમર્થન આપ્યું. આ અરસામાં અકબર પંજાબ તરફ ફરવા આવેલો ત્યાં આ પ્રકરણ ચંદુએ જાતે બાદશાહ આગળ રજૂ કર્યું. તે પરથી હુકમ થયો કે ગુરુ અને ગ્રંથને પોતાની સામે ખડા કરવા. ગુરુએ ગ્રંથ લઈને ભાઈ બુધા અને ગુરુદાસને મોકલ્યા. અકબરે છૂટાછવાયા કેટલાક ભાગ ગ્રંથમાંથી સાંભળ્યા, એનાથી એની ઉપર ઊલટી જ અસર થઈ. એટલે ચંદુ અને શાસ્ત્રીકાઝીઓએ કેટલાક ભાગો પોતે કાઢીને વંચાવ્યા. અકબરને તેય ગમ્યા, અને તપાસને અંતે ફેંસલો આપ્યો કે, 'આ ગ્રંથમાં મેં જેટલું જોયું તે પરથી જણાય છે કે આમાં ઈશ્વરપ્રેમ અને ભક્તિ છે ને કોઈ બીજાની નિંદા કે સ્તુતિ નથી. આ ગ્રંથ આદરણીય છે.' અને પછી ૫૦ મહોરની તથા ગુરુ અને આવેલા બે શીખને દરવેશની ભેટ આપી તેમને વિદાય કર્યા, ને ગુરુને પ્રણામ કહાવી જણાવ્યું કે પોતે દર્શને આવવા ઇચ્છે છે! આમ ચંદુનો પહેલો પાસો તો અવળો પડ્યો. પંજાબથી પાછા ફરતાં અકબર ગુરુને દર્શને ગયો. હરમંદિર વગેરે જોઈ તથા સંગીતમય ભજનો સાંભળી તે ખૂબ પ્રસન્ન થયો અને ગુરુ પાસેથી ઉપદેશામૃત[1] સાંભળ્યું; 'ગુરુકા

---

૧. અકબરે પ્રાર્થના કરી કે મને શાંતિ ને સુખ મળે એવો ઉપદેશ કહો. ત્યારે ગુરુએ એક ભજન ગાયું, જે નાનકપ્રણીત ધર્મનું વ્યાપક સાર્વભૌમત્વ ટૂંકમાં કહી દે છે:

कोई बोले राम राम, कोई खुदाइ ।
कोई सेवे गुसइआ, कोई अल्लाइ ।
कारण करण करीम, किरपाधारी रहीम ॥
कोई नावे तीरथि, कोई हज जाई ।





લંગર'માં ભેટ ધરવા રજા માગી. તે વર્ષ ઠીક નથી એમ ગુરુના કહેવા પરથી, ગુરુના સત્સંગની યાદગીરીમાં, અકબરે પંજાબનું તે વર્ષનું મહેસૂલ માફ કર્યું. આમ અકબરના સમયમાં ગુરુનો રાજ સાથે સંબંધ સારો નીવડ્યો, અને ચંદુ તથા પૃથ્વીચંદના હાથ હેઠા પડ્યા.

અકબર પછી જહાંગીર ગાદીએ આવ્યો. તેની કારકિર્દી દરમિયાન ગુરુને હાથે એક એવું કામ થયું જેથી તેમના શત્રુના હાથ પાછા સબળ થયા. જહાંગીરને પોતાના પુત્ર ખુશરુ સાથે અણબનાવ હતો. એટલે એ ખુશરુને પકડવા ચાહતો હતો. અફઘાનિસ્તાન તરફ ભાગતો ખુશરુ વચ્ચે ગુરુનો આશ્રય ખોળતો આવ્યો. શરણાગતવત્સલ ગુરુએ તેને ગરીબ દુઃખી જાણી કાંઈક મદદ કરી. અકબર જોડે એ પણ એમને મળેલો એથી કાંઈક ઓળખાણ પણ ખરી અને એને રાહત આપવાથી અકબર જોડેની સારાસારીનો પણ બદલો વળશે એમ કૃતજ્ઞ ગુરુએ માન્યું. આવી જાતનો વિચાર કરીને ગુરુએ એને કાંઈક મદદ કરી. પણ જેલમ નદી ઓળંગતાં ખુશરુ પકડાઈ ગયો ને કેદમાં નંખાયો.

---

कोई करे पूजा, कोई सिरु निवाई ॥
कोई पढ़ै बेद, कोई कतेब ।
कोई ओढे नील, कोई सुपेद ॥
कोइ कहे तुरकु, कोइ कहे हिंदु ।
कोइ बाछे भिसतु, कोइ सुरगिंदु ॥
कहु नानक जिनि हुकमु पछाता ।
प्रभसाहिबका तिनि भेदु जाता ॥

રાજાના શત્રુને આ મદદ કરી એ રાજદ્રોહ થયો એમ કહીને ગુરુ સામે ભારે ફરિયાદ જહાંગીર આગળ થઈ. તે પૂર્વે પણ અનેક જાતની જાળ ચંદુએ પૃથ્વીચંદને મદદમાં લઈને ગોઠવી હતી. ગુરુ પૃથ્વીચંદનો વારસો દબાવી બેઠો છે એ ફરિયાદ ચંદુએ પ્રથમ કરી. અને બધી વાતનો ઝટ ફેંસલો થાય એ હિસાબે ચંદુએ રાજાને પંજાબમાં શિકાર સારો હોય છે એમ કહી ત્યાં ફરવા લીધા. અને ત્યાં વાતવાતમાં એમ પણ ભરવ્યું કે, "ગુરુ અર્જુનના આશ્રયથી ચોર લોક અહીં બહુ ફાટયા છે અને સરકારી માલ લઈ જાય છે. ગુરુ તો જાણે સ્વતંત્ર સત્તા જ જમાવી બેઠો છે. વળી એના ભાઈનો વારસાહક પણ ડુબાવી બેઠો છે." બાદશાહે તે પરથી પૃથ્વીચંદને બોલાવ્યો. પણ તે આવતાં રસ્તામાં મરી ગયો. બદલે તેનો દીકરો ગયો. અને એણે ચંદુ પાસે ગુરુ સામેની ફરિયાદમાં એ ઉમેરાવ્યું કે, ગુરુએ ખુશરુને મદદ કરેલી અને એ પોતે રાજગાદી પર આવે એમ ચાહે છે. કાઝી અને શાસ્ત્રીઓએ એમની જૂની ફરિયાદની સફળતાનો પણ લાગ જોયો ને તેમણે પણ આ ફરિયાદ-પક્ષમાં પોતાનો સૂર પૂર્યો. પણ રાજદ્રોહની આ છેલ્લી વાતથી ફરિયાદ-પક્ષ પૂરો અસરકારક થયો અને ગુરુબલિદાનની અંતઘડી નજીક આવી:

ગુરુને લાહોર હાજર થવા તેડું આવ્યું.

## ૯

અર્જુનદેવે જોયું કે આ વેળાનો શત્રુદાવ સફળ છે. એટલે ઘેરથી નીકળતા પહેલાં તેમણે મોત-ભેટની જ તૈયારીઓ કરી લીધી. પુત્રને ગુરુપદ આપ્યું, સ્ત્રીને બોલાવી આશ્વાસન આપ્યું કે, 'મોતથી ડરવું નહિ. મારી પાછળ રડાકૂટ ન કરવી અને સતી પણ ન થવું, પણ ઈશ્વરભજનમાં શ્રદ્ધા રાખી રહેવું.' પછી પોતાના પાંચ શીખોને સાથે લઈ તે લાહોર પહોંચ્યા.





પ્રથમ તો બાદશાહ ગુરુને માન આપી ચાલવા તૈયાર હતો. પણ ચંદુએ ખુશરુને કરેલી મદદ યાદ કરાવી એને ઉશ્કેરી રાખ્યો હતો. ગુરુ આવતાં તેણે કહ્યું, "તમે સંત પુરુષ ને ગુરુ કહેવાઓ. છતાં ખુશરુને મદદ કરી?"

ગુરુ કહે, "મારે મન મનુષ્યમાત્ર સરખા છે. શત્રુમિત્ર, હિંદુમુસલમાન, ગરીબતવંગર એવા કશા ભેદ કે રાગદ્વેષ મને નથી. તેથી જ હું ખુશરુને મદદ કરવાને પ્રેરાયો, નહિ કે તે બાદશાહનો શત્રુ હતો માટે. તે દુઃખી દશામાં હતો; વળી તમારા પિતા અકબરનો મારા પરનો પ્રેમ પણ હતો. એ ધ્યાનમાં લઈ હું મદદ ન કરું તો જગત મને કૃતઘ્ન, ક્રૂર અને તમારાથી ડરેલો કહે. જગદ્‌ગુરુ નાનકના શીખને માટે આ કહેવાય એ કેવું અઘટિત?"

આવા સાફસાફ ઉત્તરથી જહાંગીરનું રંજન થાય એમ નહોતું. તેણે ગુરુનો બે લાખ રૂપિયા દંડ કર્યો, અને હુકમ કર્યો કે ગ્રંથમાંથી હિંદુ મુસલમાન ધર્મ વિરુદ્ધ ભજનો કાઢી નાંખવાં. એટલે ગુરુએ કહ્યું, "જુઓ, મારી પાસે જે ધન છે તેનો ઉપયોગ એક જ હોય અને તે અતિથિ, ગરીબગરબાં અને નોધારાંને માટે છે. તમારે ધન જ જોઈએ તો મારી પાસે હોય તે લઈ લો. પણ દંડ તરીકે માગો તો મારી પાસે આપવાની એક કોડી પણ નથી. દંડ

તો ચોરડાકૂ પાસેથી હોય, મારા જેવા સાધુસંન્યાસી પાસેથી ન શોભે. અને ગ્રંથસાહેબમાંથી કાઢવા બાબત તો, એક અક્ષર પણ ન બની શકે. એક અજરઅમર ‘સત્નામ કર્તા પુરુષ’ પ્રભુને હું ભજનારો છું. એણે ગુરુઓને જે જ્ઞાન સુઝાડ્યું એનો આ સંગ્રહ છે. એમાંનું કશું જ કોઈ ધર્મને ઉતારી પાડનાર કે નિંદક નથી. સત્ય ધર્મનો પ્રચાર અને અસત્યનો નાશ એ જ મારું જીવનલક્ષ્ય છે. અને એ અનુસરતાં આ માટીનું પૂતળું ઘસી કે ખોઈ નાખવું પડે તોય મારું અહોભાગ્ય માનું.”

બાદશાહે આ પછી કાંઈ ન કહ્યું ને ચાલ્યો ગયો. કાઝીઓએ ફરમાવ્યું કે જો દંડ ન ભરે તો તેને કેદમાં નાંખો. તે પરથી લાહોરનો શીખસમુદાય દંડની તૈયારી કરવા લાગ્યો. તેને ગુરુએ કહાવ્યું, “દંડ ભરે તે ધર્મભ્રષ્ટ છે. ધર્મને નામેની આવી અગ્નિપરીક્ષામાંથી બચાવવામાં ગુરુનો દ્રોહ છે. અને દંડ તે ગુરુ ધર્માત્માઓને ઘટે? એ તો ચોરડાકૂની શોભા.” આ સંદેશાથી શીખો શમી ગયા અને ગુરુએ શબ્દશઃ પોતાની અગ્નિપરીક્ષામાં પ્રવેશ કર્યો.

ગુરુનો કબજો ચંદુએ લીધો અને તેમને ધીમે ધીમે ચડતી જતી સજાઓ કરવા માંડી. ધર્મઝનૂની કાઝી અને કર્મઠ બ્રાહ્મણોએ પણ આ સતામણીમાં સારો ભાગ લીધો. ગુરુએ ગ્રંથસાહેબમાં સુધારાની ના પાડી, એટલે તેમણે એમને બેડીઓ પહેરાવી, ઊની રેતી એમના પર નાંખી, ગરમ પેણીઓ ઉપર બેસાડ્યા, અને ઉપર ઊકળતાં પાણી રેડ્યાં. છતાં ગુરુએ તો એક જ વાત કરી, “આ બધું પણ ઈશ્વરેચ્છાનુસાર છે, એટલે એમાં મને દુઃખ નહિ પણ સુખ





છે.” અને આ અગ્નિપ્રવેશ વેળાએ જ એમણે આ જીવન-કથાની શરૂઆતમાં મૂકેલી ધન્ય–કડીઓ ઉદ્‌ગારી :

फूटो अंडा भरमका मन हि भईओ परगास ।
काटी बेडी पगहते गुरु कीनी बंद खलास ।

વચ્ચે વચ્ચે ચંદુ પણ આવીને ધમકી આપી જતો : ‘મારી પુત્રીને તારો પુત્ર પરણાવ, નહિ તો હજી કંઈ કંઈ વિતાડીશ.’ ગુરુ એક જ વાત કહેતા, “ઈશ્વરના બંદાને ડર શાનો? सगल सामग्री डरहि बियापी, बिनु डर करणैहारा !”

ગુરુનું દુઃખ સાંભળી કેટલાય સંતસાધુ અને ફકીરો એમને મળવા આવતા. લાહોરના ફકીર મિયાં મીર તેમને મળવા આવ્યા ત્યારે જોયું તો ગુરુનું આખું શરીર દાઝીને ફોલ્લા ફોલ્લા થઈ ગયું છે. મિયાંએ ગુરુને વિનંતી કરી, “મને રજા આપો તો હું આ દુઃખમાંથી મુક્તિ માટે અને આ ઘાતકી મારાઓને ઘટતી સજા કરવા બાદશાહને વીનવું.” ગુરુએ મિયાંને ઊંચે આકાશ તરફ જોવા કહ્યું. જુએ છે તો તેને અનેક દેવદૂતો આ ઘાતકીઓનો સંહાર કરવા દેવાની ગુરુ આગળ રજા માગતા દેખાયા! મિયાં સમજ્યા; ને ગુરુને પૂછે, “આવી તમારી વિભૂતિ છતાં શું કામ આ બધું સહો છો?” ગુરુએ કહ્યું, “સત્નામના શીખવનારાઓને આ બોધ છે કે, દુઃખમાં ધીરજ ન ખોવી કે ખુદાને દોષ ન દેવો. શ્રદ્ધાની સાચી કસોટી જ દુઃખ છે. અને વળી જેની પાસે સિદ્ધિશક્તિ છે એ જો એને જોરે પોતાનો ધર્મ રાખે, તો જેમને એ નથી એઓ તો બિચારા ધર્મ છોડીને જ ઊભે એમ ના? એમ ધડો બેસાડનાર તો ધર્મનો શત્રુ ઠરે

અને ખુદાને અકારો લાગે. અને જો હું કાંઈ ચમત્કાર કરું તો તેથી આ નશ્વર શરીર જ બચે કે બીજું કાંઈ? ઈશ્વરનું ધાર્યું થાય છે એમાં બદલવાનો ગર્વ કરનાર હું કોણ વળી?" આ ઉત્તરથી મિયાં ગુરુની ધૈર્યશક્તિ ને અડગતાથી ચકિત થઈ એમનાં વખાણ કરતા વિદાય થયા. ગુરુની શિક્ષાઓ તો ચાલુ જ હતી.

ચંદુની પુત્રવધૂ એક શીખકન્યા હતી. ગુરુના ત્રાસજનક દુઃખની કહાણીથી એ પોતાને ને પોતાની અસહાય દશાને ફિટકારવા લાગી: "અરે, હું તે કેવી કમભાગી કે ગુરુના પાપી શત્રુની જ પુત્રવધૂ! ગુરુ ભૂખે તરસે તાપ અને અગ્નિથી મરે ને હું કાંઈ ન કરી શકું?" એક દહાડો રાતે ગુરુના પહેરાવાળાને લાંચ આપી તે ગુરુને શરબત વગેરે આપવા ગઈ. શીખકન્યા જાણી ગુરુએ એને આશીર્વાદ આપ્યા, પણ ચંદુના ઘરની ચીજ ન સ્વીકારી. ત્યારે દુઃખી બિચારી સ્ત્રીએ એટલું જ માગ્યું કે, 'પરલોકમાં મનેય સાથે જ લેજો.'

એક દહાડો ગુરુએ પોતાના પાંચ શીખો જોડે જઈ રાવી નદીમાં સ્નાન કરવા રજા માગી. કોઈ જોડે બોલેચાલે કે માર્ગ પર થોભે નહિ એવો જાપ્તો રાખી, સિપાઈના પહેરામાં તેમને જવા દીધા. ફોલ્લા ઊઠેલે પગે ધીમે ધીમે ને પોતાના શીખોને અવલંબીને ચાલતા ગુરુને જોઈ વસ્તીના લોક દુઃખ કરવા લાગ્યા. બધો વખત ગુરુ તો એકાગ્ર ચિત્તે ધ્યાનમગ્ન જતા હતા. નદી પહોંચી જપજીનો પાઠ કરતાં કરતાં એમણે સ્નાન કર્યું. બાદ શીખોને અંતિમ સંદેશો આપ્યો: "મારું જીવન કૃત્યકૃત્ય થયું. જઈને મારા પુત્ર





હરગોવિંદને પૂર્ણ સાંત્વન આપજો ને કહેજો કે શોક ન કરે, પણ પ્રભુનાં ગુણગાન કરે. બધાં કુટુંબીને શોક ન કરવા દે. ગુરુગાદી પર શસ્ત્રસજ્જ બેસે ને લશ્કર રાખે. ભાઈ બુધાની આમન્યામાં રહે, અને એક શસ્ત્ર સિવાય બધી બાબતોમાં પૂર્વ ગુરુઓને પંથે ચાલે. મારું શબ બાળતા નહિ, પણ આ નદીમાં વહેતું મૂકજો."*

પછી શાંતિમાં ગુરુએ સં० ૧૬૬૩ના જેઠ સુદ ચોથને રોજ (ઈ. સ. ૧૬૦૬, જૂન) દેહ છોડી. ચંદુની પુત્રવધૂએ આ સમાચાર સાંભળ્યા કે તેનો પણ જીવ ઊડી ગયો. એ શ્રદ્ધાધન બાઈનું શબ કેટલોય વખત એના ઓરડામાં જ પડ્યું રહ્યું, કેમકે કોઈને ખબરે ન પડી કે તે ગુજરી ગઈ! ગુરુના વેરીની પુત્રવધૂ બન્યાનાં પાપથી એ આ રીતે જ મુક્ત થઈ શકી.

આમ ટૂંકમાં, હિંદના એક સમર્થ સત્યાગ્રહી વીરની જીવનકથા છે. પચીસ વર્ષના ગુરુપદમાં આ મહાન સંસ્થાપકે શીખધર્મને સુદૃઢ અને સ્વરૂપબદ્ધ કર્યો; પંજાબમાં એક વિશાળ પ્રજાશક્તિને જન્મ આપ્યો; અને, મોટામાં મોટું તો એ કે, એમ કરતાં પોતે આહુત થયો. જહાંગીરે એના 'તોઝાક'માં લખેલા નીચેના શબ્દો પ્રો० તેજાસિંગે, એના 'Growth of Responsibility in Sikhism'માં ગુરુના શુદ્ધ બલિદાનના પુરાવામાં ટાંક્યા છે:

"એના ઉપદેશ અને આચારથી કેટલા બધા ભોળા હિંદુઓ, અરે મૂર્ખ મુસલમાનો પણ, આકર્ષાયા હતા.

* શીખ ઇતિહાસકાર મેકોલિફ્‌ના પુસ્તકના આધારે આ સંદેશો છે.

મહાન ધાર્મિક જગદ્‌ગુરુ તરીકે એની નામના ફેલાતી હતી. લોક તેને ગુરુ કહેતા, અને બધી દિશાઓમાંથી લોકનાં ટોળેટોળાં આવતાં અને એની પ્રત્યે ભારે ભક્તિ દર્શાવતાં. આ ધીકતો ધંધો ત્રણ ચાર પેઢીથી ચાલતો હતો. ઘણાં વર્ષથી મને મનમાં થયાં કરતું હતું કે, યા તો મારે આ ધતિંગનો અંત આણવો જોઈએ, અથવા તો એને મુસલમાન બનાવવો જોઈએ."

બલિદાનના શુદ્ધપ્રભાવ આગળ આ બાદશાહની શક્તિ પણ એના ઉદ્દેશમાં અફળ થઈ: ન 'ધતિંગ' અંત આવ્યું કે ન ગુરુને વટલાવી શકાયા. ઊલટું, આ શક્તિએ પંજાબમાં શીખ ધર્મશક્તિ ઉપરાંત શીખ સંઘશક્તિ અને લશ્કરી બળને ઉત્પન્ન કર્યાં.

ગુરુજીવનની એક વાત જરા અશ્રદ્ધેય લાગે છે અને તે આ: મૅકોલિફ કહે છે કે, 'ગુરુ અર્જુને મરતા પહેલાં પોતાના વારસ-પુત્રને કહાવ્યું કે, ક્ષમાશસ્ત્ર ગુરુઓના નિર્મળ પ્રવાહમાં આટલો ફેરફાર કરજે કે હવે પછી શસ્ત્ર ને સેના રાખવાં!' જે પુરુષે ભારેમાં ભારે કસોટીમાં પણ ક્ષમા નથી છોડી, જેણે દંડ સરખો ભરવા પણ માનભેર ઇનકાર કર્યો, જીવનભરમાં જેણે રામનામ ને રામકામ સિવાય બીજી શક્તિમાં શ્રદ્ધા નથી રાખી, એ એના જીવનની ધન્યમાં ધન્ય ઘડીએ શસ્ત્રધારણની શિખામણ આપે? શું એમને એમ લાગ્યું હશે કે હવે પછીના કાળમાં એના વિના આરો નથી? શું પછીના ગુરુઓ અને શીખોની ક્ષમાશક્તિને અને ધર્મતેજને એમણે ઓછાં આંક્યાં હશે? તેમના અંતકાળ વેળા જે શીખો એમની સાથે હતા તેમણે તો શસ્ત્રધારણની વાત





પોતા તરફથી ન ઉમેરી દીધી હોય? ગુરુ હરગોવિંદનો ઇતિહાસ આપતાં મૅકોલિફ ભાઈ બુધા સાથેનો એક સંવાદ આપે છે જે આ બાબતમાં જોવા જેવો છે. ગુરુગાદી પર આવતાં હરગોવિંદે 'Seli' (કશુંક ગુરુચિહ્ન?)ને બદલે શસ્ત્ર લીધાં. વયોવૃદ્ધ ભાઈ બુધાને આ ન ગમ્યું. ધીમેથી તેમણે ગુરુને કહ્યું પણ ખરું કે આ નવો ધારો ગુરુઘરમાં ઠીક નહિ.

હરગોવિંદની માતાની સાથેનો એક સંવાદ પણ જોવા જેવો છે. હરગોવિંદ શસ્ત્ર, ઘોડા, શિકાર વગેરેનો ભારે શોખી હતો. ગાદીએ આવ્યો કે તરત તેણે સૈન્યનો સંગ્રહ આદર્યો હતો. તેના મરણ પહેલાં એના વારસ ગુરુ હરરાયે પૂછ્યું, "ગુરુ, જો તુર્ક લોકો સામે થાય તો શું કરવું?" ગુરુએ કહ્યું, "એની ચિંતા ન કરતો. પ્રભુ શત્રુનો સંહાર કરશે. બે હજાર બસો ઘોડેસવારો હંમેશ રાખજે." હરગોવિંદે પોતે પણ ઠીક લશ્કર રાખેલું. આની કેટલાક તેના 'મસંદો'એ ગુરુમાતા આગળ ફરિયાદ કરી; તેના ઉત્તરમાં માતાએ કહ્યું, "પ્રથમ પાંચ ગુરુઓએ ક્ષમાનો પાઠ શીખવ્યો હતો. છઠ્ઠો ગુરુ — મારો પુત્ર — શસ્ત્ર લે છે. એમાંથી મોડોવહેલો બાદશાહ જોડે ઝઘડો થઈ બેસવાનો. મેં એને આ વિષે ઘણી વાર કહ્યું છે. પણ એ ચાલાક ને ચતુર છે. ઝઘડો થશે તો તે લડી જાણશે."

આ બે સંવાદો એ બતાવવા આપ્યા છે કે શસ્ત્રધારણ ભાઈ બુધા તથા ગુરુની માતાને નહિ ગમેલું. જો ગુરુ અર્જુનના આદેશ પરથી જ એ હોત તો આ બે જણ એ સ્વીકારત; ઉપરના સંવાદમાં એનો ઉલ્લેખ તો કરત જ. વળી, હરગોવિંદના શસ્ત્રધારણના ઇતિહાસમાં ગુરુ અર્જુનના

આદેશનું કાંઈ જ કથન નથી. અને આપણે જોયું કે હરગોવિંદ પોતે ભારે શસ્ત્રશોખી જીવ હતો. એનામાં એટલી ભારે ક્ષમાવૃત્તિ પણ ન હોય. બાદશાહ જોડે એને ઠીક સારાસારી રહી. એના સમયમાં પણ ચંદુ શાહે તેની સામે કાનભંભેરણી ચાલુ રાખેલી. પણ તે બધી બાદશાહ આગળ ઉઘાડી પડી ગઈ ને ચંદુ ગુરુને સોંપાયો. પછી વેરતરસ્યા શીખો તથા ગુરુપ્રેમીઓએ એના એવા તો બેહાલ કર્યા છે! કૂતરાને મોતે એ બિચારો મર્યો. ગુરુ અર્જુનનું વેર વળ્યું એવો મૂઢ સંતોષ સામાન્ય જનતાએ લીધો હશે.

ક્ષમા જ જો ગુરુવરની ઢાલ રહી હોત તો? મને લાગે છે કે, તો હિંદનો, અને ખાસ કરીને તો શીખધર્મનો, આજે જુદો જ ઇતિહાસ હોત. જે સત્ય શાંત સાધનો વડે ગુરુ અર્જુને આખી શિકલ ફેરવી નાંખી એ સાધનોની અસર પંજાબની હદ ઓળંગીને આખા દેશમાં વ્યાપી હોત. પરંતુ શીખોની ધીરજ ધીમે ધીમે ખૂટતી ગઈ. બીજી બાજુથી મુગલ બાદશાહોની ધર્માંધતા પણ એવી જ ધૈર્યહર હતી ને તે પ્રતિપાદશાહ વધતી રહી. અકબરની ઉદાર નીતિ ઔરંગજેબે ઊંધી વાળી, અને એક શાંતિપ્રિય ધર્મસંઘને મોટો યોદ્ધાસંઘ બનાવ્યો. પાછળના એ ઇતિહાસમાં અર્જુનદેવનો સીધો ફાળો નથી. પરંતુ એના પાયામાં રહેલી જે ધર્મશક્તિ ને શુદ્ધ બલિદાન, એમાં એમનો ફાળો અજોડ છે: ભારે ઉદાર, સત્યનિષ્ઠ અને ધર્મતેજથી જળહળતો છે.

પાંચમા શીખગુરુ અર્જુનદેવ, એમની શક્તિ તથા પહોંચ અને જીવનસાફલ્ય જોતાં, જરૂર હિંદના વિરલ મહાપુરુષોમાંના એક હતા એમ સૌ કોઈને લાગશે.

# સુખમની

# અષ્ટપદી ૧

શ્લોક

१ ॐ सतगुरु प्रसाद

'આદિગુરવે નમઃ ।
જુગાદિગુરવે નમઃ ।
સતગુરવે નમઃ ।
શ્રી ગુરુદેવએ નમઃ ॥ [1]

૧

સમર સમર સમર સુખ પામે;
કલિકલેશ તનમાંથી મટાવે.
સમરો એક હરિ વિશ્વંભર,
નામ અનેક જપો અપરંપર.

---

૧. આ મંગળશ્લોક મૂળનો જેમનો તેમ જ લીધો છે. અર્થ સ્પષ્ટ છે.

વેદ પુરાણ સ્મૃતિ સૌ પેખ્યાં,
રામનામ [1]એકાક્ષર દેખ્યાં.
ક્ષણભર મન હરિ માંહી લગાવે,
તેનો મહિમા કહ્યો ન જાયે.
હરિદરશનની જેને પ્યાસા;
તેનો સંગ નાનકની આશા. [ ૧ : ૧ ]

સુખમની[2] સુખ અમૃત પ્રભુનામ
ભક્તજનોનો મનવિશ્રામ. । રહાઉ ।[3]

૨

પ્રભુ સમર્યેથી ગર્ભ ન વસે,
પ્રભુ સમર્યેથી જમદુઃખ નસે.[4]
પ્રભુ સમર્યે કાળભય જાયે,
પ્રભુ સમર્યે શત્રુ નવ થાયે.

---

૧. એકાક્ષર મંત્ર ૐ

૨. 'સુખમની'નો અર્થ 'મનનું સુખ' એમ થાય છે. તેમ જ 'સુખનો મણિ' એમ અર્થ પણ ઘટાવાય છે. સુખ એટલે 'ચિત્તની પ્રસન્નતા, ચિત્તનો પ્રસાદ કે આનંદ' છેઃ સુખ તે માત્ર ઐન્દ્રિય નહિ, પણ માનવ જીવાત્માનું સર્વાંગીણ સુખ — સર્વોત્તમ આનંદ, એમ સમજવું.

૩. રહાઉ=રાખો. ધ્રુવચરણ દર્શાવે છે.

૪. નસવું=નાસવું કે નાશ પામવું





પ્રભુ સ્મરતાં કાંઈ વિઘ્ન ન લાગે,
પ્રભુ સમર્યે મન નિશદિન જાગે.
પ્રભુ સમર્યે ભય કોઈ ન વ્યાપે,
પ્રભુ સમર્યે નવ દુઃખ સંતાપે.
પ્રભુસ્મરણ હોય સાધુસંગ[1]
સર્વનિધાન, નાનક, હરિરંગ. [ ૧ : ૨ ]

૩

પ્રભુ સમર્યે નવનિધિ રિધિસિદ્ધિ,
પ્રભુ સમર્યે જ્ઞાન ધ્યાન તત્ત્વબુદ્ધિ.
પ્રભુસ્મરણ છે જપ તપ પૂજા,
પ્રભુ સમર્યે જાય ભેદભાવ દૂજા.
પ્રભુસ્મરણ તીર્થ સ્નાન સમાન,
પ્રભુ સમર્યે મળે ઈશઘેર માન.
પ્રભુ સમર્યે સૌ હોય ભલાઈ,
પ્રભુ સમર્યે ફળ ઉત્તમ, ભાઈ.
પ્રભુ સમરાવે તે જન સ્મરે,
નાનક તેને ચરણે પડે. [ ૧ : ૩ ]

૪

પ્રભુસ્મરણ છે સૌમાં ઊંચ,
પ્રભુસ્મરણે ઊધરે ઊંચ નીચ.

---

૧. સાધુસંગથી પ્રભુસ્મરણ પ્રાપ્ત થાય છે ને હરિનો રંગ લાગે તો સર્વનિધાનપ્રાપ્તિ જેવું ફળ મળે છે.

પ્રભુસ્મરણે તૃષ્ણા દુઃખ ટળે,
પ્રભુસ્મરણે સૌ મનસા ફળે.
પ્રભુસ્મરણે જાય જમનો ત્રાસ,
પ્રભુસ્મરણે પૂરે સૌ આશ.
પ્રભુસ્મરણે મનનો મળ જાય,
અમૃતનામ હૃદ માંહ્ય સમાય.
સાધુની જીભ પર પ્રભુનો વાસ,
નાનક, બન તું તેનો દાસ. [ ૧ : ૪ ]

૫

પ્રભુ સ્મરતો જન સાચો ધની,
પ્રભુ સ્મરતો જન યશનો મણિ.
પ્રભુ સ્મરનાર સૌને પરમાણ,
પ્રભુ સ્મરનાર જન શ્રેષ્ઠ પ્રધાન.
પ્રભુ સ્મરનાર જન બેમુહતાજ,[૧]
પ્રભુ સ્મનાર જન સૌનો રાજ.
પ્રભુ સ્મરનારા સુખમાં વસે,
પ્રભુ સ્મરનાર જન્મે નવ મરે.
પ્રભુની દયા જે પર તે સ્મરે,
નાનક તેની પદરજ ચહે. [ ૧ : ૫ ]

---

૧. બેમુહતાજ = ગરીબ–લાચાર નહીં એવો.





૬

પ્રભુ સ્મરતો છે પર ઉપકારી,
પ્રભુ સ્મરતાની સદા બલિહારી.
પ્રભુસ્મરણે મુખ શોભા તેજ,
જીવનભર સુખ શાંતિ વિશેક.
પ્રભુસ્મરણે હોય મનનો જય,
પ્રભુસ્મરણે હોય ચિતમલક્ષય.
પ્રભુસ્મરણે આનંદ ઘણેરો,
પ્રભુસ્મરણથી હોય હરિ નેરો[૧]
સંતકૃપાથી નિશદિન જાગ,[૨]
નાનક 'સિમરન' પૂર્ણ સુહાગ. [ ૧ : ૬ ]

૭

પ્રભુસ્મરણ સૌ કારજ પૂરે,
પ્રભુસ્મરણે જીવ કદી નવ ઝૂરે.
પ્રભુ સમર્યે વદે હરિગુણ વાણી,
વૃત્તિ પ્રભુમાં સહજ સમાણી.
પ્રભુસ્મરણે હોય નિશ્ચલ મન,
પ્રભુસ્મરણે હોય હૃદયવિકાસન.
પ્રભુસ્મરણે હોય અનહત નાદ,
પ્રભુસ્મરણે સુખનો નહિ તાગ.

---

૧. નેરો–ઓરો, પાસે, નજીક.
૨. જાગૃતિ, અપ્રમાદ. અથવા આજ્ઞાર્થઃ તું જાગ.

સમરે તે જે (જન) પર પ્રભુદયા,
નાનક તેને શરણે ગયા. [૧ : ૭]

૮

હરિસ્મરણે ભકતો પંકાયા,
હરિસ્મરણે સૌ વેદ રચાયા.
હરિસ્મરણે હોય સિધ જતિ દાતા,
હરિસ્મરણે નીચનીચ પ્રતિષ્ઠા.
હરિસ્મરણે અહિ ભાર વહંતો,
આપ સ્મરણ કરી વિધિ રચંતો.[૧]
હરિ સ્મરવા કર્યો સકળ આકાર,
સ્મરણ માંહ્ય છે અપરંપાર.
હરિ કૃપાળ જેને સમજાવે
હૃદય સ્મરણની ભૂખ જગાવે;
નાનક, તે જન મટી મનમુખ,
પામે સ્મરણ, થાય ગુરુમુખ. [૧ : ૮]

૧. આ બે કડીનો બીજો અર્થ આમ પણ થાય છે : ‘હરિસ્મરણથી આ જગતનું ધારણ થાય છે. (શેષના ઉલ્લેખનો અર્થ નથી પણ લેવાતો.) અને ‘કરણ કારણ જગનો તે છે, તેનું સ્મરણ કરો.’
[ सिमरि सिमरि हरि कारन करना ]



## અષ્ટપદી ૨

શ્લોક

દીન-દરદ-દુઃખ-ભંજના,
ઘટ ઘટ નાથ અનાથ,
પ્રભુ, શરણ તવ આવિયો,
નાનકને દો સાથ.

૧

જ્યાં માતપિતા સુતમિત્ર ન ભાઈ,
મન, નામ ત્યહાં તુજસંગ સહાઈ.
જ્યાં મહા ભયંકર જમદૂત દલે,
નામ સંગ ત્યાં કેવળ ચલે.
જ્યાં મુશ્કેલી હોય અતિ ભારી,
નામ ઉધારે ત્યાં ક્ષણ માંહી.

પુરશ્ચરણ કોથી નવ તરે,
હરિનામ અઘ કોટિ હરે.
ગુરુમુખ બન, જપ નામ, મન મેરા,
નાનક, મળશે સુખ ઘણેરાં. [ ૨ : ૧ ]

૨

સકળ સૃષ્ટિનો રાજા દુખિયો,
નામ જપત એક હોયે સુખિયો.
લાખ કરોડો બંધન પળશે,
હરિનામ લેતાં સૌ ટળશે.
માયારંગ અપાર ન ઠારે,
તે તૃષ્ણાને હરિજપ જારે[1]
એકલ જગને માર્ગ[2] જવાનું,
નામ તહીં તુજ સંગ થવાનું.
એવું નામ સદા મન ધારે,
નાનક, ગુરુમુખ સુગતિ સિધારે. [ ૨ : ૨ ]

૩

કોટિ ભુજાનું બળ નહિ તારે,
નામજપન ત્યાં પાર ઉતારે.
વિઘ્ન ઘણેરાં જહીં સંહારે,
હરિનું નામ તત્કાળ ઉધારે.

૧. જારવું = જીર્ણ કરવું, ક્ષીણ કરી નાખવું, ઘસી કાઢવું.
૨. મરણ પછી અને સાધનામાં પણ, એમ ઘટાવાય.





અનેક યોનિ જન્મે ને મરે,
નામ જપ્યે શાંતિથી ઠરે.
મન-મળ અહંભાવ નવ તજે,
હરિને નામ કોટિ મળ મટે.
એવું નામ જપ, ધર મન રંગ,
નાનક, પામો સાધુને સંગ. [ ૨ : ૩ ]

૪

જે મારગના કોસ અમાપ,
હરિનું નામ તહીં સંગત સાથ.
જે રસ્તે અંધારું ઘોર,
હરિનું નામ સંગ દીપક-દોર.[1]
જે પંથે કોઈ નવ ઓળખાણ,
હરિનું નામ તુજ સંગ પિછાણ.
મહા ઘોર જ્યાં ગરમી તાપ,
હરિનું નામ ત્યાં તુજ પર છાત.[2]
રે મન, જ્યાં છે પીડતી તૃષા,
ત્યાં નાનક, હરિ અમૃતવૃષા.[3]

૧. ત્યાં સંગમાં હરિનું નામ દીપકરૂપી દોરનાર છે. દોર = દોરનાર, ભોમિયો.
૨. છત્રી.
૩. હરિનામરૂપી અમૃતની વર્ષા ત્યાં છે.

૫

નામજપન ભક્તોનું કામ,
સંતજનોનો મન-વિશ્રામ.
હરિનું નામ હોય દાસની ઓથ,
હરિને નામ ઊધરે જન કોટ.[૧]
હરિજશ સંત અહોનિશ ગાયે,
ઔષધ હરિજનનું એ થાયે.
હરિજનનું હરિનામ નિધાન,
પારબ્રહ્મ પ્રભુએ દીધ દાન.
લાગ્યાં તનમન (જેનાં) પ્રભુરંગ એક,
નાનક, લાધ્યો તે જ વિવેક. [ ૨ : ૫ ]

૬

હરિનું નામ જન-મુક્તિ-ઉપાય,
હરિને નામ ભુક્તિ તૃપ્તિ સધાય.
હરિને નામ રૂપ શોભે રંગ,
નામ જપ્યે ન પડે કદી ભંગ[૨].
હરિનામે જન કીર્તિ વરંતા,
હરિનામે જન શોભાવંતા.

---

૧. કોટિ.

૨. નામ જપ્યે કશામાં ભંગ પડતો — કાંઈ કથળતું નથી.





હરિનામે જડે જોગ ને ભોગ,
નામ જપ્યે નહિ કાંઈ વિયોગ.
શ્રી હરિનામ રટણરત એવા,
નાનક, પૂજે તે હરિદેવા.[૧] [ ૨ : ૬ ]

૭

હરિ હરિજનનો માલખજીનો —
હરિધન — જનને સ્વયં પ્રભુ 'દીનો.'
હરિ હરિજનનો આશ્રય બળ છે,
હરિપ્રતાપ વિણ દૂજે ન મન છે.
ઓતપ્રોત જન હરિરસરાતા,
શૂન્યસમાધિ નામરસમાતા.
આઠ પ્રહર જન હરિ હરિ જપે,
હરિનો ભક્ત પ્રગટ, નહિ છપે.
હરિભક્તિએ મુક્ત બહુ કર્યા,
સાધુસંગ, નાનક, બહુ તર્યા. [ ૨ : ૭ ]

૮

કલ્પવૃક્ષ ઈહ હરિનું નામ,
કામધેનુ હરિગુણનું ગાન.
સૌમાં ઉત્તમ હરિની કથા,
નામ સુણ્યે જાય દુઃખ ને વ્યથા.

---

૧ એવો અર્થ પણ કરે છે કે, 'નાનક પૂજે તેને સૌ દેવા' અથવા 'નાનક પૂજે તેને ગણી દેવા.'

નામ–મહિમા સંતહૃદયે વસે,
સંતપ્રતાપ પાપો સૌ નસે.
સંતસંગ બડભાગીને મળે,
નામધ્યાન સંત સેવ્યે રળે.
નામ તુલ્ય કશું અવર ન હોય,
નાનક, ગુરુમુખ પામે કોય. [ ૨ : ૮ ]



## અષ્ટપદી ૩

શ્લોક

શાસ્ત્રસ્મૃતિ સૌ પેખીને
કીધો સર્વનો તોલ,
હરિહર પૂજ્ય, અવર નહિ,
કહે નાનક નામ અમોલ.

૧

જપ તપ ધ્યાન અને સૌ જ્ઞાન,
ખટ દર્શન ને સ્મૃતિ વ્યાખ્યાન;
યોગાભ્યાસ કર્મધર્મ ક્રિયા,
સકળ ત્યાગ, વનવાસે સિધ્યા.[1]

1. જપ, તપ, ધ્યાન, ... ત્યાગ અને વનવાસેય સીધ્યા = સિદ્ધ થયા,— આ બધાં સાધનો તમે સાધ્યાં, એમ અર્થ છે.

બહુ પ્રકાર બીજા વળી યત્ન,
પુણ્ય હવન દાન બહુ રત્ન;
કાપી કાપી હોમે કાયા,
વ્રત ને નેમની બહુવિધ માયા,—
ના તોલે, વડું નામ વિચાર,
નાનક, ગુરુમુખ જપે જે એક વાર. [ ૩ : ૧ ]

૨

જીવે ઘણું, પૃથ્વી સૌ ફરે,
કે મહા ઉદાસી તપસ્યા કરે;
અગ્નિ માંહ્યે હોમે પ્રાણ,
ઉત્તમ અશ્વ હેમ ભૂમિ દાન;
નૌલીકર્મ કરે બહુ આસન,
કે જૈનીનાં સંયમ સાધન;
પ્રતિપળ શરીર કપાવ્યે જાય,
તોય અહંમળ મનથી ન જાય.
હરિના નામ તુલ્ય નહિ કોય.
નાનક, ગુરુમુખ જપે ગતિ હોય. [ ૩ : ૨ ]

૩

ઇચ્છે કે તીર્થે તન છૂટે,
(પણ) ગર્વગુમાન મનથી નવ તૂટે.
શૌચ નિયમ દિનરાત પળાયે,
મનનો મલ તોય તનથી ન જાયે.





આ દેહે તું બહુ કષ્ટાય,
મનથી તોય નવ વિષયો જાય.
જળથી ધુએ બહુ દેહ અનીત,
શુદ્ધ કેમ થાયે કાચી ભીંત?
રે મન નામનો મહિમા ઊંચો,
નાનક, (નામે) ઊધરે પાપી સપૂચો.[1] [ ૩ : ૩ ]

૪

બહુ શાણપ (પણ) જમભય ના હરે,
અનેક યત્ન તૃષ્ણા નવ જરે.
ભેખ અનેકે (તૃષ્ણારૂપી) અગ્નિ ન ઠરે,
કોટિ ઉપાય પ્રભુઘર નવ પળે.
નવ લહે કર્યો આકાશ પાતાલ,
જ્યાં લગી ફસ્યો મૂઢ માયાજાલ.
અવર (કંઈ) કર્યે જમદંડ ન જાય,
એક હરિ ભજ, જમથી છુટાય.
હરિનું નામ જપ્યે દુઃખ જાયે,
નાનક, (નામ) બોલે સહજ સ્વભાવે. [ ૩ : ૪ ]

---

૧. સપૂચો—પૂરેપૂરો પાપી ઊધરે, યા પાપી પૂરેપૂરો ઊધરી જાય, એમ અર્થ લેવાય.

૫

ચાર[1] પદારથ જે કો માગે,
સાધુજન-સેવા મહીં લાગે.
જે ચાહે દુઃખ કરવા દૂર,
હરિ હરિ કરે હૃદયનો સૂર.
જે કો નિજની શોભા ચાહે,
કરી સત્સંગ અહંતા ત્યાગે.
જે કોઈ જન્મમરણથી ડરે,
સાધુજનોને શરણે પડે.
પ્રભુદર્શનની જેને પ્યાસ,
ધન્ય ધન્ય, નાનક તે દાસ. [ ૩ : ૫ ]

૬

સર્વોત્તમ તે પુરુષ કહાવે,
સાધુસંગ કરી અહમ મિટાવે.
બની નમ્ર નિજને લહે નીચ,
તે જ ગણાયે સૌને શીશ.
મનથી સૌની ચરણરજ દાસ,
તે લહે ઘટ ઘટ હરિનો વ્યાપ.
નિજ મનથી જે તજે બૂરાઈ,
સકલ સૃષ્ટિ તેને ભલી જણાઈ.

૧. કામ, અર્થ, ધર્મ, મોક્ષ એ ચાર.





સુખ દુઃખ જે સરખાં મન માને,
પાપપુણ્ય, નાનક નવ જાણે [ ૩ : ૬ ]

૭

નિર્ધનનું ધન નામ તહારું,
ઘર વિણને પ્રભુ ધામ વિશાળું.
નિર્માનીનું તું છે માન,
સકળ જીવને દે તું દાન.
કરતો કારવતો પ્રભુ સ્વામી,
સકળ ઘટોનો અંતરયામી.
તારી ગતિમતિ તું એક જાણે,
આપણ આપ મગન થઈ માણે.
તારી સ્તુતિ એક તુંથી થાય,
નાનક અવર ન કોથી કથાય. [ ૩ : ૭ ]

૮

સૌ ધર્મોમાં ઉત્તમ ધર્મ—
નામજપન[1] ને નિર્મલ કર્મ.
સર્વ ક્રિયામાં ઉત્તમ કાજ—
સાધુસંગ દુર્મતિમળ ત્યાજ.

૧ 'નામજપન જે નિર્મળ કર્મ છે' એવો અર્થ પણ કેટલાક કરે છે.

સૌ ઉદ્યમમાં ઉદ્યમ ખરો—
હરિનું નામ સદા મન ધરો.
સકળ વાણીમાં અમૃત વાણી—
સુણી હરિકીર્તિ મુખથી વખાણી.
સૌ સ્થાનોમાં ઉત્તમ સ્થાન—
જે ઘટ, નાનક, વસે ગુણગાન. [ ૩ : ૮ ]



## અષ્ટપદી ૪

શ્લોક

નિર્ગુણ જીવ અબોધ તું,
    સદા પ્રભુ સંભાર,
કર્તા તારો ચિત્ત ધર,
    નાનક, અંત સહાય.

૧

ચિંતન કર ગુણ પ્રભુના, પ્રાણી :
કોણ મૂળ, કોણ અંતરજાણી;[૧]
કોણે શરીર રચ્યું શણગાર્યું,
ગર્ભ–અગનમાંયે સંભાળ્યું;
બાળપણામાં દૂધ પહોંચાડ્યું,
જોબનમાં ભોજન સુખ સાજ્યું.[૨]

૧. અંતરની જાણવાળા — અંતર્યામી. ૨. સાજવું= સજ્જ કરવું.

વૃદ્ધ થયો ત્યારે સેવક સગાં,
બેઠ બેઠ ખાવાનાં હવાં.
પણ નગુણા, ગુણ તું નવ લહે,
ક્ષમા કરો, નાનક, તવ તરે. [ ૪ : ૧ ]

૨

પ્રભુકિરપા અહીં સુખથી વસે,
સુત મિત ભાઈ વનિતા સંગ હસે;
શીતળ જળ કિરપાએ પીએ,
પાવક પવન અમૂલ સુખ દીએ;
ખટરસ જેને પ્રસાદે જમે,
સામગ્રી સૌ સંગ લઈ રમે.
કર પદ નયન શ્રવણ રસના–નો
દાતા તજી સંગ કર્યો બીજાનો.
મૂઢ અંધ દોષિત એ પ્રાણી,
નાનક, તાર દયા, પ્રભુ, આણી. [ ૪ : ૨ ]

૩

આદિ અંત જે રક્ષણ કરતો,
તે શું, ગમાર, પ્રીત નવ ધરતો.
જે સેવ્યે ઘર નવનિધિ આવે,
તેને મૂરખ મન નવ લાવે.
જે સમયે હોય ઈશ્વર માન,
તેને વીસરે મૂઢ અજાણ.





જે ઈશ્વર હર ઘડીએ હજૂર,
અંધો કહે, તે રહે છે દૂર.
સદા સદા જીવ ભૂલણહાર,
નાનક, રાખણહાર અપાર. [ ૪ : ૩ ]

૪

રતન છોડી કોડી સંગ રચ્યો,
સાચ છોડી જૂઠ સંગ મચ્યો.
જે અધ્રુવ તે ધ્રુવ કરી ઝાલે,
મરણ ધ્રુવ મનથી પરું કાઢ્યું.
જે જનાર તેમાં મરી મથ્યો,
અંતસહાય રામ તે ત્યજ્યો.
ચંદનલેપ ઉતારે ધોઈ,—
ગર્ધવ–પ્રીત ભસ્મ સંગ હોઈ.
અંધકૂપ વિકરાળે પડ્યો,
પ્રભુ દયાળ, નાનક બાંચ ગ્રહો. [ ૪ : ૪ ]

૫

માનવ થઈ કરે પાશવ કૃતિ,
રાતદિન રત પર નિંદા સ્તુતિ.
બહાર ભેખ, અંતર મળ માયા,
કોટિ ઉપાય ન રહે છુપાયા.
બહાર જ્ઞાન ધ્યાન ને સ્નાન,
અંતર વ્યાપે લોભસમ શ્વાન.

## અષ્ટપદી ૫

શ્લોક

દાતા શ્રીપ્રભુ છાંડીને
    કરે અન્યશું વહાલ,
નાનક, કશું નહિ ફાવશે,
    વણુ ભજને બેહાલ.

૧

દસ વસ્તુ[૧] ઈશ્વરની દીધી;
    પણ કાંઈ મનસા જો નવ સીધી,
તો ભૂલે દસનો ઉપકાર,
    કરે ખોટાઈ, ન ભજે દાતાર.
એક ન દે, દસ જો લઈ લેય,
તોપણ, મૂઢ, કહે (તું) શું કરેય?

---

૧. ઇંદ્રિયો.





એ ઠાકોર, તારું ત્યાં નહિ ચલણ;
તેને કર તું સદાયે નમન.
જેને પ્રભુસુખ લાગ્યું મીઠું,
સૌ સુખ તેણે મનથી દીઠું.
જે જનને હરિ હુકમ પળાવે,
નાનક, તે સઘળાં સુખ પામે. [૫ : ૧]

૨

અગણિત ધનનો એ ભંડાર,
જીવ સહુનો એ દાતાર;
એ દે તો સૌ ખાય ને પીએ,
    આનંદ ઉલ્લાસે જીવન જીવે.
રાખી અનામત જીવની પાસ,
    ચાહે કદી કરી લે નિજ પાસ.[૧]
તો તું મનમાં અતિ રોષાય,
    અજ્ઞાની, તે શેં અધિકાર?
જાતે ખુએ નિજનો પતિયાર,
    ફરી ન રહે પ્રભુ તેનો યાર.
પણ દીધી જે મનથી ત્યજે,
    જેની છે તેની આગે ધરે; —
એમ આજ્ઞા પ્રભુની મન લહે,
    શિર પર ધરી તેને અનુકૂળે;[૨]

---

૧. પોતાની પાસે કરી લે = જીવનું મરણ કરે.
૨. અનુકૂળવું સ. ક્રિ. અનુકૂળ થવું, –ની પ્રમાણે વર્તવું

વિના નામ ફોગટ તનુ અંધ,
તે મુખથી નીકળે દુર્ગંધ.
વિના સ્મરણ દિન(રાત) એળે જાય,
મેઘ વિના ખેતી જેમ થાય.
વિણ ભજને નિષ્ફળ સહુ કામ,
જેમ કૃપણનું નિરર્થક દામ.
ધંન ધંન જન જે ઘટ હરિ વસે,
નાનક, તેને વારી જશે. [૫ : ૬]

૭

રહેણી એક કરણી હોય બીજી,
મન નહિ પ્રીત, તોય વાણી મીઠી.
પ્રભુ પ્રવીણ અંતર સૌ જાણે,
બાહ્ય વેશને નવ પહિચાને.
પરને કહે, પોતે નવ કરે,
આવે જાય — જનમે ને મરે.
જેને અંતર વસે નિરંકાર,
શીખ તેનીએ તરે સંસાર.
જે પર, પ્રભુ, તારો ભાવ દયાળ,
જેમ રાખે તેમ કરે બહાલ;[૧]

૧. બહાલ કરે=બહાલી આપે. પ્રભુ જેમ રાખે તેમાં સંમતિપૂર્વક માણે, તે જનને....





તે જનને છે પ્રભુનું જ્ઞાન,
નાનક, પડ તું તે જન પાય. [૫ : ૭]

૮

પારબ્રહ્મ (સૌ) જાણે, કર જોડ;
આપે કર્યું આપે અનુમોદ.[૧]
આપ હિ ખુદ કરે કર્મ-નિવેડો,[૨]
કોને દૂર દીસે, વળી ઓરો.[૩]
નહિ કરતૂત કાંઈ ચાલ ઉપાય,
જીવની તોય ગતિ જાણનહાર.[૪]
ભાવે ભજે તેને ગોદ લગાવે,
સ્થાન સ્થાન વસે, અણુ અણુ વ્યાપે.
તે સેવક, જેને [૫]કિરપા મળી,
નિમિષ નિમિષ, નાનક, જપ હરિ. [૫ : ૮]

૧. અનુમોદવું=અનુમોદન આપવું, પસંદ રાખવું. તેણે સૃષ્ટિ રચી છે ને તે તેને ચલાવે છે.

૨. કર્મનાં ફળનો ફેંસલો.

૩. પાસે. (કોઈને વળી પાસે દીસે છે.)

૪. કશી યુક્તિપ્રયુક્તિ વગર જ તે અંતરયામી જીવનું સૌ જાણે છે.

૫. જેની પર પ્રભુની કિરપા ઊતરી છે તે સેવક છે.

## અષ્ટપદી ૬

શ્લોક

કામ, ક્રોધ, ને લોભ, મોહ,
વિનશી જાય અહમેવ;
નાનક પ્રભુ શરણાગત,
કરો કૃપા ગુરુદેવ.

૧

છત્રીસ રસ[1] જેની કિરપા જમે,
તે ઠાકોરને ધર મન મધે.
જેને પ્રસાદ તન તેલ સુગંધ (ચોળે),
સ્મર તેને, જાયે ભવબંધ.

૧. એટલે, અનેક પ્રકારની સ્વાદુ વાનીઓ.





જેને પ્રસાદ વસે સુખ મંદિર,
તેને ધ્યાય[1] સદા મન-મંદિર.
જેને પ્રસાદ ઘેર સુખથી વસે,
આઠ પહોર જપ તેને, સખે.
જેને પ્રસાદ માણે રંગ રસ ભોગ,
નાનક, સદા પ્રભુ ધ્યાનનજોગ. [ ૬ : ૧ ]

૨

જેને પ્રસાદ ચીર રેશમ પહેરે,
ત્યજી તેને કેમ અવર સનેહે ?[2]
જેને પ્રસાદ સુએ સુખ સેજે,
આઠ પ્રહર જશ તેના કહેજે.
જેને પ્રસાદ થાય તારું સન્માન,
તેનો જશ[3] મૂળ; મુખે વખાણ.
જેને પ્રસાદ રહે તારો ધર્મ,
(મન) સદા ધ્યાય[1] કેવળ પારબ્રહ્મ.
જાપ્યે પ્રભુદરબારે થાય સન્માન,
નાનક, પતથી જાય નિજધામ. [ ૬ : ૨ ]

૧. ધ્યાવું=ધ્યાન ધરવું [ધ્યૈ] પરથી, 'ધ્યાન ધર' એવો અર્થ.

૨. સનેહવું = સ્નેહ કરવો.

૩. એમાં મૂળ જશ તે પ્રભુનો છે.

૩

જેને પ્રસાદ અરોગ કંચન-દેહી,
સ્મર એકાગ્ર તે રામ સનેહી.
જેને પ્રસાદ તારી માઝા રહે,
મન, સુખ પામીશ, હરિ હરિ કહે.
જેને પ્રસાદ (તારાં) છપે સૌ છિદ્ર,
તે ઠાકુર શરણું ગ્રહ શીઘ્ર.
જેને પ્રસાદ તને કોઈ ન પહૂંચે,
શ્વાસ શ્વાસ સ્મર, (પ્રભુ) સૌમાં ઊંચે.
જેને પ્રસાદ તારો દુર્લભ દેહ,
નાનક, કર તેની ભક્તિ હમેશ. [ ૬ : ૩ ]

૪

જેને પ્રસાદ આભૂષણ ધરે,
સ્મરતાં, મન, આળસ કેમ કરે?
જેને પ્રસાદ હયહાથી સવાર,
તેને, રે મન, કદી ન વિસાર.
જેને પ્રસાદ ધનવાડી વજીફા,
રાખ પ્રોઈ પ્રભુમાં મન અપના.
જે પ્રભુ તારી રચના કરી,
સદા ધ્યાય, મન, વિસર ન ઘડી.
અલખ એક પ્રભુ જે નિરાકાર,
તેનું ધ્યાન ધરો ચિરકાળ;





ઉભય લોક નાનક, તો તરે,
ઇહ અમુત્ર ચિંતા તવ ટળે. [ ૬ : ૪ ]

૫

જેને પ્રસાદ કરે પુણ્ય બહુ દાન,
મન, ધર આઠ પ્રહર તે ધ્યાન.
જેને પ્રસાદ તારો આહાર વહેવાર,
તે પ્રભુને પ્રતિસાસ સંભાર.
જેને પ્રસાદ તારું સુંદર રૂપ,
સદા સમર પ્રભુ તેહ અનુપ.
જેને પ્રસાદ મળ્યો મનખાદેહ,
સદા સમર દિનરાત્રી તેહ.
જેને પ્રસાદ તારી પત રહે,
ગુરુપ્રસાદ, નાનક, ગુણ કહે. [ ૬ : ૫ ]

૬

જેની કિરપાએ કાનથી સુણે,
જેની કિરપાએ (આંખે) અચરજ જુએ;
જેની કિરપાએ વદે અમૃતવાણી,
જેની કિરપાએ સુખચેન નિવાસી;
જેની કિરપાએ હાથપગ સૌ ચાલે,
જેની કિરપાએ ઉત્તમ ફળ પામે;

જેની કિરપાએ પરમ ગતિ થાય,
જેની કિરપાએ સુખ સહજે સમાય,—
એવા પ્રભુ છાંડી લાગે આન;[1]
ગુરુપ્રસાદ, નાનક, મન ભાન. [ ૬ : ૬ ]

૭

જેને પ્રસાદ જન્મ્યો ( તું ) સંસારે,
તે પ્રભુને મન કદી ન વિસારે.
જેને પ્રસાદ તારો જગમાં પ્રતાપ,
રે મન મૂઢ, કર તેનો જાપ.
જેને પ્રસાદ તારાં કારજ સધે,
સદા હજૂર એ; મન, તે લહે.
જેને પ્રસાદ તું પામે સાચ,
રે મન મુજ, તું તે સંગ રાચ.
જેને પ્રસાદ હોય સૌની ગતિ,
નાનક, પામે હરિહરિ જપી. [ ૬ : ૭ ]

૮

આપ જપાવે તો જન જપે,
આપ કહાવે તો (હરિ) ગુણ કહે.

---

૧. આન = અન્ય. એવા પ્રભુને છાંડીને અન્યને વળગે છે. નાનક કહે, ગુરુપ્રસાદ હોય તો મનને ભાન આવે — પ્રમાદમાંથી તે જાગેઃ આમ અર્થ છે.





પ્રભુ કૃપાળ જન પામે પ્રકાશ,[1]
પ્રભુ દયાળ હૃત્કમળ વિકાસ.
પ્રભુ-પ્રસાદ મન આપ બિરાજે,
પ્રભુ દયાળ મતિ ઉત્તમ થાયે.
સર્વનિધાન પ્રભુ, તારી દયા;
તે વિણ કો કદી આપે ભયા ?[2]
ફળ પામે જે આપે સાંઈ,
નાનક , જીવને હાથ ન કાંઈ. [ ૬ : ૮ ]

---

૧. પ્રભુ દયાળ હોય, પ્રભુ કૃપાળ હોય તો, જન પ્રકાશ પામે વગેરે, એમ અન્વય છે.

૨. તે પ્રભુ — તેની દયા વિના જાતે કોણ કદી ભયો ભયો થયા છે ?

## અષ્ટપદી ૭

શ્લોક

અગમ અગાધ પરબ્રહ્મ એ,
જપત મુક્તિફળ હોય;
સુણ મિત્ર નાનક વીનતી :
મહિમા સાધુનોય.

૧

સાધુસંગે મુખ ઉજ્જવળ થાય,
સાધુસંગે મળ સૌ ધોવાય;
સાધુસંગ મટે અભિમાન,
સાધુસંગ પ્રગટે શુભ જ્ઞાન.
સાધુસંગ પ્રભુ લાગે પાસ,
સાધુસંગ સંશય સૌ નાશ.





સાધુસંગ પામે નામરતંન,
સાધુસંગ પ્રભુ કાજ જતંન.
સાધુમહિમા વરણે કો પ્રાણી ?
(સાધુની) શોભા, નાનક, પ્રભુમાં જ સમાણી. [૭ : ૧]

૨

સાધુને સંગ અગોચર જુએ,
સાધુને સંગ સદા પરફુલે[૧].
સાધુસંગ અરિપંચક[૨] જાય,
સાધુસંગ અમૃતરસ ખાય.
સાધુસંગ બને (સૌના) પગની ધૂળ,
સાધુસંગ વદે વેણ મધુર.
સાધુસંગ નવ અહીંતહીં ભમે,
સાધુસંગ મન નિશ્ચલ બને.
સાધુસંગ રહે માયાથી ભિન્ન,
સાધુસંગ, નાનક, પ્રભુ સુપ્રસન્ન. [૭ : ૨]

૩

સાધુસંગે દુશ્મન સૌ મીત[૩]
સાધુસંગે થયા મહા પુનિત.

---

૧. પ્રફુલ્લવું, પ્રફુલ્લ થવું.
૨. કામ, ક્રોધ, લોભ, મોહ, ને મત્સર.
૩. મિત્ર.

સાધુસંગે નવ કો સંગ વેર,
સાધુસંગે વિપથ નવ પેર.[1]
સાધુસંગે નવ રહે કોઈ મંદ,
સાધુસંગે હોય પરમાનંદ.
સાધુસંગ ટળે ત્રણ તાપ,
સાધુસંગ ત્યજે અહમાપ.[2]
એક પ્રભુને સાધુમહિમાજ્ઞાન,
નાનક, સાધુ પ્રભુ બેઉ સમાન. [ ૭ : ૩ ]

૪

સાધુસંગ મન કદી નવ ચળે,
સાધુસંગ સુખ સદાયે મળે.
સાધુસંગ અગોચર જડે,
સાધુને સંગ અસહ્યને સહે.
સાધુને સંગ વસે ઊંચ સ્થાન,
સાધુને સંગ પળે પ્રભુધામ.
સાધુનો સંગ દઢાવે[3] સૌ ધર્મ,
સાધુસંગ ચીને પારબ્રહ્મ.
સાધુસંગ મળે નામનિધાન,
નાનક સાધુ પર કુરબાન. [ ૭ : ૪ ]

---

૧. પગ.
૨. અહમ્+આપ = અહંકાર કે હુંપદ.
૩. દઢાવે = દઢ કરે.





૫

સાધુને સંગ સૌ કુલ ઉદ્ધરે,
સાજન મિત્ર કુટુંબ નિસ્તરે;
સાધુને સંગ ધન એવું મળે,
જેથી જન સૌને ઉપકરે[1].
સત્સંગીની ધર્મરાય કરે સેવા,
સત્સંગીની વરણે સુર શોભા.
સત્સંગથી પાપો દૂર પળે,
સત્સંગથી અમૃતગુણ કહે.
સત્સંગથી હોય સૌ સ્થળ ગતિ,
નાનક, સફળ જન્મ તે થકી. [ ૭ : ૫ ]

૬

સાધુને સંગ ન રહે ધમાલ,
દરશી[2] ભેટીને હોય નિહાલ.
સાધુસંગ કલુષ મળ હરે,
સાધુસંગ નરકભય ટળે.
સત્સંગી ઉભ લોકે સુખી,
સત્સંગે ફરી હરિસન્મુખી[3].

---

૧. ઉપકાર કરવો. જેથી તે સૌ પર ઉપકાર કરે.
૨. દરશવું = દર્શન કરવાં, જોવું.
૩. હરિથી છૂટો પડેલો જીવ ફરી હરિની સન્મુખ જાય છે — નિજધામ પહોંચે છે.

જે ઇચ્છે તેવાં ફળ મળે,
સાધુસંગ મિથ્યા નવ હવે.
પારબ્રહ્મ વસે સાધુહૃદે,
નાનક, સુણી સાધુવાણી તરે. [૭ : ૬]

૭

સત્સંગે સુણે હરિનું નામ,
સત્સંગે થાય હરિગુણગાન.
સત્સંગે નહિ નામવિસાર,
સત્સંગે હોય જરૂર નિસ્તાર.
સત્સંગથી પ્રભુ લાગે મીઠો,
સત્સંગથી પ્રભુ ઘટ ઘટ દીઠો.
સત્સંગથી પ્રભુઆજ્ઞાકારી[1],
સત્સંગથી થઈ ગતિ અમારી.
સત્સંગેથી મટે સૌ રોગ,
નાનક, સાધુભેટ કોઈ પૂર્વસુયોગ. [૭ : ૭]

૮

સાધુમહિમા નવ જાણે વેદ,
સુણ્યો તેટલો વરણે[2] તેહ.

---

૧. જીવ પ્રભુઆજ્ઞા પ્રમાણે વર્તે છે, એ અર્થ છે.
૨. વર્ણન કરે.





સાધુનો મહિમા ત્રિગુણથી દૂર,
સાધુનો મહિમા રહ્યો ભરપૂર.
સાધુની શોભાનો નહિ અંત,
સાધુની શોભા સદા અનંત.
સાધુની શોભા સૌમાં ઊંચી,
સાધુની શોભા સૌમાં ભૂરિ.[1]
સાધુની શોભા અનુપ અનેક,
પ્રભુ સાધુમાં, નાનક, નહિ ભેદ. [૭ : ૮]

---

૧. ભૂરિ = ભારે; ખૂબ.

## અષ્ટપદી ૮

શ્લોક

મન સાચું, મુખ સાચું હોય;
અન્ય ન પેખે પ્રભુ વિણુ કોય;
કહે નાનક જેનાં લક્ષણુ એહ,
બ્રહ્મજ્ઞાની ગણાયે તેહ.

૧

બ્રહ્મજ્ઞાની હોય સદા નિર્લેપ,
રહે કમળ જેમ જળથી અલેપ.
બ્રહ્મજ્ઞાની હોય સદા અદોષ,
સૂર્ય કરે જેમ સૌનો શોષ.
બ્રહ્મજ્ઞાની[1] સદા સમદૃષ્ટિ,
વાયુ જેમ, રાયરંક સૌ સૃષ્ટિ.

૧. વાયુ જેમ, બ્રહ્મજ્ઞાની રાયરંક સૌ સૃષ્ટિ (પ્રત્યે) સદા સમદૃષ્ટિ (હોય છે) એમ અન્વય છે.





બ્રહ્મજ્ઞાની સુખદુખે સમ એક,
ધરતી (જેમ) ખોદો, કરો ચંદનલેપ.
બ્રહ્મજ્ઞાનીનો સહજ સ્વભાવઃ-
નાનક, પાવકવત્ સમભાવ. [૮ : ૧]

૨

બ્રહ્મજ્ઞાની નિર્મળથી નિર્મળ,
જળને જેમ અડે નવ કો મળ.
બ્રહ્મજ્ઞાની મન હોય પ્રકાશ,
જેમ ધરતી પર છે આકાશ.
અરિ મિત્ર સૌ તેને સમાન,
બ્રહ્મજ્ઞાનીને નહિ અભિમાન.
બ્રહ્મજ્ઞાની ઊંચમાં ઊંચ,
પોતે માને સૌમાં નીચ.
બ્રહ્મજ્ઞાની તે જન બને,
નાનક, જે પર (પ્રભુ) કિરપા કરે. [૮ : ૨]

૩

બ્રહ્મજ્ઞાની ચરણરજ સૌની,
બ્રહ્મજ્ઞાની આત્મરસ-ચીની.[1]
બ્રહ્મજ્ઞાની કરે સૌ પર પ્રીત,
નવ તેની કદી બૂરી નીત.[2]

૧. ચીની = ચીનનારો – જાણનારો.
૨. નીતિ.

બ્રહ્મજ્ઞાની સદા સમદર્શી,
દૃષ્ટિ (હોય) તેની અમૃતવર્ષી.
બ્રહ્મજ્ઞાની બંધનથી મુક્ત,
શુદ્ધજીવન તે જીવનમુક્ત.
બ્રહ્મજ્ઞાનીનું ભોજન જ્ઞાન,
નાનક, તેનું બ્રહ્મ જ ધ્યાન. [૮ : ૩]

૪

બ્રહ્મજ્ઞાનીની પ્રભુ એક આશ,
બ્રહ્મજ્ઞાની તણો નવ નાશ.
બ્રહ્મજ્ઞાની ગરીબ-સ્વભાવ,
બ્રહ્મજ્ઞાની રત પરઉપકાર.
બ્રહ્મજ્ઞાનીનું અવર ન કામ,
બ્રહ્મજ્ઞનું મન સ્થિર નિષ્કામ.
જે ગુજરે તે મન ભલું માને,
સુફલવંત તેને સૌ લાગે.
બ્રહ્મજ્ઞાની સંગે સૌ તરે,
નાનક, જગ સૌ તેને જપે. [૮ : ૪]

૫

બ્રહ્મજ્ઞનો એક જ અનુરાગ,
પ્રભુ વસે છે તેની પાસ.
બ્રહ્મજ્ઞાનીનો નામ આધાર,
બ્રહ્મજ્ઞાનીનો તે પરિવાર.





બ્રહ્મજ્ઞાની સદા જાગ્રત રહે,
આત્મતત્ત્વ લહી હું-મમ તજે.
બ્રહ્મજ્ઞાનીને સદા પરમાનંદ,
બ્રહ્મજ્ઞાનીઘેર સદા આનંદ.
બ્રહ્મજ્ઞનો સુખ સહજ નિવાસ,
નાનક, તેનો કદી ન વિનાશ. [૮ : ૫]

૬

બ્રહ્મજ્ઞાની જાણો બ્રહ્મવિદ્,
બ્રહ્મજ્ઞાનીને એકશું પ્રીત.
બ્રહ્મજ્ઞને ચિંતા નવ કશી,
બ્રહ્મજ્ઞાનીની નિર્મળ મતિ.
બ્રહ્મજ્ઞાન પ્રભુ દે છે આપ,
બ્રહ્મજ્ઞાનીનો મહા પ્રતાપ.
પામે[૧] દર્શન કોઈ સુહાગી,
બ્રહ્મજ્ઞાની પર હું જાઉં વારી.
બ્રહ્મજ્ઞાનીને શોધે મહેશ,
નાનક, બ્રહ્મજ્ઞાની ખુદ પરમેશ. [૮ : ૬]

૭

બ્રહ્મજ્ઞનું મૂલ નવ અંકાય,
બ્રહ્મજ્ઞનું મન સકળ સમાય.

૧. ભારે ભાગ્યવાળો કોઈક તે બ્રહ્મજ્ઞાનીનાં દર્શન પામે.

કો પામે બ્રહ્મજ્ઞાની-ભેદ ?
બ્રહ્મજ્ઞાનીને નમન હમેશ.
મહિમા તેનો કથ્યો ન જાય,
સૌનો તે ઠાકોર ગણાય.
બ્રહ્મજ્ઞાનીનું માપ કોણ કહે ?
ગતિ પોતાની પોતે જ લહે.
બ્રહ્મજ્ઞાની અમાપ અપાર,
નાનક, તેને સદા નમકાર.[1] [૮ : ૭]

૮

બ્રહ્મજ્ઞાની સૃષ્ટિનો કર્તા,
બ્રહ્મજ્ઞાની ચિર જીવે, ન મરતા.
જીવને મુક્તિયુક્તિનો દાતા,
તે છે પૂર્ણપુરુષ વિધાતા.
બ્રહ્મજ્ઞાની અનાથનો નાથ,
બ્રહ્મજ્ઞાની દે સૌ પર હાથ.
બ્રહ્મજ્ઞાનીનો સકળ આકાર,
બ્રહ્મજ્ઞાની પોતે નિરાકાર.
શોભા તેની અજોડ જ કહી,
નાનક, સૌનો તે ધણી સહી. [૮ : ૮]

---

૧. નમસ્કાર.



## અષ્ટપદી ૯

શ્લોક

ઉર ધારે જે અંતર નામ,
સર્વમાં દેખે જે ભગવાન;
નિમિષ નિમિષ ઠાકુરને નમે,
નાનક, એ અલેપે[1] સૌકો તરે.

૧

નવ એની રસના મિથ્યા રટે
(પ્રભુ) દર્શનપ્યાસ મનથી નવ હટે.
પરસ્ત્રીરૂપ ન પેખે કદી,
સદા સેવ સત્સંગે રતી.

---

૧. એ અલેપ પુરુષથી.

નિંદા કોની સુણે નવ કાન,
સૌમાં હેઠ માને નિજ સ્થાન.
ગુરુપ્રસાદ વિષયો પરહરે,
મનોવાસના મનથી ટળે.
ઇંદ્રિયજિત્, પંચદોષ દૂર રહે,
નાનક, એવો અલેપ કોઈક કરોડે. [ ૯ : ૧ ]

૨

વૈષ્ણવ પર પ્રભુ હોય પ્રસન્ન,
વિષ્ણુની માયાથી તે હોય ભિન્ન.
કર્મ કરતો પણ હોય નિષ્કર્મ,
તે વૈષ્ણવનું નિર્મળ કર્મ.
કર્મફળની કોઈ આશ ન કરે,
કીર્તનભક્તિ વિષે મન રહે.
મન તનથી સમરે ગોપાળ,
સૌ ઉપર તે હોય કૃપાળ.
જાતે દૃઢ, [1]અન્ય નામ ઉપદેશ,
નાનક એ પામે પરમેશ. [ ૯ : ૨ ]

૩

ભગત ભગવદ્‌ભક્તિનો રંગી,
દોષમાત્રનો કદી એ ન સંગી,

૧. જાતે નામજપનમાં દૃઢ બની અન્યને તેનો ઉપદેશ કરે, એ એનો અન્વયાર્થ છે.





મનનો વિનશે સઘળો ભ્રમ,
(સૌને) એક લહી પૂજે પરબ્રહ્મ.
સાધુસંગ કરી પાપમલ ધોય[1]
ભક્ત એવાની મતિ ઉત્તમ હોય.
ભગવત્સેવા કરે નિત નિત,
મન તન અર્પે વિષ્ણુની પ્રીત.
હરિનાં ચરણ હૃદયમાં ધરે,
નાનક, એને ઈશ્વર મળે. [ ૯ : ૩ ]

૪

પંડિત જે જાતે ધરે બોધ,
કરે હૃદયમાં રામનામ-શોધ;
રામનામ–સારરસ પીએ,
એ પંડિત-બોધે જગ જીવે.
હરિની કથા એ હૃદય લગાવે,
તે પંડિત; ફરી જન્મ ન આવે.
વેદ પુરાણ સ્મૃતિ સૌ જુએ,
જગત મૂલકારણ તહીં બૂઝે:
સ્થૂળ જે આ સૌ જડ સંસાર,
રહ્યો સ્થિત સૂક્ષ્મ બ્રહ્મ આધાર.
ચારે વર્ણને દે ઉપદેશ,
નાનક, પંડિત એને સદા નમેશ. [ ૯ : ૪ ]

૧. ધુએ

૫

[1]બીજમંત્રે સૌ પામે જ્ઞાન;
[2]ચારે વર્ણ તે જપે કોઈ નામ.
જે જે જપે તેની ગતિ હોય;
સાધુસંગ પામે જન કોય.
પ્રભુકિરપા ધરે અંતર નામ,
પશુ, પ્રેત, મૂઢ તરે પાષાણ.
સર્વ રોગનું ઔષધ નામ,
કલ્યાણરૂપ મંગળ ગુણગ્રામ.
યુક્તિ કર્યે કોઈ પામે ન ધર્મ,
નાનક, પામે કમાયે પૂર્વ કર્મ. [૯ : ૫]

૬

મન જેને પરબ્રહ્મનો વાસ,
તે કહાવે સાચો રામદાસ.
આત્મારામ જોઈ લીધો પાસ,
થયો, ભાઈ, તે દાસાનુદાસ.
સદા નિકટ હરિ — તેનું જ્ઞાન,
તે રામદાસ પ્રભુઘર પરમાણ.

---

૧. બીજમંત્ર — મૂળ મંત્ર, ૐ ઇત્યાદિ.

૨. ચારે વર્ણમાંથી કોઈ પણ તે નામ જપે, અથવા કોઈ પણ નામે ચારે વર્ણ તે મંત્રને જપે— એવો અન્વય છે.





દાસ પરે પ્રભુ કિરપા કરે,
તો તેને સૌ કાંઈ સૂઝ પડે.
[3]સૌની સાથ, તોય આત્મ ઉદાસ,
નાનક, એમ યોગી રામદાસ. [૯ : ૬]

૭

પ્રભુઆજ્ઞા જે ગણે હિતકારી,
જન તે જીવનમુક્ત છે, ભાઈ;
જેવો હર્ષ તેવો (તેને) મન શોક,
સદા આનંદ, કદી ન વિયોગ.
માટી સોનું મન એક સમાન,
અમૃત વિષ તેને એક પ્રમાણ.
તે ગણે માન અમાન સમાન,
રંક રાય નવ ભેદ પ્રમાણ,
ઈશ ગુજારે (જે) તે પરમાણ,
નાનક, જીવનમુક્ત તે જાણ. [૯ : ૭]

૮

પારબ્રહ્મ પ્રભુ વસે સૌ ઠામ,
પાત્ર પ્રમાણે હોય તેનું નામ.

---

૩. સૌની સાથે રહેતો કરતો છતાં, આત્મભાવે કરીને જે અલિપ્ત — ઉદાસ છે.

કર્તા કારવતા (છે) પ્રભુ એક,
જે ફાવે તે જીવ ફળ દેત.
આપ જ પ્રસર્યો, અનેક તરંગ;
વર્ણ્યો ન જાય પરબ્રહ્મનો રંગ
મતિ (જેવી) દે તેવો થાય પ્રકાશ,
પારબ્રહ્મ કર્તા અવિનાશ.
તે છે સદા સદાય દયાળ,
સ્મરી સ્મરી નાનક થાય નિહાલ. [ ૯ : ૮ ]



## અષ્ટપદી ૧૦

શ્લોક

પ્રભુ સ્તુતિ કરે અનેક જન,
અંત ન પામે, અપાર;
નાનક, રચના પ્રભુ કરી,
બહુવિધ અનેક પ્રકાર.

૧

કંઈ કોટિ હોય પ્રભુપૂજારી,
કંઈ કોટિ આચારવ્યવહારી.
કંઈ કોટિ થાય તીરથવાસી,
કંઈ કોટિ વન ભ્રમે ઉદાસી.
કંઈ કોટિ સુણે વેદવિચાર,
કંઈ કોટિ કરે તપઆચાર.

કંઈ કોટિ બને આતમધ્યાની,
કંઈ કોટિ કવિ કાવ્યવિચારી.
કંઈ કોટિ નૌતમ નામ ધ્યાયે,
નાનક, પ્રભુનો અંત ન આવે. [ ૧૦ : ૧ ]

૨

કંઈ કોટિ ગુજર્યા અભિમાની,
ને કંઈ કોટિ અંધ અજ્ઞાની.
કંઈ કોટિ કંજૂસ કઠોર,
આત્મવિમુખ અનેક નઠોર.
કંઈ કોટિ પરદ્રવ્યના ચોર,
કંઈ કોટિ પરદૂષણખોર.
કંઈ કોટિ માયા મથી મરે,
કંઈ કોટિ પરદેશે ફરે.
જીવ લાગે જ્યાં પ્રભુજી લગાડે,
નાનક, (તેની) રચના, તે જ પિછાણે. [ ૧૦ : ૨ ]

૩

કંઈ કોટિ સિદ્ધ યતિ ને યોગી,
કંઈ કોટિ રાજા રસભોગી.
કંઈ કોટિ ખગ સાપ સરજિયાં,
કંઈ કોટિ પથ્થર તરુ કરિયાં.
કંઈ કોટિ પવન, પાણી ને અનલ,
કંઈ કોટિ દેશ ભૂમિમંડલ.





કંઈ કોટિ શશી સૂર્ય નક્ષત્ર,
કંઈ કોટિ દેવદાનવ, ઇંદ્ર શિરછત્ર.
સકળ સામગ્રીનો એ સૂત્રધાર,
નાનક, તારે જેની પર કિરપાળ. [ ૧૦ : ૩ ]

૪

કંઈ કોટિ સત-રજ-તમ-( ગુણ )ધારી,
કંઈ કોટિ ( રચ્યાં ) વેદપુરાણશાસ્ત્રસ્મૃતિ[૧]
કંઈ કોટિ કર્યાં રત્ન રત્નાકર,
કંઈ કોટિવિધ જીવજનાવર.
કંઈ કોટિ જે રહે ચિરકાળ,
કંઈ કોટિ ગિરિ પર્વતરાય.
કંઈ કોટિ યક્ષપિશાચ ને કિન્નર,
કંઈ કોટિ ભૂતપ્રેતમૃગ સૂવર.
સૌમાં સમીપ ને સૌથી દૂર,
નાનક, ( રહે ) અલેપ ખુદા ભરપૂર. [ ૧૦ : ૪ ]

૫

કંઈ કોટિ પાતાળે વસે,
કંઈ કોટિ સ્વર્ગનરકે રહે.
કંઈ કોટિ જન્મે, જીવે મરે,
કંઈ કોટિ બહુ યોનિ ફરે.

---

૧. એટલે કે, વેદાદિ જેવાં શાસ્ત્રો.

કંઈ કોટિ બેઠાબેઠ ખાય,
કંઈ કોટિ મરી મથીને કમાય.
કંઈ કોટિને કર્યા ધનવંત,
કંઈ કોટિની માયા મહીં ખંત.
જેમ ભાવે તેમ જીવને રાખે,
નાનક, સૌ કાંઈ પ્રભુને હાથે. [ ૧૦ : ૫ ]

૬

કંઈ કોટિ માયાથી વિરાગ,
રામનામ સંગ રાખે રાગ.
કંઈ કોટિ પ્રભુને ખોજંત,
આત્મા મહીં પરબ્રહ્મ લહંત.
કંઈ કોટિ પ્રભુદર્શનપ્યાસી,
તે પામે શ્રીપ્રભુ અવિનાશી.
કંઈ કોટિ માગે સત્સંગ,
પરબ્રહ્મે તેને લાગ્યો રંગ.
જે જીવ પર થાય પ્રભુ સુપ્રસન્ન,
નાનક, તેને સદા ધન્ય ધન્ય. [ ૧૦ : ૬ ]

૭

કંઈ કોટિ જીવ યોનિ ખંડ,
કંઈ કોટિ આકાશ બ્રહ્મંડ.
કંઈ કોટિ થઈ ગયા અવતાર,
કંઈ કંઈ રીત કર્યો ધર્મવિસ્તાર.





કંઈ વાર પ્રસર્યો આ સંસાર,
સદા સદા ( પણ ) પ્રભુ એકાકાર.
કંઈ કોટિ કીધાં બહુ ભાત,
પ્રભુ પ્રગટ્યાં, પ્રભુ માંહી 'સમાત'[૧].
તેનો અંત ન જાણે કોઈ,
આપ હિ જાણે, નાનક, સોઈ. [ ૧૦ : ૭ ]

૮

કંઈ કોટિ પારબ્રહ્મના દાસ,
પામે તેઓ આત્મપ્રકાશ.
કંઈ કોટિ થયા તત્ત્વના વેત્તા,
સદા નિહાળે એક હિ દ્રષ્ટા.
કંઈ કોટિ રામરસરાતા,
અમર રહે, જીવે તે સદા.
કંઈ કોટિ નામગુણ ગાય,
આતમસુખમાં સહજ સમાય.
ભક્તની કરે પ્રતિશ્વાસ સંભાળ,
નાનક, તે પર પ્રભુનો પ્યાર. [ ૧૦ : ૮ ]

---

૧. સમાય છે.

## અષ્ટપદી ૧૧

શ્લોક

કરણુ કારણુ પ્રભુ એક છે,
દૂજું નાહિ કોઈ.
નાનક, તેની બલિહારી છે,
જલ થલ વ્યાપે સોઈ.[1]

૧

કરતા કારવતા પ્રભુ એ છે,
(જે) તેને ભાવે તે જ બને છે.
ક્ષણમાં થાપે, ઉથાપનહાર,
અંત ન કાંઈ, પ્રભુ પારાવાર.

૧. તે જ એક પ્રભુ જળ ને સ્થળ વ્યાપે.





રાખ્યાં રહે એનાં પૃથ્વી આકાશ,
એને હુકમ ઊપજે ને વિનાશ.
એને હુકમ ઊંચનીચ વ્યવહાર,
એને હુકમ સૌ રંગ પ્રકાર.
કરી રચના દેખે નિજની વડાઈ,
નાનક, સૌમાં રહ્યો એ સમાઈ. [ ૧૧ : ૧ ]

૨

પ્રભુ ઇચ્છે ભવપાર ઉતારે,
પ્રભુ ઇચ્છે પથ્થર પણ તારે.
પ્રભુ ઇચ્છે વણશ્વાસ જિવાડે.
પ્રભુ ઇચ્છે હરિગુણ ગવાડે.
પ્રભુ ઇચ્છે તો પતિત ઉધારે;
આપ કરે ને આપ વિચારે.
પાપી પુનિત બેઉનો સ્વામી,
ખેલે વિકસે અંતરયામી.
જે ધારે તે કાર્ય કરાવે,
[1]નાનક, અવર ન દૃષ્ટિ આવે. [ ૧૧ : ૨ ]

૩

માણસથી કહો શું બની આવે?
પ્રભુને ફાવે તે જ કરાવે.

૧. સમર્થ છે; એની તોલે આવે એવો બીજો કોઈ દેખાતો નથી: એ અર્થ

હાથ હોત માનવ સૌ લેત,
મનભાવ્યું જે તે જ કરેત.
જીવ અજ્ઞ વિષયે રચપચે;[1]
જે જાણે[2] તે આપ હિ બચે.
ભ્રમભૂલ્યો જીવ દશ દિશ ધાયે,
નિમિષ માંહી મન ક્યાં ક્યાં જાયે!
કિરપા કરી દે (જેને) ભક્તિદાન,
નાનક, તે પામે નામગાન. [૧૧ : ૩]

૪

પારબ્રહ્મ પ્રભુ ગરીબનિવાજ,
ક્ષણ મહીં નીચ કીટ કરે રાજ.
જેની દૃષ્ટે કાંઈ નહિ આવે,
તત્ક્ષણ તેને દશદિશ પ્રગટાવે.
જેને આપે પ્રભુ બક્ષીસ,
પાપપુણ્ય નવ લેખે ઈશ.[3]

૧. રચપચવું = રચ્યાપચ્યા રહેવું.

૨. જાણે કે વિષયરતિ સત્ય નથી, પણ પ્રભુ નામ સત્ય છે તે આપોઆપ બચે છે.

૩. જેની પર પ્રભુની મહેરબાની થાય તેનાં પાપપુણ્ય લેખામાં નથી રહેતાં—નાશ પામે છે.





જીવ પિંડ સૌ તેની રાશ[1]
ઘટ ઘટ પૂરણ રહ્યો પ્રકાશ.
આપે આપ રચના કરી સારી,
નાનક જીવે જોઈ વડાઈ. [૧૧ : ૪]

૫

જીવનું બળ નથી જીવને હાથ,
કરતો કારવતો સૌ નાથ.
જીવ બાપડો આજ્ઞાધારી;
પ્રભુભાવી[2] કરણી હોય સારી.
કોદી (જીવ) ઊંચનીચ મહીં વસે,
કોદી શોક હર્ષ રંગે હસે.
કદી નિંદા કદી સ્તુતિવ્યવહાર,
કદી આકાશ કદીક પાતાલ.
કદી વેત્તા કરે બ્રહ્મવિચાર,
નાનક, પ્રભુ છે મિલાવનહાર[3]. [૧૧ : ૫]

૬

કદી ઉધમાત કરે બહુ ભાતે,
કદીક રહે સૂતો દિનરાતે.

૧. રાશ=મૂડી, ધનમાલ.

૨. પ્રભુને ભાવે એવી.

૩. મેળાપ કરાવનારો — બ્રહ્મ સાથે — તે પ્રભુ પોતે જ છે.

કદીક હોય મહાક્રોધ વિકરાળ,
કદીક હોય અતિનમ્ર હેતાળ.
કો દી ભૂપ વડો થઈ ફરે,
કો દિન દેહ ભિખારી ધરે.
કો દિન અપકીર્તિ મહીં આવે,
કો દિન તેના ગુણ ગવાયે.
રાખે જેમ પ્રભુ તેમ જીવ રહે,
ગુરુપ્રસાદ, નાનક, સત કહે. [૧૧ : ૬]

૭

કદી પંડિત બની દે વ્યાખ્યાન,
કદી મૌન ધરી લાગે ધ્યાન.
કદી તટ તીરથ કરતો સ્નાન,
કદી સિદ્ધ સાધક દેતો જ્ઞાન.
કદી જીવ થાય પતંગ, કીટ, હાથી,
યોનિ યોનિ ભટકે ભ્રમણાથી[1].
બહુરૂપી જેમ રૂપ બતાવે,
પ્રભુને ફાવે તેમ નચાવે.
જે તેને ગમતું તે હોય,
નાનક, અવર ન પ્રભુ વિણ કોય. [૧૧ : ૭]

૧. અજ્ઞાનરૂપી ભ્રમને લીધે.





૮

કો દી સાધુસંગતિ જીવ પામે;
આવજાવ પીડા સહુ[1] વામે.
અંતરમાં હોય જ્ઞાનપ્રકાશ,
તે સ્થાનકનો ન હોય વિનાશ.
મન તનથી નામરત રંગ,
સદા વસે તે પારબ્રહ્મ સંગ.
જળ મહીં જળ જેમ આવી સમાય,
જ્યોતિમાં ત્યમ જ્યોત મિલાય.
મટ્યું ગમન, પામ્યો વિસરામ,
નાનક પ્રભુને સદા કુરબાન. [૧૧ : ૮]

૧. જન્મમરણની પીડા કે અન્ય પીડા, પછીથી, એની ટળે છે.

## અષ્ટપદી ૧૨

શ્લોક

સુખી વસે મિસ્કીનિયા,
જે હોય ગર્વરહિત;
ભલા ભલા અભિમાનીઓ,
ગયા, નાનક, ગર્વગલિત.

૧

જેને અંતર રાજ–અભિમાન,
તે પામે નરક ને હોય શ્વાન.
જે જાણે હું જોબનવંત,
તે થાયે વિષ્ટાનો જંત.
કહાવે જે હું વડો કર્મવંત,
જન્મે મરે, બહુ યોનિ ભમંત.





ધનભૂમિનું જે કરે ગુમાન,
તે મૂર્ખો અંધો અજ્ઞાન.
પ્રભુકૃપા (જેને) હૃદે ગરીબી વસે,
નાનક, તે અહીં મુક્ત, આગળ સુખ લહે. [ ૧૨ : ૧ ]

૨

ધનનું ગુમાન કરે ધનવંત,
તૃણ સમાન, ન આવે સંગ.
બહુ લશ્કર પર ધરે કોઈ આશ,
પળમાં તેનો થાય વિનાશ.
જાણે જે સૌમાં બળવંત,
ક્ષણમાં તે થઈ જાય ભસ્મંત.
કોઈને ન બદે, આપ અહંકારી,
ધર્મરાય તેની કરે જ ખુવારી.
ગુરુપ્રસાદ જેનું મટે અભિમાન,
તે જન, નાનક, પ્રભુને પ્રમાણ. [ ૧૨ : ૨ ]

૩

કોટિ પુણ્ય કરે, (પણ) ધરે ગર્વ,
ખાલી શ્રમ એ, મિથ્યા સર્વ.
અનેક તપસ્યા કરે અહંકાર,
સ્વર્ગનરક ફરી ફરી અવતાર.
અનેક જતન કરે, (છતાં જો) હૃદય ન દ્રવે,

પ્રભુદરબાર, કહો, કેમ તો મળે ?
જાતે જાત-ભલાઈ મનાવે,
તેને નિકટ ભલાઈ ન આવે.
મન જેનું પગરજની સમાન,[1]
નાનક, તે નિર્મળ શોભાવાન. [ ૧૨ : ૩ ]

૪

જાણે જે મુજથી કાંઈ હોય,
ત્યાં લગી તેને સુખ નહિ કોય.
જ્યાં લગી હોય કર્તા-અભિમાન,
ત્યાં લગી ગર્ભ યોનિ અવસાન.
જ્યાં લગી મનમાં શત્રુમિત્ર,
ત્યાં લગી ચિત્તથી નહિ નિશ્ચિંત.
જ્યાં લગી માયામોહમગન,
ત્યાં લગી દે ધર્મરાય દંડન.
પ્રભુકિરપાએ બંધન તૂટે,
ગુરુપ્રસાદ, નાનક, ગર્વ મૂકે.[2] [ ૧૨ : ૪ ]

૫

મળે હજાર લખ લેવા જાય,
વિણ ધરપત માયામાં ધાય.

---

૧. એવું ગરીબ નમ્ર મન.
૨. જીવને જે વળગેલો છે તે ગર્વ તેને છોડી જાય.





ભોગવિષય અનેક તે કરે,
તૃપ્તિ વિણ તે ખપી ખપી મરે.
વિણ સંતોષ ન શાંતિ કદી,—
સ્વપ્ન-મનોરથ ફોગટ કૃતિ[1].
નામરંગમાં સૌ સુખ હોય,
બડભાગી પામે જન કોય.
કરતા કારવતા પ્રભુ આપ,
સદા સદા, નાનક, હરિ જાપ. [ ૧૨ : ૫ ]

૬

કરણ કારણ પ્રભુ સૌ કરનાર,
જીવને[2] હાથ ન કાંઈ વિચાર.
જેવી દૃષ્ટિ કરે તેમ હોય,
આપે આપ આપ પ્રભુ સોય.[3]
જે કાંઈ કર્યું તે નિજને રંગ,
સૌથી દૂર વળી સૌને સંગ.
બૂજે, દેખે, કરે વિવેક,
એ જ એક ને એ જ અનેક.

---

૧. વિણસંતોષ, સ્વપ્ન જેમ, તેનાં સૌ કામો ફોગટ છે.
૨. જીવ એ વિષે કશી યોજના કે વિચાર નથી કરી શકે એમ.
૩. આપ આપ જ એક પ્રભુ છે, બીજું કાંઈ નથી. સોય = તે જ ( सोहि ).

મરે ન વિનશે, આવે ન જાય,
નાનક[1], સદા પ્રભુ રહ્યો સમાય. [ ૧૨ : ૬ ]

૭

આપ ઉપદેશે, સમજે આપ,
આપે રચે રહી સૌમાં સાથ.
આપે કર્યો આપ વિસ્તાર,
સૌ કાંઈ પ્રભુનું, તે રચનાર.
એથી ભિન્ન કહો હોય કાંઈ?
સ્થાન સ્થાનાંતરમાં એક સાંઈ.
પોતે ચરિત પોતાનું કરે,
[2]રંગ અપારનાં કૌતુક ધરે.
[3]મન મહીં આપ, આપ મનમાંય,
નાનક, મહિમા વરણ્યો ન જાય. [ ૧૨ : ૭ ]

૮

સત સત સત્ય પ્રભુ છે સ્વામી,
ગુરુપ્રસાદ જાણે કોઈ જ્ઞાની.

---

૧. સૃષ્ટિમાં સદા તે સમાઈને — વ્યાપીને રહેલો છે.

૨. અપાર રંગઢંગનાં કૌતુક તે કરે છે: 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' — નરસિંહ મહેતા

૩. જીવમાં તે શિવ — આત્મામાં તે પરમાત્મા, અને તે શિવ — પરમાત્મામાં આ જીવાત્મા રહેલ છે: જીવ શિવ મૂળરૂપે અભેદ છે.





સત સત સત્ય પ્રભુએ (સૌ) કીધું,
કોટિ મધ્ય કોઈ વિરલે ચીન્યું.
ભલું ભલું ભલું, પ્રભુ, તારું રૂપ,
અતિ સુંદર ને અપાર અનૂપ.
નિર્મળ નિર્મળ નિર્મળ તવ વાણી,
અંતરમાં સુણી સૌએ વખાણી.
પવિત્ર પવિત્ર પવિત્ર પુનિત,
નામ જપે નાનક ધરી પ્રીત. [ ૧૨ - ૮ ]

## અષ્ટપદી ૧૩

શ્લોક

સંતશરણુ જે જન પડે,
તે જન ઉદ્ધરનાર.
સંતનો નિંદક, નાનકા,
બહુ બહુ ફરે અવતાર.

૧

સંતદ્વેષકનું[૧] આયુષ ખૂટે,
સંતદ્વેષક જમથી નવ છૂટે.
સંતનો દ્વેષક સુખ સૌ ખુએ,
સંતનો દ્વેષક નરક મહીં રુએ.
સંતદ્વેષકની મતિ મલીન,
સંતનો દ્વેષક શોભાહીન.

૧. સંતદ્વેષક એટલે સાધુતાનો દ્વેષી, અસાધુ, દુર્જન.





સંત રૂઠે રાખે નહિ કોય,
સંતનો દ્વેષક સ્થાનભ્રષ્ટ હોય.
સંત કૃપાળ કૃપા જો કરે,
નાનક, સંત સંગ નિંદક પણુ તરે. [ ૧૩ : ૧ ]

૨

સંતના દ્વેષકનું મુખ શ્યામ,
સંતના દ્વેષકનું કાગવાન.[૧]
સંતનો દ્વેષક સર્પ અવતરે,
સંતનો દ્વેષક યોનિ તિર્યગ્ પડે.
સંતનો દ્વેષક તૃષ્ણાથી બળે,
સંતનો દ્વેષક સૌને છળે[૨].
સંતનો દ્વેષક તેજવિહીન,
સંતનો દ્વેષક નીચ મહીં નીચ.
સંતના દ્વેષકની નહિ ગતિ,
(પણ) સંતકૃપા, નાનક, હોય ગતિ. [ ૧૩ : ૨ ]

૩

સંતનો નિંદક મહા આતતાયી,
શાંતિ ન ક્ષણુની તેને ભાઈ.
સંતનો નિંદક મહા હત્યારો,
સંતના નિંદક પર પ્રભુ રૂઠયો.

૧. કાગડાનું શરીર=તેને કાળપ લાગે.
૨. છળવું=છળ કરવું, છેતરવું.

સંતનો નિંદક થાય રાજહીન,
સંતનો નિંદક દુખિયો દીન.
સંતના નિંદકને સહુ રોગ,
સંતનિંદકને સદા વિયોગ.
સંતની નિંદા અતિ ભારી દોષ,
નાનક, સંત ચહે એનો પણ મોક્ષ. [ ૧૩ : ૩ ]

૪

સંતનો દ્વોષી[૧] સદા અપવિત્ર,
સંતનો દ્વોષી ન કોનો મિત્ર.
સંતનો દ્વોષી યમથી દંડાય,
સંતદ્વોષી સૌકોથી તજાય.
સંતનો દ્વોષી મહા અહંકારી,
સંતનો દ્વોષી સદાય વિકારી.
સંતનો દ્વોષી જનમે મરે,
સંતનો દ્વોષી સુખથી ટળે.
સંતના દ્વોષીને નહિ ઠામ,[૨]
નાનક, સંત ચહે પામે તે ધામ. [ ૧૩ : ૪ ]

---

૧. દ્વોષી = દોષ દેનાર, દુખવનાર.

૨. મનઃશાંતિ, સમાધાન નથી, અજંપો જ રહે છે, એ અર્થ.





૫

સંતનો દ્વોષી અધવચ મરે,
સંતના દ્વોષીનું કામ ન સરે.
સંતદ્વોષી વનવગડે ભમે,
માર્ગ વિઘ્ન તેને બહુ નડે.
સંતનો દ્વોષી અંતરમાં શૂન્ય,
શ્વાસ વિનાના મૃતકની તુલ્ય.
સંતનો દ્વોષી જડથી જાય,
આપે વાવ્યું આપ જ ખાય.
સંતદ્વોષીનો કો નહિ રખવાળ,
નાનક, સંત ભાવે તેનોય ઉધાર. [ ૧૩ : ૫ ]

૬

સંતનો દ્વોષી દુઃખે ટળવળે,
મીન જેમ જળ બાહર મરે.
સંતના દ્વોષીની ભૂખ નવ જાય,
જેમ અગ્નિ ઈંધિણે ન બુઝાય.
સંતનો દ્વોષી દુઃખી એકાકી,
[૧]જેમ અડાઉ તજે તલ ખેતી.

---

૧. ખેતીમાં બીજા પાકમાં અડાઉ તલનો છોડ ઊગે એને ત્યજી — એકલો પડી રહેવા દઈ બીજો પાક લણાય છે; આ છોડ એકલો ખેતરમાં દુઃખી નિષ્પ્રયોજન રહે છે એમ.

સંતનો દ્વેષી ઘરમથી રહે,
સંતનો દ્વેષી સદા જૂઠ કહે.
નિંદક ધરથી નિંદા–સ્વભાવ;
નાનક, પ્રભુ ભાવે તે સૌનું થાવ. [ ૧૩ : ૬ ]

૭

સંતનો દ્વેષી વિરૂપ બની જાય,
સંતદ્વેષી પરલોક દંડાય.
[૧]સંતનો દ્વેષી સદા અનુતાપી,
સંતનો દ્વેષી મરે ન સુખભાગી.
સંતના દ્વેષીની આશ અપૂર્ણ,
સંતનો દ્વેષી મરે મનશીર્ણ.
સંતના દ્વેષીને નહિ આરામ;[૨]
પ્રભુ ભાવે તે સૌનું ધામ[૩]
કરી કરણી ન છપે ન ભુસાય,
નાનક, સૌ જાણે (પ્રભુ) સતરાય. [ ૧૩ : ૭ ]

---

૧. હમેશ નિષ્ફળતા, હત ભાગ્યનો અનુતાપી હોય છે. એટલે નથી તેને મરણની નિરાંત કે નથી તેને જીવનનું સુખઃ એવી અધવચ દશા ભોગવે છે. એ જ ભાવ પછીની બે લીટીમાં ફરી કહે છે.

૨. જન્મમરણ તથા ચિંતા વગેરેથી

૩. પ્રભુ ઇચ્છે તેમ સૌની સ્થિતિ થાય છે. આ ભાવ ૬ઠ્ઠા પદની અંત્ય કડીમાં પણ છે.





૮

સૌ ઘટ સ્વામી, તે રચનાર,
સદા સદા એને નમસ્કાર.
પ્રભુની સ્તુતિ કરો દિનરાત,
ધ્યાન ધરો તેનું પ્રતિશ્વાસ.
સૌ કાંઈ થાયે પ્રભુનું કર્યું,
જેમ જેને કરે તેવું (તે) ઠર્યું.
આપની લીલા આપે ધારી
અવર કોણ તે શકે વિચારી?
કિરપા કરી જેને નામદાન કરે,
નાનક, તે બડભાગી, ખરે. [ ૧૩ : ૮ ]

## અષ્ટપદી ૧૪

શ્લોક

તજો શાણુપ સુજાણુ સૌ,
સમરો શ્રી હરિરાય,
એક આશ હરિ મન ધરો,
દોષ ભરમ ભવ જાય.

૧

મનુષ્યની આશ[૧] વૃથા સહુ જાણુ,
દેનારો એક શ્રી ભગવાન;
જેને દીધે રહે ધરાઈ,
દૂજી ન તૃષ્ણા કરે ચડાઈ.
મારે રાખે એક જ રામ,

૧. મનુષ્ય પાસેથી ટેકાની રાખેલી આશા, આધાર.





માનવ પાસે નહિ કો હામ.
પ્રભુઆજ્ઞા સમજ્યે સુખ હોય,
નામ પ્રભુનું કંઠ પરોય.
સમર સમર સમર પ્રભુ ભાઈ,
નાનક, વિઘ્ન ન આવે કાંઈ. [૧૪ : ૧]

૨

મન મહીં સ્તવન કર નિરંકાર,
કર, મન મારા, સત વ્યવહાર.
નામામૃતે નિર્મળ કર જીભ,
સદા સુખી એમ બન તું શિવ.
નેત્રે પેખ ઠાકુરનો રંગ,
સત્સંગે જાય અન્ય સૌ સંગ.
ચરણે ચાલ ગોવિંદનો માર્ગ,
પાપ મટે, હરિજપ હોય સાર્થ.
કર પ્રભુકાર્ય, શ્રવણ હરિકથા,
હરિઘેર, નાનક, ઉજ્જવળમુખા.[૧] [૧૪ : ૨]

૩

બડભાગી જન તે જગમાંય,
સદા સદા જે હરિગુણ ગાય.
રામનામ જે કરે વિચાર,
તે ધનવંતો ગણ સંસાર.

૧. હરિના દરબારમાં ઉજ્જવળ મુખ રહેશે — ઉત્તમ ગતિ મળશે.

મન તન બોલે હરિનું નામ,
સદા સદા તે જાણ સુખવાન.
એક હિ પ્રભુને એક પિછાને,
ઉભય લોક ગતિ તે જન પામે.
નામ સંગ જેનું મન માન્યું,
નાનક, તેણે નિરંજન જાણ્યું. [ ૧૪ : ૩ ]

૪

ગુરુપ્રસાદ હોય આતમજ્ઞાન,
તેની હોય તૃષ્ણાનું હાન.
સાધુસંગ હરિના જશ ગાય,
તે હરિજનના રોગો (સૌ) જાય.
નિશદિન કીર્તન કરે વખાણ,
ગૃહી હોય તોય થાય નિરવાણ.
એક પ્રભુ પર જેને આશ,
તેનો કપાયે જમનો પાશ.
પારબ્રહ્મની જેને મન ભૂખ,
નાનક, તેને ન લાગે દુઃખ. [ ૧૪ : ૪ ]

૫

જે જન હરિનું ચિંતન કરે,
તે સાધુ સુખિયો, [૧]નવ ચળે.

૧. તે ભક્તિ અને ચિંતનથી નવ ચળે.





જે પર પ્રભુની કિરપા ઠરે,
કહો સેવક તે સાથી ડરે?
જેવો પ્રભુ તેવું ભક્તને જ્ઞાન,
સૃજનભર્યો સૃષ્ટિ–અધિષ્ઠાન.
શોધી શોધી (જે) પહોંચે સિદ્ધાંત,
ગુરુપ્રસાદ પામે (તે) વેદાંત.
ખોળી જોયું : પ્રભુ સૌનું મૂળ,
નાનક, તે સૂક્ષ્મ (અને) વળી સ્થૂળ. [ ૧૪ : ૫ ]

૬

નહિ કાંઈ જન્મે કે કાંઈ મરે,
આપ હિ આપ ચરિત સૌ કરે.
દૃશ્યાદૃશ્ય આવે ને જાય,
જેમ આદેશે[૧] સૃષ્ટિનો રાય.
જાતે રાય સકળમાં વ્યાપે,
અનેક યુક્તિ રચે થાપે ઉથાપે.
અવિનાશી પ્રભુ એક અખંડ,
ધારણ કરી રાખે બ્રહ્માંડ.
અલખ, અભેદ અમાપપ્રતાપ,
આપ જપાવે[૨], નાનક જાપ. [ ૧૪ : ૬ ]

૧. આદેશવું=આજ્ઞા કરવી, આદેશ આપવો
૨. કૃપા કરીને પ્રભુ જો જપાવે તો હરિ જપી શકાય.

૭

પ્રભુ જાણે તે સુશોભાવંત,
સકળ સંસાર ઊધરે તેને મંત્ર.
પ્રભુસેવક સૌનું ઉદ્ધારણ,
પ્રભુસેવક દુઃખનું વિસ્મારણ.
સેવક[૧] સાથ સમાવે કૃપાળ,
ગુરુ-મંત્ર જપી (તે) થાય નિહાલ.
એની સેવા (તે) બડભાગીને મળે,
જે પર પ્રભુની કિરપા ઢળે.
નામ જપ્યે હોય મન વિશ્રામ;
નાનક, તે જન ઉત્તમ જાણ. [ ૧૪ : ૭ ]

૮

કરણી તેની[૨] સૌ પ્રભુપ્રીત્યર્થ,
સદા વસે તે હરિ સંસર્ગ.
સહજ બને તેનો કરે તે સ્વીકાર,
સમરથ એક માને કિરતાર.
તે જે કરે મીઠું મન માને,
(તે જન) સાચું પ્રભુનું રૂપ પિછાને.

---

૧. સેવકને પોતામાં મેળવી લે છેઃ સારૂપ્ય બક્ષે છે.
૨. પ્રભુસેવકની, ઉપર કહ્યા તે ઉત્તમ જનની.





જ્યાં ઊપજ્યો ત્યાં જઈ તે સમાય,
સુખનિધાન પ્રભુ સંગ સુખી થાય.
નિજ જનને પ્રભુ દે છે માન,
નાનક, પ્રભુ[૧] જન એક જ જાણ. [ ૧૪ : ૮ ]

---

૧. એટલે કે, નિજ જન — ભક્ત અને પ્રભુ એક જ જાણઃ ભક્ત અને ભગવાનમાં ફરક નથી.

# અષ્ટપદી ૧૫

શ્લોક

સર્વ કળા ભરપૂર પ્રભુ,
જીવદુઃખ જાણનહાર;
જેને સમરે ઓધરે,
નાનક, તેને બલિહાર.

૧

તૂટી સાંધે એક ગોપાળ,
સર્વ જીવોનો એ પ્રતિપાળ.
સૌની ચિંતા તે મન કરે,
તો મન વ્યથા કોઈ કેમ કરે?
રે મન મારા, સદા હરિ જાપ,
અવિનાશી પ્રભુ સ્વયંપ્રકાશ.





જીવનું કર્યું કાંઈ નવ હોય,
જોઈ વિચારે અનેક વાર તોય.
જે વિણ તારું ન સરે કાંઈ કામ,
ગતિ પામે, નાનક, હરિનામ. [૧૫ : ૧]

૨

રૂપવંતાને નવ ઘટે રૂપમોહ,
ઘટ ઘટ વ્યાપે પ્રભુની જ્યોત.
ધનવંતા, ન ઘટે ધનગર્વ,
ધન જે પાસ પ્રભુદીધું સર્વ.
અતિ શૂરા જે કોઈ કહાવે,
પ્રભુશક્તિ વિણ કહો કેમ ફાવે?
જે કોઈ કરે દાતા અભિમાન,
દાતા[૧] પ્રભુ, જાણે એ ગમાર.
ગુરુપ્રસાદ જેનો જાય અહંરોગ,
નાનક, તે જન સદા નીરોગ. [૧૫ : ૨]

૩

જેમ ઘરને હોય સ્તંભ આધાર,
મનને તેમ ગુરુશબ્દ સહાય.
નાવ ચડી પથ્થર જ્યમ તરે,
ગુરુરજ લઈ ભવજળ ત્યમ તરે.

---

૧. પરંતુ દાતા તો પ્રભુ છે એમ એ ગમાર જાણે.

અંધારે જેમ દીપપ્રકાશ,
ગુરુદર્શન મન હોય વિકાસ.
મહાવનમાં જેમ માર્ગ પમાય,
વન-ભૂલ્યાને અતિ સુખ થાય;
ભવ-અટવી તેમ ભૂલ્યો જીવ,
માર્ગ બતાવે સત્સંગદીવ.
તેવા સંતોની ચહું પગધૂળ,
નાનકની હરિ વાંછા પૂર. [૧૫ : ૩]

૪

મન મૂરખ, કેમ કરે વિલાપ?
લખ્યું પૂર્વ તેનો અચૂક મિલાપ.
સુખદુખનો છે પ્રભુ દેનાર,
અવર ત્યાગી ચિત્ત તેને ધાર.
પ્રભુ જે કરે સુખ કરી તે માન,
ભૂલ્યો કેમ ભટકે, અજ્ઞાન?
કઈ વસ્તુ આવી તારે સંગ?
તોય લપટાઈ રહ્યો, લોભી પતંગ!
રામનામ જપ હૃદય લગાવ,
નાનક, પત સાથે ઘર જાવ[૧]. [૧૫ : ૪]

---

૧. તો આબરૂ સાથે ઈશ્વરને ત્યાં — સ્વધામ જશે, એ અર્થ.





૫

લેવા જે ચીજ જગ અવતાર,
રામનામ તે મળે સંતદ્વાર.
તજ અભિમાન, હૃદે કર તોલ,
રામનામ, મન દઈ, લે મોલ[૧].
લાદી ખેપ[૨] સંતો સંગ ચાલ,
અવર તજી માયાજંજાળ.
ધન્ય ધન્ય તો સૌ કો (જન) કહે,
મુખ ઉજ્જવળ પ્રભુમંદિર પળે.
આ વેપાર કોઈ વિરલા કરે,
નાનક, તેની બલિહારી કહે. [૧૫ : ૫]

૬

ચરણ સાધુનાં ધોઈ કર પાન,
સાધુને સમરપ તારી જાન.
સાધુ ચરણરજમાં કર સ્નાન,
સાધુની ઉપર થા કુરબાન.
સાધુસેવ વડભાગી પામે,
સાધુસંગ હરિકીર્તન ગાયે.

---

૧. મનને કિંમતમાં દઈને રામનામ ખરીદ — એ અર્થ.

૨. સંતઘેરથી રામનામના ખરીદેલા માલની ખેપ — ભક્તિ.

અનેક વિઘ્નમાં સાધુ રાખે,
હરિગુણ ગાઈ અમૃતરસ ચાખે.
ઓથ ગ્રહી સંતઘર જે પળે,
નાનક, તે સૌ સુખને વરે. [૧૫ : ૬]

૭

મૃતને પણ જીવ એ દેનાર,
ભૂખ્યાનો ભોજન–આધાર.
સર્વ નિધિ તેની દૃષ્ટિમાં રહે,
પૂર્વનું લેણું સૌ કોને મળે.
સર્વનો કર્તા સર્વસમર્થ,
તે વિણ અન્ય ન હોય હશે અર્થ[૧].
જપ જન તેને સદા દિનરાત,
સૌમાં ઊંચ નિર્મળ એ વાત.
કરી કિરપા જેને કરે નામદાન,
નાનક, તે થાય નિર્મળ જાણ. [૧૫ : ૭]

૮

જેને મન પડી ગુરુપરતીત,
તે જન પામે હરિ પ્રભુ ચિત્ત.

---

૧. અર્થ=ચીજ, વસ્તુ. એ પ્રભુ વિના બીજું કાંઈ છે જ નહિ, થશેય નહિ.





ભક્ત ભક્ત ત્રિલોક કહાવે,
જેને હૃદય એક પ્રભુ આવે.
સાચી કરણી ને સત તેની રહેણી,
સત્ય હૃદય, સત્ય મુખ કહેણી.
દૃષ્ટિ સત્ય, સત્ય આકાર,
સત જીવનને સત્ય [૧]પથાર.
સત પરબ્રહ્મ જ જેનું જ્ઞાન,
નાનક, તે (જન) સત્યમાં[૨] ગુલતાન. [૧૫ : ૮]

---

૧. વિસ્તાર; આચારવ્યવહાર ઇત્યાદિનો ફેલાવો.

૨. પરબ્રહ્મ જ સત છે એ જ્ઞાનવાળો માણસ સત્ય-પરાયણ, સત્યમાં સમાય છે.

## અષ્ટપદી ૧૬

શ્લોક

રૂપ ન રેખ[1] ન રંગ કાંઈ,
ત્રણ ગુણથી પ્રભુ ભિન્ન;
તેને ગમ પડે, નાનકા,
જે પર પ્રભુ સુપ્રસન્ન.

૧

અવિનાશી પ્રભુ મન મહીં રાખ,
માનવ-પ્રીત, જીવ, તું ત્યાગ.
તેથી પર નહિ અન્ય કશું કોય,
સર્વ-નિરંતર[2] એક જ સોય.

૧. રેખા, ચિહ્ન.

૨. વચ્ચે કાંઈ અંતર વિના સર્વમાં વ્યાપ્ત એ જ એક છે. તેથી પર અન્ય કશું નથી.





સર્વનો દ્રષ્ટા, સર્વનો જ્ઞાની,
ગહિર ગંભીર ને સર્વ સુજાણી.
પારબ્રહ્મ પરમેશ્વર ગોવિંદ,
કૃપાનિધાન, દયાલ, ખાવિંદ.
તવ સાધુને ચરણે પડું,
નાનક, મનથી એમ જ ચહું [ ૧૬ : ૧ ]

૨

[1]શરણ્ય એ, જીવ-મનસા પૂરે,
લખ્યું ફળે જેવી કરણી મૂળે.
પલકે ધરે પલકે સંહરે,
ઈશ એવાનો મરમ કોણ કળે ?
સદાનંદ મંગળરૂપ રામ,
સર્વ વસે, સુણ, એને ધામ.
રાજનો રાજ, યોગીનો યોગી,
તપસ્વીશ્રેષ્ઠ, ગૃહી મહીં ભોગી.
ધરી ધરી ધ્યાન ભક્ત સુખ પામે,
નાનક, અંત ન (કોઈ) તેનો જાણે. [ ૧૬ : ૨ ]

૩

લીલા તેનીને નવ મિતિ માપ,
સકલ દેવ હારે શોધી આપ.

૧. શરણ ગ્રહણ કરવા યોગ્ય આધાર, શરણ આપી શકે એવું.

પિતા જન્મ કદી જાણે પુત ?
સકળ પ્રોઈ રહ્યો સૂતરરૂપ.
સુમતિ જ્ઞાન ને ધ્યાન દેનાર,
જીવ, તું દાસ, મન તેને ધાર.
ત્રૈગુણ્યે ( માયામાં ) જેને ભરમાવે,
જન્મે મરે તે, ફરી ફરી આવે.
ઊંચ નીચ સૌ તેનું સ્થાન,
નાનક, જેમ જણાવે જાણ.[1] [ ૧૬ : ૩ ]

૪

નાના રૂપ નાના જેના રંગ,
નાના વેષ, તોય રહે એકઢંગ.
નાનાવિધ તેણે કીધો વિસ્તાર,
પ્રભુ અવિનાશી એકાકાર.
કંઈ કંઈ ચરિત કરે ક્ષણ માંહી,
વ્યાપી રહ્યો સૌ જગને સાંઈ.
નાનાવિધ કરી રચ્યો પ્રપંચ,
અપની ગતિમિતિ આપ જાણંત.
સૌ ઘટ તેના, સૌ તેનાં ઠામ,
નાનક જપી જપી જીવે હરિનામ. [ ૧૬ : ૪ ]

૧. પ્રભુ જેમ જણાવે તેમ જીવને જાણ થાય છે. જુઓ ગીતા ( ૧૫ : ૧૫ ) मत: स्मृतिर्ज्ञानमपोहनं च ।





૫

નામ આધાર રહે સૌ જંત,
નામ આધાર (ટકે) ખંડ બ્રહ્માંડ.
નામ આધાર સ્મૃતિ વેદ પુરાણ,
નામ આધાર શ્રવણ જ્ઞાન ધ્યાન.
નામ આધાર આકાશ પાતાળ,
નામ આધાર નામરૂપ આકાર.
રહે સૌ ભવન નામ આધાર,
શ્રવણ સુણી નામ હોય ઉદ્ધાર.
કરી કિરપા (જેને) નામપ્રેમ કરાવે,
નાનક, ગતિ ચોથી[1] તે પામે. [ ૧૬ : ૫ ]

૬

સતરૂપ તે, સત તેનું સ્થાન,
સત્ય પુરુષ, એક એ જ પ્રધાન.
સત તેની કરણી, સત્ય વચન,
સત્ય (તે) પુરુષ, સૌ માંહી વ્યપંત.
સત્ય-કર્મ, સત્ય તેની કૃતિ,
મૂળ સત્ય, સત જગ-ઉત્પતિ.

૧. સ્વપ્ન, સુષુપ્તિ ને જાગૃતિ — એથી પર એવી તુરીય–આત્મૈક્યગતિ.

સત્ય કરણી નિર્મળથી નિર્મળી,
જે[1] જાણે તેને ફળશે ભલી.
નામ પ્રભુનું સત્ય સુખદાયી,
શ્રદ્ધા સત, નાનક, [2]ગુરુ–લાભી. [ ૧૬ : ૬ ]

૭

સત્ય વચન સાધુ ઉપદેશ,
સત તે જન જેને હૃદે પ્રવેશ.
સત્યમાં રતિ બૂજે જે કોય,
નામ જપત તેની ગતિ હોય.
સત્યરૂપ સ્વામી, કૃતિ (સૌ) સત્ય,
આપ હિ જાણે નિજ મિતિ ગત્ય.
જેની સૃષ્ટિ તે છે કરનાર,
અવર ન જાણે કર્યે'ય વિચાર.
કર્તાની મિતિ જાણે ન કોઈ,
નાનક, 'જો તિસ ભાવે હોવે સોઈ.' [ ૧૬ : ૭ ]

---

૧. આવું જેને જ્ઞાન છે તેને તે ભલી લાગશે ને તેમ અનુભવાશે પણ.

૨. સત્યશ્રદ્ધા ગુરુ પાસેથી મેળવી. ગુરુલાભી એટલે ગુરુ પાસેથી લાભેલી.





૮

વિસ્મય વિહ્વળ જીવ[1] જોઈ થાય,
જે જાણે તે ભજે કરી ભાવ.
પ્રભુને રંગ રાચી જે રહે,
તે ગુરુવચને પદારથ લહે.
એ દાતા, દુઃખ દૂર કરનાર,
એને સંગ તરે સંસાર.
સાધુનો સેવક છે વડભાગી,
સાધુસંગ પ્રભુલગની લાગી.
ગુણ ગોવિંદના જે જન ગાય,
ગુરુપ્રસાદ, નાનક, ફળ ખાય. [ ૧૬ : ૮ ]

---

૧. આ સૃષ્ટિ જોઈને વિસ્મય, ને તેમાંથી ઉકેલ ન જોઈ વિહ્વળતા થાય છે. તેમાં જે પ્રભુને જાણે તે તેને ભાવથી ભજે છે : આમ અર્થ છે.

# અષ્ટપદી ૧૭

શ્લોક

‘આદિ સત્ય, જુગાદિ સત્ય,
છે પણ સત્ય;
કહે નાનક પ્રભુ, હશે પણ સત્ય.’[૧]

૧

સત્ય ચરણ, સત સ્પર્શ કરનાર,
પૂજા સત્ય, સત તે પૂજનાર.
દર્શન સત્ય, સત્ય ( તેનો ) કરનાર,
સત્ય નામ, સત્ય તે ધ્યાનાર.

૧. શ્રી. જપજી( નાનકકૃત )ના પ્રથમ શ્લોકની અંત્ય કડી અહીં શ્લોકરૂપે લીધી છે. બીજા શ્લોકોની પેઠે તેથી તે રાગબદ્ધ નથી.





પ્રભુ પોતે સત, સત તેની ધૃતિ[૧]
પોતે ગુણ,[૨] ગુણ તેની કૃતિ.
સત્ય શબ્દ, પ્રભુ વક્તા સત્ય,
સત્ય શ્રુતિ, શ્રવનાર તે સત્ય.
જે સમજે તેને સત્ય સૌ હોય,
નાનક, સત્ય સત્ય પ્રભુ સોય. [ ૧૭ : ૧ ]

૨

સત્યસ્વરૂપ ( પ્રભુ ) જેણે જાણ્યા હૃદે,
કર્તા મૂળ તે કારણ પ્રીછે.
હોય હૃદે જેને પ્રભુવિશ્વાસ,
તે મન પ્રગટે તત્ત્વપ્રકાશ.
નિર્ભય થઈ તે વસે સંસાર,
જ્યાંથી ઊપજ્યો ત્યાં જ સમાય.
વસ્તુ જો સમ વસ્તુ સમાય,
એમાં નહિ કો ભેદ કઢાય.
સમજે સાર આ જ્ઞાની વિવેક,
મળ્યે નારાયણ, નાનક, સૌ એક. [ ૧૭ : ૨ ]

૧. ધૃતિ = પોતે ધારે છે તે — વિશ્વ.
૨. પોતે ગુણરૂપ છે અને બીજા તેના થકી ગુણ ધારે છે.

૩

પ્રભુસેવક તેનો આજ્ઞાકારી,
પ્રભુસેવક તેનો સદા પૂજારી.
પ્રભુસેવકને મનમાં પ્રતીતિ,
પ્રભુસેવકની નિર્મળ રીતિ.
પ્રભુસેવક જાણે પ્રભુ સંગ,
લાગે તેને નામનો રંગ.
સેવકનો પ્રભુ પાલનહાર,
તેની ટેક રાખે નિરંકાર.
તે સેવક જેની પર પ્રભુદયા,
નાનક, શ્વાસશ્વાસ સમરે જન એવા. [ ૧૭ : ૩ ]

૪

નિજ જનની એ ઢાંકે લાજ,
રાખે શિર પર તેને જગરાજ.
દાસ પોતાનો, એને દે એ વડાઈ,
કૃપા કરી દે નામ-જપાઈ.
નિજ સેવકની પત એ રાખે,
તેની ગતિમતિ કોઈ ન ભાખે.
પ્રભુસેવકને કોઈ ન પહોંચે,
પ્રભુનો સેવક ઊંચમાં ઊંચે.
નિજ સેવામાં પ્રભુ જેને ગ્રહે,
ગુણ, નાનક, તેના દશ દિશ હવે. [ ૧૭ : ૪ ]





૫

રજસમ કીડીં મહીં શક્તિ ભરે,
લાખ કોટી લશ્કર પણ હણે.
જેનો પ્રાણ નવ કાઢે આપ,
તેને રાખે નિજ દઈ હાથ.
મનુષ્ય યત્ન કરે બહુવિધે,
નવ કાંઈ ફળે, વ્યર્થ સૌ રીતે.
હર્તા ભર્તા અવર ન કોઈ,
સર્વ જીવોનો રક્ષક સોઈ.
શાને શોચ કરે જીવ મૂઢ?
જપ, નાનક, પ્રભુ અલખ નિગૂઢ. [ ૧૭ : ૫ ]

૬

વારંવાર સદા પ્રભુ જપો,
પી અમૃત તન મનને તરપો.[1]
નામરત્ન ગુરુમુખ જે પામે,
અવર કાંઈ તેને દૃષ્ટ[2] ન આવે.
નામ તેને[3] મન ધન, રૂપ, રંગ,
નામ સુખ, હરિ-નામનો સંગ.

---

૧. તરપવું = તૃપ્ત કરવું.
૨. દૃષ્ટિમાં.
૩. તેને નામ એ જ ધન, રૂપ, રંગ, સુખ ને સંગ છે.

નામરસે જન જે તરપાય;
તનમનથી તે નામ સમાય.
ઊઠતાં બેસતાં સૂતાં નામ,
કહે નાનક, એ તેનું કામ. [૧૭ : ૬]

૭

પ્રભુએ ભક્તને દીધું દાન :
રટણ અહોનિશ પ્રભુ–ગુણગાન.
દિલ દઈને જે ભક્તિ કરે,
પ્રભુસ્વરૂપે જઈ તે મળે.
થયું[૧] થતું બેઉ કાળને જાણે,
થનાર[૨] પ્રભુનો હુકમ કરી માણે.
પ્રભુમહિમા કોણ કહી શકનાર?
એક ગુણ પણ કો કથનાર?
આઠ પ્રહર જે વસે હરિ પાસ,
કહે નાનક, તે પૂરણ દાસ. [૧૭ : ૭]

૮

મન મારા, તેની[૩] ગ્રહ તું ઓથ,
મન તન તેમાં તારું પરોવ.

---

૧. ભૂત, વર્તમાન.
૨. ભવિષ્ય.
૩. ઉપલા પદમાં કહ્યા તે પૂર્ણ દાસની યા પ્રભુની.





જે જનને થઈ પ્રભુની પિછાન,
તેને છે સૌ ચીજ, નહિ તાણ.
તેને શરણે સૌ સુખ મળે,
તેને દર્શન પાપ સૌ ટળે.
અવર ચાતુરી સૌ તું ત્યાગ,
તે જનની સેવામાં લાગ.
તે જનના તું સદા પૂજ પાય,
જન્મમરણ, નાનક, તુજ જાય. [૧૭ : ૮]

## અષ્ટપદી ૧૮

શ્લોક

સત્ય પુરુષ જેણે જાણિયો,
સદ્‌ગુરુ તે કહેવાય;
તેને સંગ શિષ્ય ઉદ્ધરે,
નાનક, હરિગુણ ગાય.

૧

સદ્‌ગુરુ શિષ્યનો હોય પ્રતિપાળ,
સેવક પર ગુરુ સદા દયાળ.
શિષ્યનો દુર્મતિ–મળ ગુરુ હરે,
ગુરુવચને હરિનામ ઊચરે.
એમ જો શિષ્ય વિકારથી વળે,
સદ્‌ગુરુ તેનાં બંધન હરે.





સદ્‌ગુરુ શિષ્યને નામધન દેય,
તે સાચે બડભાગી છેય.
સદ્‌ગુરુ ઈહપરલોક સજાવે,
નાનક, શિષ્યને જીવજેમ સંભાળે. [ ૧૮ : ૧ ]

૨

ગુરુને ઘેર સેવક જે રહે,
ગુરુની આજ્ઞા તે મન ગ્રહે.
જાતે ત્યાં શૂન્યવત્ થઈ વસે,
હરિ હરિ નામ સદા ધ્યાય હૃદે.
મન વેચે સદ્‌ગુરુને પાય,
એ સેવકનું કારજ થાય.
સેવા કરે તે થઈ નિષ્કામી,
તેવાને મળે ઈશ્વર સ્વામી.
જે સેવક પર હોય કૃપાળ,
નાનક, તે પામે શીખ પાર.[1] [ ૧૮ : ૨ ]

૩

વીસ વસા જે ગુરુમન હરે,
પારબ્રહ્મ ગતિ તે જન લહે.
તે સદ્‌ગુરુ જે ઉર હરિનામ;
અનેક વાર એને કુરબાન.

---

૧. તે સેવક ગુરુની શીખનો પાર પામશે.

સર્વનિધાન જીવને દેનાર,
આઠ પ્રહર બ્રહ્મરંગ રમનાર.
બ્રહ્મમાં ભક્ત, ભક્ત માંહીં બ્રહ્મ,
એક હિ બ્રહ્મ—એ જ્ઞાન નિર્ભ્રમ.
હજાર યુક્તિ કર્યે નવ મળે,
તે ગુરુ, નાનક, બડભાગી રળે. [ ૧૮ : ૩ ]

૪

ગુરુદર્શન સફળ કરે પુનીત,
પાદસ્પર્શે નિર્મળ ગતિ રીત.
ભેટી ગુરુ જે રામગુણ ગાય,
પારબ્રહ્મ પ્રભુધામે જાય.
સુણી વાણી હોય કર્ણ પ્રસન્ન,
મન સંતોષ લહે આત્માનંદ.
પૂરણ ગુરુ, જેનો અક્ષય્ય મંત્ર;
(તેની) સુધાદૃષ્ટિથી થાય [1]શીખ સંત.
ગુણ અનંત, કિંમત નવ થાય,
નાનક, જે પરપ્રીત તે સ્વરૂપ સમાય. [ ૧૮ : ૪ ]

૫

જીભ એક સ્તવગાન અનેક,
સત્ય પુરુષ એ પૂર્ણવિવેક.

---

૧. શીખ=શિષ્ય. તે પૂર્ણ ગુરુની સુધાદૃષ્ટિથી શીખ સંત થાય.





કહી કહી થાકે, પહોંચે ન પ્રાણી,
અગમ, અગોચર, પ્રભુ નિર્વાણી.[1]
નિરાહાર, નિર્વૈર, સુખદાની,
તેની કિંમત શકે કોણ પામી ?
અનેક ભક્ત વંદન નિત કરે,
ચરણકમળ અંતરમાં સ્મરે.
જેની કૃપા એવા પ્રભુ જપે,
નિત, નાનક, તે સદ્ગુરુને નમે. [ ૧૮ : ૫ ]

૬

એ હરિરસ ચાખે જન કોય,
અમૃત પીને અમર તે હોય.
એવા પુરુષનો નહિ કદી નાશ,
જેને મન પ્રગટે ગુણનાથ.[2]
આઠ પ્રહર હરિનું નામ લેય,
સત ઉપદેશ સેવકને દેય;
મોહમાયાથી જે ન લેપાય,
મન મહીં રાખે એક હરિરાય,
ભ્રમ ને મોહ દુઃખ તેનું ટળે,
નાનક, દીવે અંધારું પળે. [ ૧૮ : ૬ ]

---

૧. શાંત, ધીર, રાગદ્વેષાતીત, નિર્વાણરૂપ.
૨. ગુણોનો નાથ, પ્રભુ.

૭

તપતામાં જે ટાઢક કરે,
થાય આનંદ અને દુઃખ ટળે;
જન્મમરણનો મટે અંદેશ,
સુણ્યે સાધુનો પૂર્ણ ઉપદેશ.
ભય નાસે નિર્ભય થઈ વસે,
સકળ વ્યાધિ મનમાંથી ખસે.
દાસ તેની પર કિરપા ધરે,
સાધુસંગ જે મુરારિને જપે.
સ્થિરચિત્ત થાય, મટે ભ્રમ ગમન,[1]
સુણી, નાનક, (હરિ)ગુણગાન શ્રવણ. [૧૮ : ૭]

૮

નિર્ગુણ આપ, સગુણ પણ સોય,
કળા દેખી જે પર સૌ મોહ્ય.
લીલા તેની સૌ તેણે સજી,
જાતે કિંમત જાતની લહી.
હરિ વિણ આન ન તારે કોઈ,
સર્વ-નિરંતર-વાસી સોઈ.

---

૧. જન્મમરણનું ગમન અને ચિત્તનો ભ્રમ એ મટે.





ઓતપ્રોત રહ્યો એ રૂપરંગ,[1]
થાય છતો એ સાધુસંગ.
કરી[2] રચના મહીં શક્તિ ધારી,
અનેક વાર, નાનક, બલિહારી. [૧૮ : ૮]

---

૧. રૂપરંગમાં, એટલે બ્રહ્માંડમાં બધે તે ઓતપ્રોત સૂક્ષ્મરૂપે છે. સાધુસંગથી તે છતો થઈ ભક્તને દેખાય છે.

૨. વિશ્વ રચીને તેમાં ચેતનશક્તિ તેણે મૂકી અથવા પૂરી.

# અષ્ટપદી ૧૯

શ્લોક

સાથ ન ચાલે ભજન વિણ,
વિષયો સઘળા રાખ;
હરિ હરિ નામ કમાણી એ,
નાનક, છે ધન સાચ.

૧

સંતોને મળી કરજો વિચાર,
સમરો એક પ્રભુ, નામ આધાર.
અવર ઉપાય સૌ, મિત્ર, વિસારો,
ચરણકમળ મન હ્રદયે ધારો.
કારણ કરણ સમરથ એ પ્રભુ,
દૃઢ ગ્રહ નામ, શ્રેષ્ઠ વછ[1] વિભુ.

---

૧. વછ=વસ્તુ. શ્રેષ્ઠ વસ્તુ — સત્ય વિભુ છે.





એ ધન સંઘર, થા ભાગ્યવંત;
નિર્મળ વાણી ઉચારે સંત.
એક આશ રાખ મન માંહ્ય,
સર્વ રોગ, નાનક, મટી જાય. [ ૧૯ : ૧ ]

૨

જે ધન કાજે ચાર દિશ ધાય,
તે ધન હરિ સેવ્યે મળી જાય.
જે સુખને ચાહે નિત, મીત,
તે સુખ હોય સાધુશું પ્રીત.
(જે) શોભાલોભે કરે ભલી કરણી,
તે મળશે થા તું હરિશરણી.
અનેક ઉપાય રોગ નવ ટળે,
હરિ-ઔષધ તેને પરિહરે.
સર્વ નિધિમાં ઊંચ (હરિ) નામ નિધાન,
જપ, નાનક, હરિઘેર પરવાન.[1] [ ૧૯ : ૨ ]

૩

મન ધાતું દશ દિશ ઠરે ઠામ,
જો [2]પરબોધે હરિનું નામ.

---

૧. એવું નામ જપ, તો હરિના દરબારમાં તું પ્રમાણ પડીશ, તને ત્યાં પ્રવેશનો પરવાનો મળશે.
૨. પરબોધવું=પ્રબોધ પામવો; જાણવું.

વિઘ્ન ન આવે તેને કાંઈ,
જેને હૃદય વસે હરિ સાંઈ.
તાતો કળિ, શીતળ હરિનામ;
સ્મરી સ્મરી પામો સુખધામ.
ભય વિનશે, હોય પૂરણ આશ;
ભક્તિ કર્યે, હોય આત્મપ્રકાશ.
ધામ વસે જઈ તે અવિનાશ,
કહે નાનક, તૂટે જમપાશ. [ ૧૯ : ૩ ]

૪

જન સાચા કરે તત્ત્વવિચાર,
તે કાચા જે ભમે સંસાર.
આવાગમન મટે પ્રભુ સેવ,
અહં ત્યાગ, ભજ શ્રીગુરુદેવ.
મનુષજન્મરૂપી રત્ન ઓધાર,
હરિ હરિ સમર, પ્રાણ-આધાર.
શાસ્ત્ર સ્મૃતિ કરે વેદ વિચાર,
અનેક અવર યત્ને ન ઉદ્ધાર.
હરિભક્તિ કરો મન ધરી, ભાઈ,
મનવાંછિત, નાનક, ફળદાયી. [ ૧૯ : ૪ ]

૫

સંગ ન આવે તારું ધન,
તોય ફસે કયાં, મૂરખ જન?





સુત મિત દાર કુટુંબ પરિવાર,
એથી શેં તું સનાથ થનાર?
(એ બધું) રાજરંગ માયા-વિસ્તાર,
એથી કોણ, કહો, છૂટનાર?
હાથી, ઘોડા, રથ અસવાર,
જૂઠો ઠાઠ, એ જૂઠ પથાર.
દાતાને ન પ્રીછે, અજ્ઞાના,[૧]
નામ વિસારી, નાનક, 'પસ્તાના'. [ ૧૯ : ૫ ]

૬

ગુરુની શીખ તું લે, નાદાન,
બિન ભક્તિ કંઈ ડૂબ્યા સુજાણ.
હરિભક્તિ કર મનથી, મીત,
થશે નિર્મળું તારું ચિત્ત.
ચરણકમળ રાખો મન માંહ્ય,
જન્મ જન્મનાં કિલ્મિષ જાય.
જાતે જપ બીજાંને જપાવ,
કહી સુણી નામ મુક્ત-ગતિ પામ.
સારભૂત સત હરિનું નામ,
સહજ કર, ભાઈ, નાનક, ગુણગાન [ ૧૯ : ૬ ]

---

૧. મૂળ શબ્દ બિગાના=પરાયું પણ અર્થ છે. 'અજ્ઞાન' અર્થ અહીં લીધો છે.

૭

ગુણ ગાયે ઊતરે મનમેલ,
જાયે વ્યાપ્યું અહંમમ-ઝેર.
હોય અચિંત, વસે સુખ સાથ,
શ્વાસ શ્વાસ હરિનામ લે, ભ્રાત.
રે મન, શાણપ સઘળી છોડ,
સત ધન મળે સાધુની જોડ.
મૂડી નામધન કર વ્યવહાર;
(તો) અહીં સુખ, ઈશઘર જયજયકાર.
જે સદ્‌ભાગી લલાટે લેખ,
નાનક, નિરંતર દેખે (તે) એક. [૧૯ : ૭]

૮

એક પ્રભુનો જપ કર ગાન,
એક સમર એક હિ મન આણ.
એક અનંતનાં કર ગુણગાન,
મન તનથી જપ એક ભગવાન.
એક એક હરિ એ એક સ્થિર,
પૂરણ સૌવ્યાપક પ્રભુ [1]ધીર.

---

૧. ધીર = ધૃતિવાન, નિત્ય.





અનેક વિસ્તાર[1] એકથી થયા;
એક આરાધ, વિકાર સૌ ગયા.
મન તનથી પ્રભુમાં જે મગ્ન,
ગુરુપ્રસાદ, નાનક, તે પ્રજ્ઞ. [૧૯ : ૮]

---

૧. એક પ્રભુએ અનેક વાર સૃષ્ટિનો વિસ્તાર કર્યો છે. તું તો એકને આરાધ, તો તારા સૌ વિકાર જવાના.

## અષ્ટપદી ૨૦

શ્લોક

[1]ફરી ફરીને, પ્રભુ, આવિયો,
લેવા ઓથ તમારી,
નાનકની, પ્રભુ, વિનતી,
ભક્તિ-ભેટ દે તારી.

૧

યાચક હું, યાચું પ્રભુ દાન,
કરી કિરપા દેજે હરિનામ.
સાધુજનોની ચહું પદધૂળ,
પારબ્રહ્મ મારી વાંછા પૂર.

---

૧. અનેક યોનિમાં ફરી ફરીને મનુષ્યદેહમાં આવ્યો: એ અર્થ.





સદા સદા હું તુજ ગુણ ગાઉં,
શ્વાસ શ્વાસ, પ્રભુ, તુજને ધ્યાઉં.
ચરણુકમળમાં લાગે પ્રીત,
ભક્તિ કરું, પ્રભુ, તારી નિત.
એક ઓથ, એક તું આધાર,
નાનક માગે નામ, પ્રભુ, સાર. [ ૨૦ : ૧ ]

૨

પ્રભુની દૃષ્ટિ મહા સુખદાયી,
હરિરસ પામે વિરલા કોઈ.
જે ચાખે તે મન તરપાય,
[1]પૂર્ણ પુરુષ તે, મન ન ડગાય.
સભર ભરાય પ્રેમરસરાગ,
સત્સંગે ઊપજે પ્રભુ-ચાહ.
ત્યજે આન સૌ, આવે (પ્રભુ)શરણુ,
ઊજળે અંતર, અનુદિન મનન.[2]
બડભાગી જેણે પ્રભુને જપ્યા,
સુખી, નાનક, જે નામરત થયા. [ ૨૦ : ૨ ]

---

૧. તે રસને જે ચાખે તેનું મન તૃપ્ત થાય અને તે પૂર્ણપુરુષ થાય છે: તેનું મન વિકારોથી ડગતું નથી.

૨. સર્વ ત્યજી પ્રભુશરણે પડે; તેથી અંતર ઉજ્જ્વળ થાય ને હમેશ પ્રભુનું મનન-ધ્યાન થવા લાગે. ઊજળવું= ઊજળું થવું.

૩

સેવકની મનવાંછા ફળી :
નિર્મળ શીખ સત્ગુરુથી મળી.
સેવક પર પ્રભુ હોય દયાલ,
કરે તેને તે સદાય નિહાલ.
કાપે બંધન, તે મુક્ત થાય,
જન્મમરણદુઃખ ને ભ્રમ જાય.
ઇચ્છા ફળી, શ્રદ્ધા સૌ પૂરી,
રહ્યો સંગ સદા હાજર હરિ.
[1]જેનો તેણે લીધો મિલાવી,
નાનક, નામભક્તિ તેને હૃદે વસાવી. [ ૨૦ : ૩ ]

૪

કેમ વીસરે જે શ્રમફળ દેત?
કેમ વીસરે જે [2]કૃત-બૂજ લેત?
કેમ વીસરે જેણે સૌ કાંઈ દીધું?
કેમ વીસરે જગજીવન વિભુ?
કેમ વીસરે : ગર્ભાગ્નિથી રાખ્યો?
ગુરુપ્રસાદ કોઈ વિરલે દાખ્યો.

૧. જે પ્રભુનો તે છે તેણે તે પોતાના દાસને પોતામાં સમાવ્યો.

૨. કૃત-કર્યાં કર્મની બૂજ કરે છે તે પ્રભુ.





કેમ વીસરે જે [1]વિષથી કાઢે,—
[2]જનમ જનમનો તૂટ્યો સાંધે?
ગુરુ પૂર્ણે સત્સાર શિખાડ્યો,
દાસજને, નાનક, પ્રભુ ધ્યાયો. [ ૨૦ : ૪ ]

૫

સજ્જન સુજ્ઞ, કરો આ કામ —
અન્ય ત્યજી જપજો હરિનામ.
સમર સમર સમર સુખ થાય,
જાતે જપ, ને અન્ય જપાવ.
પ્રેમભક્તિ (દ્વારા), ભાઈ, તરો સંસાર,
વિણ ભક્તિ તન ખોશો છાર.[3]
સૌ કલ્યાણ-સુખ-નિધિ પ્રભુનામ,
ડૂબતો પણ[4] પામે વિશ્રામ.
સકળ દુઃખનો થાયે નાશ,
નામ જપ્યે ગુણ, નાનક દાસ. [ ૨૦ : ૫ ]

૧. પાપરૂપી કે જન્મમરણરૂપી વિષ.

૨. અનેક જન્મોથી પ્રભુથી વિખૂટાને પાછો સાંધી આપે એને કેમ વીસરે?

૩. છારું, રાખોડી; શરીર નકામું રાખમાં ખોશો.

૪. એવો પણ અર્થ કરાય છે કે, 'તે નામ વિના ડુબાય, ને તે ગ્રહ્યે વિશ્રામ મળે.'

૬

મનતનની હરિ એક જ આશઃ—
ઊપજે પ્રીત પ્રેમરસપ્યાસ;
નેત્રોથી દર્શનસુખ-ચાહ,
સાધુચરણ ધોઈ મનનો વિકાસ.
ભક્તને તનમનથી પ્રભુરંગ,
વિરલા કોઈ પામે સત્સંગ.
એક વસ્તુ દેજે કરી કૃપા—
ગુરુપ્રસાદ હોય તારી જપા.
તેની (પ્રભુ) ઉપમા કહી ન જાય,
નાનક, તે રહ્યો સર્વ સમાય. [ ૨૦ : ૬ ]

૭

ક્ષમાવંત પ્રભુ દીનદયાળ,
ભક્તવત્સલ તે સદા કૃપાળ.
અનાથનો નાથ, ગોવિંદ ગોપાળ,
સર્વ જીવોનો એ પ્રતિપાળ.
આદિપુરુષ કારણ કિરતાર,
ભક્તજનોનો પ્રાણ-આધાર.
જે જે જપે તે થાય પુનિત,
પ્રેમ-ભક્તિ સેવા ધરે ચિત્ત.
હું નિર્ગુણી અને નીચ અજાણ,
નાનક, શરણું તું પુરુષ પુરાણ. [ ૨૦ : ૭ ]





૮

એક નિમિષ જે હરિગુણ ગાય,
વૈકુંઠ-સુખ મુક્તિ મળી જાય.
હરિનું નામ કથા જેને રુચી,
રાજભોગ તેને અનેક વિભૂતિ.
જીહ્વા જેની જપે હરિ નિત,
પામે સુખ ભોજનપ્રિય-રીત.[1]
જેને મન વસે ગુરુનો મંત,[2]
ભલી કરણી (તેની) શોભા,:ધનવંત.
સાધુસંગ પ્રભુ દેજે નિવાસ,
સુખ સૌ, નાનક, ત્યાં પરકાશ. [ ૨૦ : ૮ ]

---

૧. ભોજનપ્રિ—સ્વાદીલા માણસની જીભ ભોજનથી સુખ માને તેમ ભક્તની જીભને નામસ્વાદ ભાવે ને:સુખ મળે.
૨. મંત્ર.

## અષ્ટપદી ૨૧

શ્લોક

સગુણ નિર્ગુણ નિરંકાર,
શૂન્ય સમાધિમાં સ્થાયી;
આપે કર્યું સૌ નાનકા,
આપમાં લેય સમાવી.

૧

નામરૂપ જ્યારે નવ કાંઈ હતું,
પાપપુણ્ય ત્યારે કોણ કરતું'તું?
આપે (જો) ધારે શૂન્ય સમાધ,
કોણ સંગ કહો વેર વિરોધ?
જ્યાં જનનું નહિ વર્ણ કે ચિહ્ન,
શોકહર્ષ કહો કેમ ત્યાં ભિન્ન?





જ્યાં એક હિ એક બ્રહ્મપ્રતીતિ,
કહો કેમ (હોય) ત્યાં મોહ ભ્રમભીતિ?
નિજ લીલા, તે વર્તાવનાર,
નાનક, દૂજો ન કોઈ કરનાર. [૨૧ : ૧]

૨

જ્યારે હોય પ્રભુ કેવળ ધણી,
બંધ મુક્ત કહો કોને ગણી?
જ્યાં એક જ હરિ અગમ અપાર,
ત્યાં કોણ કહો નાક નરક જનાર?
જ્યાં નિર્ગુણ પ્રભુ સહજસ્વભાવ,
શિવ-શક્તિ-ભેદ ક્યાં જ લગાવ?
આપ જ જ્યાં એક સ્વયંપ્રકાશ,
કોણ ડરે? કહો કોથી ત્રાસ?
આપ જ નિજનો ખેલ રચનાર,
નાનક, ઠાકુર આગમ અપાર. [૨૧ : ૨]

૩

(જ્યાં) અવિનાશી સુખ-આસન બેઠ,
જન્મમરણ ક્યાં રહી, કહે, વેઠ[૧]?
જ્યાં કર્તા પ્રભુ પૂરણ એક,
જમ કોને કહો ત્રાસ ત્યાં દેત?

૧. જન્મમરણરૂપી વેઠ—વેઠવાપણું—પછી ક્યાં રહી?

અગમઅગોચર જ્યાં પ્રભુ એક;
ચિત્રગુપ્ત પૂછે કોને લેખ ?
નાથ નિરંજન અગાધ અગોચર,
કોણ મુક્ત, કહો, કોણ બંદીગર ?
આપ હિ આપ અજાયબ આપ,
નાનક, નિજ રૂપ ધરે પણ આપ. [ ૨૧ : ૩ ]

૪

જ્યાં નિર્મળ એક પુરુષ પવિત્ર,
વિના મેલ કહો ધુએ શું ચરિત્ર ?
નિરાકાર નિર્લેપ નિર્વાણ,
ત્યાં શું માનઅપમાન અભિમાન ?
જ્યાં કેવળ જગદીશ જણાય,
ત્યાં છળછિદ્રે કોણ છેતરાય ?
જ્યાં જ્યોતિરૂપ જ્યોત સમાય,
ત્યાં કોને ભૂખ કોણ તરપાય ?
કરે કારવે સરજનહાર,
નાનક, તેનો નહિ જ સુમાર. [ ૨૧ : ૪ ]

૫

શોભા[૧] એની જ્યારે સાથ સમાઈ,
કોણ મિત (ત્યાં) માતપિતા સુત ભાઈ ?

૧. એટલે કે, સૃષ્ટિરૂપે તે નહોતી પ્રગટી, બધું અંધાકાર હતું.





સર્વ કળામાં પ્રવીણ પ્રભુ આપ,
દૂજો કોણ ચીંને વેદ કિતાબ ?
જ્યાં જાતે એકલ જાણે વિચારે,
શુભાશુભ કોણ શુકન નિહાળે ?
જ્યાં આપ હિ ઊંચ, નીચ વળી આપ,
ત્યાં કોણ ઠાકુર ને કોણ દાસ ?
વિસ્મિત થાય રચના સૌ ન્યાળી,[૧]
નાનક, નિજ ગતિ આપે ભાળી. [ ૨૧ : ૫ ]

૬

અછલ આપ જ્યાં રહ્યો અભેદ,
કોને વ્યાપે ત્યાં માયાછેદ ?
આપ જ આપ જ્યાં કરે આદેશ,
ત્રણ ગુણનો તહીં નહીં પ્રવેશ.
એક હિ એક જહીં ભગવંત,
કોણ અચિંત ત્યાં, કોને (લાગે) ચંત[૨] ?
જ્યાં હોય ખુદમાં જાત-પતિયાર,
ત્યાં કોણ કહે કોણ સુણનાર[૩] ?
અનંત અપાર ઊંચમાં ઊંચ,
નાનક, અન્યની ત્યાં નહિ પહૂંચ. [ ૨૧ : ૬ ]

૧. ન્યાળી=નિહાળીને. જોઈને.

૨. ત્યાં ચિંતા વગરનો કે ચિંતાવાળો કોણ ?

૩. જ્યાં એક પ્રભુ — બ્રહ્મ જ સ્વનિષ્ઠ છે, ત્યાં કોણ કોને કહે ?

૭

આપે રચ્યો જ્યારે પ્રપંચ આકાર,
ત્રણ ગુણનો ત્યારે કર્યો વિસ્તાર;
પાપપુણ્ય ત્યારે કહાણી બની,
સ્વર્ગનરક વાંછા જીવે જણી.
ઘરબારજાળ ને માયા જંજાળ,
અહંમમ મોહ ભરમ ભયભાર;
સુખદુઃખ અને માનઅમાન,
અનેક પ્રકાર કર્યાં બહુ જ્ઞાન.
જાતે ખેલ કરે, ન્યાળે એ જ,
ખેલ સંકોચે ત્યારે, નાનક, એક. [ ૨૧ : ૭ ]

૮

ભક્ત વસે તહીં હોય ભગવાન,
પ્રપંચ પ્રસાર તહીં સંત પ્રધાન.
બેઉ[1] પક્ષનો આપ જ ધણી,
શોભા એની એક જ બની[2].

---

૧. બેઉ એટલે સર્જન ને સંહાર, અથવા દૈવી અને આસુરી, એવા બે અર્થ અપાય છે.

૨. બીજે જોટો ન મળે એવી; એણે જ કરેલી,— એમ બેવડો અર્થ.





કૌતુક ખેલ આનંદ કરે આપ,
રસભોગી તોય નહિ ભોગપાશ.
ફાવે તેને નિજ નામ જપાવે,
ફાવે તેને જગખેલ ખેલાવે.
અનંત અથાગ અગણ્ય અતોલ,
પ્રેરે તેમ હોય, નાનક બોલ[1]. [ ૨૧ : ૮ ]

---

૧. નાનક બોલે છે. યા એવો નાનકનો બોલ છે.

# અષ્ટપદી ૨૨

શ્લોક

જીવજંતુનો નાથ એ,
ઘટ ઘટ છે રહેનાર,
નાનક, એક પ્રસર્યો બધે,
દૂજો નહિ જોનાર.

૧

આપ જ કથે, આપ સુણનાર,
આપ હિ એક, આપ વિસ્તાર.
ઇચ્છાએ તે સૃષ્ટિ સજાવે,
ઇચ્છાએ નિજ માંહી સમાવે.
તુંથી ભિન્ન નથી, પ્રભુ, કાંઈ,
સૂત્રરૂપ રહ્યો જગની માંહી.





જે જનને પ્રભુ આપ સુઝાવે,
સત્ય નામ તે મન મહીં લાવે.
સમદર્શી તે તત્ત્વનો વેત્તા,
નાનક, તે સૌ સૃષ્ટિ વિજેતા. [૨૨ : ૧]

૨

જીવજંતુ સૌ તેને હાથ,
દીન-દયાળ અનાથનો નાથ.
જેને રાખે તેને કોઈ ન મારે,
મૂઓ તે જેને મનથી વિસારે.
ત્યજી તેને બીજે કોણ જાય?[1]
સૌને શિર એ નિરંજન રાય.
જીવની જુક્તિ માત્ર જેને હાથ,
અંદર બાહર તે જાણ સાથ.
ગુણનિધાન અનંત અપાર,
નાનક, દાસ સદા બલિહાર. [૨૨ : ૨]

૩

પૂરણ સભર ભર્યો એ દયાળ,
સૌ ઉપર એ હોય કિરપાળ.
નિજનું કારજ નિજને જ્ઞાત,
અંતર્યામી સૌમાં વ્યાપ્ત.

---

૧. મીરાંબાઈએ ગાયું છે તેમ, 'हर रूठे कंह जाना' એ ભાવ.

પ્રીતે પાળે જીવન બહુભાત,
સૌ રચના તે રાખે યાદ[1].
જે પર ભાવ તેને લે એ મિલાવી,
કરે ભક્તિ ગુણગાન એ, ભાઈ;
મન અંદર વિશ્વાસ કરી માન્યો,
કર્તા એણે, નાનક, એક જાણ્યો. [ ૨૨ : ૩ ]

૪

હરિની આશ ધરી જે લગે,[2]
વૃથા આશ તેની નવ કરે.
સેવકનો બને સેવા ધરમ,
આજ્ઞા ધારે : મળે પદ પરમ.
એથી પર નહિ અન્ય વિચાર,
જેને મન છે હરિ નિરાકાર;
તોડી બંધ તે થાય નિર્વૈર,
પ્રતિદિન પૂજે ગુરુના પેર.
એમ કર્યે સુખી અહીં ને તહીં,[3]
નાનક, હરિ મળે એને સહી. [ ૨૨ : ૪ ]

૧. એવો અર્થ પણ કરે છે કે, સૌ સૃષ્ટિ તેનું જ ધ્યાન ધરે છે.

૨. લગવું = લાગવું; સ્નેહ કરવો, સંબંધ બાંધવો.

૩. આ લોકમાં અને પરલોકમાં.





૫

સાધુસંગ કરી કરજો આનંદ,
ગુણ ગાજો પ્રભુ પરમાનંદ.
રામનામ સાર, કરજો વિચાર,
દુર્લભ દેહનો થાય ઉદ્ધાર.
અમૃતવચન હરિનાં ગુણગાન,
ભવતારણનું એ જ નિદાન.
આઠ પ્રહર પેખે પ્રભુ પાસ,
મટે અજ્ઞાન થાય પરકાશ.
સુણ ઉપદેશ હૃદયમાં વસાવ,
મનવાંછિત, નાનક, ફળ 'પાવ.' [ ૨૨ : ૫ ]

૬

બેઉ લોકની લે સંભાળ,
રામનામ અંતર ઉર ધાર.
પૂરણ ગુરુની દીક્ષા પૂરી,
જે મન વસે, તેની પારખ ખરી.[1]
મન તનથી જપ હરિનું નામ,
દુઃખ દરદ ભય તજે મનધામ.
સત્ય વેપાર કરો વેપારી,
પ્રભુઘર પહોંચે ખેપ તમારી.

૧. તેણે ખરી પારખ — સાચું જ્ઞાન મેળવ્યું.

એક ટેક[1] રાખો મન માંય,
નાનક, ફરી ફરી આવે ન જાય. [ ૨૨ : ૬ ]

૭

પ્રભુથી દૂર કહો કોણ ક્યાં જાય?
ઊધરે, રાખણહાર જે ધ્યાય.
નિર્ભય (પ્રભુ) જપ્યે સકળ ભય ખૂટે,
પ્રભુકિરપાએ પ્રાણી છૂટે.
પ્રભુ રાખે તેને નહિ દુઃખ,
નામ જપ્યે મન હોયે સુખ;
ચિંતા જાય, મટે અહંકાર,
તેને કો નહિ પહોંચનહાર.
શૂરો ગુરુ જેનું શિરછત્ર બને,
નાનક, સૌ કારજ તેનાં સધે. [ ૨૨ : ૭ ]

૮

મતિ પૂરણ, જેની અમૃત દૃષ્ટિ,
દર્શન તેનાં કરી ઊધરે સૃષ્ટિ.
ચરણકમળ છે જેનાં અનુપ,
સફળ દર્શન, સુંદર હરિરૂપ.

૧. ટેકો. મનમાં એક પ્રભુ જ ટેકો– આધાર છે એમ માનો. અથવા સાચો વેપાર કરવાની જ એક ટેક રાખો.





ધન્ય સેવા, સેવક પરમાણ.[1]
અંતર્યામી પુરુષ પ્રધાન,
મન જેને વસે હોય નિહાલ,
તેની નિકટ ન આવે કાલ.
સાધુસંગ, નાનક, હરિ ભજ્યા,
અમર થયા (તે), અમરાપદ પળ્યા. [ ૨૨ : ૮ ]

૧. સેવક પરમાણ છે, સાચો છે. ને તેની સેવાને ધન્ય છે.

## અષ્ટપદી ૨૩

શ્લોક

જ્ઞાનાંજન ગુરુએ દીધું,
થયો અજ્ઞાન-વિનાશ;
હરિકિરપાએ સંત ભેટિયા,
નાનક, મન પરકાશ.

૧

સત્સંગે અંતર પ્રભુ દીઠો,
જાપ પ્રભુનો લાગ્યો મીઠો.
સકળ સામગ્રી એક ઘટમાંય,[૧]
અનેક રંગઢંગ દીસે ત્યાંય.

૧. એક પિંડમાં આખું બ્રહ્માંડ છે. બીજો અર્થ એમ પણ કરાય છે કે, એક પ્રભુમાં બધું છે.





નવનિધિ અમૃત પ્રભુનું નામ,
તેનો જો દેહ મહીં વિશ્રામ.
શૂન્ય સમાધિ ને અનહત નાદ,
કહ્યો ન જાય એનો અચરજ સ્વાદ.
તે દેખે જેને આપ દેખાવે,
ને તેને સૂઝ, નાનક, આવે. [ ૨૩ : ૧ ]

૨

તે અંદર તે બહાર અનંત,
ઘટ ઘટ વ્યાપી રહ્યો ભગવંત.
ધરણી મહીં, આકાશ, પાતાળ,
સર્વ લોકમાં પૂર્ણ, પ્રતિપાળ.
વન તૃણ પર્વત વસે પારબ્રહ્મ,
જેમ આજ્ઞા તેમ કરે સૌ કર્મ.
પવન પાણી વૈશ્વાનળ માંય,
ચાર 'કુંઠ[૧]' દશ દિશ સમાય.
તેના વિણ હોય નહિ કો ઠામ,
ગુરુપ્રસાદ, નાનક, સુખ પામ. [ ૨૩ : ૨ ]

૩

વેદ પુરાણ સ્મૃતિ મહીં દેખ,
શશી સૂર્ય નક્ષત્રે એક.[૨]

૧. આ શબ્દ મૂળનો છે. અર્થ સ્પષ્ટ નથી.

૨. વેદાદિમાં દેખે તો શશીસૂર્યાદિમાં તે એક જ સત્ય છે એમ જણાશે.

દીધી સૌ તેની વાણી વદે,
આપ અડોલ કદી નહિ ડગે.
સર્વ કળા કરી ખેલે ખેલ,
મોલ ન મળે, ગુણ તેના અમોલ.
સૌ જ્યોતિમાં તે મૂળ જ્યોત,
ધરી રહ્યો સ્વામી ઓતપ્રોત :
ગુરુપ્રસાદ જેના ભ્રમનો નાશ,
નાનક, તેનો આ વિશ્વાસ. [ ૨૩ : ૩ ]

૪

સંત જનો સૌ પેખે બ્રહ્મ,
સંતને હૃદે વસે સૌ ધર્મ.
સંતો સુણતા વાણી બેશ;
સ્નેહે સેવે વ્યાપી સીતેશ.[૧]
જેણે જાણ્યો તેની એક જ રીત—
સત્ય વચન, સાધુ પર પ્રીત;
જે ગુજરે તેમાં સુખ લહે,
કરત કરાવત પ્રભુ છે કહે.
અંતર બહાર પ્રભુ એક સોહે,
પેખી (તેને), નાનક, સૌ કો મોહે. [ ૨૩ : ૪ ]

૧. સર્વવ્યાપી જે સીતાપતિ તેને સ્નેહથી સેવે.





૫

પોતે સત્ય, તેની કરણી સતી,
તે પ્રભુથી સઘળી ઉત્પતિ.
ફાવે ત્યારે તે કરે વિસ્તાર,
ફાવે ત્યારે કરે એકાકાર.
અનેક કળા (તેની) દેખી નવ જાયે,
જે પર ભાવ તેને સંગ મિલાવે.
કોણ નિકટ કોણ તેથી દૂર ?
આપે આપ બધે ભરપૂર.
નાનક, તે જન પ્રભુને પેખે,
અંદર છે ખુદ આપ ઉલ્લેખે.[૧] [ ૨૩ : ૫ ]

૬

સર્વ ભૂતમાં આપ વસનાર,
સર્વની આંખે આપ જોનાર.
સકળ સંસાર છે જેનું વાન,
સ્વજશ સુણે તે સૌને કાન.
આવાગમન એક તેનો ખેલ,
આજ્ઞાકારી કર્યો માયાફેલ.
સૌની માંહ્ય અલેપ એ રહે,
જે કાંઈ કહેવું તે પોતે કહે.

૧. કહે, જણાવે, શીખવે, કે બતાવે.

તેની આજ્ઞાએ આવે જાયે,
નાનક, ફાવે તેને નિજમાં સમાવે. [ ૨૩ : ૬ ]

૭

થાય એનાથી તે નહિ બૂરું;
કહો, એ વિણ શું કોણે કર્યું ?
પોતે ભલો, તેની કરણી ભલી,
પોતે જાણે વાત પોતા થકી.
પોતે સત્, સત્ તેની ધરણી[૧],
ઓતપ્રોત રહી તેની કરણી.
તેની ગતિમિતિ કહી ન શકંત,
તેને તુલ્ય કો, જે જાણે અંત ?
તેનું કર્યું બધું પરમાણ,
ગુરુપ્રસાદ એમ, નાનક, જાણ. [ ૨૩ : ૭ ]

૮

જે જાણે તેને સદા સુખ હોય,
આપ મિલાવી લે પ્રભુ સોય.
તે ધનવંત, કુલીન, ખાનદાન,
જીવનમુક્ત, જેને હૃદે ભગવાન.

૧. ધરણી = પોતે જે ધારણ કરે છે તે બધું.





ધન્ય ધન્ય તેનો અહીં જન્મ[૧],
જેને પ્રસાદ તરશે જગ સર્વ.
તેના આવ્યાનું એક જ કામ[૨],
શીખ તેનીએ (જન) ચિત જામે નામ.
પોતે મુક્ત કરે મુક્ત સંસાર,
નાનક, તેને સદા નમસ્કાર. [ ૨૩ : ૮ ]

૧. આ કડીઓ ગુરુ નાનકને ઉદ્દેશીને છે એમ પણ અર્થ લેવાય છે.

૨. તેના અવતારનું એક કામ—ઉદ્દેશ એ છે કે તેની શીખે લોક રામનામ મનમાં ગ્રહણ કરે ને જપે.

## અષ્ટપદી ૨૪

શ્લોક

પૂરણ પ્રભુ આરાધિયો,
પૂરું જેનું નામ;
પૂરણના ગુણ ગાઇયા,
નાનક, પૂરણ પામ.

૧

પૂરા ગુરુનો સુણી ઉપદેશ,
પારબ્રહ્મ તારી નિકટ હિ પેખ.
શ્વાસ શ્વાસ સમરો ગોવિંદ,
મન અંદરની ઊતરે ચિંત.
આશા અનિત્યનો ત્યાગ તમાશો,
સંતજનોની ધૂળ મન માગો.





છોડ અહંતા, (પ્રભુને) વિનતી કરે,
સાધુસંગ ભવસાગર તરે.
હરિધનનો ભરી લે ભંડાર,
નાનક, પૂરા ગુરુને નમસ્કાર. [ ૨૪ : ૧ ]

૨

સાધુસંગ ભજ પરમાનંદ,
વહે યોગક્ષેમ સહજાનંદ.
નરક નિવારી ઉધારે જીવ,
ગુણ ગોવિંદ અમૃતરસ પીવ.
ચિત્ત વિચાર નારાયણ એક,
એકરૂપ, જેના રંગ અનેક.
ગોપાલ, દામોદર, દીનદયાળ,
દુઃખભંજન પૂરણ કિરપાળ.
સમર સમર નામ વારંવાર,
નાનક, જીવનો એ જ આધાર. [ ૨૪ : ૨ ]

૩

ઉત્તમ યશ ગા સાધુને સંગ,
અમૂલ્ય લાભ છે એ જ રતંન.
સુણે કમાયે (તેનો) હોય ઉદ્ધાર,
પોતે તરે, કરે લોક નિસ્તાર.

સફળ જીવન, સફળ તેનો સંગ[1],
જેને મન લાગ્યો હરિરંગ.
જય જય શબ્દ અનાહત વાગે,
સુણી સુણી આનંદે, પ્રભુ જાપે.
તે મહાત્મા, મન પ્રગટે ગોપાળ,
નાનક, ઊધરે તે સંગસહાય. [ ૨૪ : ૩ ]

૪

સુણી શરણ્ય, પ્રભુ, શરણે આવ્યો,
કરી કિરપા નિજ માંહી મિલાવ્યો.
મટ્યું વેર, થયો ચરણુની ધૂળ,
સાધુસંગ ગાયા અમૃત-ગુણ.
પ્રસન્ન થયા મુજ પર ગુરુદેવ,
પૂરણ થઈ સેવકની સેવ.
મોહજંજાળ વિકાર સૌ ગયા,
રામનામ સુણી રસના કહ્યા.
કરી પ્રસાદ દયા પ્રભુ ધારી,
નાનક, નીવડી ખેપ અમારી.[2] [ ૨૪ : ૪ ]

---

૧. તેનું ને તેનો સંગ કરનાર બધાનું જીવન સફળ થાય છે.

૨. મારી ખેપ — ફેરો — ફળ્યો, હું કૃતાર્થ થયો.





૫

પ્રભુની સ્તુતિ કરો સંત મીત,
સાવધાન એકાગ્રે ચિત્ત.
સુખમની[1] સહજ ગોવિંદ ગુણ નામ,
જે મન વસે તે થાય (ગુણ તથા સુખનો) નિધાન.
સૌ ઇચ્છા તેની પૂરણ થાય,
કીર્તિ જશ પ્રગટે જગમાંય.
સૌથી ઊંચ પામે તે સ્થાન,
વાર વાર નહિ આવે જાય.
હરિધન ખાટી[2] જાય તે જન,
જે, નાનક, સુખમની સંપન્ન. [ ૨૪ : ૫ ]

૬

ક્ષેમકુશળ, રિદ્ધિ, નવ નિધિ,
બુદ્ધિ, જ્ઞાન, સર્વ રીત સિદ્ધિ;
વિદ્યા, તપ, જોગ ને ધ્યાન,
જ્ઞાન શ્રેષ્ઠ, ઉત્તમ તીર્થસ્નાન;

---

૧. 'સુખમની'માં સહજ ગોવિંદગુણ ને તેનું નામ તથા મનસુખ ભર્યાં છે. અથવા ગોવિંદગુણ ને નામમાં સહજ મનસુખ પ્રાપ્ત થાય છે.

૨. હરિધન મેળવીને તે જાય છે, — આ જગમાંથી. 'हरिधन खाट चलै जन सोई' એ મૂળ છે.

ચાર પદારથ, મનનો પ્રકાશ,
સૌકો માંહ્ય તોય સૌથી ઉદાસ,
સુંદર, ચતુર, તત્ત્વનો વેત્તા,
સમદર્શી, દરશે એકતા —
આ ફળ પામે જે (સુખમની) મુખ ભણે[1],
ગુરુ, નાનક, નામ વચન મન સુણે. [ ૨૪ : ૬ ]

૭

આ નિધાન (સુખમની) જપે મન કોય,
સહુ યુગમાં[2] તેની ગતિ હોય.
ગુણ ગોવિંદ નામધૂન વાણી (એમાં છે),
સ્મૃતિ શાસ્ત્ર જે વેદ વખાણી.
સૌ મત–સાર એક હરિનામ,
ગોવિંદ ભક્તનો મન–વિશ્રામ.
કોટિ ગુના સાધુસંગે મટે,
સંતકૃપાએ જમ પણ હટે.
જેને શિર કરમે પ્રભુ લખ્યું,
તેણે, નાનક, સાધુશરણું ગ્રહ્યું. [ ૨૪ : ૭ ]

---

૧. મનથી જે નામ ને ગુરુનાં વચન સાંભળે ને મુખે ભણે તે આ ફળ પામે. ફલશ્રુતિ તરીકે અર્થ છે, જે સ્પષ્ટ છે.

૨. કાલથી પર એવી વસ્તુને કહેનાર આ ગ્રંથ છે — વાણી છે, ધર્મરહસ્ય છે, એમ દાવો અહીં જોઈ શકાય.





૮

જે મન વસે નામ[1], સુણે પ્રીત,
તે જનને હરિ આવે ચિત્ત.
જન્મમરણ દુઃખ તેનું નિવારે,
દુર્લભ દેહ તત્કાળ ઉધારે.
નિર્મળ શોભા, અમૃત તેની વાણી,
એક ધૂન મન માંહી સમાણી.
દુઃખ રોગ વિનશે સૌ ભર્મ,
સાધુ[2] નામ : તેનું નિર્મળ કર્મ.
સૌમાં ઊંચ તેની શોભા બની,
નાનક, એ ગુણ નામ સુખમની. [ ૨૪ : ૮ ]

---

૧. જેને મન 'સુખમની' વસે, એમ અર્થ પણ કરાય.

૨. એનું નામ સાધુ છે — તેને સાધુ કહેવાય; તેનાં કર્મ નિર્મળ હશે.

# પુરવણી

## ૧

# ગુરુગ્રંથની મહત્તા

[ [૧]શ્રી. પૂરણસિંગ ]

પૌર્વાત્ય દેશોના ધર્મસાહિત્યનાં ભક્તિકાવ્યોની સર્વોત્તમ વિશિષ્ટતા નિષ્પ્રાણમાં પ્રાણ પૂરવાની તેમની શક્તિમાં રહેલી છે. પોતાના હેતુમાં આટલું બધું અનન્યરત બીજું કોઈ સાહિત્ય મારી જાણમાં નથી. તે એક જ સંદેશો આપે છે, અને તે જીવનનો જ: જેઓ જીવનપૂર્ણ છે તેમને માટે સૌ સારાં વાનાં છે. કેટલાક માને છે કે, એ સાહિત્ય સાવ સાદું પુનરાવૃત્તિથી અતિશય ભરેલું છે. પરંતુ ખજાનામાં એકસમાન, પાણીવાળા ને રોનકદાર તથા એક જોટાના અસંખ્ય હીરાઓ હોય, તેથી શું એ ખજાનો ઓછો સુંદર ગણાશે?

પશ્ચિમના કેટલાક વિદ્વાનો બધા પૂર્વના ધર્મગ્રંથોની સામે પુનરાવૃત્તિનો જે સામાન્ય આક્ષેપ કરે છે તેના જવાબમાં હું અહીં એક ઉદાહરણ આપીશ: પ્રિયતમનો શબ્દ અને તેનો શાતાદાયી જપ આપણાં પ્રેમશુષ્ક હૃદય

---

૧. શ્રી પૂરણસિંગ કૃત "The Spirit of Oriental Poetry" ગ્રંથ, પાન ૮૨ પરથી.

ઉપર કેવો અમૃતવત્ વરસે છે! એ સાચું છે કે, જેને અંદર 'પ્રેમબાણ' વાગ્યાં હોય છે તેના સિવાય બીજું કોઈ તેની કિંમત નથી સમજી શકતું. તર્કબુદ્ધિ પુનરાવૃત્તિ સહન નથી કરી શકતી: જીવન અને પ્રેમ સિવાય બીજું કોઈ તે ન કરી શકે.

શીખધર્મના મહાન 'ગુરુગ્રંથ'નો દાખલો લો. મારો તેની સાથે અંગત સંબંધ છે. શીખ તરીકે મારી માન્યતા છે ને મને શ્રદ્ધા છે કે, મનુષ્યજાતને આત્મદર્શીઓએ આપેલી ભક્તિકાવ્યની ઉમદામાં ઉમદા બક્ષીસોમાં સૌથી મોહકતમ, પંજાબમાં જેને અમે 'ગુરુગ્રંથ' કહીએ છીએ, તે છે. તે તમામ પ્રજાનો ધર્મગ્રંથ છે; કારણ કે, તે દિવ્ય પ્રેમભક્તિનું ગાન છે; અને જગતના તમામ લોકો એવી જળહળતી ગીતમય ઉપાસના વડે જ જીવે છે. ગુરુગ્રંથ એક જ ગાન છે, એક જ વિચાર છે, એક જ જીવન છે. ભવ્યતાનું મર્મ જ વિશાળ વૈપુલ્ય છે. સમુદ્ર જમીન કરતાં વધારે સાદો નથી? ગમે તે જગાએ તમે તેને અડકો, તે પાણી જ જણાશે: કોઈ પણ સ્થળેથી તેને તમે જુઓ, તે ફીણની કલગીવાળાં તથા નિરંતર નાચતાં મોજાંવાળો જ દેખાશે, — જાણે કે અનંતનું જ હાસ્ય-પ્રતીક! ગુરુગ્રંથ પુનરાવર્તનથી ભરેલો નથી; તેનાં હજાર કોરાં પાનમાં પ્રીતમના હૃદયનું જે એકમાત્ર ગાન છે તે જ દરેક પાને ઉતારેલું છે.

* * *

પરંતુ, ગુરુગ્રંથની મને ખાસ હૃદ્ગત થતી, અત્યાકર્ષક એક બીજી બાજુ છે; અને તે એ કે, તેમાં





"ગુરુ' નહિ પરંતુ તેનો શિષ્ય ગાય છે. જ્યારે વિષ્ણુએ બાળક ધ્રુવના નાનકડા હૃદયમણિથી આકર્ષાઈને એને દર્શન દીધાં, ત્યારે ધ્રુવ અવાક્ થઈ ગયો; કારણ કે, તે બાળક હતો અને પધારેલા ઇષ્ટદેવને શી રીતે સત્કારવા તેની તેને ખબર નહોતી. તેણે પહેલું જે માગ્યું તે તેમના નામના સ્તુતિગાનનો વર હતો. આમ પ્રેરણા પામીને પછી ધ્રુવ ઇષ્ટનાં ગુણગાન કરવા લાગ્યો. તે જ પ્રમાણે 'ગુરુ' જ્યારે પંજાબમાં અમારી પાસે પ્રગટ્યા, ત્યારે અમે શિષ્યો મૂક થઈ ગયા: એ અમારા ઇષ્ટદેવને શું કહેવું તે અમને સૂઝ્યું નહિ. ત્યારે 'ગુરુ' વહારે આવ્યા ને અમને આ ગ્રંથ આપ્યો: "મારી આ રીતે સ્તુતિ કરજો." એનાં ગીતો અમારા આત્મામાં જડવામાં આવ્યાં છે, જેથી અમે જ્યારે સાક્ષાત્ પ્રભુ પાસે પહોંચીએ ત્યારે એ એમને ચરણાર્પિત કરી શકીએ. ગુરુગ્રંથની પાર્શ્વભૂમિકા કવિ પોતે છે. ગુરુવાળો ભાગ, અનંત આકાશવત્, તદ્દન મૂક છે. ગુરુગ્રંથ એ અનંત નીરવતાનું પ્રતીક અને વાચક છે. ઝાડોના મંડપ નીચે, નીલ કપડાં પહેરીને, ગુરુ નાનક શાંત બેઠા છે. તે પોતે એક ગ્રંથ છે. જ્યારે જ્યારે અમે તેની પાસે જઈએ છીએ ત્યારે ત્યારે અમને કશો શબ્દ સાંભળવા મળતો નથી: માત્ર વહેતા પવનથી હાલેલાં પાંદડાંનો મર્મરાટ કાને પડે છે. પરંતુ, અમારું હૃદય તો એમના શબ્દ માટે તલસે છે. એટલે, જાણે શૂન્યમાંથી શબ્દ વસે એમ, અદૃશ્યનું ગાન સંભળાવા લાગે છે: શું થાય છે એની અમને ખબર પડતી નથી. સવાર સાંજ અચાનક આવવા લાગતા સંગીતમાં અમને અમારી ખોવાયેલી બધી વસ્તુઓ

પાછી મળે છે — ગરીબમાં ગરીબ પણ ધનીમાં ધની બનીને બહાર નીકળે છે, અને દરેક જણમાં એવો તો આત્મિક આપૂર આવી જાય છે કે તે પોતાને અનંત માને છે: બધી કામનાઓ મરી જાય છે! અને શાશ્વત શાંતિમાં નિમગ્ન થઈ જીવાત્મા બધે સુંદરતા જુએ છે; ડગલે ને પગલે અને દરેક વસ્તુ માટે 'વાહ ગુરુ, વાહ ગુરુ' નો આભાર-શબ્દ ઓઠેથી સર્યે જાય છે. આમ ગુરુગ્રંથ સુવર્ણમંદિરના યાત્રીઓનું, પિતાએ પુત્ર માટે લખેલું, અમરકાવ્ય છે. પ્રેમમંદિરનો માર્ગ અનંત છે; સૃષ્ટિને અણુ અણુએ નવું જીવન છે — નવી પ્રેરણા છે; તેમ ગુરુગ્રંથને પાને પાને છે. આમ તો દરેક પાના ઉપર એકસરખી જ સજાવટ છે, જેમ દરેક સવારે સરખો જ સૂર્યોદય થાય છે. છતાં, રંગ અને ઝળક, છાયા અને પ્રકાશના નાનાસરખા પલટાઓથી આગળ પાછળ કેવી અર્થગંભીર અનંતતા વ્યાપે છે!

જે કાંઈ વસ્તુતાએ સુંદર હોય છે તે, આપણા અંતરાત્માને પાંખો અર્પી, તેને મુક્તિ માટેના ઉડ્ડયનમાં મદદ કરે છે. ગુરુગ્રંથમાં અંતરાત્માને પ્રેમથી પ્રકાશિત કરી, સ્વાનુભાવના તેજ-શસ્ત્રથી આપણાં ઇંદ્રિય-બંધનોમાંથી મુક્ત કરવાનો સર્વોત્તમ ગુણ રહેલો છે. દરેક ડગલે, અનંતનું આકાશ તેના પ્રત્યેક ગીતરૂપી તારા વાટે આપણી તરફ દૃષ્ટિપાત કરે છે. ગુરુ તો ચાલ્યા ગયા છે. પણ અમારા ઘરનો જે ઓરડો એમનો હતો ત્યાં તે અમારે માટે ઝગઝગાટ બળતા સો દીવા મૂકતા ગયા છે. દરેક દીવાનો સફેદ પ્રકાશ છે; પણ તે જેમ જેમ બળતો જાય છે તેમ તેમ તે અમારાં અંતર ઉપર 'તેની' નજર





ચમકાવતો જાય છે. આકાશમાં એક તારો કે ઓરડામાં એક દીવો, અમારા હૃદયાકાશમાં તેણે પ્રગટાવેલા આ અસંખ્ય દીવાની શોભાની તોલે કદી આવી શકે નહિ. વિશ્વાનળના હાથમાંની એક ચિરાગ અસંખ્ય ઘેર ચિરાગ પ્રગટાવી દે છે ત્યારે તેના નામનો જપ અનૂપ જામે છે. વિશ્વમાં એ ઈશ્વરી જ્યોતની સગો સતત વધ્યે જ જાય છે. જીવનપથમાં આમ તેમ આથડતા આથડતા, સાંજે જ્યારે આપણે આપણાં ઘર ભણી પાછાં વળીએ, ત્યારે કઈ વસ્તુ આપણને પુનરાનંદિત કરે છે? આપણા પ્રિયતમનો તે જ એક ચહેરો! પ્રિયજનનો ચહેરો ફરી ફરી જોતાં આપણો થાક ઊતરી જાય છે; પણ જંગલ અને શહેરની વિવિધતા અને જટિલતા ઊલટી આપણને ખલાસ કરી નાંખે છે. દરેક નવા મિલન વખતે પહેલાં કદી ન અનુભવેલો એવો નવતર આનંદ અને નવીન સત્ય અનુભવાય છે, એ કેટલું અદ્‌ભુત છે! દિવ્ય પ્રેમની મસ્તીમાં એ ને એ જ ચહેરાની નિત્યનૂતનતા અનંત છે.

ગુરુગ્રંથનું દરેક પદ, તેના જેવાં જ તેનાં બીજાં સેંકડો પદોની સિકલને જ મળતું આવે છે; પણ તેની ઉપર તેના મહાન નાયકના દરેક જુદા જુદા પ્રસંગની વિશિષ્ટ છાપ હોય છે. અને તેથી, એક જ માટી અને હાડના બનેલા છતાં દરેક માણસની જેમ, તે નવું હોય છે. પ્રીતમની સ્તુતિના પુનરાવર્તનનું અશબ્દ ઐક્ય કોઈ વિરલ અને ઉત્કટ પ્રેમી જ સમજી શકે; ઊલટો, તે વિવિધતાને સહન જ ન કરી શકે: તેને એક જ ઉપવન, એક જ ગીતનો રસ હોય છે.

## ૨

# સુખમનીની શ્રેષ્ઠતા[1]

[ અધ્યાપક ટી. એલ. વાસવાની ]

સુખમનીમાં ગુરુ અર્જુને પોતાનો અંતરાત્મા ઠાલવ્યો છે. ગુરુ અર્જુનને મેં ચાર રૂપે ચિંતવ્યા છે: વ્યવસ્થાપક તરીકે, કવિ તરીકે, એક સમન્વયના દ્રષ્ટા તરીકે અને ધર્મના શહીદ તરીકે; અને એમના એ રૂપની ભવ્ય મહત્તા જોઈ હું મંત્રમુગ્ધ થયો છું. તે ૧૬ મા સૈકામાં થઈ ગયા. વીસમી સદીના આપણે 'વિજ્ઞાન' અને 'સંસ્કૃતિ'નું ઉચ્ચાભિમાન ગમે તેટલું કરીએ; પણ ગુરુ અર્જુનની આગળ આપણે વામનમાત્ર દેખાઈએ છીએ. તેમણે શીખોને એક જાતિ તરીકે સંગઠિત કર્યા; અમૃતસરનાં ( બાકી રહેલાં ) સરોવરો પૂરાં કર્યાં; રામદાસપુર શહેરને વિસ્તીર્ણ કર્યું; હરમંદિરની આયોજના કરી અને તરણતારણ શહેર સ્થાપ્યું. બીજું એક શહેર સ્થાપવા માટે પણ તેમણે જમીન ખરીદી, જેનું નામ કરતારપુર પાડેલું. અને આવી આવી યોજનાઓ

1. 'In the Sikh Sanctuary' પુસ્તકમાંથી.





અમલમાં મૂકનારો આ પુરુષ કવિ–દ્રષ્ટા પણ હતો. તેમને એ સત્યનું દર્શન થયું કે, કુદરતની વિવિધ શક્તિઓમાં વાસ્તવિક રીતે જેમ એક જ શક્તિ રહેલી છે, ( જેને હિંદુ ધર્મશાસ્ત્ર યોગ્ય નામ 'શક્તિ' જ આપે છે, ) તેમ જગતના વિવિધ ધર્મોમાં પણ એક જ ધર્મ રહેલો છે. એક ઉચ્ચ ભૂમિકાએથી ગુરુ અર્જુનને હિંદુ ભક્તિ અને મુસ્લિમ સાધનાનો સુમેળ પ્રતીત થયો; અને તેથી, તે દિવસોમાં વિરલ એવી હિંમત દાખવી, તેમણે હિંદુ સંતો અને મુસલમાન ફકીરોની વાણી 'ગ્રંથસાહેબ'માં એકત્રિત કરી. તેને માટે તેમને ઘણું સહન કરવું પડ્યું : તે વખતની રાજસત્તાએ તેમને રિબાવીને મારી નાખ્યા. પરંતુ એમની દર્શનશ્રદ્ધા એક ક્ષણ પણ વિચલિત થઈ નહિ. તેમણે બાદશાહને સંભળાવી દીધું કે તેઓ ગ્રંથસાહેબમાં જરાસરખો પણ ફેરફાર ન કરી શકે. જો કરે, તો પછી તે સમન્વયનો — મનુષ્યમાત્રના બંધુત્વનો — જેને 'વિપ્રો વિવિધ રીતે વર્ણવે છે' એવા એક પરમાત્માનો ગ્રંથ તે ન રહે. પોતાના અંતરાત્માને બેવફા નીવડવા કરતાં તેમણે મોત પસંદ કર્યું. હિંમતભેર તેમણે બાદશાહને સંભળાવી દીધું : 'સત્યને અનુસરતાં આ ક્ષણભંગુર શરીરનો નાશ થાય, તો તેને હું મોટું અહોભાગ્ય માની ખુશી થઈશ.'

આ સંતપુરુષમાં કવિનો આત્મા હતો. તેમનાં પદો પરમ વિશ્વાત્માને — માનવસૃષ્ટિના પરમ ઐક્યને — કવિહૃદયે અર્પેલી અંજલીરૂપ છે.

સત્યને તારી ઉપાસના બનાવ,
શ્રદ્ધાને તારું આસન બનાવ.

તારું શરીર એ દેવસ્થાન છે,
તારો અંતરાત્મા એ પૂજારી છે,
અને પરમપુરુષોત્તમ એ તારો પંથ છે.
દરેકના હૃદયમાં તે રહેલો છે,
દરેક વસ્તુ તેનો 'પસારો' છે.

ગુરુનાં પદોમાં સુમધુર કાવ્યમય અને તાત્ત્વિક રહસ્યપૂર્ણ આવી ઘણી લીટીઓ આપણને ઠેર ઠેર મળી આવે છે. ગુરુ કહે છે કે 'સુખમની' સંતોના હૃદયમાં રહેલું છે. અને ગુરુના હૃદયમાં 'સુખમની' હતું. તેમનું હૃદય પરમાત્માના સાન્નિધ્યથી નીપજતી શાંતિથી પરિપૂર્ણ હતું. સુખમની શબ્દનો અર્થ 'મનની શાંતિ અથવા પ્રસન્નતા' થાય છે. તેથી તેને હું 'શાંતિ — પ્રસન્નતાની ગાથા' કહું છું. ગુરુના હૃદયની આ પ્રસન્નતા આ જગત પરના એમના અંતિમ થોડા દિવસોની વેદનાથી ડહોળાવાને બદલે ઊંડી બની હતી. રાજસત્તાએ તેમના શરીર ઉપર અવર્ણનીય અત્યાચારો કર્યા, ત્યારે ગુરુ જે ભાવનાથી તેની સામે ટકી રહ્યા તે ભાવનાથી સહન કરનારાઓ જગતના ઇતિહાસમાં બહુ ઓછા છે. તેમને મતે એ ભાવના 'ગ્રંથસાહેબ'ના સારરૂપ હતી; અને તે તેમણે ત્રણ સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છેઃ સત્ય, સંતોષ અને વિચાર. ગુરુ સત્યને વફાદાર રહ્યા; દુઃખો વખતે સંતોષ રાખી રહ્યા; અને શરીર ઉપરના નિર્ઘૃણ અત્યાચારોનો વિચારશસ્ત્રથી તેમણે સામનો કર્યો. એમ કહેવાય છે કે રક્તકણો (Corpuscles) જે પ્રવાહીમાં તર્યા કરે છે, તેમાં લોહ હોય છે. એટલે કે આપણા લોહીમાં લોહ રહેલું છે. તેને લોહ વિના ન ચાલે — જીવન





જ ન ટકી રહે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ એ વાત સાચી છેઃ ગુરુ અર્જુનના આત્મામાં લોહ હતું, તેથી તેમની જીવનજ્યોત જરાય ફરકી નહિ. ઈશ્વરની એવી મરજી દેખાય છે કે, હિંદુસ્તાનનું ભાવિ પાર પડે તે માટે તેના આત્મામાં આધ્યાત્મિક લોહ દાખલ થવું જોઈએ.

હવે હું સુખમનીની કેટલીક વિશેષતાઓ ઉપર આવું. પ્રથમ તો તેમાં મૂઢાગ્રહ કે દાર્શનિક ચર્ચાઓ નથી. જીવનના પ્રશ્નો પરત્વે સુખમનીનું દૃષ્ટિબિંદુ તદ્દન વ્યવહારુ છે. દુનિયા ક્યારે ઘડવામાં આવી, સોયની અણી ઉપર કેટલા જીવાત્માઓ નાચી શકે? — આવી જાતના પ્રશ્નો વિજ્ઞાનયુગ પૂર્વેના ખ્રિસ્તી યુરોપના પંડિતોનું ધ્યાન ખેંચી રહ્યા હતા. ગુરુ આવા પ્રશ્નોને ધાર્મિક જીવન સાથે કશા સંબંધ વિનાના ગણીને તેમના તરફ દુર્લક્ષ્ય કરે છે. હું કહું કે, ધર્મની પ્રાણરૂપ બાબતો ઉપરના લક્ષને જેટલે અંશે આવા પ્રશ્નો વિચલિત કરે છે, તેટલે અંશે તેઓ આધ્યાત્મિક જીવનના વિકાસને હાનિકર્તા છે. સુખમની તો જીવનકળાનું શાસ્ત્ર છે.

મારા પર અસર કરતી બીજી બાબત તે સુખમનીમાંથી નીકળતો પરમાત્મા પ્રત્યેની ભક્તિનો સૂર છે; અને ત્રીજી બાબત તે ગુરુના સાન્નિધ્યનું વાતાવરણ. દરેક પદ 'નાનક કહે છે' એ વાક્યથી જ પૂરું થાય છે. ગુરુ અર્જુન પોતાની જાતને પ્રથમ ગુરુ નાનકમાં સમાવી દે છે. અને તેથી જેમ જેમ હું સુખમનીનાં પદો વાંચતો જાઉં છું, તેમ તેમ મને વધુ ને વધુ લાગતું જાય છે કે સુખમની એ ઊંડા આધ્યાત્મિક અર્થમાં ગુરુ નાનકની જ વાણી છે.

ગુરુ નાનકનું એક ચિત્ર છે. હું માનું છું કે કોઈ ભક્તહૃદય શીખનું ચીતરેલું તે છે. તેમાં એમ છે કે ગુરુ નાનક એક વિશાળ વૃક્ષ નીચે બેઠેલા છે, એક બાજુ મરદાના છે અને બીજી બાજુ બાલા છે, અને ગુરુ પોતે ઊંડા ચિંતનમાં મગ્ન છે. આવા જ વૃક્ષ નીચે બેસીને ગુરુ અર્જુને સુખમની લખાવી હતી. અને સુખમનીનાં પદો વાંચતાં વાંચતાં મને કેટલીય વાર લાગ્યું છે કે, જાણે અનંત જીવનાદર્શ પ્રભુ, ગુરુનાનકના શિષ્યોની પેઠે, જીવાત્માને જીવનવૃક્ષ નીચે બેસવા બોલાવી રહ્યા છે.

ઉપર જણાવ્યું તેમ, સુખમનીનો સંદેશો વ્યવહારુ છે. તે શાંતિ અને શાંતિમાર્ગનું ગાન ગાય છે. તેનો માર્ગ સંન્યાસી ઉદાસીનતાનો નિષેધાત્મક નથી. આ જીવન મારફતે જ આપણે શાંતિ મેળવવાની છે. એક સુંદર પદમાં ગુરુએ સુખમનીમાં કહ્યું છે: "આપણે અહીં 'વખર' એકઠી કરવા આવ્યા છીએ." વખર એટલે માલ, વેપારી માલ; અને એનો સૂચિતાર્થ જીવનનું રહસ્ય એવો છે. જીવનને ઘણી વાર મુસાફરી કે ભવસાગરમાં પર્યટન કહેવાય છે. પરંતુ ઉપરની કલ્પના મને તેના કરતાંય વધુ ભાવાવહ લાગે છે. આપણે આ જીવનમાં વેપાર કરવા, વખર ભેગી કરવા આવેલા સોદાગર છીએ; તેમાંથી ભાગી જવા કે ઉપરતિપૂર્વક તેને તુચ્છારવા નહિ, પણ દેશકાળની માયામાંથી આપણને પોતા તરફ બોલાવતા અનંત વિભુ સાથે અમુક સોદા કરી લેવા આવ્યા છીએ. આપણે સોદાગર છીએ. આપણો ધંધો સમૃદ્ધ બનવાનો છે. જીવન એટલે પુષ્ટિ, તુષ્ટિ — સમૃદ્ધિ.





વિશ્વહૃદયમાંથી આપણે આ પાર્થિવ ક્ષેત્રમાં અનુભવ એકઠો કરવા — આપણી જાતને સમૃદ્ધ કરવા આવ્યા છીએ. વર્ષો અગાઉ જ્યારે હું મેટ્રિકની પરીક્ષામાં પાસ થયો, ત્યારે મેં કૉલેજમાં જોડાવાનો વિચાર કર્યો. તે વખતે મારા જન્મસ્થળમાં કૉલેજ ન હતી. એટલે મારે મારી માતાથી છૂટા પડી બીજે ઠેકાણે જવાનું હતું. મારી માતાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. થોડો વખત તો તેણે મને જવા જ ન દીધો. પછી ધીરજ એકઠી કરીને મને કહ્યું: 'જા, અને જ્ઞાનભંડારથી સમૃદ્ધ થઈને મારી પાસે પાછો આવજે.' જે વિશ્વમાતૃહૃદયમાંથી આપણે આવ્યા છીએ, તેણે પણ આપણને અહીં એમ જ, અનુભવ એકઠો કરી સમૃદ્ધ થઈ, તેની પાસે પાછા જવા મોકલ્યા છે. જીવન એ કમાણી છે: આપણે અહીં વખર એકઠી કરવા આવ્યા છીએ.

આ વખર સાધના વિના નથી મળતી. જીવાત્મા જ્યારે જીવનનાં કર્તવ્યો અદા કરે છે, ત્યારે જ તે સમૃદ્ધ થાય છે. અહીં શ્રીકૃષ્ણનો મહાન ઉપદેશ યાદ કરવા જેવો છે: 'કર્તવ્યકર્મ કર.' ઉપનિષદના ઋષિઓની જેમ ગુરુઓ માનતા કે આ જગતનો કાંઈક હેતુ છે. 'ગ્રંથસાહેબ'માં આપણે વારંવાર વાંચીએ છીએ કે, 'તેનું નામ સત્ છે', 'તે છૂપો છતાં પ્રગટ છે ને પોતાનું ખેતર સાચવે છે.' સાચે જ, તે પોતાનાં બાળકો ઉપર ખેતરમાં નજર રાખી રહ્યો છે; કોઈ પોતાની નિયત જગા ન છોડે એમ તે ઇચ્છે છે. બીજી જગાએ 'ગ્રંથસાહેબ'માં કહ્યું છે: 'જેણે આ જગત સર્જ્યું છે, તેણે જ માણસનું આવવું-જવું પણ

સર્જ્યું છે;'—જેથી માણસો જીવનની શાળામાં કેળવાય અને દુઃખોથી તવાઈ તથા ટિપાઈને તેના દરબારમાં ઝળહળે.

જીવનની શાળામાં આપણને ત્રણ પાઠ શીખવા મળે છે. પહેલો પાઠ આત્મનિગ્રહનો મળે છે. છોકરાએ નિરાળમાં જઈ જ્ઞાન મેળવવું હોય, તો તેણે આત્મનિગ્રહ શીખવો જ રહ્યો. એકાગ્રતા એ એક પ્રકારનો આત્મનિગ્રહ જ છે. પછી છોકરો મોટો થઈ માણસ બને છે. હવે તેણે તેની પત્નીનો વિચાર કરવો રહ્યો. ધીમે ધીમે તે શીખે છે કે લગ્ન એ મોજ માટે નથી, પણ તે તો સાધના છે. ત્યારે જે સ્વાર્થી વાસનાઓ જાગે છે તે બધી માણવાની નહિ પણ દબાવતા જવાની હોય છે. મોટામાં મોટો પાઠ તો એ શિખાય છે કે જીવન એટલે સેવા છે. પતિ હવે કુટુંબનો પિતા થાય છે. બાળ માંદું પડે છે; માતાપિતાએ રાત ઉપર રાત જાગીને તેની શુશ્રૂષા કરવી જોઈએ — પોતાના પ્રિય બાળકને કારણે તપવું જોઈએ. બાળકે પણ મોટા થયા બાદ, પોતાનાં વૃદ્ધ માતાપિતા માટે ઘણી વસ્તુઓ તજવી ઘટે છે. આમ જીવનનો એક મોટામાં મોટો પાઠ તો એ શિખાય છે કે, જીવનની બક્ષીસોમાં બીજાનો પણ ભાગ છે: આદર્શની વેદિ ઉપર તેમની આહુતિ અર્પવાની છે.

આમ સાધના એ મનુષ્યની કેળવણી અને વિકાસની પ્રથમ રીત છે. સુખમનીમાં બીજી એક રીત પણ બતાવવામાં આવી છે: સાધુસંગ–સત્સંગ. સાધુ કોને કહેવો એ પ્રશ્નનો જવાબ સુખમનીએ કેટલાંક સુંદર પદોમાં આપ્યો છે. . . . . . આજના નવજુવાનો દલીલ કરે છે કે, બુદ્ધિ અને ધર્મનો મેળ ખાતો નથી. તેમને ગુરુ કહે છે: વિચાર તો





કરો જ; પણ તે સાધુપુરુષની સોબતમાં. ધર્મ બુદ્ધિવિરોધી નથી; અને સુખમનીમાં તો ધાર્મિક જીવનમાં વિચારમનનના મહત્ત્વ વિષે અપ્રતિમ સૌંદર્યથી ભરેલાં અનેક પદો છે. ચિંતનમનન વિનાનો ધર્મ વહેમ થઈ જાય. માટે વિચાર તો કરવો જ જોઈએ. પરંતુ, ગુરુ કહે છે તેમ, તે આપમેળે નહિ, પણ પરમતત્ત્વ સાથે એકતાર બનેલા સાધુઓ–મહાપુરુષો–ની સોબતમાં. સત્યની શોધમાં મહાપુરુષોની પ્રેરણાની જરૂર છે. વાતાવરણની અસર વિચારને વિકસિત થવામાં બહુ મદદ કરે છે. સાધુપુરુષની સોબતના વાતાવરણમાં ચિંતનક્રિયાને મદદ મળે છે. તેનાથી ચિત્તની વધુ મહત્ત્વની, પણ જાગ્રત ભૂમિકાથી પર રહેતી, એવી ઉચ્ચ ભૂમિકા ઉત્તેજિત થાય છે અને આપણે વધુ સારી રીતે વિચાર કરી શકીએ છીએ. સુખમનીમાં કહ્યા પ્રમાણે, સાધુની સંગતમાં માણસના હૃદયમાં જ્ઞાન પ્રગટે છે.

સુખમનીમાં કેળવણીની એક ત્રીજી પદ્ધતિનો પણ ઉલ્લેખ છે. તેને હું 'અંતરંગ સાધન' એવું નામ આપું. સુખમની ધ્યાન–મહિમા વારંવાર ગાય છે. પરમાત્મા દૂર નથી, પણ અંદર છે, હૃદયગૃહમાં તેની કળા વિલસી રહી છે. આપણે તેને જોઈ શકતા નથી તે એ કારણે કે, 'પ્રિયતમ જાગે છે ત્યારે આપણે ઊંઘીએ છીએ.' અને થોડાઘણા જાગીએ છીએ ત્યારે પણ આપણે હમેશ ઘરમાં રહેલી નિત્ય વસ્તુને શોધવા, આર્થર રાજાના પેલા વીરોની જેમ, બહાર ફાંફાં મારીએ છીએ. બાકી પ્રીતમ તો ક્યારનો આપણા હૃદયમંદિરમાં વિના આમંત્રણે આવી બેઠો છે, અને આપણને તેની ઉપાસના કરવાનું શીખવવા માટે તેણે ત્યાં

અવાવરુ પડેલા જીવનદીપને ક્યારનો પ્રગટાવી રાખ્યો છે.. પણ આપણે તો તેને શોધવા બહાર જ હવાતિયાં માર્યા કરીએ છીએ.

ધ્યાનમાર્ગની આ બાબતમાં સુખમનીએ બે વસ્તુઓ ઉપર ભાર મૂક્યો છે: પહેલી તે ઈશ્વરનું નામસ્મરણ.... નામનું સ્મરણ કરવું એટલે તેના વાચ્યાર્થના ભાવનું ઉત્થાન કરી જીવનૈક્યનો મેળ સાધવો. નામસ્મરણ ભાવપૂર્વક થવું જોઈએ. હૃદયમાં જો ભાવ ન હોય તો માત્ર નામોચ્ચાર આપણને જીવનાધારની નજીક નહિ લઈ જઈ શકે. ભાવ વગરનું સ્મરણ વૃથા છે. વધુ ઊંડા ઊતરી જોઈએ તો ભાવ વિનાનું સ્મરણ એ આધ્યાત્મિક અશક્યતા જ છે. એવો કોણ છે જે તેનું 'નામધન' હૃદયમાં પ્રાપ્ત કરે અને છતાં પ્રેમથી દ્રવિત ન થાય, ઈશ્વરનાં ચરણકમળનાં દર્શન કરે અને છતાં ભક્તિપૂર્વક નમન ન કરે?

ગ્રંથસાહેબનાં કેટલાંય પદોમાં પરમાત્મા પ્રત્યેના પ્રેમનું હૃદયદ્રાવક ગાન છે:

'જોડેલે હાથે નાનક તારા દરબારમાં આવ્યો છે; હે પ્રીતમ! તેને મુક્તિ આપ. પાણીવિહોણું માછલું તારા વિના કેમ જીવશે? હરણ પારધીનું ગાન સાંભળવામાં બાણની પણ પરવા નથી કરતું અને પ્રાણ પાથરી દે છે.

'મારી આંખો બંધ જ નથી થતી: પ્રીતમની પ્રેમવિહ્વળ હું રાતદિન એનાં જ દર્શન ઝંખું છું. હે રાત્રી! તું પ્રિયતમના મારા પ્રેમ જેટલી લાંબી થા! અને હે નિદ્રા! તું ટૂંકી થા, જેથી હું સતત તેના ચરણને સ્પર્શી શકું.





'મારાં તન મન પ્રીતમને ઝંખી રહ્યાં છે; તેને જોયા વિના મને કેમ કરીને કળ વળશે? તેના વિના એક ક્ષણ પણ હું નથી રહી શકતી. ચાતક જેમ, હું તેને માટે તલસું છું.

'હું તે મનમોહનની શોધમાં રખડું છું. મારી આંખો તેના રંગે રંગાઈ ગઈ છે, એ જ તેમાં વસ્યો છે, પછી એક ક્ષણ પણ તે ક્યાંથી જંપે? તેના વિના એક ક્ષણ દિવસ જેટલી લાંબી લાગે છે; અને રુદન કરતાં કરતાં હાથ ઘસ્યા કરું છું.'

પ્રીતમ માટે આવો ઉત્કટ પ્રેમ ગુરુઓમાં હતો. સુખમનીમાં પદે પદે આવા પ્રેમનું ગાન ભરેલું છે. મારું હૃદય એ ગ્રંથમણિ સાથે બંધાયાને વર્ષો વીતી ગયાં છે. ઘૂંટણિયે ગબડતો બાળક હતો, ત્યારે મેં તેનું સાદું સંગીત સાંભળ્યું છે; જરા મોટો થતાં, પૂરું ન સમજવા છતાં, તેના ગાનથી હું વિચિત્ર રીતે હલમલ્યો છું: અને પુખ્ત વયે પહોંચ્યા પછી, અનેક વાર મને લાગ્યું છે કે, ભગવદ્‌ગીતા અને સુખમની એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાનોએ અવશ્ય ભણવાં જોઈએ. વ્યાપક રાષ્ટ્રભાવનાં પાઠ્યપુસ્તકો તરીકે એ બહુ સારું વાચન નીવડે. થોડાં વર્ષો અગાઉ સિંધના કૉલેજ વિદ્યાર્થીઓ માટે ધર્મવિષયક પાઠ્યપુસ્તક સૂચવવાનું મને કહેવામાં આવેલું, ત્યારે વસ્તુતઃ મેં હિંદી યુવાન માટેના મહાગ્રંથોમાંના એક તરીકે સુખમનીનો ઉલ્લેખ કર્યો પણ હતો. આ ગ્રંથનો સંદેશ સર્વ પ્રજાઓ માટે છે એમ હું માનું છું. સામ્રાજ્યવાદ અને સંકુચિત રાષ્ટ્રવાદને આધુનિક જગતે

ઉચ્ચ સ્થાને ચડાવી માર્યાં છે. દ્વેષ અને કલહની શ્રેયસ્કારિતાની શીખ વધવા લાગી છે. અને યુરોપમાં તો હિંસાને રાષ્ટ્રીય જીવનના કાયદા તરીકે ખુલ્લી રીતે જાહેર કરવામાં આવે છે; પરાર્થવૃત્તિને નબળા લોકોએ ફેલાવેલી અહંકારભાવના છે એમ બેશરમ કહેવાય છે. પ્રેમ, સ્વાર્પણ અને નમ્રતાને 'ચાંડાળ (ગુલામ) વૃત્તિ' તરીકે નિંદવામાં આવે છે. આજના સંસ્કૃતમન્ય જગતને આધ્યાત્મિક સંદેશાની અત્યંત જરૂર છે. એ સંદેશો સુખમનીમાં છે. તેનો સંદેશો શાંતિનો છે, ગમે તેમ પણ કાર્યસિદ્ધિ અને ખુનામરકીનો નથી; આધ્યાત્મિક આદર્શવાદનો છે, ઉદ્દામ સામ્રાજ્યવાદનો નથી; સ્વાર્પણની ભાવનાનો છે, સ્વૈશ્વર્યનો નથી; બીજા માટે ઘસાનાર પ્રેમનો છે, બીજાનું પચાવી પાડનાર અને તેને ગુલામ બનાવવા તાકતી સત્તાનો નથી. આજ ભારતમાતાની વેદના અસીમ છે. તેવે વખતે, હું હિંદુસ્તાનના યુવાનોને વીનવું છું કે, તેઓ તેની મુક્તિને માટે એવું આચરણ કરે અને સહન કરે કે જેથી 'અવિશ્વાસી' પાશ્ચાત્યોને ખાતરી થાય કે, ભારતવર્ષ હજુ મરી નથી ગયું — તેનાં બાળકોની શિરાઓમાં હજુ ઋષિઓનું જ્ઞાન અને ગુરુઓનું ગાન વહેતું છે.



૩

# સુખમનીનો રાગ

સુખમનીના રાગ વિષે પ્રાસ્તાવિક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે, પં૦ ખરે શાસ્ત્રીની તદ્દવિષયક નોંધ અહીં ટૂંકમાં ઉતારું છું.

ગૌરી રાગિણી બહુ પ્રાચીન છે. તેને માલકંસ રાગની ભાર્યા કહેવાય છે. અનેક પ્રકારે તે આજ સંગીતજ્ઞોમાં જ્ઞાત છે. પરંતુ, સુખમનીનો રાગ તે નથી — ગૌડી છે. પંજાબમાં શીખ મંદિરોમાં તેને ગાવાનો ઘણો પ્રચાર છે. તે સવારનો રાગ છે. પરંતુ, આજ તેનાં લક્ષણ સંગીતજ્ઞોમાં અજાણ્યાં છે. 'ગૌડી' શબ્દ 'ગૌડ'નું સ્ત્રીલિંગ છે. અને ગૌડ રાગ જ્ઞાત છે. તેમ જ એને મળતો આશા રાગ — પ્રભાતનો — છે. બેઉ રાગોમાં શુદ્ધ સ્વરો છે, અને બંને રાગોનું મિશ્રણ 'આસા–ગૌડ' કે 'આસા–ગૌડી' કહેવાય. આમાં બધા સ્વરો શુદ્ધ છે. 'સુખમની'ને શીખો સવારના જ ગાય છે એટલે અને આ રાગની સરળતા પણ છે, તે પરથી 'સુખમની'ને એ મિશ્ર–રાગમાં સ્વરબદ્ધ કરવાનો નીચે પ્રયત્ન છે.

## સુખમની

'આસા–ગૌડી' સંપૂર્ણજાતિનો રાગ છે. તેમાં મુખ્ય સ્વર ધૈવત છે, તેથી સવારે ગાવામાં વિશેષ દીપે છે. સંવાદી ઋષભ છે. એ માંડ રાગ સાથે ઘણો મળતો આવે છે; પરંતુ આ રાગમાં ધૈવત પર મુકામ હોવાથી માંડથી તે જુદો પડે છે. આપણું ગુજરાતી ગાયન "હંસા રે રાજા" અથવા "પઢો રે પોપટ રાજા રામનામ' એ બાલગીત આ આસા–ગૌડી રાગમાં છે.

આ રાગમાં મધ્ય અને તાર સપ્તકમાં વધારે વિસ્તાર હોય છે, મંદ્ર સપ્તકમાં નથી કરવામાં આવતો. અને તેના સ્વરો અત્યંત સાદા છે, તેથી લોકસંગીતમાં તે ઠીક રીતે બેસી શકે એવો છે. 'ગૌરી' થી આ રાગનો મોટો ભેદ તો એ છે કે, ગૌરી સાયંગેય છે ને તેમાં રી–ધ કોમળ હોય છે.

હવે આસાગૌડીના સ્વરો જોઈએ.

તાલ દીપચંદી

### સ્થાયી

પ ધ મ ગ | રે રે ગ સા | રે ગ સા રે |

રે ગ મ પ ધ | સા સા સા સા | નિ સા ધ પ |

પ ધ મ ગ રે સા | રે ગ મ પ ધ |

### અંતરા

પ પ પ પ | ધ ની સા સા | સા સા સા રે | સા ની



## સુખમનીનો રાગ

ધ પ મ | સા સા ની સા | ધ · પ પ | ધ ધ મ ગ રે સા |

રે ગ મ પ ધ |

### પદસ્વરલિપિ

રાગ આસાગૌડી, તીનતાલ

સા સા સા સા સા સા | સા રે સા ની ધ ધ · |
તું ઠા કુ ર મા રી વિ ન તી – ત ને

પ ધ પ મ ગ રે રે સા | રે રે સ સ · |
જી – વ કા – યસૌ – તા રી ક ને

સા સા સા સા સા સા | સા ધ રે સા ની ધ ધ |
મા ત પિ તા તું હું બા ળ – ક – તે રો

પ ધ પ મ ગ રે રે | સા રે ગ ગ ગ રે સા |
તા – રી કૃ પા માં હું સુ – ખી – ઘ ણે રો.

સા સા સા સા સા સા | ધ રે સા ની ધ · ધ |
કો ઈ ન વ જા ણે તા – રો – અં ત

પ ધ પ મ ગ રે રે | સા રે ગ રે રે સા · સા |
ઊં ચા – થી – ઊં ચો – – ભ ગ વં ત

અને એ પ્રમાણે આગળ ચાલવું.

# શુદ્ધિપત્ર

| પાન | લીટી | ભૂલ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૩ | ૬ | દ્વાર | દ્વારા |
| ૧૬ | ૧૩ | ( ४ : ३ ) | ( ४ : २ ) |
| ૩૧ | ૧૪ | —તું | —તે |
| ૫૭ | ૨ | खले | खलासु |
| ૭૦ | ૬ | તેમણે ઊંઘતા | તેમને ઊંઘતા |
| ૮૧ | ૨૩ | जे को भुंचे | जेको भुंजे |
| ૧૧૩ | ૧૧ | કર્યો | કર્યેં |
| ૧૧૯ | ૭ | ઝાલે | ઝાલ્યું |
| ૧૨૬ | ૭ | ધંન ધંન જન | ધન્ય ધન્ય ( જન ) |
| ૧૩૭ | ૨, ૪ | ( Indent કરેલું ) | ( રદ કરો ) |
| ૧૪૫ | છેલ્લી | રતી | રતિ |
| ૧૭૭ | ૨ | સાથી | શાથી |
| ૧૮૫ | ૬ | જીવનને | જીવન ને |

This book may be kept a fortnight.

SHML-BK
BK2388

BL
1254
.S35
.A7

દેસાઇ, મ.પ્ર. tr.
સુખમની.

| Signature | Issue Date |
| --- | --- |
| | |

BL
1254
.S35
.A7

PK
1936
.P82
.A7 ~~.S4~~ S8
BK-2388